# મુનિજીવનની બાળપોથી

ભાગ છઠ્ઠો

૧૭૫



મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

'ધર્મસંગ્રહ-ભાગ બીજો' તથા પંચવસ્તુક ગ્રન્થના
આધારે ઉદ્ધૃત કરેલા પદાર્થોનો સંગ્રહ

# મુનિજીવનની બાળપોથી

## છઠ્ઠો ભાગ

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૧૭૫

કમલ પ્રકાશન ટ્રસ્ટ

પ્રકાશક :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી
સંસ્કૃતિ ભવન,
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રીલીફ઼ રોડ, અમદાવાદ
ફોન નં. : ૩૩૫૭૨૩
C/o ૩૮૦૧૪૩

**લેખક પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી**

પ્રથમ સંસ્કરણ :
નકલ ૧૦૦૦
વિ. સં. ૨૦૩૯
તા. ૧૫-૭-૮૩

મૂલ્ય :
**રૂ. ૫-૦૦**

મુદ્રક :
ડાહ્યાભાઈ એમ. પટેલ
મધુ પ્રિન્ટરી
દૂધવાળી પોળ, અમદાવાદ

# બે બોલ

વિ. સં. ૨૦૩૯માં શ્રી અંતરીક્ષજી તીર્થરક્ષા નિમિત્તે અંતરીક્ષજી તીર્થમાં મારું બીજું ચાતુર્માસ થયું. તે સમયમાં મુનિઓ સમક્ષ આવશ્યક સૂત્રો, પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ તથા ધર્મસંગ્રહ [ભાગ બીજો] ઉપર જે વાચનાઓ થઈ તેનું લેખન કમલ પ્રકાશન ટ્રસ્ટે બાળપોથીના વિવિધ ભાગોરૂપે પ્રગટ કર્યું. આ છે, ધર્મસંગ્રહની તથા પંચવસ્તુક ગ્રન્થની વાચનાના લેખનનું મુનિજીવનની બાળપોથીના છઠ્ઠા ભાગરૂપે પ્રકાશન.

આમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ પ્રતિપાદન થયું હોય તો તેનું ત્રિવિધે મિથ્યાદુષ્કૃત યાચું છું.

આ લેખનનું મનન કરીને મુનિભગવંતો અને સાધ્વીજી મહારાજો જીવનવિકાસ પામીને, મને નિમિત્ત બનાવીને જે પુણ્યસંગ્રહ કરી આપે તે પુણ્યથી વિશ્વના સર્વ જીવો સાચું સુખ, સાચી શાંતિ સાચો વિકાસ પામે એ જ હાર્દિક અભિલાષા.

અંતરીક્ષજી તીર્થ
વિ. સં. ૨૦૩૯ ચૈત્રી પૂર્ણિમા
તા. ૨૭-૪-૮૩
ડીગ્રસ [મહારાષ્ટ્ર]

લિ.
ગુરુપાદપદ્મરેણુ
મુનિ ચન્દ્રશેખરવિજય

# ધર્મ સંગ્રહ

[બીજા ભાગ]ની

વાચનાનું અવતરણ

[વિભાગ ૧]

# અનુક્રમ

| | | પાના નંબર |
|---|---|---|
| ૧. | દીક્ષા | ૧ |
| | ભૂમિકા | ૧ |
| | સાધુ કોણ થઈ શકે? | ૨ |
| | દીક્ષા માટે અયોગ્ય વ્યક્તિઓ | ૭ |
| | ગુરુપદને યોગ્ય કોણ કહેવાય? | ૧૧ |
| | દીક્ષા લેવા અંગેની પૂર્વવિધિ | ૧૫ |
| | મુમુક્ષુ આત્મા અંગે ગુરુનાં ત્રણ કર્તવ્યો | ૧૭ |
| | દીક્ષાના માર્ગે | ૧૯ |
| | સવાલ–જવાબ | ૧૯ |
| | સાધુજીવન દુઃખમય કે આનંદમય? | ૨૨ |
| ૨. | યતિધર્મ | ૨૪ |
| | બે પ્રકારનાં મુનિજીવન | ૨૪ |
| | સાપેક્ષ યતિધર્મ એટલે શું? | ૨૪ |
| | ભાવસાધુનાં સાત લિંગો | ૨૬ |
| | ગુરુકુળવાસનું મહત્ત્વ | ૨૬ |
| | ગુરુની આશાતના કદી ન કરવી | ૨૮ |
| | ગ્રહણશિક્ષા | ૨૯ |
| | દીક્ષાપર્યાય અને સૂત્રપ્રાપ્તિ | ૩૦ |
| | આસેવનશિક્ષા | ૩૨ |
| | ઓઘસામાચારી | ૩૨ |
| | દશધાસામાચારી | ૩૨ |
| | પદવિભાગ સામાચારી | ૩૩ |
| ૩. | ઓઘસામાચારી | ૩૫ |

મુનિની દિનચર્યા ૩૫

નિદ્રા અને નિદ્રાત્યાગનો સમય ૩૫

સજ્ઝાય સુધીની ક્રિયા ૩૬

કાલગ્રહણુ, પ્રતિક્રમણુ અને પ્રતિલેખન ૩૬

પહેલી તથા બીજી પોરિસીનો સ્વાધ્યાય અને પાત્રલેખન ૩૭

પાંચ પ્રકારના સ્વાધ્યાય ૩૮

જિનાલયગમન ૪૧

ત્રીજી પોરિસી : ભિક્ષાચર્યા અને સ્થંડિલ ભૂમિગમન વગેરે ૪૨

ત્રણ પ્રકારની ભીક્ષાઓ (૧) સર્વસંપત્કરી (૨) પોરુપઘ્ની (૩) વૃત્તિકરી ૪૨

અભિગ્રહો સાથે ભિક્ષા લેવા માટે નીકળવું ૪૨

આઠ પ્રકારની ગોચરી (ક્ષેત્ર અપેક્ષાએ) ૪૨

શય્યાતર ૪૪

શય્યાતરનો બાર પ્રકારનો ત્યાજ્ય પિંડ ૪૭

શય્યાતરની કલ્પ્ય નવ વસ્તુઓ ૪૭

શય્યાતર કોણુ થાય ? ૪૮

આઠ પ્રકારનો અકલ્પ્ય રાજપિંડ ૪૯

વસતિશુદ્ધિ ૪૯

વસ્ત્રશુદ્ધિ ૫૦

વસ્ત્રના વિભાગો અને તેના ગુણુ-અવગુણુ ૫૧

પાત્રશુદ્ધિ ૫૧

સાત ચૈત્યવંદન ૫૧

માંડલીભોજી અને એકલભોજી સાધુ ૫૨

ભોજનવિધિ ૫૫

સ્થંડિલભૂમિએ ગમન ૫૬

ચોથી પોરિસી : પ્રતિલેખન, વસતિશોધન વગેરે ૫૭

જિનકલ્પીની બે થી બાર પ્રકારની ઉપધિ ૫૭

સ્વયંસંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધની ઉપધિનો વિભાગ ૫૭
ચોથા પ્રહરનું શેષ કર્તવ્ય ૫૯
રાત્રિના ચારે પ્રહરનાં કર્તવ્યો ૬૦
**૪. દશધા સામાચારી અને પદવિભાગ સામાચારી** ૬૨
**દશધા સામાચારી** ૬૨
૧. ઇચ્છાકાર સામાચારી ૬૩
૨. મિથ્યાકાર સામાચારી ૬૩
૩. તથાકાર સામાચારી ૬૪
૪–૫. આવશ્યિકી અને મેષેધિકી સામાચારી ૬૪
૬–૭. આપૃચ્છા અને પ્રતિપૃચ્છા સામાચારી ૬૫
૮–૯. છંદણા અને નિમંત્રણા સામાચારી ૬૬
૧૦. ઉપસંપદા સામાચારી ૬૭
(૧) જ્ઞાનઉપસંપદા ૭૭
(૨) દર્શનઉપસંપદા ૭૧
(૩) ચારિત્ર ઉપસંપદા ૭૧
ઉપસંહાર ૭૧
આભાવ્ય પ્રકરણ ૭૩
**પદવિભાગ સામાચારી** ૭૩
**૫. ઉપસ્થાપના અધિકાર** ૭૪
ઉપસ્થાપના માટેનો કાળપર્યાય ૭૫
ષડ્જીવનિકાયનું અધ્યયન ૭૬
વ્રત અને અતિચારોનું સ્વરૂપ ૭૬
પરીક્ષા ૭૬
સાત માંડલીના સાત આયંબિલ ૭૮
**૬. મુક્તિ પામવા માટે જરૂરી અધ્યયસાયોની શુદ્ધિ અને વૃદ્ધિ** ૭૯
૧. ગચ્છવાસ ૮૦
૨. કુસંસર્ગત્યાગ ૮૧

પાંચ શિથિલાચારી સાધુના સંસર્ગના એકત્રીસ ભાંગા ૮૩
પાંચ સંવિગ્ન સાધુના સંસર્ગના એકત્રીસ ભાંગા ૮૩
પાસત્થા આદિને વંદન આદિનો નિષેધ અને વિધાન ૮૪
૩. અર્થપદચિંતન ૮૫
૪. વિહાર ૮૬
વિહાર કેવી રીતે કરવો ? ૮૮
૫. પૂર્વના ઋષિઓનાં ચારિત્રોનું શ્રવણ ૮૮
૬. આલોચના અને પ્રાયશ્ચિત્ત ૮૯
પાંચ પ્રકારના મુનિઓનું સ્વરૂપ ૮૯
દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તો ૯૧
૭. પરિષહજય ૯૭
**૭. આચાર્યપદ અને તેની જવાબદારી ૯૮**
આચાર્ય પદને યોગ્ય કોણ ? ૯૮
આચાર્યના પાંચ અતિશયો (સેવાઓ) ૧૦૦
ગચ્છાધિપતિપદ ૧૦૨
જાતકલ્પ અને સમાપ્તકલ્પ ૧૧૧
ગચ્છના પાંચ ભેદો ૧૧૨
સાધ્વીજીને પદવીઓ ૧૧૪
**૮. સંલેખના અને અનશન ૧૧૫**
સંલેખના ૧૧૫
અનશન ૧૧૭
૧. પાદપોપગમન ૧૧૭
૨. ઇંગિનીમરણ ૧૧૮
૩. ભક્તપરિજ્ઞા ૧૧૮
૪. ગ્લાનની સેવાવિધિ ૧૧૯
**૯. સ્થવિરકલ્પી સાધુની સામાચારીનાં સત્તાવીસ દ્વારો ૧૨૧**
ઉપસંહાર ૧૨૪

# વિભાગ બીજો

**પંચવસ્તુ ગ્રંથની વાચનાનું અવતરણ**

| | |
|---|---|
| ૧. પહેલી વસ્તુ : પ્રવજ્યાવિધાન | ૧૨૯ |
| ૨. બીજી વસ્તુ : પ્રતિદિનક્રિયા | ૧૨૯ |
| ૩. ત્રીજી વસ્તુ : મહાવ્રતોની ઉપસ્થાપના | ૧૩૦ |
| ૪. ચોથી વસ્તુ : અનુયોગ અને ગચ્છની અનુજ્ઞા | ૧૩૧ |
| ૫. પાંચમી વસ્તુ : સંલેખના | ૧૩૩ |
| **પંચવસ્તુક ગ્રંથ** | ૧૩૪ |
| પાંચ વસ્તુઓ | ૧૩૪ |
| પહેલી વસ્તુ : પ્રવ્રજ્યા–વિધાન | ૧૩૪ |
| દ્રવ્યઆરંભ અને ભાવઆરંભ | ૧૩૫ |
| બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ | ૧૩૫ |
| પ્રવ્રજ્યાનાં એકાર્થિક નામો | ૧૩૫ |
| પ્રવ્રજ્યાને લાયક કોણ ? | ૧૩૬ |
| ગુરુ થવાને લાયક કોણ ? | ૧૩૬ |
| યોગ્ય ગુરુની પ્રાપ્તિના શિષ્યને થતા ફાયદાઓ | ૧૩૮ |
| ગુરુનો સૌથી મહત્ત્વનો ગુણ : અનુવર્તકપણું | ૧૩૮ |
| ગુરુગુણમાં અપવાદ | ૧૪૧ |
| શિષ્યગુણમાં અપવાદ | ૧૪૧ |
| દીક્ષાની વયમર્યાદા | ૧૪૨ |
| સવાલો : | ૧૪૩ |
| દીક્ષા લેવા માટનાં યોગ્ય સ્થળો | ૧૪૮ |
| દીક્ષા માટેનાં અયોગ્ય સ્થાનો | ૧૪૮ |
| દીક્ષા માટેનો કાળ | ૧૪૮ |
| શું મુનિજીવન પાપકર્મના ઉદયથી મળે છે ? | ૧૫૧ |
| **બીજી વસ્તુ : પ્રતિદિન ક્રિયા** | ૧૫૫ |
| પ્રતિદિન ક્રિયાના દશ ભેદો | ૧૫૬ |

| | |
|---|---|
| ૧. ઉપધિનું પડિલેહણ | ૧૫૬ |
| ૨. ઉપાશ્રયનું પ્રમાર્જન | ૧૫૬ |
| ૩. વિધિવત્ ગોચરી લાવવી | ૧૫૭ |
| આપણું કર્તવ્ય | ૧૬૦ |
| બહુધા ત્યાગી બનવાની રીતો | ૧૬૩ |
| ચારથી નવ સુધીનાં દ્વારો | ૧૬૫ |
| ષડાવશ્યકોનું મૂળ સ્થાન | ૧૬૫ |
| ૭ આવશ્યકોની 'હોસ્પિટલ' ઉપર ઘટના | ૧૬૭ |
| સાંજના પ્રતિક્રમણને અનુલક્ષીને પ્રતિક્રમણવિધિનું રહસ્ય | ૧૬૮ |
| ભૂમિકા | ૧૬૮ |
| પહેલું આવશ્યક | ૧૬૮ |
| બીજું આવશ્યક | ૧૬૯ |
| ત્રીજું આવશ્યક | ૧૭૦ |
| ચોથું આવશ્યક | ૧૭૦ |
| પાંચમું આવશ્યક | ૧૭૧ |
| છઠ્ઠુ આવશ્યક | ૧૭૨ |
| પ્રતિક્રમણમાં અબ્ભુટ્ઠિઓ વખતે ખમાવવાની મર્યાદા | ૧૭૫ |
| પ્રતિક્રમણોમાં કેટલાક ફેરફારો | ૧૭૬ |
| તપના પચ્ચક્ખાણમાં વિશેષતા | ૧૭૭ |
| સવાલ | ૧૭૮ |
| બન્ને પ્રતિક્રમણ કર્યા પછીનું કર્તવ્ય | ૧૮૨ |
| સ્વાધ્યાયના સાત ફાયદાઓ | ૧૮૨ |
| અવિધિથી કરાતા સ્વાધ્યાયના ગેરફાયદા | ૧૮૪ |
| પાત્ર શિષ્યને જ સૂત્ર આપવું | ૧૮૪ |
| **ત્રીજી વસ્તુ : મહાવ્રતોની ઉપસ્થાપના (વડી દીક્ષાવિધિ)** | ૧૮૭ |
| ઉપસ્થાપનાનો અધિકારી | ૧૮૭ |
| નવદીક્ષિતની ત્રણ પર્યાય ભૂમિઓ | ૧૮૮ |

| | |
|---|---|
| સવાલ | ૧૮૯ |
| ચારિત્રધર્મનું રક્ષણ કરવાના ઉપાયો | ૧૯૪ |
| ધનનાશનાં કારણો : | ૧૯૪ |
| ગુરુકુલવાસના લાભ | ૧૯૬ |
| પચ્છવાસનું મહત્ત્વ | ૧૯૭ |
| અહિતકર ગચ્છનો અવશ્ય ત્યાગ કરવો | ૧૯૮ |
| વસતિવાસ | ૨૦૦ |
| વસતિના નવ દોષો | ૨૦૦ |
| ૧. કાલાતિક્રાન્ત વસતિદોષ | ૨૦૦ |
| ૨. ઉપસ્થાન વસતિદોષ | ૨૦૦ |
| ૩. અભિક્રાન્ત વસતિદોષ | ૨૦૦ |
| ૪. અનભિક્રાન્ત વસતિદોષ | ૨૦૦ |
| ૫. વર્જ્ય વસતિદોષ | ૨૦૧ |
| ૬. મહાવર્જ્ય વસતિદોષ | ૨૦૧ |
| ૭. સાવદ્ય વસતિદોષ | ૨૦૧ |
| ૮. મહાસાવદ્યદોષ | ૨૦૧ |
| ૯. અલ્પક્રિયા વસતિદોષ | ૨૦૧ |
| વસતિમાં સ્ત્રીદોષની ભયંકરતા | ૨૦૧ |
| તપવિધાન | ૨૦૮ |
| કોણ મહાન : દર્શન કે ચારિત્ર | ૨૧૪ |
| ચોથી વસ્તુ : અનુયોગ અને ગચ્છની અનુજ્ઞા | ૨૧૭ |
| અનુયોધાચાર્યની અપાત્રતા | ૨૧૮ |
| અનુયોગાચાર્યની પાત્રતા | ૨૧૮ |
| અનુયોગા ચાર્યોનાં કાર્યો | ૨૨૦ |
| પ્રાપ્ત અને કલ્પિત શિષ્યો | ૨૨૨ |
| કલ્પિત શિષ્યો | ૨૨૩ |
| યુક્તિગમ્ય અને આગમગમ્ય સૂત્રો | ૨૨૬ |
| વાચના લેતા શિષ્યોની ફરજો | ૨૨૭ |

| | |
|---|---|
| અનુયોગાચાર્ય સ્તવ પરિજ્ઞા વગેરે ઉત્તમશ્રુતની વાચના આપવી | ૨૨૮ |
| ઉત્તમ શ્રુત કોને કહેવાય? | ૨૨૮ |
| શ્રુતની કષ પરીક્ષા | ૨૨૯ |
| શ્રુતની છેદ પરીક્ષા | ૨૩૦ |
| શ્રુતની તાપ પરીક્ષા | ૨૩૦ |
| શું ઉત્તમ શ્રુતની પ્રાપ્તિથી સમ્યકત્વ મળે જ? | ૨૩૨ |
| જિનભવન–નિર્માણ સંબંધમાં મહત્ત્વની વાતો | ૨૩૪ |
| જિનબિંબ પ્રતિષ્ઠા અંગે મહત્ત્વની વાત | ૨૩૫ |
| જિનપૂજા અંગે મહત્ત્વની વાત | ૨૩૬ |
| ભાવસ્તવની દુષ્કરતા | ૨૩૮ |
| અઢાર હજાર શીલાંગો | ૨૩૮ |
| સાચો સાધુ સુવર્ણતુલ્ય | ૨૩૯ |
| દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની પરસ્પર સંબધતા | ૨૪૧ |
| તીર્થંકર દેવની પૂજાથી લાભ શી રીતે થાય? | ૨૪૫ |
| ગણની અનુજ્ઞા | ૨૪૮ |
| ગણાચાર્યનાં લક્ષણો | ૨૪૮ |
| પ્રવર્તીની થવાનાં લક્ષણો | ૨૪૯ |
| **પાંચમી વસ્તુ : સંલેખના** | ૨૫૦ |
| અભ્યુદ્યત વિહાર | ૨૫૦ |
| ૧. જિન કલ્પ | ૨૫૦ |
| ૨. પરિહાર વિશુદ્ધિ | ૨૫૦ |
| ૩. યથાલંદ. | ૨૫૦ |
| અભ્યુદ્યત મરણ | ૨૫૦ |
| ૧. ભક્તિ પરિજ્ઞા | ૨૫૦ |
| ૨. ઈંગિની | ૨૫૦ |
| ૩. પાદપોપગમન. | ૨૫૦ |
| **ઉપસંહાર** | ૨૫૪ |

# દીક્ષા

## ૧

### ભૂમિકા

જોકે ચાર ગતિઓમાં સ્થૂલ દૃષ્ટિથી વિચારતાં મનુષ્ય-ગતિ કરતાં દેવગતિનું મૂલ્ય વધુ જણાય છે કેમ કે દેવગતિનાં **જન્મ, શરીર** અને **મૃત્યુ** ત્રણેય લગભગ દુઃખ વિનાનાં છે. અને મનુષ્યગતિનાં તે ત્રણેય અનેક પ્રકારનાં દુઃખોથી ઘેરાયેલાં છે. તોપણ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરતાં માનવ-ગતિનું મૂલ્ય સૌથી વધુ છે, કેમ કે મનુષ્યગતિમાં **જન્મ** પીડાઓથી ભરેલો હોવા છતાં તેના દ્વારા જ **અજન્મા** બનવા માટેની સાધના થઈ શકે છે. વળી મનુષ્યનું શરીર રોગોથી ઘેરાયેલું હોવા છતાં તેના દ્વારા જ અશરીરી બનવાની સાધના થઈ શકે છે અને મનુષ્યનું મોત જ એવું છે કે જે પામતા પહેલાં **અમર** બનવાની સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

આથી મનુષ્યગતિ દેવગતિથી પણ ચડિયાતી સાબિત થાય છે. આવી મનુષ્યગતિ પામીને પ્રત્યેક આત્માએ **દુઃખમય, પાપમય, સ્વાર્થમય, રાગમય** અને **અજ્ઞાનમય** સંસારનો સર્વથા અંત લાવી આપતી અને અનંત, અવ્યાબાધ આત્મસુખની ભેટ કરતી સર્વવિરતિધર્મની આરાધના જ કરવી જોઈએ.

શાસ્ત્રકારો કહે છે કે, 'ઉત્કૃષ્ટ કોટિની તો નહિ પરંતુ જો જઘન્ય કોટિની સાધુધર્મની આરાધના એક ભવ પૂરતી બરોબર કરી લેવામાં આવે તોપણ તે આત્મા વધુમાં વધુ આઠ ભવની અંદર તેવી આરાધના સતત કરતો રહીને મોક્ષ પામી જાય છે.'

પણ સબૂર! મુનિ થવું સહેલું છે, પરંતુ મુનિજીવન પાળવું અત્યંત મુશ્કેલ છે. એક છે 'ખાવાનો ખેલ'; બીજો છે 'ખાંડાનો ખેલ'. એટલે મુનિવેશનો સ્વીકાર કર્યા બાદ કોઈ મોટી હોનારત સર્જાઈ ન જાય તે માટે ધર્મસંગ્રહકાર ફરમાવે છે કે પ્રથમ ગૃહસ્થ જીવનમાં મુનિજીવન અંગેની તાલીમરૂપે શકય તેટલું ઉત્કૃષ્ટ શ્રાવક જીવન તે મુમુક્ષુ આત્માએ આરાધવું જોઈએ. આ આરાધનાથી તેના ચારિત્ર્ય-મોહનીય કર્મનો ઘણો મોટો ક્ષયોપશમ થાય છે. આથી તે આત્મા દીક્ષિત થાય ત્યાર પછી તે ચારિત્ર્યમોહનીય કર્મ ઉદયમાં આવીને તેનું પતન કરી નાખવાની તાકાત ગુમાવી બેસે છે.

**સાધુ કોણ થઈ શકે?**

**દીક્ષા એટલે શું?** પૂ. હરિભદ્રસૂરિજી મહારાજાએ કહ્યું છે કે, **દી** એટલે દાન, અને **ક્ષિ** એટલે ક્ષય'

અર્થાત્ જગતને જે કલ્યાણનું દાન કરે તથા જાતના અને સર્વના અશિવોનો જે ક્ષય કરે તે **દીક્ષા** કહેવાય.'

આવી દીક્ષા તે જ લઈ શકે કે—

**૧. જેનો આર્યદેશમાં જન્મ થયો હોય.**

**૨. જેનાં માતા અને પિતાની જાતિ અને કુળ પવિત્ર હોય.**

વડીલોની જાતિ અને કુળ પવિત્ર હોય તો તેના દીક્ષિત થયેલા સંતાનને પતનની કોઈ શકયતાની પળમાં તે ઉચ્ચ કુળ અને ઉચ્ચ જાતિની યાદ આપીને રહનેમિની જેમ સ્થિર કરી શકાય. પ્રાયઃ તો ઉચ્ચ જાતિ અને કુળનાં સંતાનોનું લોહી એટલું બધું પવિત્ર હોય છે કે માત્ર તેના જ કારણે પતનની શકયતા નહિવત્ બને છે.

**૩. મહદ્ અંશે ચારિત્ર્યમોહનીય કર્મનો નાશ જે આત્માનો થયો હોય.** શ્રાવક જીવનની ઊંચી આરાધના કરીને કિલષ્ટ એવું ચારિત્ર્યમોહનીય કર્મ ખત્મ થવાથી મુનિજીવન ખૂબ જ નિર્ભય બની જાય છે. ગૃહસ્થ જીવનની સઘળી આરાધનાઓમાં મોહનીય કર્મ તોડવા માટેની શ્રેષ્ઠ અને ઝડપી આરાધના તે જિનેશ્વર ભગવાનની અષ્ટપ્રકારી પૂજારૂપ ભાવભક્તિ છે.

**૪. જે નિર્મળ બુદ્ધિમાન આત્મા હોય.** કહ્યું છે કે "बुद्धिः कर्मानुसारिणी" અર્થાત્ "જેવાં કર્મ હોય તે પ્રમાણે બુદ્ધિ સૂઝે." જો કિલષ્ટ કર્મનો નાશ કર્યો હોય તો તે આત્માની બુદ્ધિ સહેલાઈથી નિર્મળ બની જાય. બુદ્ધિની નિર્મળતા મુનિજીવનમાં અત્યંત જરૂરી ગણાય છે.

**૫. જેણે સંસારને નગુણો જાણી લીધો હોય,** અનિત્ય અશરણ વગેરે સ્વરૂપમાં જેણે સંસારને જોઈ લીધો હોય; જન્મ, જરા, રોગ અને મૃત્યુનાં કારમાં દુઃખોથી ઊભરાયેલા સંસાર જેને બરાબર દેખાતો હોય; સ્વાર્થ, કાવાદાવા,

વિશ્વાસઘાત અને હિંસાદિ અનેક પાપોથી ખદબદતો સંસાર જે આત્મા પળે પળે જોઈ રહ્યો હોય અને જેને પુણ્યના યોગે ભોગવવા જતાં સુખોના ફળરૂપે નારક અને તિર્યંચગતિનાં સિતમગાર દુઃખો નજર સામે રમતાં હોય. તેવો સંસારના સ્વરૂપને પૂરેપૂરો જાણી લીધેલો જે આત્મા પોકાર કરીને બોલતો હોય કે, "આ સંસાર પુણ્યના યોગે મને સુખમય મળે તો પણ તે ભયંકર છે." તે આત્મા સાધુ થવાને માટે લાયક છે.

**૬. જે સંસારથી વિરક્ત થયેલો હોય.** જેને આ સંસાર સુખમય મળે તોપણ ભયંકર જણાય તે આત્માને સહજ રીતે સંસારથી વૈરાગ્ય પેદા થાય.

**૭. જે અલ્પકષાયી હોય.** જેના કષાય અલ્પ હોય તે આત્મા સાધુ થવાને યોગ્ય છે. કેમ કે મુનિજીવનમાં તે આત્મા પ્રાયઃ કષાય કરશે નહિ, કે તેની પરંપરા પણ ચલાવશે નહિ. પરંતુ બીજા આત્માઓના કષાયને પણ તે અલ્પકષાયી આત્મા રોકવાનું જ કામ કરશે.

**૮. જે અલ્પહાસ્યાદિ તથા અલ્પવિકારવાળો હોય.** જેના હાસ્યાદિ છ નોકષાયો તથા કામવિકારો પાતળા પડી ગયા હોય તે આત્મા દીક્ષા લેવાને પાત્ર ગણાય છે. કામવિકારો જેટલા ખરાબ છે તેટલા જ ખરાબ હાસ્યાદિભાવો છે. તે હાસ્યાદિભાવોને 'ચોરા ભાઈ ઘંટીચોર' જેવા શાસ્ત્રકારોએ કહ્યા છે. માટે જેને કામવિકારોને શાંત રાખવા હોય તેણે હાસ્યાદિભાવોનું શકય તેટલું ઓછું સેવન કરવું.

**૯. જે કૃતજ્ઞતા ગુણવાળો હોય.** માતાપિતાદિથી માંડીને તમામ ઉપકારીજનો પ્રત્યે જે ગૃહસ્થ આત્મા વાતવાતમાં કૃતજ્ઞતા વ્યક્ત કરતો હોય તે આત્મા મુનિ થવાને પાત્ર છે. માતાપિતાદિ પ્રત્યે પણ કૃતજ્ઞ નહિ હોય યાવત્ તેમને તરછોડતો પણ હશે, તે આત્મા ગુરુ પ્રત્યે દીક્ષા લીધા પછી કૃતજ્ઞ રહેશે એ વાત લગભગ અસંભવિત છે. ગુર્વાદિની વિનયની તાલીમ ઉપકારી માતાપિતાના વિનય કરવાથી પ્રાપ્ત થાય છે.

**૧૦. જે વિનયવાન હોય.** દીક્ષિત થનાર વ્યક્તિના ગૃહસ્થ જીવનમાં વિનયગુણ તો ટોચ કક્ષાનો હોવો જોઈએ. કેમકે સર્વ ગુણોમાં શિરોમણિ વિનયગુણ કહેવામાં આવે છે.

**૧૧. જે રાજા વગેરે સરકારી વ્યક્તિઓને માન્ય હોય.** મુમુક્ષુ એવા પ્રકારના અપરાધ આદિમાં ફસાયેલો ન હોવો જોઈએ. બલ્કે, તેની નજરે જીવમાત્રનું શિવ સ્વરૂપ ચડવું જોઈએ. અને તેથી તે જીવમાત્રને સ્નેહથી સ્વીકારતો હોવો જોઈએ. વિશેષતઃ ઉપકારી એવા ગુરુજનો પ્રત્યે લેશમાત્ર પણ દ્રોહભાવ ન હોવો જોઈએ.

**૧૨. જે અદ્રોહી હોય :** મુમુક્ષુ આત્મા કોઈ પણ 'પર' વ્યકિત તરફ દ્રોહ (તિરસ્કાર) ધરાવતો ન હોવો જોઈએ. બલ્કે, તેની નજરે જીવ માત્રનું શિવ સ્વરૂપ ચડવું જોઈએ. અને તેથી તે જીવમાત્રને સ્નેહથી સ્વીકારતો હોવો જોઈએ. વિશેષતઃ ઉપકારી એવા ગુરુજનો પ્રત્યે લેશમાત્ર પણ દ્રોહભાવ ન હોવો જોઈએ.

**૧૩. જે સુંદર શરીરવાળો હોય.** અહીં શરીર એટલે પાંચ ઇન્દ્રિયોની પરિપૂર્ણતા એ અર્થ લેવો. મુમુક્ષુ વ્યક્તિ જો એકાદ ઇન્દ્રિયથી પણ વિકલ સંયમજીવનની આરાધનામાં પણી મુશ્કેલીઓ આવી જાય. વળી આવી વ્યક્તિને દીક્ષા આપવાથી અજૈન લોકોમાં જૈન સાધુના જીવનનું અવમૂલ્યન થાય.

**૧૪. જે શ્રદ્ધાળુ હોય.** સમ્યગ્દર્શનનો આત્મામાં ઝળહળાટ, એ તો દીક્ષા લેવા માટેનો પાયો છે. કેમ કે સમ્યગ્દર્શન વિનાનું ચારિત્ર્ય તે **દ્રવ્યચારિત્ર્ય** છે. તેવા ઉત્કૃષ્ટ દ્રવ્યચારિત્ર્યના પાલનથી પણ મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી.

**૧૫. જે સ્થિરતા ગુણવાળો હોય.** મુમુક્ષુ આત્મામાં સ્થૈર્યગુણ ખૂબ આવશ્યક છે. આદરેલા કાર્યને અધૂરું નહિ જ મૂકવું, એવી જે ટેક તે સ્થૈર્યગુણ કહેવાય. મુનિજીવનમાં અનેક પ્રકારનાં બાહ્ય અને અભ્યંતર કષ્ટો ઊભાં થવાની શક્યતા પૂરેપૂરી હોય છે. આવા સમયે જો સ્થૈર્યગુણ ન હોય તો આદરેલાં તપ-સ્વાધ્યાય કે શાસનનાં કોઈ મોટાં કામ અધૂરાં રહી જાય અને તેથી સ્વને તો નુકસાન થાય જ, પણ લોકોમાંય હાંસી થાય.

**૧૬. જે દેવગુરુ પ્રત્યે સમર્પણ ભાવવાળો હોય.** દીક્ષા લેવા માટે તે વ્યક્તિ પાત્ર છે જે દેવ અને વિશેષતઃ પોતાના ગુરુને સંપૂર્ણપણે સમર્પિત છે. જે સમર્પિત નથી તેની દીક્ષા સફળ થતી નથી. કેમ કે અસમર્પિત વ્યક્તિના દોષોને દૂર કરવાનું કામ તેના ગુરુ માટે ખૂબ જ મુશ્કેલ

બની જાય છે. દોષો તો કોનામાં નથી? પરંતુ તે દોષોનો નાશ કરવાને માટે અત્યંત સમર્થ એવો સમર્પણગુણ જો આત્મામાં વિકસ્યો હોય તો તે આત્માનું ભાવિ અત્યંત ઉજ્જવળ બની જાય છે. સમર્પણગુણમાં દોષોની શુદ્ધિ અને પુણ્યની વૃદ્ધિ કરવાની અપ્રતિમ તાકાત પડેલી છે.

અપેક્ષાએ દીક્ષા લેવાની પાત્રતા અંગેના દીક્ષાર્થીમાં રહેલા સોળ ગુણોમાં સૌથી ઉત્કૃષ્ટ ગુણ સમર્પણ ભાવનો છે એમ કહી શકાય.

## દીક્ષા માટે અયોગ્ય વ્યક્તિઓ

અડતાલીસ દોષોથી યુક્ત વ્યક્તિઓ દીક્ષા માટે અયોગ્ય છે. તેમાં અઢાર દોષ, વીસ દોષ અને દશ દોષ અનુક્રમે પુરુષ, સ્ત્રી અને નપુંસક સંબંધી છે.

### દીક્ષા માટે અયોગ્ય પુરુષ

૧. **બાલ** : જન્મથી આઠ વર્ષની ઉંમર સુધી તે જીવ બાળ કહેવાય છે. આ ઉંમર સુધી પ્રાયઃ સઘળા જીવોને જીવસ્વભાવથી જ દેશવિરતિ કે સર્વવિરતિનો પરિણામ પ્રાપ્ત થતો નથી. અહીં આઠ વર્ષની ઉંમરની મર્યાદા તે જન્મથી આઠ વર્ષની મર્યાદા સમજવી. કેટલાક આચાર્યો (નિશીથચૂર્ણિમાં) ગર્ભથી આઠ વર્ષની મર્યાદા પણ ગણે છે. બાળને દીક્ષા નહિ આપવાના બીજાં કારણ એ છે કે તેના દ્વારા (૧) સંયમવિરાધના અને જીવવિરાધના થવાની વધુ શક્યતા છે. વળી (૨) તેને જોઈને અજૈન લોકોમાં નિંદા થવાની પણ શક્યતા છે. (૩) વળી તેની વધુ પડતી માવજત

કરવાની હોવાથી અન્ય સાધુઓને સ્વાધ્યાયમાં વિઘ્ન પણ થવાની શકયતા છે.

**૨. વૃદ્ધ:** સિત્તેર વર્ષથી વધુ ઉંમરવાળો વૃદ્ધ કહેવાય. તેને પ્રાયઃ દીક્ષા ન અપાય. કેમ કે તેનું શરીર અને ઇન્દ્રિયો નબળાં થવાના કારણે તે ઈર્યાસમિતિનું પાલન કરી શકતો નથી. આ વયમર્યાદા સો વર્ષના મનુષ્ય આયુષ્યને માટે સમજવું. બાકી જેટલાં સો વર્ષનું આયુષ્ય હોય તેના દશ ભાગ કરવા અને તેમાંના આઠમા, નવમા અને દશમા ભાગમાં તેને વૃદ્ધ સમજવો.

**૩-૪. નપુંસક અને કલીબ:** આ બન્ને પ્રકારના આત્માઓ પુરુષની આકૃતિવાળા નપુંસક હોય છે. તેમનામાં સ્ત્રી અને પુરુષ બન્ને પ્રત્યે કામવાસનાની તીવ્રતા હોવાના કારણે દીક્ષા અંગેની પાત્રતા હોતી નથી.

આગળ ઉપર બીજા જે દશ નપુંસકો જણાવવાના છે તે પણ કામવાસનાની તીવ્રતાવાળા હોય છે. પરંતુ તે નપુંસકો નપુંસક આકૃતિવાળા હોય છે. અર્થાત્ પુરુષાકૃતિ-રૂપ કે સ્ત્રી આકૃતિવાળા હોતા નથી. આ સિવાયના પણ છ પ્રકારના કૃત્રિમ નપુંસક હોય છે. જેઓ દીક્ષા માટે અપાત્ર ગણાતા નથી.

**૫. જડ:** ત્રણ પ્રકારે છે. (૧) ભાષાજડ (૨) શરીરજડ (૩) ક્રિયાજડ.

(૧) જેને બોલવામાં બુડબુડ અવાજ થતો હોય કે જીભ ખેંચાતી હોય તેથી ત્રુટક-ત્રુટક બોલતો હોય અથવા

બોકડાની જેમ અવ્યક્ત ઉચ્ચાર માત્ર કરી શકતો હોય તે **ભાષાજડ** કહેવાય.

(૨) જેનું શરીર અતિ સ્થૂલ હોય તેથી વિહાર, ભિક્ષા વગેરેમાં ખુદ મુશ્કેલી પડતી હોય તે **શરીરજડ** કહેવાય.

(૩) જે વંદન વિધિ અને સમિતિ આદિનું પાલન કે પડિલેહણાદિ ક્રિયા કરવામાં અને સમજવામાં ઘણી મુશ્કેલી અનુભવતો હોય તે **ક્રિયાજડ** કહેવાય.

**૬. વ્યાધિત:** મોટા રોગોથી પીડાતો રોગી દીક્ષા માટે અયોગ્ય છે. કેમ કે તેની ચિકિત્સા કરવા જતાં ષડ્જીવનિકાયની વિરાધના, સ્વાધ્યાયહાનિ તથા અન્ય સાધુઓને સ્વાધ્યાયમાં અંતરાય વગેરે દોષો લાગુ થાય છે.

**૭-૮-૯-૧૦. ચોર-રાજદ્રોહી-ઉન્મત્ત-અંધ:** ચારેના અર્થ સરળ છે. વિશેષ એટલું કે વળગાડવાળાને અથવા અતિ મોહોદયવાળાને ઉન્મત્ત કહેવાય છે. અને અંધ બે પ્રકારના હોય છે. આંખો વિનાનો તે **દ્રવ્યાંધ** અને આંતરચક્ષુ — સમ્યક્ત્વ — વિનાનો તથા સ્ત્યાનર્ધી નિદ્રાના ઉદયવાળો તે **ભાવાંધ**. તેમાં દ્રવ્યાંધને અને સ્ત્યાનર્ધી નિદ્રાના ભાવાંધને દીક્ષા અપાય નહિ. પરંતુ આંતરચક્ષુ-સમ્યક્ત્વવિનાના આત્મામાં જો દીક્ષા અંગેની પાત્રતાઓ જણાતી હોય તો તેને ગીતાર્થ ગુરુ દીક્ષા આપી શકે છે.

**૧૧. દાસ:** દાસીપુત્ર તથા ધનથી ખરીદાયેલા કોઈના ઘરના દાસને દીક્ષા આપી શકાય નહિ. તેથી શાસનહીલના તથા માલિકનો ઉપદ્રવ થવાની શક્યતા છે.

**૧૨. દુષ્ટ :** તેના બે પ્રકાર છે. (૧) અતિશય ક્રોધવાળો તે કષાય દુષ્ટ અને અતિશય કામી તે વિષયદુષ્ટ. આ બંને દીક્ષા માટે અયોગ્ય છે.

**૧૩. મૂઢ :** જેનામાં તીવ્ર સ્નેહરાગ કે અજ્ઞાનતાના કારણે વિવેક અને જ્ઞાનદશાનો થોડો પણ વિકાસ થયો નથી તે **મૂઢ** કહેવાય છે. તેવો આત્મા દીક્ષા માટે અનધિકારી છે.

**૧૪. દેવાદર :** બીજાના દેવાવાળો દીક્ષા માટે અયોગ્ય છે. તેને દીક્ષા આપવાથી લેણદારનો ત્રાસ તથા શાસન-હીલના થાય છે.

**૧૫. જુંગિત :** જાતિથી, કર્મથી અને શરીરથી જે દૂષિત હોય તે **જુંગિત** કહેવાય છે.

જેઓ સ્પૃશ્ય મનાય છે તેવા કસાઈ કે શિકારી વગેરેનો ધંધો કરનારા શિકારી વગેરે **કર્મજુંગિત** કહેવાય છે.

પાંગળા, કૂબડા, બહેરા વગેરે **શરીર જુંગિત** કહેવાય છે.

આ ત્રણે પ્રકારના જુંગિતો દીક્ષા માટે અયોગ્ય છે. કેમ કે તેમને દીક્ષા આપવાથી ધર્મની લઘુતા થાય છે.

**૧૬. પરાધીન :** જે ધન, વિદ્યા વગેરે કારણસર કોઈને ત્યાં અમુક કાળ માટે બંધાયેલો હોય તે પરાધીન કહેવાય. તેને દીક્ષા આપવાથી કલહ થવાની શકયતા છે.

**૧૭. ચાકર :** પગારથી રખાતો માણસ ચાકર કહેવાય છે. તેને માલિકની રજા વિના દીક્ષા આપી શકાય નહિ.

**૧૮. શૈક્ષનિષ્ફેટિકા :** શૈક્ષ એટલે જેને દીક્ષા આપવાની

છે તે વ્યક્તિ. તેનું અપહરણ કરવું તે નિષ્ફેટિકા કહેવાય. જેનાં માબાપે રજા આપી ન હોય તેને ભગાડીને દીક્ષા આપવી તે શૈક્ષનિષ્ફેટિકા કહેવાય.

આમ કરવાથી માબાપ સ્વજનાદિ વગેરેને કર્મબંધ થવાનો સંભવ રહે છે. અને દીક્ષાદાતાને ચોરીનો દોષ લાગે છે.

પોતાનામાં રહેલા અઢાર દોષોમાંના જુદા જુદા દોષને કારણે અઢાર પ્રકારના પુરુષો દીક્ષા માટે અયોગ્ય જણાવ્યા. તે જ અઢાર દોષોથી યુક્ત અઢાર પ્રકારની સ્ત્રીઓ તેમ જ સગર્ભા સ્ત્રી અને ધાવતા બાળકવાળી સ્ત્રી એમ વીસ પ્રકારની સ્ત્રીઓ દીક્ષા માટે અયોગ્ય છે.

તદ્ ઉપરાંત ૧. પંડક, ૨. વાતિક, ૩. ક્લીબ, ૪. કુંભી, ૫. ઈર્ષ્યાળુ, ૬. શકુનિ, ૭. તત્કર્મસેવી, ૮. પાક્ષિકા-પાક્ષિક, ૯. સૌગંધિક, ૧૦. આસક્ત. આ દશ પ્રકારના નપુંસકો પણ દીક્ષા માટે અયોગ્ય છે.

આ કુલ અઢાર + વીસ + દશ = અડતાલીસ દીક્ષાને અપાત્ર જીવો થયા.

**ગુરુપદને યોગ્ય કોણ કહેવાય?**

૧. તેની જ પાસે મુમુક્ષુએ દીક્ષા લેવી જોઈએ કે જે વિધિથી દીક્ષિત થયેલો હોય જેણે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક અને શાસ્ત્રોક્ત કર્મપૂર્વક દીક્ષા લીધી હોય.

૨. જે ગુરૂનો ઉપાસક હોય. ગુરુચરણની સેવા કરનારો

અર્થાત્ ગુરુકુળવાસમાં રહીને ગુરુ પાસે તાલીમ પામનારો સાધુ ગુરુ થવાને યોગ્ય છે.

૩. **જે અખંડિતવ્રતી હોય.** જેનાં પાંચ મહાવ્રતો અખંડ હોય અને જ્યારે અતિચારાદિ લાગે ત્યારે જે હાર્દિક શુદ્ધિ કરતો હોય.

૪. **જે વિધિથી આગમજ્ઞ હોય.** જેણે શાસ્ત્રવિધિપૂર્વક તે તે સૂત્રોના યોગ વહન કર્યા હોય. તેથી જે ચારે પ્રકારના અનુયોગરૂપ જૈન સિદ્ધાંતની શુદ્ધ પ્રરૂપણા કરવામાં કુશળ હોય.

૫. **જે અતિ નિર્મળ બોધવાળો હોય.** જે વિધિથી શાસ્ત્રો ભણવાને કારણે નિર્મળ શાસ્ત્રબુદ્ધિના સ્વામી હોય.

૬. **જે ઉપશાંત હોય.** મન, વચન અને કાયાના યોગો અંગેના વિકારો જેના શાન્ત થઈ ગયા હોય. બુદ્ધિની અતિ નિર્મળતા કે પટુતા માત્ર ચાલી શકે નહિ. વસ્તુતઃ સાચો જ્ઞાની તે જ છે જેના કષાયો ઉપશાંત છે.

૭. **જે સંઘ પ્રત્યે વાત્સલ્યયુક્ત હોય.** ગુરુ થવાને તે જ લાયક છે જેનામાં માત્ર શિષ્ય પ્રત્યે નહિ પરંતુ ચતુર્વિધ સંઘ પ્રત્યે વાત્સલ્ય છે.

૮. **જે સર્વ જીવોનો હિતૈષી હોય.** જેના હૃદયમાં જૈન-અજૈન યાવત્ સકલ જીવસૃષ્ટિનું હિત કેમ થાય તેવી ભાવના રમતી હોય.

૯. **જેનું વચન આદેય હોય.** જેની વાણીમાં આવી

પુણ્યશક્તિ હોય કે જેથી તેના પડતા બોલને ઝીલી લેવા માટે ભવ્યજીવો ઉત્સુક હોય.

**૧૦. જે અનુવર્તક હોય.** અનુવર્તક એટલે પોતાની પાસે આવતા દીક્ષિત અથવા સંસારી–મુમુક્ષુઓના સ્વભાવને અનુસરીને ચાલે તે.

આશ્રિત વ્યક્તિ છદ્મસ્થ હોવાના કારણે તેમના જીવનમાં નાનાથી માંડીને ઘણા મોટા દોષો હોવાની પૂરી સંભાવના છે. આવા દોષો સામે જો ગુરુ આડેધડ પ્રહાર કરવા લાગે તો પંચમઆરાના કાળના વિષમ પ્રભાવને લીધે આશ્રિતોના દોષ દૂર થવાને બદલે વકરવાની બહુ શકયતા છે. આ સાચી હકીકતના જાણ જે ગુરુઓ હોય છે તેઓ આશ્રિતોના દોષો દૂર કરવા માટે અનુવર્તક બનીને પ્રશસ્ત કહી શકાય તેવા ઘણા ચાલાકીના ખેલ કરતા હોય છે.

કામચલાઉ રીતે શિષ્યના વલણને અનુકૂળ બની જઈને અંતે તે દોષિત વલણને દૂર કરીને જ જેઓ જંપે છે તે ગુરુ થવાને લાયક છે. આવી સિદ્ધિ મેળવવામાં ગુરુને પોતાની પ્રકૃતિ ખૂબ સહનશીલ બનાવ્યે જ છૂટકો છે. જે ગુરુ શિષ્યનું ઉન્મૂલન કરી શકતા નથી તે ગુરુને તે શિષ્યોના દોષોનું પાપ અનેકગણું થઈને લાગે છે. તેવું મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે.

ગુરુ તરીકેની યોગ્યતા માટે સૌથી મહત્ત્વનો ગુણ આ અનુવર્તકપણાનો છે.

જે ગુરુને જીવનના અનાદિકાળના પરિભ્રમણનો અને

તેમાં સેવેલા અનંતા દોષોના આત્મામાં પડી ગયેલા અતિગાઢ સંસ્કારોનો તથા પંચમ આરાના કાળની અતિવિષમ પરિણતિનો ખ્યાલ બરોબર આવી જાય છે, તે ગુરુ માટે અનુવર્તક બનવું તદ્દન સહજ છે.

ખરેખર તો શિષ્યને અનુકૂળ થઈને ગુરુ શિષ્યના હૃદયની અંદર પોતાના પ્રત્યેનો એટલો બધો ઊંચો સદ્ભાવ સ્થિર કરતા હોય છે કે જે સદ્ભાવના જોરે તે ગુરુ તે શિષ્યના નાનામોટા અનેક દોષોને તક મળતાં જ હિતશિક્ષા આપવા દ્વારા નિર્મૂળ કરી દેતા હોય છે.

**૧૧. જે ગંભીર હોય.** રોષ કે તોષ પેદા થાય તેવા પ્રસંગે પણ જેના મોં ઉપર તે રોષ કે તોષ દેખાય નહિ તે જ ગંભીર કહેવાય.

**૧૨. જે અવિષાદિ હોય.** જે ઉપસર્ગો કે પરિષહોના પ્રસંગે સંયમપાલનમાં કદી પણ દીનતા ધારણ કરતા ન હોય.

**૧૩. જે ઉપશમલબ્ધિ વગેરે લબ્ધિઓથી યુક્ત હોય.** ક્રોધે ભરાયેલા બીજાને શાન્ત કરી દેવાનું સામર્થ્ય તે ઉપશમલબ્ધિ કહેવાય. વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણોને મેળવવાની શક્તિ તે ઉપકરણલબ્ધિ કહેવાય. જેને દીક્ષા આપી હોય તે આત્મા પોતાના મુનિજીવનમાં એકદમ સ્થિર બની જાય તે સ્થિરહસ્તલબ્ધિ કહેવાય. આવી લબ્ધિ જેનામાં હોય તે ગુરુ થવાને લાયક છે.

**૧૪. જે સૂત્રાર્થનો નિષ્ણાત પ્રરૂપક હોય.** આગમોના ગહન અર્થોને પણ સરળ ભાષામાં સમજાવવાની અને હૈયે

ઠસાવી દેવાની જેનામાં શક્તિ હોય તે નિષ્ણાત પ્રરૂપક કહેવાય.

**૧૫. જેને સ્વગુરુએ ગુરુપદે સ્થાપેલો હોય.** જેને ગુરુએ ગુરુ થવાને લાયક ગણ્યો હોય તે ગુરુ બની શકે છે. ખરેખર તો ગુરુ એટલે ગચ્છનાયક. અથવા તેમના અભાવમાં આચાર્ય ભગવંત કહેવાય.

અહીં સુધીના વિવેચનમાં દીક્ષા લેનાર મુમુક્ષુના અને દીક્ષા દેનાર ગુરુના જે ગુણો કહ્યા તે ઉત્સર્ગ માર્ગે સમજવા. અપવાદ માર્ગે તો જો ચોથા ભાગના ગુણો ઓછા હોય કે અડધા ભાગના ગુણો ઓછા હોય તો તે મુમુક્ષુ અને તે ગુરુ અનુક્રમે મધ્યમ અને જઘન્ય કક્ષાના કહેવાય.

**દીક્ષા લેવા અંગેની પૂર્વવિધિ**

૧. સૌ પ્રથમ માત-પિતા વગેરે વડિલોની **અનુમતિ** તથા **આશિષ** મેળવવી. કેમકે મુનિજીવનના માર્ગમાં પ્રયાણ કરવામાં તેમની આશિષ તે મહામંગલ છે.

૨. જો મોહદશાની અધિકતાના કારણે સહેલાઈથી અનુમતિ ન આપે તો માયાના પ્રયોગો કરવા. જેમાં પોતાના મૃત્યુ સુધીના દુષ્ટ સ્વપ્નો પોતાને આવ્યાનું કહેવું. જેથી જલ્દી અનુમતિ મળે.

૩. જો માયાના પ્રયોગમાં પણ સફળતા ન મળે તો કેટલીક વાર મરણ સમયે માણસની પ્રકૃતિ જે રીતે પલટાઈ જાય છે તેવી રીતે પોતાની પ્રકૃતિ એવી પલટી નાખવી કે જેથી માત-પિતાને એમ લાગે કે હવે આ "દીક્ષાર્થીનું

મરણ નજીકમાં જ દેખાય છે. જો મરણ જ થવાનું હોય તો આપણે તેને શા માટે દીક્ષા ન આપવી ?"

૪. જો પ્રકૃતિભેદ કરવાથી પણ અનુમતિ ન મળે તો **જોષીઓ** અને **નૈમિત્તીક**નો સાથ લેવો. અને તેમના દ્વારા ઓછા આયુષ્યની વાતો મુકાવવી.

પ્ર. શું આવા માયા કપટ દીક્ષાર્થીથી થઈ શકે ખરા ?

ઉ. કહ્યું છે કે, "ધર્મે માયા ન માયા" અર્થાત્ ધર્મ સાધવા માટે જે માયા કરવી પડે તે માયા ન કહેવાય. જેમાં સ્વ અને પરનું એકાંત હિત જ વિચારવાનું અને આચરવાનું છે, તેમાં કરવી પડતી માયા બિલકુલ ક્ષમ્ય છે.

૫. જો એવી જાણ થાય કે માત–પિતાને આજીવિકાનું કોઇ સાધન નહીં હોવાથી દીક્ષાની રજા આપતા નથી તો તે સાધન થઈ જાય તો તેમ કરવું.

પરંતુ જો તેવી અનુકુળતા ન થાય તો જાતે નોકરી કે ધંધો કરવા માટે કેટલોક સમય સંસારમાં રહેવું અને તેમની આજીવિકાનું પુરેપુરૂં સાધન કરી આપવું. આમ કરવાથી ભલે થોડો સમય અવિરતિમાં પસાર થવા રૂપ નુકશાન થશે. પરંતુ તેની સામે ઉપકારીની ભક્તિ કરવાનો લાભ પણ મળશે. વળી આવી ઉપકારી પ્રત્યેની ભક્તિ જોઈને અજૈનોમાં પણ જૈનધર્મ પ્રત્યે ભારોભાર બહુમાન પેદા થશે.

૬. આ બધી વિધિ કર્યા પછી પણ જો દીક્ષા માટે અનુમતિ ન મળે તો છેવટે 'ગ્લાન ઔષધ ન્યાય'થી તે તે માત–પિતાને છોડવા, અને અવશ્ય દીક્ષા લેવી. જેમ

ભયંકર તૃષાના કારણે તરફડતાં મૃત્યુ પાસે આવી ગયેલાં માબાપને જે દીકરો છોડતો નથી તે ખરો ભક્ત નથી, પરંતુ જે દીકરો તેમને છોડી દઈને પાણીની શોધમાં નીકળી પડે છે અને પાણી લાવીને પિવડાવે છે તે ખરો ભક્ત છે. માટે જ કહ્યું છે કે 'से चाये वि अचाये', અર્થાત્ તે કરાતો ત્યાગ પણ હકીકતમાં અત્યાગ છે. મોહની ગરમીથી પેદા થયેલી કારમી તૃષા શાન્ત કરી દેવા માટે જે દીક્ષાર્થી આત્મા માતપિતાદિને છોડી દઈને ગુરુસેવા કરવા દ્વારા જ્ઞાનરૂપી જલને પ્રાપ્ત કરે છે અને તે જલ ઉપકારી માતપિતાને પિવડાવીને તેમની મોહતૃષા શાન્ત કરી દે છે તે આત્મા ખરેખર માતપિતાનો ભક્ત છે.

અહીં એટલો ખ્યાલ રાખવો કે પહેલી પાંચ વિધિ કર્યા પછી જ આ છઠ્ઠી ત્યાગવિધિ કરવી. વળી જ્યારે આ છઠ્ઠી વિધિ પ્રમાણે માતપિતાને છોડવાં પડે ત્યારે પણ તેમને તરછોડવાં તો નહિ જ. આ રીતે છ વિધિ કરીને તૈયાર થયેલો આત્મા પોતે નક્કી કરેલા ગુરુની પાસે આવે અને પોતાની ભાવના વ્યક્ત કરે.

### મુમુક્ષુ આત્મા અંગે ગુરુનાં ત્રણ કર્તવ્યો

ગીતાર્થ ગુરુ માત્ર ભાવના જાણીને દીક્ષા આપી શકે નહિ. પરંતુ પાત્રતા જોઈને જ દીક્ષા આપી શકે. તે માટે ગુરુ ત્રણ કામ કરે.

૧. **પ્રશ્નપૃચ્છા:** ગુરુ તેને પૂછે કે, "તું કોણ છે? તારે

શા માટે દીક્ષા લેવી છે ?" જો તેના જવાબમાં દીક્ષાથી કહે કે, "હું અમુક ઉચ્ચ કુળ અને જાતિમાં જન્મ પામેલો છું અને સઘળાં દુઃખો અને પાપોની ખાણ સમાન આ ભયાનક સંસારથી હું ત્રાસી ગયો છું. હું જલદીમાં જલદી મોક્ષ પામવા ઇચ્છું છું" તો તે દીક્ષાર્થી આત્માને દીક્ષા માટે પાત્ર સમજવો.

**૨. સાધ્વાચારકથન :** ગુરુ તેને કહે કે, "જેમ સંસારમાં કષ્ટો છે તેમ આ સાધુજીવન પણ ઘણાં કષ્ટોથી ભરેલું છે, કાયર પુરુષો માટે આ જીવન નથી. વળી જો કોઈ રોગી પોતાના રોગને દૂર કરવા માટે રસાયણ લે અને કુપથ્ય કરે તો તેની રોગપીડા અતિશય વધી જાય. એટલી બધી રોગપીડા વધી જાય કે જો તેણે રસાયણ લીધું ન હોત તો રોગ હોવા છતાં પણ આટલી પીડા ન થાત. તેવી રીતે, મુનિજીવનનું આચાર રસાયણ સ્વીકાર્યા પછી જિનાજ્ઞા-ભંગના કુપથ્ય કરવામાં આવશે તો સંસારી તરીકે રહેવાથી જે દુર્ગતિ નહિ થાય તેથી ભયંકર દુર્ગતિઓની પરંપરા જિનાજ્ઞાભંગ સાથેના મુનિજીવનમાં થશે.

"આ વાત સમજીને, હે મુમુક્ષુ ! તું નક્કી કર, કે તારે દીક્ષા લેવી છે કે નહિ ?"

**૩. પરીક્ષા :** ત્યાર પછી, સમ્યક્દર્શન આદિ ગુણોની પરિણતિ તે દીક્ષાર્થી આત્મામાં કેટલી ઊંચી થઈ છે તે જાણવા માટે અનેક રીતે તે આત્માની પરીક્ષાઓ કરવી. અને તેમાં જોવું કે તે આત્મા ષડ્જીવનિકાયની રક્ષા આદિમાં

કેટલો તત્પર છે? આ પરીક્ષાનો કાળ સામાન્યથી છ મહિનાનો હોય છે. પરંતુ તેવા પ્રકારના વધુ યોગ્ય કે વધુ અયોગ્ય જીવોની અપેક્ષાએ તે કાળ છ મહિનાથી ઓછો કે વધારે પણ હોઈ શકે છે.

## દીક્ષાના માર્ગે

ઉપરની બાબતમાંથી પસાર થઈ ગયેલા પાત્ર એવા આત્માને તેની પાત્રતા પ્રમાણે ગુરુએ સારા દિવસે મૂળસૂત્રો આપવાનું શરૂ કરવું. (તે તે સૂત્રોનાં ઉપધાન વહન ન કર્યાં હોય તોપણ) ત્યાર બાદ તે શિષ્યને સર્વવિરતિ આપવા માટે શકુન વગેરે શુભ કે અશુભ નિમિત્તો તપાસવાં તથા **ક્ષેત્રશુદ્ધિ** (શેરડીનું વન વગેરે), **કાળશુદ્ધિ** (૧. ઉત્તમતિથિ, ૨. નક્ષત્ર, ૩. વાર, ૪. યોગ, અને ૫. કરણ રૂપ પંચાંગ-શુદ્ધિ) અને **દિશાશુદ્ધિ** (પૂર્વ કે ઉત્તર દિશાની સન્મુખ-તાએ દીક્ષાવિધિ કરવી તે અથવા જે દિશામાં જિનચૈત્ય વગેરે હોય તે દિશા તરફ ક્રિયા કરવી તે) જોવી.

આ ક્ષેત્ર વગેરેની શુદ્ધિ આચરવાથી ક્રિયા કરનાર આત્માના પરિણામો ઉછાળા મારવા લાગે છે, માટે આ વિધિ-ઓનો આગ્રહ રાખવો. અન્યથા જિનાજ્ઞાભંગનો દોષ લાગે છે.

ત્યાર બાદ ગુરુ, જિનપૂજાદિ કરીને આવેલા મુમુક્ષુને દીક્ષાવિધિ કરાવે. વિસ્તારભયથી આ દીક્ષાવિધિ અહીં જણાવવામાં આવતી નથી. તે બીજેથી જાણી લેવી.

## સવાલ-જવાબ

**સવાલ**—જો આત્માની અંદર વિરતિનો પ્રગટ થતો પરિ-ણામ તે જ દીક્ષા હોય તો જેને તેવો પરિણામ પ્રગટ થઈ

ગયો હોય તેને વેશ પહેરાવવાથી માંડીને બાહ્ય વ્યવહાર રૂપ વિધિ શા માટે કરાવવી જોઈએ ? ખરેખર તો કેવળ-જ્ઞાનનો દીક્ષા વિધિ સાથે કોઈ સંબંધ જણાતો નથી. કેમ કે દીક્ષાવિધિ વિના પણ ભરતચક્રી વગેરેને કેવળજ્ઞાન થયું છે અને અનેક વાર દીક્ષાવિધિ કરવા છતાં પણ અભવ્યોને કદી કેવળજ્ઞાન થતું નથી. તો અમારો અભિપ્રાય એ છે કે કેવલ-જ્ઞાનની પ્રાપ્તિ સાથે વિરતિના પરિણામને જ સંબંધ છે. પરંતુ દીક્ષાવિધિને કોઈ સંબંધ નથી.

એ વાત તદ્દન સાચી છે કે વિરતિના પરિણામ વિના કેવળજ્ઞાન પ્રાપ્ત થતું જ નથી. પરંતુ તે વિરતિનો પરિણામ પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત થયેલા વિરતિના પરિણામ ને વધારવા માટે બાહ્ય વ્યવહારરૂપ દીક્ષાવિધિની અત્યંત આવશ્યકતા છે. તે દીક્ષાવિધિથી સૌ પ્રથમ તો અનેક સાવદ્ય-યોગોની નિવૃત્તિ થઈ જવા રૂપ લાભ પહેલા ધડાકે થાય છે. આવી રીતે જે આત્માની સાવદ્યયોગોથી નિવૃત્તિ થઈ હોય અને શુભયોગોમાં પ્રવૃત્તિ થવા લાગી હોય તેના બળથી જ નહીં પેદા થયેલો વિરતિનો પરિણામ પણ પેદા થઈ જાય છે. અને જેને તે પરિણામ પેદા થયો હોય તેને દીક્ષા-વિધિ દ્વારા તે પરિણામમાં વધુ ને વધુ નિર્મળતા પ્રાપ્ત થઈ જાય છે. આથી એવો નિયમ બને છે કે દીક્ષાવિધિ રૂપ બાહ્ય વ્યવહાર અંદરના વિરતિધર્મને પ્રગટ કરવા દ્વારા કેવળજ્ઞાન નામનું કાર્ય પેદા કરે છે. જેમ દંડ, ચક્ર અને ભ્રમી દ્વારા ઘટ નામનું કાર્ય પેદા કરે છે.

હવે સવાલ રહ્યો ભરતચક્રીનો કે તેમને દીક્ષાવિધિ વિના કેવળજ્ઞાન નામનું કાર્ય શી રીતે પેદા થયું? તેનો જવાબ એ છે કે ક્યારેક દંડ વિના હાથ વગેરેથી ચક્રભ્રમી પેદા કરી લઈને ઘડો બનાવી શકાય છે. પણ તેથી જે જનરલ નિયમ છે કે 'દંડથી ઘડો બને છે,' તેને કોઈ બાધા પહોંચતી નથી. કારણ કે જે વસ્તુ ક્વચિત જ બનનારી હોય તે વસ્તુ જનરલ નિયમને તોડી શકતી નથી. તે રીતે અબજો આત્માએ દીક્ષાવિધિ દ્વારા જ્યારે કેવળજ્ઞાન મેળવ્યું ત્યારે એકાદ ભરતચક્રી જેવા આત્માને દીક્ષાવિધિ વિના કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તેથી આવા ક્વચિત્ બનનારા ભાવને આગળ કરીને દીક્ષાવિધિના બાહ્ય વ્યવહારને ઉડાવી શકાય નહિ.

ખરેખર તો ભરતચક્રીએ પૂર્વભવમાં દીક્ષા લીધી જ હતી. વળી કદાચ કોઈ મરૂદેવા માતા જેવાએ પૂર્વભવમાં દીક્ષા લીધી ન હોય તોપણ બીજા કોઈ માર્ગથી વિરતિનો પરિણામ પ્રગટ કરી દઈને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે.

હવે બીજો સવાલ એ છે કે અભવ્યોને—અનેક વાર દીક્ષાવિધિ કરવા છતાં—કેવળજ્ઞાન કેમ મળતું નથી?

તેનો ઉત્તર એ છે કે જેમ એકલા દંડથી ઘડો પેદા થઈ શકતો નથી, પરંતુ ઘડો પેદા કરવાની માટીની પાત્રતા વગેરે કારણો સાથેનો દંડ ઘડો પેદા કરી શકે છે, તેમ દીક્ષાવિધિ પણ તેને આચરનાર આત્માની કેવળજ્ઞાન પ્રાપ્ત થવાની પાત્રતા વગેરે તમામ કારણોની સાથે હોય તો જ કામ કરી શકે છે.

અભવ્યોમાં તેની પાત્રતા જ ન હોય તો દીક્ષાવિધિ રૂપ બાહ્ય વ્યવહારનો કોઈ દોષ નથી. આ જ કારણસર બાહ્ય વ્યવહારધર્મનું આંતરનિશ્ચયધર્મ જેટલું જ મૂલ્ય આંકવામાં આવ્યું છે. કેમ કે આંતરનિશ્ચયની પ્રાપ્તિનું કારણ બાહ્ય વ્યવહાર છે. જો આપણે જગતને મોક્ષ પમાડવા માગતા હોઈએ તો આપણે જગતને નિશ્ચયધર્મના લક્ષ્યવાળો અને બાહ્ય વ્યવહારની પ્રધાનતાવાળો ઉપદેશ આપવો જોઈએ.

કહ્યું છે કે "હે જીવ! જો તું જિનમતને માનતો હોય તો વ્યવહાર અને નિશ્ચય બેમાંથી એકને પણ ત્યજીશ નહિ. જો તું વ્યવહારનો અપલાપ કરીશ તો તીર્થનો નાશ કરનારો થઈશ."

જેટલો પોતાના જીવને માટે નિશ્ચયમાર્ગ ઉપકારી છે તેટલો જ બીજા જીવો માટે પોતાનો વ્યવહારમાર્ગ ઉપકારી છે.

## સાધુજીવન દુઃખમય કે આનંદમય?

કેટલાક કહે છે કે, "જેમનો પુણ્યોદય પરવારી ગયો હોય અને પાપોદય જાગ્યો હોય તેમને ઘણાં બધાં કષ્ટો અને દુઃખો ભોગવવા માટે ઘરબાર ત્યજીને ભૂખ્યા અને તરસ્યા રહેતા સાધુ બનવું પડે."

આ વાત બરાબર નથી. ખરેખર તો ચિત્તનો સંતાપ એ જ પાપોદય છે અને તે સંતાપ ધનાદિને મેળવવામાં, રક્ષવામાં અને તેના વિયોગમાં ગૃહસ્થોને જ હોય છે. આમ જો ચિત્તના સંક્લેશને પાપોદયની અવસ્થા કહેવામાં આવે

તો તેવા સંક્લેશ વિનાના મુનિઓ તો ઘણા મોટા પુણ્યોદય-વાળા કહેવાય.

વળી કેટલાક એમ કહે છે કે, "ઇચ્છિત વસ્તુ ન મળવાથી મુનિજીવન દુઃખમય છે" એ વાત પણ બરોબર નથી. કેમ કે મુનિઓને સાંસારિક કોઈ પણ વસ્તુની ઇચ્છા જ થતી નથી. પછી તે ન મળવાનો સવાલ જ ક્યાં રહ્યો?

"મુનિજીવનમાં ઘણાં બધાં કષ્ટો ભોગવવાનું પશુ જેવું દુઃખ છે" આવો આક્ષેપ પણ બરાબર નથી. કેમ કે મુક્તિના પરમલક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મુનિઓ સ્વેચ્છાએ જે કષ્ટો ભોગવતા હોય છે તેમાં તેમને અપાર આનંદનો અનુભવ થતો હોય છે. કહ્યું છે કે, "દીક્ષાનો એકેક માસ જેમ જેમ વધતો જાય તેમ તેમ તે મુનિઓ વાણવ્યંતર વગેરે દેવોથી શરૂ કરીને બાર માસના પર્યાયવાળા થતા અનુત્તર વિમાનના દેવોના સુખથી પણ વધુ આનંદનો અનુભવ કરતા હોય છે."

આથી એ નક્કી થયું કે મુનિજીવન એ પાપકર્મના ઉદયથી દુઃખમય બનેલું જીવન નથી. પરંતુ ચારિત્ર્ય મોહનીય કર્મના ક્ષયોપશમથી અપાર આનંદમય બનેલું જીવન છે.

# યતિધર્મ

## (૨)

### બે પ્રકારનાં મુનિજીવન

(૧) સાપેક્ષ, (૨) નિરપેક્ષ.

ગુરુ, ગચ્છ વગેરેની સહાયની અપેક્ષા સાથે વિરતિ-ધર્મનું પાલન કરવું તે **સાપેક્ષ મુનિજીવન** અને તેવી કોઈ પણ અપેક્ષા વિના વિરતિ ધર્મનું પાલન કરવું તે **નિરપેક્ષ મુનિજીવન** જેને અનુક્રમે સ્થવિરકલ્પ અને જિનકલ્પાદિ કહેવાય છે.

### સાપેક્ષ યતિધર્મ એટલે શું ?

પ્રતિદિન ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પામવાને માટે ગુરુકુળવાસમાં રહેવું તે સાપેક્ષ યતિધર્મ કહેવાય.

**ગ્રહણશિક્ષા** એટલે પ્રતિદિન ગુરુ પાસે સૂત્ર અને અર્થ ભણવા રૂપ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવો તે.

**આસેવનશિક્ષા** એટલે પ્રતિદિન સંયમની ક્રિયાનો અભ્યાસ કરવો તે.

આનું તાત્પર્ય એ નીકળે છે કે સાચું મુનિપણું એટલે ગુરુકુળવાસનું હાર્દિક સેવન.

શાસ્ત્રમાં કહ્યું છે કે, "શિષ્યે (૧) હેય અને ઉપાદેય

ભાવોમાં ગુરુની જ આંખે જોવું. (૨) તેમની ઇચ્છા પ્રમાણે સદા વર્તવું. (૩) તેમણે શીખવેલા અનાશંસ ભાવના બળે જીવવું, અર્થાત્ કોઈ પણ પરપદાર્થમાં આસક્તિ કરવી નહિ. (૪) દરેક કાર્યમાં ગુરુકૃપાને આગળ કરવી અને તેમાં દૃઢ શ્રદ્ધા રાખવી. (૫) દરેક કાર્ય પોતાની કલ્પનાથી ન કરતાં ગુરુએ આપેલી હિતશિક્ષાના અનુસારે કરવું અને (૬) સદા ગુરુની સમીપમાં જ (આજ્ઞામાં જ) રહેવું.

જે શિષ્ય આવી રીતે ગુરુને સદા પોતાના હૃદયમાં સ્થાપન કરે છે તે સુવિનીત શિષ્ય—

(૧) સર્વ ક્રિયાઓમાં જયણાપૂર્વક વર્તવાનો સ્વભાવ પ્રાપ્ત કરે છે. (૨) ગુરુની આજ્ઞા કે ઇંગિત થયા વિના જ તેમના હૃદયને સમજીને વર્તવાના ક્ષયોપશમને પામે છે. (૩) ગુરુના વિરહને સહન કરવામાં તે અશક્ત બને છે અને જ્યારે તે ગુરુની પાસે હોય છે ત્યારે તેમના શયન કરવાના સમયે સંથારો કરી લેવો વગેરે સર્વ કાર્યોને તે તે સમયે બરોબર પાર ઉતારે છે. (૪) કારણ વિના ગુરુના સાડાત્રણ હાથના અવગ્રહની બહાર જ રહે છે. (૫) ગુરુએ સોંપેલા કાર્યમાં ઇર્યાસમિતિ આદિનું પાલન બરોબર કરતો હોય છે. (૬) ગુરુના ખોળામાં જ પોતાનું અવસાન થાય તેવી ભાવના ભાવતો હોય છે.

કહ્યું છે કે, "જેઓ ગુરુકુળવાસમાં રહે છે તેઓ રત્નત્રયીની સુંદર આરાધના કરી શકે છે."

સકળ સદાચારોનું મૂળ ગુરુકુળવાસ કહેવામાં આવ્યું છે

એટલું જ નહિ પરંતુ ગુરુકુળવાસને જ બ્રહ્મચર્યનું પરમ કારણ કહેવામાં આવ્યું છે.

આથી જ એક ઠેકાણે કહ્યું છે કે, "તે શિષ્યો ધન્ય છે; જેમના હૈયે ગુરુ વસેલા છે, પરંતુ તે શિષ્યો તો ધન્યથી પણ ધન્ય છે કે જેઓ ગુરુના હૈયે વસેલા છે."

## ભાવ સાધુનાં સાત લિંગો

શાસ્ત્રોક્ત નીતિનાં જઘન્ય કોટિના પણ સાચા સાધુનાં **નીચે** પ્રમાણેનાં સાત લિંગો છે:

૧. તેની પ્રતિલેખનાદિ સઘળી ક્રિયાઓ મોક્ષ પામવા માટેની તાલાવેલીવાળી અને શુદ્ધ હોય.

૨. તેને ધર્મ કરવામાં દૃઢ શ્રદ્ધા હોય.

૩. કદાચ કોઈ દુરાગ્રહમાં તે આવી જાય તો તેમાંથી જલદી તેને ઉગારી શકાય તેટલો તે સરળ હોય.

૪. શાસ્ત્રોક્ત ક્રિયામાં તે પ્રમાદી ન હોય.

૫. તપ કરવામાં તે શક્તિને છુપાવતો ન હોય.

૬. સ્વદોષદ્રષ્ટા હોઈને ગુણોનો દૃઢ પક્ષપાતી હોય.

૭. સર્વગુણશિરોમણિ ગુરુઆજ્ઞાપાલનનો તે કટ્ટર રાગી હોય.

## ગુરુકુળવાસનું મહત્ત્વ

ઉપરોક્ત સાત લિંગોમાં સાચા સાધુનું મુખ્ય લિંગ ગુરુકુળવાસ છે. માટે ગુરુકુળવાસ વિનાના અત્યંત કષ્ટમય, શાસ્ત્રોક્ત ક્રિયાઓને કરનારાને પણ પંચાશકજીમાં મિથ્યા-

દૃષ્ટિ કહ્યા છે. એવા આત્માઓ ગુરુકુળવાસનો ત્યાગ કરી—એકદમ શુદ્ધ ગોચરી વહોરવી, કઠોર વિહાર કરવો, આકરી તપશ્ચર્યા કરવી વગેરે—જે કાંઈ શુદ્ધ ક્રિયાઓ કરતા હોય છે, તે શુદ્ધ ક્રિયાઓ શાસ્ત્રમાં કહી છે એટલા માટે તેઓ કરતા નથી; પરંતુ તે ક્રિયાઓ પોતાના મનને બહુ ગમી ગઈ છે માટે કરતા હોય છે. નહિ તો ગુરુકુળવાસનું સેવન કરવાનું શાસ્ત્રોમાં કહ્યું જ છે તો તેને શા માટે તેઓ ત્યાગત? આથી મનસ્વીપણે વર્તનાર મિથ્યાદૃષ્ટિ જ કહેવાય.

શાસ્ત્રકારોએ તો એમ કહ્યું છે કે, "ગુરુકુળવાસમાં રહેવાથી આપસઆપસમાં સાધુઓના ક્યારેક ઝઘડા થઈ જતા હોય ત્યારે પણ, ગોચરી વગેરે ઓછાવત્તા અંશમાં ન છૂટકે દોષિત વાપરવી પડતી હોય તોપણ, સ્વાધ્યાયમાં થોડી હાનિ પહોંચતી હોય તોપણ ગુરુકુળવાસનો ત્યાગ કરવો નહિ. કેમ કે આવાં કેટલાંક નુકસાનો તેમાં દેખાવા છતાં તેની સામે વડીલોની ભક્તિ, મનની સ્વચ્છંદતાનું નિયંત્રણ તથા બ્રહ્મચર્ય વગેરેનું પાલન વગેરે બહુ મોટા લાભો પ્રાપ્ત થાય છે."

સાગરમાં અનેક માછલાંઓ રહેતાં હોય ત્યારે તેઓ વચ્ચે સંઘર્ષ થવાની પૂરી શક્યતા છે. તે વખતે જો કોઈ માછલું તે સંઘર્ષમાંથી છૂટવા માટે સાગરનો ત્યાગ કરી દે તો નિશ્ચલપણે માછલાનો વિનાશ થાય. આ રીતે સાગર જેવા ગચ્છનો—સંઘર્ષ કે દોષિત ગોચરીના કારણે—જે સાધુ ત્યાગ કરી દે છે તેનો નિશ્ચિત વિનાશ થાય છે. આવી રીતે એકાકી વિહાર કરનારા સાધુઓ શાસનના અપભ્રાજકો છે.

ગુરુજનોની જ્યાં ત્યાં નિંદાઓ કરીને પોતાનો બચાવ કરવાના કારણે તુચ્છ છે. આવા અવિચારિત કાર્ય કરનારા સાધુઓને ગ્રન્થિભેદ ક્યારેક પણ થયો હશે કે નહિ તે સવાલ થઈ પડે છે.

## ગુરુની આશાતના કદી ન કરવી

શાસ્ત્રકારો કહે છે, "અનંતજ્ઞાનીએ પણ પોતાના ગુરુની સેવા છોડવી નહિ. કોઈ આચાર્ય જ્ઞાનના ક્ષયોપશમમાં કાંઈક ન્યૂન હોય, અથવા કોઈ બહુ નાની વયે આચાર્ય બનેલા હોય તો બહુશ્રુત અને વધુ દીક્ષાપર્યાયવાળા સાધુઓએ તેમની કદી હીલના કરવી નહિ. જેઓ આવી હલકાઈ કરે છે તેઓના જ્ઞાનાદિગુણો બળીને ભસ્મીભૂત થઈ જાય છે. નાનકડા એવા ઝેરી સાપને નાનો સમજીને કોઈ હેરાન કરે અને તેનું જે પરિણામ આવે તેથી ઘણું ભયંકર પરિણામ ગુરૂહીલનાથી પ્રાપ્ત થાય છે."

આથી જ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ કહ્યું છે કે, "જો તમારા ગુરુ મૂળગુણોથી સહિત ન હોય અને ચુસ્ત ક્રિયાકાંડી હોય તો તેમના ઉત્તરગુણની કોઈ શિથિલતાને ઝાઝી નજરમાં લાવશો નહિ." ચંડરુદ્રાચાર્ય અતિ ક્રોધી હોવા છતાં તેમના ઘણા બધા સંવિજ્ઞ અને ગીતાર્થ શિષ્યોએ તેમને કદી છોડ્યા નો'તા. વળી રાજર્ષિ શેલક, શય્યાતરનો પિંડ વાપરવાની તીવ્ર આસક્તિરૂપ દોષના ભાગી બન્યા હતા ત્યારે તેમના ગીતાર્થ શિષ્યોએ તેમનો સર્વથા ત્યાગ ન કરતાં ભૂતપૂર્વ મંત્રીપદવાળા પંથક મુનિને તેમની સેવામાં રોકયા પછી જ સ્વહિતાર્થે વિહાર કર્યો હતો. અને

યોગ્ય તક મળતાં તે શિષ્યે પોતાના ગુરુના જીવનનું સુંદર પરિવર્તન કર્યું હતું.

જિનશાસનમાં મૂળગુણોયુક્ત જે ભાવગુરુઓ છે તેમનું નામસ્મરણ તો મહા ફળદાયી છે જ. પણ તેમના ગોત્રનું, અરે ! તેમનાં માતપિતાનું સ્મરણ પણ અનેક પાપોને હણનારું છે. એવા ભાવગુરુઓ જેને પ્રાપ્ત થયા હોય તે શિષ્યે ગુરુકુળવાસનું સદૈવ સેવન કરવું જોઈએ. કેમ કે તેના દ્વારા જ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા પ્રાપ્ત થાય છે.

## ગ્રહણશિક્ષા

નીચે જણાવ્યા મુજબ શાસ્ત્રમાં જ્યારે જેનો જેટલો દીક્ષાપર્યાય થાય ત્યારે તે શિષ્યમાં પાત્રતા દેખાય તો ગુરુ તેને તે તે સૂત્રો (અર્થસહિત) ગ્રહણ કરાવે તે ગ્રહણ-શિક્ષા કહેવાય. આ સૂત્રો ગ્રહણ કરતી વખતે શાસ્ત્રોક્ત નીતિ પ્રમાણેનાં આયંબિલ, નિવિ વગેરે તપ અને તે તે ક્રિયાઓ કરવાની હોય છે. જેને યોગોદ્વહન કહેવામાં આવે છે. (શ્રાવકોને આ જ રીતે તે તે સૂત્રોનાં જે તપ વગેરે કરવાનાં હોય છે તેને ઉપધાન કહેવામાં આવે છે.)

ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે, "જે સાધુ અનિયાણું, સમ્યક્દર્શન અને યોગોદ્વહન સ્થિતિ પ્રાપ્ત કરે છે તે સાધુના સંસારનો અંત જલદી આવી જાય છે."

બેશક તે યોગાવાહી સાધુ કે ઉપધાનવાહી શ્રાવક નમ્રતા, અમાયાવિતા, કુતૂહલરહિતતા, વિનીતતા અને ઇન્દ્રિયોની દાન્તતાથી યુક્ત હોવો જોઈએ.

## દીક્ષાપર્યાય અને સૂત્રપ્રાપ્તિ

| ક્યારે ? | | | કયું સૂત્ર ? |
|---|---|---|---|
| દીક્ષા લેતાંની સાથે | | | આવશ્યક સૂત્ર |
| ત્રણ | વર્ષનો | પર્યાય | આચારાંગ સૂત્ર |
| ચાર | ,, | ,, | સૂયગડાંગ સૂત્ર |
| પાંચ | ,, | ,, | દશાકલ્પ વ્યવહાર સૂત્ર |
| આઠ | ,, | ,, | ઠાણાંગ–સમવાયાંગ સૂત્ર |
| દશ | ,, | ,, | વિવાહ પ્રજ્ઞપ્તિ (૨) ભગવતીજી સૂત્ર |
| અગિયાર | ,, | ,, | ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ વગેરે પાંચ અધ્યયન |
| બાર | ,, | ,, | અરુણોપપાત વગેરે પાંચ અધ્યયન |
| તેર | ,, | ,, | ઉત્થાન શ્રુત આદિ ચાર અધ્યયન |
| ચૌદ | ,, | ,, | આશીવિષ ભાવના |
| પંદર | ,, | ,, | દૃષ્ટિવિષ ભાવના |
| સોળ | ,, | ,, | ચારણ ભાવના |
| સત્તર | ,, | ,, | મહાસ્વપ્ન ભાવના |
| અઢાર | ,, | ,, | તૈજસનિસર્ગ સૂત્ર |
| ઓગણીસ | ,, | ,, | દૃષ્ટિવાદ |
| વીસ | ,, | ,, | શેષ સર્વ સૂત્ર |

હાલ તો આચારાંગ પૂર્વે ઉત્તરાધ્યયનસૂત્રના યોગ કરાવાય છે. જોકે જે આત્મા દીક્ષાને યોગ્ય બન્યો તે આત્મા સૂત્રો ભણવાને યોગ્ય હોવો જ જોઈએ. છતાં યોગ્ય દીક્ષિત વ્યક્તિને સૂત્રો ભણાવવાં, તેમ જ જે કહ્યું છે તે ભણવા

અંગેની વિશિષ્ટ યોગ્યતાને તથા છેદાદિ ગ્રન્થો ભણવા માટે તો મોહનીયકર્મની વિશિષ્ટ ક્ષય સ્થિતિને ધ્યાનમાં લેવા માટે કહ્યું છે.

છતાં જો ગુરુ વડે જ તદ્દન અયોગ્ય વ્યક્તિને ભૂલથી દીક્ષા અપાઈ ગઈ હોય અને જો તે વેષ પહેરાવાયેલી દીક્ષિત વ્યક્તિ જૈનશાસનની જોરદાર વિરાધના કરવાની શકયતા-વાળી જણાતી હોય તો તેનાં કપડાં તરત જ ઉતારી દેવાં. કહ્યું છે કે, "જે ગુરુ સર્વથા અયોગ્યને વેષ પહેરાવે કે મુંડન કરે કે શાસ્ત્રો ભણાવે કે વડીદીક્ષા આપે કે તેની સાથે ભોજન આદિ વ્યવહાર કરે કે તેનો પક્ષ કરે તો તે ચારિત્ર્યવાન ગુરુ પણ પોતાના ચારિત્રનો નાશ કરે છે." આવા શિષ્યલોભી ગુરુ દુર્ગતિમાં જાય છે.

શાણો વૈદ્ય રોગને અસાધ્ય જાણે કે તરત જ ચિકિત્સા વગેરે કરવાનું છોડી દે છે, તેમ અયોગ્યતાની જાણ થતાંની સાથે જ ગુરુએ શિષ્યને સૂત્રાદિનું અધ્યયન કરાવવાનું બંધ કરી દેવું જોઈએ.

અયોગ્યને શાસનહીલનાના ભયથી જો ઘરભેગો કરવામાં ન આવે તો સાધુવેષમાં રહીને તેના દ્વારા એવા અનાચાર સેવાય કે જેથી તે ઘણી મોટી શાસનહીલના કરી બેસે. ભલે તે હાથ પોતાનો જ હોય છતાં જો તેનો સડો આખા શરીરને બરબાદ કરતો હોય તો તેને તત્કાળ કાપી નાખવો જોઈએ. તે વખતે તેની ઉપર મમત્વ રાખી શકાય નહિ. બગડેલી કરંડિયાની એક કેરી જો બહાર ફેંકી દેવામાં

ન આવે તો બાકીની સારી કેરીઓને પણ બગાડતાં વાર લાગે નહીં.

## આસેવનશિક્ષા

આસેવન શિક્ષા એટલે મુનિજીવનમાં શિષ્ટ પુરુષોએ આચરેલ ક્રિયાકલાપનું જીવનમાં આસેવન કરવું.

ટૂંકમાં મુનિજીવનના આચારોનું સમ્યક્ પાલન કરવું તે આસેવનશિક્ષા છે. તેને જ **સામાચારી** કહેવામાં આવે છે. તેના ત્રણ વિભાગ છે. ૧. ઓઘ સામાચારી, ૨. દશધાસામાચારી, ૩. પદવિભાગ સામાચારી.

**૧. ઓઘ સામાચારી:** ઓઘ એટલે સામાન્ય. સામાન્યથી સંક્ષેપમાં ઓઘનિર્યુક્તિ ગ્રન્થમાં જે સમગ્ર દિનરાતની સાત પ્રકારની (૧. પડિલેહણા, ૨. પિંડ, ૩. ઉપધિ, ૪. અનાયતન, ૫. પ્રતિસેવના, ૬. આલોચના અને ૭. વિશુદ્ધિ) સામાચારી કહી છે તે ઓઘ સામાચારી કહેવાય. આ સામાચારી સાધુને દીક્ષાના પ્રથમ દિવસથી જ અપાય છે માટે તેનો પહેલો નંબર છે.

**૨. દશધા સામાચારી** : ઉત્તરાધ્યયનના છવ્વીસમા અધ્યયનમાંથી ઉદ્ધરવામાં આવેલી જે સામાચારી છે તેનું નામ દશધા સામાચારી છે. આ સામાચારીને ચક્રવાલ સામાચારી કહેવામાં આવે છે, કેમ કે તેની દશેય વસ્તુઓ કૂવાના અરહટ્ટ(ચક્રવાલ)ની જેમ રોજિંદા વ્યવહારમાં ઉપયોગમાં આવ્યા કરે છે. તે દશ વસ્તુઓનાં નામો આ પ્રમાણે છે :

૧. ઇચ્છાકાર, ૨. મિચ્છાકાર, ૩. તથાકાર, ૪. આવ-

સ્સહી, ૫. નિસીહિ, ૬. પૃચ્છા, ૭. પ્રતિપૃચ્છા, ૮. છંદના, ૯. નિમંત્રણા, ૧૦. ઉપસંપદા.

(જ્ઞાન, દર્શન કે ચારિત્રના વિશિષ્ટ આરાધન માટે ગુરુઆજ્ઞાપૂર્વક અન્ય ગચ્છમાં જવું તે ત્રણ પ્રકારની ઉપસંપદા)

૩. **પદવિભાગ સામાચારી :** દષ્ટિવાદ નામના બારમા અંગમાંથી ઉદ્ધરેલા બૃહત્કલ્પ વ્યવહારસૂત્ર વગેરે છેદ ગ્રન્થમાં આ સામાચારીનો વિષય હોવાથી તેને કલ્પવ્યવહાર સામાચારી પણ કહેવાય છે.

**પદ** એટલે ઉત્સર્ગ અને અપવાદને જણાવનારાં શાસ્ત્ર-વચનો.

તેનો **વિભાગ** એટલે યોગ્ય સ્થાને તેનો ઉપયોગ.

અર્થાત્ ક્યારે ઉત્સર્ગ અને ક્યારે અપવાદનું આલંબન લેવું એનો વિભાગ બતાડતી જે છેદ સૂત્રમાં કહેલી સામાચારી તે પદવિભાગ સામાચારી કહેવાય છે.

કોઈ કારણ ન હોવાથી ઉત્કૃષ્ટ કોટિનું શાસ્ત્રોક્ત આચરણ તેને ઉત્સર્ગ કહેવાય છે અને ચોક્કસ પ્રકારના કારણને લીધે ઉત્સર્ગમાર્ગને ન છૂટકે છોડીને—છતાં ઉત્સર્ગમાર્ગને ફરી જલદી પામવાના લક્ષ્યવાળું—જે શાસ્ત્રોક્ત નીચલી કોટિનું (અપ) જે આચરણ તે અપવાદમાર્ગ કહેવાય છે.

સીધા માર્ગે ચાલતી મોટરને સીધા રસ્તા ઉપર

આવેલા ખાડાઓને કારણે ડાઇવર્ઝન (Diversion) આપવામાં આવે છે, જેના દ્વારા મોટર ફરી સીધા રસ્તે આવી જાય છે. તેમાં સીધો રસ્તો તે ઉત્સર્ગ છે અને ડાઇવર્ઝન (Diversion) તે અપવાદ છે.

આ પદવિભાગ સામાચારી વિશિષ્ટ કોટિના શ્રુતજ્ઞાનના અભ્યાસી બનેલા, દીર્ઘ દીક્ષાપર્યાયવાળા સાધુને અપાતી હોવાથી તેનો નંબર ત્રીજો છે.

# ૧. ઓઘ સામાચારી

## [૩]

## મુનિની દિનચર્યા

હવે આપણે ઓઘ સામાચારીને વિચારીએ. તેમાં જે વસ્ત્ર-પાત્રનું પ્રતિલેખન (બન્ને સમયનું), ગોચરી, ક્રિયા, પ્રતિક્રમણ વિધિ વગેરે ક્રિયાઓ છે તે ઓઘનિર્યુક્તિ ગ્રન્થ વગેરેના વિવેચનમાં આવી ગયા હોવાથી અહીં ઓઘ સામાચારી મુજબ મુનિની ચોવીસ કલાકની દિનચર્યા વિચારીશું.

### નિદ્રા અને નિદ્રાત્યાગનો સમય

સર્વ સાધુઓ રાત્રિના પ્રથમ પ્રહરમાં જાગતા રહે. પરંતુ વૃષભ (પ્રૌઢ) સાધુઓ રાત્રિના પ્રથમ બે પ્રહર સુધી જાગતા રહે. અને બીજા પ્રહરની શરૂઆતથી માત્ર આચાર્ય જાગતા રહે અને ચોથો પ્રહર શરૂ થતાં બધા સાધુઓ જાગે અને તે વખતે આચાર્ય સૂઈ જાય. તે આચાર્ય પ્રતિક્રમણનો સમય થાય ત્યારે ફરી જાગે તથા ગ્લાનાદિ પણ અશક્તતાના કારણે પ્રતિક્રમણ વખતે જાગી શકે. પ્રતિક્રમણનો સમય એટલે જે કર્યા પછી દશ ઉપકરણોનું પડિલેહણ કરી લેતાં સૂર્યોદય થાય તે સમય પ્રતિક્રમણના આરંભનો સમય કહેવાય.

## સજ્ઝાય સુધીની ક્રિયા

નિદ્રાનો ત્યાગ કર્યા બાદ ઈરિયાવહીથી સજ્ઝાય સુધીની ક્રિયા કરવી. તેમાં જો જીવહિંસા વગેરેનું કુસ્વપ્ન આવ્યું હોય તો ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ 'ચંદેસુનિમ્મલયરા' સુધી કરવો અને જો ચતુર્થવ્રતની વિરાધના રૂપ દુઃસ્વપ્ન આવ્યું હોય તો તે કાઉસ્સગ્ગના લોગસ્સ 'સાગરવરગંભીરા' સુધી ગણવા, અથવા ચાર લોગસ્સ ચંદેસુનિમ્મલયરા સુધી ગણીને એક નવકાર ગણવો.

સજ્ઝાય સુધીની ક્રિયા બાદ વાચના વગેરે પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો તથા પોતાના જીવન અંગે ધર્મ-જાગરિકા કરવી. એટલે કે પોતે કરેલા તપ તથા અભિગ્રહો યાદ કરવા. તેમાં છતી શક્તિએ પોતે શું નથી કરતો ?–તે ધ્યાનમાં લેવું અને નવા સુંદર સંકલ્પો કરવા, પોતાનું ચારિત્રજીવન આરાધનામાં કે વિરાધનામાં પસાર થાય છે? –વગેરે વિચારવું તે ધર્મજાગરિકા છે. પ્રાતઃકાળમાં બ્રાહ્મ-મુહૂર્તમાં બુદ્ધિની નિર્મળતા વધુ રહેતી હોવાથી તે સમયની ધર્મજાગરિકા ઘણી લાભદાયી થાય છે.

## કાલગ્રહણ, પ્રતિક્રમણ અને પ્રતિલેખન

રાત્રિના છેલ્લા ચોથા પ્રહરનો છેલ્લો ચોથો ભાગ તે પ્રાભાતિક કાલગ્રહણનો સમય છે. તે અંગેની વિધિ ગુરુગમથી જાણવી.

ત્યાર બાદ રાઈપ્રતિક્રમણ કરવું. તેમાં છેલ્લા ગુરુ સમક્ષ 'બહુવેલ' અંગેના બે આદેશ માગવા એટલે વારંવાર થનારી,

અર્થાત્ રોકી ન શકાય તેવી — શ્વાસ લેવો-મૂકવો, પાંપણનું ફરકવું વગેરે સૂક્ષ્મ કાર્યની — ઘણી વાર થતી ક્રિયા, આ ક્રિયા કરતાં પણ ગુરુની રજા મેળવવી જોઈએ. પરંતુ તે અસંભવિત હોવાથી આ બે આદેશો દ્વારા તે રજા મેળવી લેવામાં આવે છે. એનો અર્થ એ થયો કે બાકીનાં સૂક્ષ્મ કાર્યોમાં તો ગુરુની રજા અવશ્ય મેળવવી જોઈએ.

ત્યાર પછી શાસ્ત્રોક્ત વિધિથી વસ્ત્રોની પ્રતિલેખના કરવી. જ્યારે દશ વસ્ત્રોનું પ્રતિલેખન થઈ જાય અને અગિયારમા દાંડાનું પ્રતિલેખન થવા લાગે ત્યારે સૂર્યોદય થાય તે રીતે પ્રતિલેખન શરૂ કરવું.

પ્રતિલેખનનો વિધિ ઓઘનિર્યુક્તિના વિવેચનમાંથી જાણી લેવો.

## પહેલી તથા બીજી પોરિસીનો સ્વાધ્યાય અને પાત્રપ્રતિલેખન

સૂર્યોદયથી પોણો પ્રહર થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો. આ પ્રથમ પોરિસીને સૂત્રપોરિસી કહેવામાં આવે છે.

પ્રથમ પોરિસી પૂર્ણ થાય એટલે બીજી પોરિસીમાં અર્થચિંતન કરવાનું હોય છે. પરંતુ અપવાદ માર્ગે તો નવદીક્ષિતોને બન્ને પોરિસીમાં માત્ર સૂત્રપાઠ કરી શકાય છે. અને જેઓ મૂળસૂત્ર ભણી ચૂકયા છે તેમને બન્ને પોરિસીમાં અર્થચિંતન થઈ શકે છે.

પહેલી સૂત્રપોરિસી છ ઘડીની હોય છે. તે પછીના સમયમાં તરત જ પાત્ર પ્રતિલેખન કરવું અને ત્યાર બાદ

તરત જ અર્થપોરિસી શરૂ કરવી. પ્રભાતનો આ સઘળો સમય સ્વાધ્યાયનો હોવાથી પાત્રપ્રતિલેખન કરતાં જે ઝોળી, પડલા, રજસ્ત્રાણ વગેરે વસ્ત્રોનું પ્રતિલેખન આવે છે તે પાત્રાની જેમ બેઠાં બેઠાં જ કરવું. પરંતુ ઉભડક પગે કરવું નહિ, કેમ કે તેમ કરવા જતાં જે વધુ સમય જાય તેથી સ્વાધ્યાયને હાનિ પહોંચે.

ઉભડક પગે વસ્ત્રપ્રતિલેખન કરવાનો શાસ્ત્રીય નિયમ અહીં ગૌણ બનાવીને સ્વાધ્યાયનું જે મહત્ત્વ બતાડ્યું છે તેથી સમજાશે કે સ્વાધ્યાયના સમયમાં કોઈ પણ પ્રકારનો પ્રમાદ કરવો જોઈએ નહિ.

## પાંચ પ્રકારના સ્વાધ્યાય

**૧. વાચના :** જે વાચના આપનાર આત્મા હોય તે ઊંચા આસને બેસે, અને વાચના લેનાર સાધુઓ તેમને વંદન કરીને (શાસ્ત્રનીતિથી પર્યાયમાં મોટા હોય તોપણ) તેમની પાસે વાચના લે. તે વખતે સાધુઓ પગની પલાંઠીનો, ટેકાનો, પગ લાંબાપહોળા કરવાનો, વિકથાનો, હસવાનો વગેરે અવિધિ અને અવિનયનો ત્યાગ કરે.

**૨. પૃચ્છના :** જ્યારે પણ વિદ્યાદાતાને કોઈ સવાલ પૂછવો હોય ત્યારે આસન ઉપર બેઠા બેઠા કે સંથારામાં સૂતા સૂતા ન પૂછવો. કિન્તુ ગુરુની સન્મુખ આવીને ઊંચા પગે બેસીને બે હાથની અંજલિ કરીને વિનયપૂર્વક પૂછવો.

**૩. પરાવર્તના :** ઈરિયાવહી પડિક્કમીને મુખ આગળ વસ્ત્ર રાખીને, શુદ્ધ ઉચ્ચારપૂર્વક, પદચ્છેદ કરીને, જ્યાં અટકવું જોઈએ ત્યાં અટકીને, કંઠસ્થ કરેલાં સૂત્રોનો સ્વાધ્યાય કરવો.

**૪. અનુપ્રેક્ષા:** જે જિનવચનો સાંભળ્યાં હોય કે તેના અર્થ જાણ્યા હોય તેના ઉપર નયનિક્ષેપ વગેરેના બળ સાથે તેનાં ઊંડાં રહસ્યોને પામવા માટે તાત્ત્વિક ચિંતન કરવું.

**૫. ધર્મકથા:** ગુરુકૃપાથી સારી રીતે શાસ્ત્રાર્થને સમજ્યા પછી યોગ્ય જીવોને સ્વપર-ઉપકારક ઉપદેશ કરવો.

આવા પ્રકારનો સ્વાધ્યાય કરવાથી પોતાના આત્માના હિતાહિતનું ભાન થાય છે. ભાવસંવર પ્રગટ થાય છે; શાસ્ત્રવચનો પ્રત્યે શ્રદ્ધા તીવ્ર બનતી જાય છે અને તેથી સંસાર પ્રત્યેનો વૈરાગ્યભાવ ઉત્કૃષ્ટ બનવા લાગે છે. આમ મોક્ષમાર્ગમાં નિશ્ચળતા પ્રાપ્ત થાય છે. આથી જ બારે પ્રકારના તપમાં સ્વાધ્યાય નામના તપને ઉત્કૃષ્ટ તપ કહ્યો છે. કહ્યું છે કે, "ઘણા ક્રોડો વર્ષોમાં પુષ્કળ ક્રિયાઓ કરીને એક અજ્ઞાની આત્મા જે અનંતાં કર્મોને ખપાવે તેટલાં કર્મોને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો જ્ઞાની આત્મા માત્ર એક ઉચ્છ્વાસમાં ખપાવે છે."

આમાં મહત્ત્વની વાત તો એ છે કે જે આત્માને સ્વાધ્યાયનો તીવ્ર રસ જાગે છે તેનામાં સ્વપરને સંસારમાંથી ઉતારનારી 'પરદેશકતા' નામની વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે. જેમ જેમ તે આત્મા સ્વપરોપકારી બનતો જાય છે તેમ તેમ તેને જિનાજ્ઞા, જૈનસંઘ અને જિનશાસન પ્રત્યે અપૂર્વ ભક્તિ પેદા થાય છે. આના કારણે જૈનશાસનની

અવિચ્છિન્ન પરંપરા આગળ વધારવાનો મહાલાભ તે સ્વાધ્યાયરસી આત્માને પ્રાપ્ત થાય છે.

પંચવસ્તુ ગ્રન્થમાં કહ્યું છે કે, "છતી શક્તિએ સ્વાધ્યાય નહિ કરનાર આત્માઓ ભવિષ્યમાં વિપરીત માર્ગે ચઢીને ઉન્માદી બને છે અથવા તેમને શરીરમાં ભયંકર રોગો પેદા થાય છે અથવા તેઓ ચારિત્રધર્મથી ભ્રષ્ટ થાય છે."

જે સાધુ સૂત્ર અને અર્થગ્રહણ કરી ચૂકયા હોય અને શિષ્યોને પણ તે ભણાવીને પોતાની જવાબદારી પૂર્ણ કરી ચૂકયા હોય તેવા સાધુઓ તથા જેઓની સૂત્ર કે અર્થ ભણવા સંબંધમાં અંતિમબુદ્ધિ હોય તેવા સાધુઓ સૂત્રપોરિસી કે અર્થપોરિસીના સમયમાં તથા અન્ય અનુકૂળ સમયમાં ઉનાળામાં આતાપના લે, શિયાળામાં વસ્ત્રો ત્યાગીને શીત પરિષહને સહન કરે, અને ચોમાસામાં અંગોપાંગને વધુમાં વધુ સમય સુધી સંકોચી રાખીને કાયક્લેશ નામનો તપ કરે અને વિવિધ બાહ્ય તપસ્યાઓ કરે. વળી એકાંત સ્થાનમાં જઈ કાયોત્સર્ગમાં લાંબા સમય સુધી રહે.

સૂત્રપોરિસીનો બરોબર પોણો પ્રહર થાય ત્યારે જ પાત્રપ્રતિલેખન કરવાનું શરૂ કરી દેવું. જો સ્વાધ્યાય આદિના અગાઢ કારણ સિવાય પાત્રપ્રતિલેખન મોડું કરાય તો એક છઠ્ઠનું પ્રાયશ્ચિત્ત આવે. કયારેક ગુરુઆજ્ઞા લઈને પાત્રપ્રતિલેખન થોડુંક વહેલું કરી શકાય. પરંતુ બને ત્યાં સુધી મોડું તો ન જ કરાય.

સૂત્રપોરિસી અને અર્થપોરિસીમાં યથાયોગ્ય જે પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો જોઈએ તે અપ્રમત્તભાવથી કરવો જોઈએ; તે એટલે સુધી કે સ્વાધ્યાય કરતાં કોઈ પચ્ચક્ખાણ માગે તો તે પણ આપી શકાય નહિ.

યતિદિનચર્યામાં કહ્યું છે કે, "સાધુ પોતાના આચારમાં શિથિલ હોય તોપણ જો તે વ્યાખ્યાનમાં (વાચનામાં) શુદ્ધ પ્રરૂપણા કરતો હોય એટલે કે ચારિત્રજીવનના કટ્ટર પક્ષપાતપૂર્વક તેની ભારોભાર પ્રશંસા અને શુદ્ધ પ્રરૂપણા કરતો હોય તો વળી, અવસરે પોતાના જીવનની શિથિલતાને પણ ખુલ્લી કરતો હોય તો, આચાર્ય પોતે શિથિલ છતાં અનંત કર્મોની નિર્જરા કરનારો થાય છે અને તેને ભવોભવ બોધિપ્રાપ્તિ સુલભ હોય છે. તો પછી અપ્રમત્ત એવા આચારશુદ્ધ સાધુની નિર્જરાની શી વાત કરવી !"

## જિનાલયગમન

બીજી અર્થપોરિસી પૂરી થયા પછી જિનમંદિરે જઈને ચૈત્યવંદન કરવું જોઈએ. પણ જો ચૈત્યવંદન કર્યા પછી ગોચરી જવા માટે હજી વાર હોય તો જિનાલયમાં વધુ સમય પસાર કરવો અને કોઈ ઠેકાણે ગોચરીનો સમય વધુ વહેલો હોય તો પહેલી અને બીજી બન્ને પોરિસીના સમયમાં, સમયનો કાપ મૂકવો અને તે રીતે બન્ને પોરિસી વહેલી વહેલી પૂરી કરીને ગોચરી જવા માટે વહેલા નીકળી જવું. પાંચ પર્વતિથિએ જિનમંદિરોની ચૈત્યપરિપાટીએ જવું અને શેષ દિવસોમાં એક જિનાલયે તો અવશ્ય જવું.

## ત્રીજી પોરિસી
### ભિક્ષાચર્યા અને સ્થંડિલભૂમિ ગમન વગેરે

ઉત્સર્ગથી ગોચરીનો સમય ત્રીજી પોરિસીનો છે. પૂર્વે ગોચરી નીકળતી વખતે 'ઉપયોગ'નો કાઉસ્સગ્ગ વગેરે કરાતા હતા. પરંતુ વર્તમાન સામાચારીમાં બાળ, ગ્લાન, વૃદ્ધ વગેરે અસહિષ્ણુ સાધુઓની ભક્તિનો લાભ લેવા માટે આ વિધિ પ્રભાતમાં જ ગુરુની પાસે કરી લેવામાં આવે છે.

આ 'ઉપયોગ'ના કાયોત્સર્ગમાં કેટલાક કહે છે કે માત્ર એક નવકાર ગણવાનો હોય છે, જ્યારે બીજા કેટલાક કહે છે કે તે નવકારની સાથે જે આહાર વગેરે લાવવાનો હોય તેનો પણ વિચાર કરી લેવો જોઈએ. કેમ કે તેવો વિચાર કર્યા વિના આહાર લેવા માટે પગ ઉપાડી શકાય નહિ.

### ત્રણ પ્રકારની ભિક્ષાઓ
### ૧. સર્વસંપત્કરી ૨. પૌરુષઘ્ની ૩. વૃત્તિકરી

**(૧) સર્વસંપત્કરી :** સાધુતાના શુભ ધ્યાન વગેરેમાં વર્તતો, ગુરુઆજ્ઞાનો પાલક, આરંભાદિ રહિત, બાળ આદિ માટે અનાસક્તભાવે દાતાને જરા પણ ત્રાસ ન થાય તે રીતે ભ્રમરની જેમ થોડું થોડું લેનારો તથા "આ ભિક્ષા ગૃહસ્થના આત્માના તથા સાધુના **શરીરના** ઉપકાર માટે જિનેશ્વરદેવોએ ફરમાવી છે, માટે તે લેવામાં મારે લજ્જા રાખવી જોઈએ નહિ." એવા શુભાશયથી ફરનારો સાધુ જે નિર્દોષ ભિક્ષા પામે તે સર્વસંપત્કરી ભિક્ષા કહેવાય.

**(૨) પૌરુષઘ્ની :** સાધુતાથી વિરુદ્ધ વર્તનારો, પાપારંભી, અનેક દોષોનો સેવી સાધુ પોતાના સંયમજીવનના

પુરુષાર્થને હણતો હોવાથી તેની ભિક્ષા પૌરુષઘ્ની કહેવાય છે. (પુરુષાર્થને હણતો એટલે એક જગ્યાએથી વધુ ગોચરી લઈ લેવી, નજીકનાં ઘરોમાંથી લઈ લેવું તે.)

(૩) **વૃત્તિકરી :** જેઓ આંધળા, ગરીબ કે લંગડા વગેરે હોવાના કારણે સંસારમાં રહીને પોતાની આજીવિકા ચલાવી શકે તેમ નથી તેવા માણસો માત્ર પેટ ભરવા માટે જો સાધુ થયા હોય તો તેમની ભિક્ષાને 'વૃત્તિ(આજીવિકા)-કરી' ભિક્ષા કહેવાય છે.

## અભિગ્રહો સાથે ભિક્ષા લેવા માટે નીકળવું

પોતાની રસવૃત્તિ ઉપર કાબૂ મેળવવા માટે મોક્ષાર્થી સાધુ જ્યારે ભિક્ષા લેવા નીકળે ત્યારે દ્રવ્યાદિક ચાર પ્રકારના અભિગ્રહો કરે.

### (૧) દ્રવ્યથી અભિગ્રહ

અમુક જ વસ્તુ વહોરીશ અથવા અમુક સાધનથી વહોરાવશે તો જ વહોરીશ વગેરે સ્વરૂપના દ્રવ્ય અભિગ્રહો કહેવાય.

### (૨) ક્ષેત્રથી અભિગ્રહ

આઠ પ્રકારનો જે ગોચરી ભૂમિઓનો ક્રમ છે, તેમાંના અમુક પ્રકારથી હું ગોચરી વહોરીશ અથવા અમુક સંખ્યાનાં ઘરોમાંથી જે ભિક્ષા મળશે એટલી જ વહોરીશ વગેરે પ્રકારના ક્ષેત્ર અભિગ્રહો કહેવાય. આઠ પ્રકારની ગોચરી ભૂમિઓ છે, તેથી જુદી જુદી ગોચરી ભૂમિઓમાંથી લાવેલી ગોચરી જુદા જુદા પ્રકારની ગણતાં આઠ પ્રકારની ગોચરી થાય.

## આઠ પ્રકારની ગોચરી

**૧. ઋજવી ગોચરી :** ધારો કે એક ઉપાશ્રયની બંને લાઇનોમાં ગોચરીનાં ઘરો છે. તેમાંની કોઈ પણ એક લાઇનનો અભિગ્રહ કરીને તે લાઇનમાં જ ગોચરી લેવા જવું અને જે મળે તે લઈને તે જ લાઇનમાં — સામેની લાઇનમાં ગયા વિના — સીધા પાછા ફરવું. તેવી રીતે જે ગોચરી લાવી હોય તે ગોચરી ઋજવી ગોચરી કહેવાય. (ઋજવી = સીધી.)

**૨. ગત્વાપ્રત્યાગતિ ગોચરી :** ઋજવી ગોચરીની જેમ એક લાઇનમાં ગોચરી વહોર્યા પછી ગોચરી પૂરી ન થવાથી બીજી લાઇનનાં ઘરોમાં પણ ગોચરી લેવા જવું અને તે રીતે જે ગોચરી મેળવવી તે ગત્વાપ્રત્યાગતિ ગોચરી કહેવાય.

**૩. ગોમૂત્રિકા ગોચરી :** જેમ ગાય આડુંઅવળું મૂતરે તેમ અભિગ્રહ કરવો કે બે લાઇનમાં આવેલાં ગૃહસ્થોનાં સામસામાં ઘરોમાં વારાફરતી જતાં જતાં બંને લાઇનનાં છેલ્લાં ઘરોમાં પહોંચવું. એટલે અ લાઈનનું પહેલું ઘર કરવું. પછી બ લાઇનનું પહેલું ઘર કરવું. અ લાઇનનું બીજું ઘર કરવું પછી બ લાઈનનું બીજું ઘર કરવું. આ રીતે વારાફરતી બંને લાઇનનાં ઘરોમાંથી જે ગોચરી મેળવી હોય તે ગોમૂત્રિકા ગોચરી કહેવાય.


**૪. પતંગવીથિ ગોચરી :** પતંગિયાની જેમ સાવ અનિયત ક્રમે ગમે તે ઘરોમાં ગોચરી લેવા જવું અને તે રીતે જે ગોચરી લાવવી તે પતંગવીથિ ગોચરી કહેવાય.

**૫. પેટા ગોચરી :** પેટીની જેમ ગામની ચારે દિશામાં સીધી લાઇનમાં જે ઘરો આવતાં હોય તેવા ગામના છેવાડાનાં તે જ ઘરોમાં ગોચરી લેવા જવું. પરંતુ ગામની ચારે દિશાની લાઇનોની અંદર જે ઘરો આવતાં હોય તેમાં જવું નહિ. તે રીતે લાવેલી ગોચરી પેટા ગોચરી કહેવાય.

**૬. અર્ધપેટા ગોચરી :** ઉપરની ચાર લીટીની ચાર શ્રેણીમાંથી કોઈ પણ — એકબીજાને અડતી — બે શ્રેણીઓમાં જ ગોચરી જવું. અર્થાત્ અંગ્રેજીના એલ (L) આકારમાં ફરીને જે ગોચરી લાવવી તે અર્ધપેટા ગોચરી કહેવાય.

**૭. અભ્યંતર શંબૂકા ગોચરી :** ગામના મધ્યભાગનાં ઘરોમાંથી શરૂ કરીને, શંખના બહાર નીકળતા આવર્તની જેમ ગોળ શ્રેણીમાં રહેલાં ઘરોમાં ફરતાં ફરતાં છેલ્લે ગામના છેવાડે રહેલાં ઘરોનું છેલ્લું આવર્ત (રાઉન્ડ) પૂરું કરવું. તેવી રીતે ફરીને લવાયેલી ગોચરી અભ્યંતર શંબૂકા ગોચરી કહેવાય.

**૮. બાહ્ય શંબૂકા ગોચરી :** અહીં અભ્યંતર શંબૂકા ગોચરીથી ઊલટો ક્રમ જાણવો. એટલે ગામના છેવાડે આવેલ છેલ્લા ઘરથી ગોળ શ્રેણીએ ફરતાં ફરતાં ક્રમશઃ અંદર અંદર આવતાં છેલ્લે ગામની બરોબર વચ્ચેના ઘરમાં આવવું. આ પ્રમાણેના ક્રમથી ફરતા ફરતા જે ગોચરી મેળવી હોય તે બાહ્ય શંબૂકા ગોચરી કહેવાય.




## (૩) કાળ અભિગ્રહ

મારે ભિક્ષાકાળ થયા પછી જ, કે તે પહેલાં જ, કે તે કાળમાં જ ભિક્ષાએ નીકળવું. એવો એકાદ નિશ્ચય તે કાળ અભિગ્રહ કહેવાય.

## ૪. ભાવ અભિગ્રહ

કોઈ ગાતો હશે કે કોઈ રડતો હશે કે કોઈ બેઠેલો હશે કે અલંકાર પહેરેલો હશે, કે થાળીમાંથી કોળિયો ઉપાડીને પોતાના મોઢામાં નાખવાની તૈયારી કરતો હશે તે જે વહોરાવશે તે જ લઈશ. આમાંનો કોઈ એક પ્રકારનો જે અભિગ્રહ કરવો તે ભાવ અભિગ્રહ જાણવો.

આવા પ્રકારના વિશિષ્ટ કોટિના અભિગ્રહો તે જ સાધુને કરવા માટેની રજા છે, જેઓ અત્યંત સત્ત્વશાળી છે, અર્થાત્ બીજાઓને આર્ત્તધ્યાનાદિનો પ્રસંગ આવવાથી તેની અનુમતિ નથી.

ભિક્ષા લેવા જવા માટેનો તે જ સાધુને અધિકાર છે જેણે ક્રમસે ક્રમ શ્રી દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનનો અર્થથી અભ્યાસ કરેલો હોય કેમ કે તેને જ વસ્ત્ર, પાત્ર, શય્યા અને આહારપાણીની એષણા અને અનૈષણાની ખબર હોય છે. પાણી વહોરવા પણ આ સિવાયના સાધુઓ જઈ શકતા નથી.

## શય્યાતર

વસતિનો જે માલિક હોય તે શય્યાતર કહેવાય.

શય્યા એટલે વસતિ. તે આપવાથી જ જે સંસાર-સાગરને તરી જાય તે શય્યાતર કહેવાય. માલિક એક હોય કે અનેક હોય, તે બધાયના બાર પ્રકારના પિંડ ત્યાગવા.

અપવાદે એટલે કે અનેક માલિકોમાંથી એકનો જ પિંડ ત્યાગ કરવાના આગ્રહે અથવા નિર્વાહ ન થાય તો એક જ માલિકના પિંડનો પણ ત્યાગ કરી શકાય.

## શય્યાતરનો બાર પ્રકારનો ત્યાજ્ય પિંડ

(૧) અશન, (૨) પાન, (૩) ખાદિમ, (૪) સ્વાદિમ, (૫) રજોહરણ, (૬) વસ્ત્ર, (૭) પાત્ર, (૮) કંબળ, (૯) સોય, (૧૦) મુંડન માટેનો અસ્ત્રો, (૧૧) કાનસળી અને (૧૨) નખરદની (નેઇલકટર).

## શય્યાતરની કલ્પ્ય નવ વસ્તુઓ

(૧) સંથારા માટેનું ઘાસ વગેરે, (૨) ડગલ, (૩) રાખ, (૪) કૂંડી, (૫) પાટ કે મોટું પાટિયું વગેરે, (૬)

સંથારો (નાનું પાટિયું), (૭) પીઠનું ફલક (પાટિયું), (૮) પાત્રાદિનો લેપ, (૯) તેનો ઉપધિ સહિતનો મુમુક્ષુ સ્વજન.

## શય્યાતર કોણ થાય ?

ગામમાં જે વસતિમાં ગુરુ સૂતા હોય અને જ્યાં તેમણે રાઈપ્રતિક્રમણ કર્યું હોય તે એક અથવા બન્ને વસતિના માલિક શય્યાતર થાય. પણ જો આખી રાત્રિ જાગરણ કર્યું હોય અને પ્રતિક્રમણ બીજી વસતિમાં જઈને કર્યું હોય તો પહેલી વસતિનો માલિક શય્યાતર ન થાય.

**અપવાદ :** (૧) માંદગી વગેરેના ગાઢ કારણે ત્રણ વખત ગામમાં ફરવા છતાં બીમારને યોગ્ય દ્રવ્ય ન જ મળે તો પછી શય્યાતરને ત્યાંથી પણ લઈ શકાય. જો અતિગાઢ બીમારી હોય તો તરત જ શય્યાતરને ત્યાંથી પણ લઈ શકાય. (૨) આચાર્યને યોગ્ય દ્રવ્યો અન્યત્ર દુર્લભ હોય ત્યારે. (૩) ભૂત વગેરેનો અન્યત્ર ઉપદ્રવ હોય ત્યારે. (૪) દુષ્કાળને લીધે. (૫) રાજાના કોપને લીધે. (૬) બહાર લૂંટફાટના ભયને લીધે શય્યાતરને ત્યાંથી પણ લઈ શકાય. (૭) જો શય્યાતર પોતાના અતિ ભક્તિભાવના કારણે પોતાને ત્યાં વહોરવાનો અતિ આગ્રહ કરે તો તેને આર્ત્તધ્યાન ન થાય તે માટે માત્ર એક વાર તેને ત્યાંથી વહોરી શકાય.

## આઠ પ્રકારનો અકલ્પ્ય રાજપિંડ

પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓએ અશનાદિ ચાર, વસ્ત્ર, પાત્ર, રજોહરણ અને કંબળ એમ આઠ પ્રકારના રાજપિંડને ત્યાગવો જોઈએ.

શાસ્ત્રકારો કહે છે કે, "જેમ ગૃહસ્થને પોતાના જીવનમાં નીતિ વગેરેથી વ્યવહારશુદ્ધિ સાચવવી એ ખૂબ દુષ્કર છે, તેમ સાધુને સર્વથા દોષ વિનાની આહારશુદ્ધિ ખૂબ દુષ્કર છે. એટલે જે સાધુ નિર્દોષ આહાર હંમેશ વાપરતો હોય તેને હંમેશ ઉપવાસના ફળની પ્રાપ્તિ થાય છે.

## વસતિશુદ્ધિ

આહારશુદ્ધિની જેમ વસતિશુદ્ધિ પણ ખૂબ આવશ્યક છે. વસતિના મૂળગુણો અને ઉત્તરગુણો હોય છે તે બન્નેથી યુક્ત તથા સ્ત્રી, પશુ અને નપુંસકથી રહિત એવી વસતિ જ શુદ્ધ કહેવાય.

પ્રાપ્ત થયેલી શુદ્ધ વસતિમાં સાધુએ કઈ જગ્યાએ બેસવું કે ન બેસવું તે માટે કરાયેલી વૃષભની કલ્પનાનું વિવેચન ઓઘનિર્યુક્તિમાં જોઈ લેવું.

## વસ્ત્રશુદ્ધિ

વસ્ત્રો કપાસ, શણ, રેશમ, ઘેટાનું ઊન વગેરે અનેક વસ્તુમાંથી બને છે. તેમાં **કપાસ** વગેરેનાં વસ્ત્રો પહેલા પ્રકારમાં આવે છે, રેશમી વગેરે વસ્ત્રો બીજા પ્રકારમાં આવે છે અને ઊન વગેરેનાં વસ્ત્રો ત્રીજા પ્રકારમાં આવે છે. વળી આ ત્રણે પ્રકારના દરેકના ત્રણ ત્રણ ભેદ થાય છે.

**(૧) યથાકૃત** (કોઈ પણ પ્રકારનું સીવણ વગેરે કર્યા વિનાનું અખંડ મળી જતું વસ્ત્ર.)

**(૨) અલ્પપરિકર્મ** (એક વાર ફાડેલું અને પછી સીવેલું.)

**(૩) બહુપરિકર્મ** (ફાડવા સીવવાની ઘણી વાર ક્રિયા કરીને તૈયાર કરેલું.)

આમાં પૂર્વનું વસ્ત્ર ન મળે તો જ ઉત્તરઉત્તરનું લેવું.

ગૃહસ્થે જે વસ્ત્ર સાધુ માટે ખરીદ્યું ન હોય, વણ્યું કે ગૂંથ્યું ન હોય, બીજા પાસેથી હઠ કરીને લીધેલું ન હોય, ચોરીથી મેળવ્યું ન હોય તે વસ્ત્ર સાધુ માટે નિર્દોષ છે.

## વસ્ત્રના વિભાગો અને તેના ગુણ-અવગુણ

જે વસ્ત્ર કલ્પ્ય ગણાતું હોય તેને ધર્મલાભ આપીને વહોરતા પહેલાં ખોલીને બરાબર જોઈ લેવું. જેથી તેમાં રાખેલા ધન વગેરેની ચોરીનું દોષારોપણ ન થઈ જાય. ત્યાર પછી તે વસ્ત્રોના ગુણદોષ જોવા તે માટે વસ્ત્રના નીચે પ્રમાણે નવ વિભાગ કલ્પવા અને 'દિવ્ય' વગેરે નામ આપવાં.

| | | |
|---|---|---|
| દિવ્ય | આસુરી | દિવ્ય |
| માનુષ્ય | રાક્ષસી | માનુષ્ય |
| દિવ્ય | આસુરી | દિવ્ય |

વસ્ત્રની અંદર અનેક પ્રકારના ડાઘાડૂઘી હોય છે તેનાથી વસ્ત્ર નીચેના કોઈ પણ પ્રકારવાળું બને છે.

૧. આંખનો સુરમો, તેલનું કાજળ વગેરે પ્રકારનાં અંજનોવાળું.

૨. દીવાની મેંશ કે કાજળ વગેરે પ્રકારનાં ખંજનોવાળું.

૩. કાદવ જેવી વસ્તુઓવાળું.

૪. ઉંદર, કંસારી વગેરેથી ખાધેલું.

૫. અગ્નિથી બાળેલું.

૬. તૂણેલું.

૭. ધોબીના કૂટવાથી છિદ્ર પાડેલું.

૮. અતિ જીર્ણ થવાથી બીજા ખરાબ રંગના ટુકડાથી સાંધેલું.

(૧) જો વસ્ત્રના 'દિવ્ય' ભાગમાં ઉપર જણાવેલ અંજન આદિ કોઈ પણ હોય તો તે વસ્ત્ર વહોરનાર સાધુને વસ્ત્ર, પાત્ર વગેરેનો ખૂબ લાભ થાય.

(૨) જો 'માનુષ્ય' ભાગમાં તેમાંનું કાંઈ પણ હોય તો મધ્યમ કક્ષાએ તે લાભો પ્રાપ્ત થાય.

(૩) જો 'આસુરી' ભાગમાં તે ડાઘાડૂઘી વગેરે હોય તો તેના વાપરનાર સાધુને બીમારી થાય અને જો—

(૪) 'રાક્ષસ' ભાગમાં તે ચિહ્નો હોય તો વાપરનાર સાધુનું મરણ થાય.

સારાંશ એ છે કે જો એક વસ્ત્રના ઊભા ત્રણ સરખા વિભાગ કરવામાં આવે અને તેમાં વચલા વિભાગમાં જો કોઈ ઉપરમાંનું ચિહ્ન હોય તો તે ન જ લેવું. 'પંચકલ્પ બૃહત્‌ભાષ્ય'માં કહ્યું છે કે, "અઢાર રૂપિયાથી ઓછા મૂલ્ય-વાળું વસ્ત્ર વાપરવું. (આજની તારીખમાં એક રૂપિયો = વીસ પૈસા કહેવામાં આવે છે.)

## પાત્રશુદ્ધિ

તુંબડાનું, લાકડાનું અને માટીનું અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને જઘન્ય કોટિનું પાત્ર વાપરવું જોઈએ; અન્ય પાત્ર અકલ્પ્ય છે. જે પાત્ર ચારે બાજુથી સરખું ગોળ હોય,

સ્થિર બેઠકવાળું હોય, કાયમી વાપરવા માટેનું હોય, તેમ જ સ્નિગ્ધ અને ટકાઉ વર્ણવાળું હોય તે લક્ષણવંતું પાત્ર જાણવું અને જે ઊંચુંનીચું હોય, અકાળે સુકાયેલું હોવાથી વળિયાં પડેલું હોય, ભાંગેલું હોય, તિરાડ કે કાણાંવાળું હોય તે **અપલક્ષણવાળું** જાણવું. સુલક્ષણ પાત્ર રાખવાથી અનેક લાભોની પ્રાપ્તિ, ગચ્છની પ્રતિષ્ઠાવૃદ્ધિ, કીર્તિ, આરોગ્ય અને જ્ઞાનની પણ વૃદ્ધિ થાય છે. જ્યારે અપલક્ષણવાળાં પાત્ર રાખવાથી ચારિત્રનાશ, ચિત્તવિભ્રમ, રોગ અને મરણ વગેરે થાય છે.

## સાત ચૈત્યવંદન

(૧) પ્રભાતે ઊઠયા પછી જગચિંતામણિનું, (૨) પ્રભાતના પ્રતિક્રમણમાં વિશાલલોચનનું, (૩) જિનમંદિરમાં દર્શન કરતી વખતનું, (૪) ભોજન પૂર્વે પચ્ચક્ખાણ પારતી વખતનું, (૫) ગોચરી (ભોજન) પછીનું, (૬) સાંજે પ્રતિક્રમણમાં "નમોસ્તુ"નું, (૭) સંથારાપોરિસી ભણાવતી વખતે ચઉક્કસાયનું, એમ સાત વાર ચૈત્યવંદન કરવાની વિધિ છે.

તેમાં ભિક્ષા વાપરતા પહેલાં ચૈત્યવંદન કર્યા બાદ જઘન્યથી દશવૈકાલિકની સત્તર ગાથાનો સ્વાધ્યાય કરવો.

## માંડલીભોજી અને એકલભોજી સાધુ

ભિક્ષાને વાપરનારા બે પ્રકારના સાધુ છે: ૧. માંડલીભોજી સાધુ અને ૨. એકલભોજી સાધુ.

(૧) જ્યાં સુધી ભોજન કરનારા સર્વ સાધુઓ માંડલીમાં ન આવે ત્યાં સુધી જેમનાથી ભોજન ન થઈ

શકે તે **માંડલીભોજી** સાધુ કહેવાય.

(૨) **એકલભોજી:** યોગવાળા, સ્વભાવથી અથવા શરીર-ના કારણે માંડલીમાં સાથે બેસવાને અયોગ્ય, સ્વલબ્ધિવાળા, પ્રાઘૂર્ણક, કાચી દીક્ષાવાળા, નવદીક્ષિત, દૂષિત ચારિત્રી (જ્યાં સુધી પ્રાયશ્ચિત્ત પૂર્ણ ન કરે ત્યાં સુધી), બાળ, વૃદ્ધ વગેરે એકલભોજી સાધુ કહેવાય.

જે એકલભોજી ભિક્ષા વહોરવા ગયા હોય તે ભિક્ષા લાવ્યા પછી ગુરુને કહે કે, "હે ભગવંત! બાળ, વૃદ્ધ ગ્લાન, તપસ્વી વગેરેને આહાર આદિ આપ આપો." ત્યાર પછી ગુરુ બીજાઓને નિમંત્રણ કરે અથવા ગુરુઆજ્ઞાથી તે એકલભોજી નિમંત્રણ કરે. જો કોઈ ન લે તોપણ નિમંત્રણ કરવાથી એકલભોજીને નિર્જરાનો લાભ મળે જ.

અસમર્થ એવા વૃદ્ધ, ગ્લાન, નવદીક્ષિત તથા પ્રાઘૂર્ણક ગુરુ, અસહિષ્ણુ, રાજપુત્રાદિ વગેરેના અનુગ્રહ માટે તથા જે સાધુને લાભાન્તરાયનો તીવ્ર ઉદય હોય તેના અનુગ્રહ માટે માંડલીબદ્ધ ભોજનની વ્યવસ્થા છે.

જે દિગંબરમતીઓ મૂર્છાને પરિગ્રહ ન કહેતાં વસ્ત્ર કે પાત્રને રાખવા માત્રને જ પરિગ્રહ જણાવે છે, તેમની પાસે ગ્લાન, પ્રાઘૂર્ણક વગેરેને વપરાવવાની કોઈ વ્યવસ્થા નથી. ગમે તેવી માંદગી વગેરેમાં પણ ભિક્ષા માટે દરેકને જવું જ પડે અને ઊભા રહીને હાથમાં વાપરવું જ પડે.

આપણી દૃષ્ટિએ 'માત્ર ત્યાગ એ ધર્મ નથી', પરંતુ 'વિવેકપૂર્વકનો ત્યાગ' એ ધર્મ છે. દિગંબરમતીનો ત્યાગ

ગમે તેટલો કઠોર હોય પરંતુ વિવેક નહિ હોવાથી તે ત્યાગ આદેય કહી શકાય નહિ. વળી વસ્ત્ર અને પાત્રનો ત્યાગ કરી દેનારા તેઓ પોતાને સર્વથા અપરિગ્રહી ભલે કહેવડાવતા હોય પરંતુ પાણી માટે કમંડલુ, ચિહ્ન તરીકે મોરપીંછ, તાપણા માટે ઘાસ, નગ્નતાને ઢાંકવા કૂંડાળું વળીને ફરતા ભક્તો, નગ્નતાના કારણે ભસતા કૂતરાઓથી રક્ષા પામવા પળાતા કૂતરાઓ વગેરે કેટલા બધા પરિગ્રહો તેમને પણ ઊભા થઈ જાય છે !

વળી તેમને ત્યાં ગોચરીના બેંતાલીસ દોષોની વિચારણા ન હોવાથી અને બ્રાહ્મણોની જેમ આહારપાણી અંગેના દોષો સ્વીકારાયા હોવાથી અને ઘંટીના લોટનો, કૂવાના પાણીનો, કુમારિકા વડે જ બનાવેલો આહાર વાપરવાની વ્યવસ્થાના કારણે તેઓ જીવહિંસાનો ઘણો મોટો દોષ સેવતા હોય છે.

આ ભેદ ઉપરથી સમજાશે કે વસ્ત્ર, પાત્ર અને આહાર અંગેની આપણી વ્યવસ્થા કેટલી બધી વ્યાવહારિક, વૈજ્ઞાનિક અને તાત્ત્વિક છે. અસ્તુ.

બેંતાલીસ દોષથી નિર્દોષ ગોચરી લાવ્યા પછી પણ ગોચરી વાપરતી વખતના જે સંયોજના વગેરે પાંચ દોષો છે તે લાગી ન જાય તેની ખૂબ કાળજી રાખવી જોઈએ; નહિ તો નિર્દોષ ગોચરી પામવા માટે કરેલી ઘણી બધી મહેનત એળે જાય. હાઈકોર્ટમાં જીતેલો પણ જો સુપ્રીમમાં હારી જાય તો તે હારેલો જ કહેવાય.

## ભોજનવિધિ

ગ્રાસૈષણાના આ પાંચ દોષો લાગી ન જાય તે માટે નીચે જણાવેલા ત્રણમાંથી કોઈ પણ એક પ્રકારે ભોજન કરવું એવી વૃદ્ધ પરંપરા છે.

૧. **કટકચ્છેદ:** એક બાજુથી કકડે કકડે ખાવાનું શરૂ કરવું અને જ્યાં સુધી ભોજન પૂરું ન થાય ત્યાં સુધી તે બાજુથી જ ખાતા રહેવું. કટક એટલે સાદડી. તેને એક બાજુથી કકડે કકડે કાપતાં અને ફેંકી દેતાં પૂરેપૂરી ફેંકી દેવાય તેમ. દા. ત. ચાર રોટલીની થપ્પી હોય તો આખી થપ્પીને એકી સાથે એક બાજુથી તોડતાં તોડતાં પૂરી વાપરવી.

૨. **પ્રતરચ્છેદ:** રોટલીના એકેકા પડને ઉપર ઉપરથી ખાતાં છેલ્લી રોટલી સુધી આવી જવું તે પ્રતરચ્છેદ કહેવાય.

૩. **સિંહભક્ષિત:** જે બાજુથી જે વસ્તુ વાપરવાની શરૂ કરી તે પૂરેપૂરી વાપર્યા પછી તેની બાજુમાં પડેલી બીજી વસ્તુ પણ વાપરવાની શરૂ કરીને પૂરેપૂરી વાપરવી. ત્યાર બાદ તેની બાજુમાં રહેલી ત્રીજી વસ્તુ પણ પૂરેપૂરી વાપરવી તે સિંહભક્ષિત ભોજન કહેવાય.

ભોજન કરતી વખતે સબડકા લેવાનો કે ચબચબ ચાવવાનો અવાજ આવવો જોઈએ નહિ. દાણો કે છાંટો નીચે પડવો જોઈએ નહિ. અતિ ધીમે કે અતિ ઉતાવળે વાપરવું જોઈએ નહિ. ભોજન કર્યા બાદ ચૈત્યવંદન અને ગુરુવંદન કરીને પચ્ચક્ખાણ કરવું અને ખરડાયેલા લૂણા વગેરે તરત કાઢી નાખવા તથા પાત્રા બાંધીને મૂકી દેવા.

## સ્થંડિલ ભૂમિએ ગમન

જો પહેલી કે બીજી પોરિસીમાં સ્થંડિલ જવું પડે તો તે **અકાળગમન** કહેવાય અને ત્રીજી પોરિસીમાં જવાનું થાય તો તે **કાળગમન** કહેવાય. દર બે બે સાધુઓદીઠ શૌચ માટે પાત્રમાં ભેગું પાણી અપાય. ઓઘનિર્યુક્તિના વિવેચનમાં જણાવ્યા પ્રમાણે એક હજાર ત્રેવીસ (૧૦૨૩) અશુદ્ધ ભાંગા છોડીને એક શુદ્ધ ભાંગાની સ્થંડિલભૂમિએ આવસ્સહિ કહીને જવું અને બેસતાં 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલવું. ઊઠતી વખતે ત્રણ વાર વોસિરે, વોસિરે કહેવું. ડગલનો ઉપયોગ કરવો. પાછા ફરતાં ગામમાં પ્રવેશ કરતી વખતે શેષકાળમાં રજોહરણથી અને વર્ષાકાળમાં પાદલેખનિકાથી પગ ધોવા. પાછા ફરતી વખતે ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં, ત્યારે જ પગનાં તળિયાં માત્ર ધોવા, જ્યારે તે કોઈ અશુચિથી ખરડાયેલાં હોય. પણ જો ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે શૌચવાદી લોકો તે સાધુને જોતા હોય તો તેમને સાધુ પ્રત્યે જુગુપ્સા ન થાય તે માટે પણ ચોખ્ખા પગ વધુ પાણીથી સારી રીતે ધોઈને ઉપાશ્રયમાં પ્રવેશ કરવો. અન્યથા તે લોકો જૈન ધર્મની નિંદા કરવા દ્વારા દુર્લભબોધિ બની જાય.

ત્રણ વાર નિસીહિ કહીને પગ પૂંજીને ઉપાશ્રયમાં પેસવું. જો હજી ત્રીજી પોરિસી થઈ ન હોય તો તેટલો બાકીનો સમય સ્વાધ્યાય કરવો. કેમ કે જ્યારે પણ નવરાશનો સમય મળી જાય ત્યારે સાધુએ સ્વાધ્યાય કરવો તે જ ઉચિત છે, તેમ યતિદિનચર્યામાં કહ્યું છે.

## ચોથી પોરિસી
## પ્રતિલેખન અને વસતિશોધન વગેરે

દિવસનો છેલ્લો ચોથો પ્રહર બાકી રહે ત્યારે વસ્ત્ર અને પાત્ર સઘળી વસ્તુનું પ્રતિલેખન ઓઘનિર્યુક્તિના વિવેચનમાં જણાવ્યું છે તે રીતે કરવું. એમાં વિશેષ જિન-કલ્પી અંગે નીચે પ્રમાણે જાણવું.

### જિનકલ્પીની બેથી બાર પ્રકારની ઉપધિ

જે જિનકલ્પી આત્માની પાસે હાથમાં જ આહાર-પાણી લેતી વખતે એક પણ ટીપું કે એક પણ દાણો નીચે પડી જ ન શકે તેવી લબ્ધિ હોય અને વસ્ત્રોના ત્યાગનો પણ જેમણે અભિગ્રહ કર્યો હોય તેમને માત્ર ઓઘો અને મુહપત્તી એ બે જ વસ્તુ સાથે હોય.

તેમાં જે વસ્ત્રત્યાગના અભિગ્રહ વિનાના જિનકલ્પી જો એક વસ્ત્ર રાખે તો તેની ત્રણ ઉપધિ થાય. જો તે બે કે ત્રણ કપડાં રાખે તો અનુક્રમે તેની ઉપધિ ચાર કે પાંચ થાય.

જે જિનકલ્પી વસ્ત્રરહિત હોય છતાં લબ્ધિરહિત હોવાના કારણે પાત્રસપ્તક રાખનારા હોય તેમની (૨ + ૭) નવ ઉપધિ થાય.

અને જે જિનકલ્પી પાત્રધારી અને વસ્ત્રધારી બંને હોય તો તેમની ઉપધિ દશ-અગિયાર કે બાર પણ થાય.

### પ્રસંગત: સ્વયંસંબુદ્ધ અને પ્રત્યેક બુદ્ધની ઉપધિનો વિભાગ

તીર્થંકર સ્વરૂપે અને તે સિવાયના સ્વરૂપે એમ બે પ્રકારે સ્વયંસંબુદ્ધ હોય છે. તેમાં બીજા પ્રકારના સ્વયંસંબુદ્ધ અને પ્રત્યેક બુદ્ધ વચ્ચે નીચેની ચાર બાબતોમાં ભેદ હોય છે.


| | બીજા પ્રકારના સ્વયંસંબુદ્ધ | પ્રત્યેક બુદ્ધ |
|---|---|---|
| ૧. સમ્યક્ત્વ-પ્રાપ્તિ | બાહ્ય નિમિત્ત વિના જ પોતાના જાતિસ્મરણ આદિથી બોધિપ્રાપ્ત થાય. | કોઈ વૃષભ વગેરે બાહ્ય નિમિત્તથી જ બોધિ પ્રાપ્ત થાય. |
| ૨. ઉપધિ | બાર પ્રકારની હોય | જઘન્યથી બે<br>ઉત્કૃષ્ટથી નવ પ્રકારની (૨ + ૭) |
| ૩. શ્રુત | પૂર્વજન્મનું શ્રુત હોય કે ન પણ હોય. એ શ્રુત ન હોય તો ગચ્છમાં રહીને ગુરુ પાસે નવું ભણે. | નિયમથી પૂર્વજન્મમાં ભણેલું શ્રુત આ ભવમાં જાતિસ્મરણી હોય જ. જઘન્યથી આચારાંગ આદિ અગિયાર અંગોનું અને ઉત્કૃષ્ટથી દેશોન દશ પૂર્વનું હોય. |
| ૪. સાધુવેષ | પૂર્વજન્મનું શ્રુત હોય હોય તો દેવતા વેષ આપે અને જો પૂર્વજન્મનું શ્રુત ન હોય તો ગુરુ વેષ આપે. | નિયમથી દેવતા વેષ આપે. કદાચ દેવનો ઉપયોગ ન હોય તો વેષ વિના પણ વિચરે, એકાકી વિહાર કરે પણ ગચ્છમાં તો ન જ રહે. |

પ્રતિમાધારી સાધુને પણ જિનકલ્પીની જેમ બાર પ્રકારની ઉપધિ હોય.

## ચોથા પ્રહરનું શેષ કર્તવ્ય

સર્વ ઉપધિની પ્રતિલેખના કર્યા પછી જો ચોથા પ્રહરમાં સમય રહે તો સૂત્રગ્રાહી સાધુને ઉપાધ્યાય સૂત્ર ભણાવે અને અર્થગ્રાહીને અર્થની વાચના આપે. તેમાં જ્યારે એ ચોથા પ્રહરનું છેલ્લું અંતર્મુહૂર્ત (અડતાલીસ મિનિટ) બાકી રહે ત્યારે સાધુએ સ્થંડિલ અને માત્રું પરઠવવા માટેની ચોવીસ (૧૨+૧૨) ભૂમિઓનું તથા કાળ-ગ્રહણ માટેની ત્રણ (કુલ સત્યાવીસ) ભૂમિઓનું પ્રમાર્જન કરવા માટે સ્વાધ્યાય છોડીને ઊભા થવું.

ત્યાર બાદ પ્રતિક્રમણ કરવું. તે વખતે ગીતાર્થ સાધુ પ્રતિક્રમણ કરવાનો સમય થઈ ગયો છે તેવી સૌને ઉપયોગ આપતી ઘોષણા કરે. પ્રતિક્રમણની મંડલી શ્રીવત્સના આકારે પૂર્વ સન્મુખ કે ઉત્તર સન્મુખ હોવી જોઈએ. તેમાં સૌથી આગળ ગુરુ બેસે, તેમની પાછળ બે સાધુ, તે બેની પાછળ ત્રણ સાધુ, તે ત્રણની પાછળ બે સાધુ, અને તે બેની પાછળ એક સાધુ એમ નવ સાધુના મંડળથી



શ્રીવત્સના આકારની એક મંડલી થાય. હાલ આ પરંપરા નથી. જો ગુરુ નિવૃત્ત હોય તો સઘળા સાધુઓ તેમની સાથે જ પ્રતિક્રમણ કરે. અને જો તેઓ કામમાં રોકાયેલા હોય તો પાછળથી પણ પ્રતિક્રમણમાં આવે. ત્યાં સુધી બધા સાધુઓએ કાયોત્સર્ગ-મુદ્રામાં ઊભા રહીને સૂત્રાદિનું ચિન્તવન કરવું. તેમાં અશક્ત વગેરેને અપવાદે બેસવાની રજા છે.

પ્રતિક્રમણ થઈ ગયા બાદ પ્રાદોષિક (વ્યાઘાતિક = વાઘાઈ) કાલગ્રહણ લેવું. પ્રતિક્રમણ પછીનો સમય એવો છે કે તે વખતે ગુરુની પાસે અનેક શ્રાવકોના આવવા-જવાનો તથા બેસવાનો પ્રસંગ બને છે. આથી એ કાળમાં અવાજ વગેરે દ્વારા વ્યાઘાત થતો હોવાથી તે કાળને 'વાઘાઈ' કહેવામાં આવે છે. એટલે તે વખતે લેવાતા કાલગ્રહણને 'વાઘાઈ' (પ્રાદોષિક) કહેવામાં આવે છે.

આ કાલગ્રહણ લીધા પછી અગિયાર અંગ વગેરે કાલિક સૂત્રનો તથા ઉપાંગ વગેરે ઉત્કાલિક સૂત્રનો પાઠ કરવો અને કરાવવો. જો કાલગ્રહણ શુદ્ધ ન આવે તો માત્ર ઉત્કાલિક સૂત્રો તથા નિર્યુક્તિ આદિ અર્થરૂપ શ્રુતનો વિચાર કરવો કે તેનું પુનરાવર્તન કરવું. રાત્રિના પહેલા અને છેલ્લા એ બે પ્રહરમાં અનુક્રમે વાઘાઈ અને પાભાઈ (પ્રાભાતિક) કાલગ્રહણો લેવાનાં હોય છે. તે બન્ને પ્રહરોમાં તથા દિવસના પહેલા અને છેલ્લા એ બે પ્રહરોમાં કાલિક શ્રુતનું અધ્યયન કરવાનું હોય છે.

## રાત્રિના ચારે પ્રહરનાં કર્તવ્યો

રાત્રિના પહેલા પ્રહરમાં પ્રતિક્રમણ આદિ કર્યા બાદ ગુર્વાદિની સેવા (વિશ્રમણા) કરવી. ત્યાર પછી સ્વાધ્યાય આદિ કરતાં કરતાં રાત્રિનો પહેલો પ્રહર પૂરો થાય, તે વખતે સંથારાપોરિસી ભણાવવી. સંથારાનું માપ અને દરેક સાધુ વચ્ચે છોડવાની જગ્યા તથા વચ્ચે પાત્રા મૂકવાનું સ્થાન વગેરે બાબતો ઓઘનિર્યુક્તિના વિવેચનમાં જોઈ લેવી.

સંથારાપોરિસી ભણાવ્યા પછી શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સંથારો કરવો અને સૂઈ જવું.

રાત્રિના બીજા પ્રહરમાં બધા સાધુઓ તથા આચાર્ય પણ સૂઈ જાય કિન્તુ વૃષભો જાગતા રહે. રાત્રિના બીજા પ્રહરમાં આચાર્ય જાગે અને ત્રીજો પ્રહર શરૂ થાય ત્યારે તે વૃષભો અદ્ધરત્તી (અડધી રાત્રે લેવાતું કાલગ્રહણ તે અદ્ધરત્તી) કાલગ્રહણ લે. અને પછી તેઓ સૂઈ જાય. અને તે આચાર્ય સૂત્રાર્થનું ચિંતન કરતા રહે.

ચોથો પ્રહર થતાં બધા સાધુઓ જાગે અને વેરત્તિ કાલગ્રહણ લે તથા કાલિક સૂત્રનો સ્વાધ્યાય કરે. ત્યાર પછી પ્રાભાતિક કાલગ્રહણ લે. એટલે કે ચોથા પ્રહરની શરૂઆતમાં વેરત્તિ કાલગ્રહણ લેવું અને સ્વાધ્યાય કર્યા બાદ પાભાઈ કાલગ્રહણ લેવું.

ચોથા પ્રહરની શરૂઆતથી આચાર્ય સૂઈ જાય અને સાધુઓ વડે પાભાઈ કાલગ્રહણ લેવાઈ ગયા પછી આચાર્ય કે સાધુઓ પ્રતિક્રમણ શરૂ કરે કે જેથી તે પ્રતિક્રમણ અને ત્યાર પછી દશ ઉપકરણોનું પ્રતિલેખન કરતાં સૂર્યોદય થઈ જાય.

## [૪] દશધા સામાચારી અને પદવિભાગ સામાચારી

### દશધા સામાચારી (ચક્રવાલ સામાચારી)

આ દશ પ્રકારની સામાચારી સાધુની દિનચર્યામાં અરઘટની જેમ વારંવાર આવ્યા કરતી હોવાથી તેને ચક્રવાલ (અરઘટ્ટ) સામાચારી કહેવામાં આવે છે. તે દશ પ્રકારે છે.

### (૧) ઇચ્છાકાર સામાચારી

કોઈ પણ કાર્ય બીજા પાસે કરાવવું હોય કે બીજાનું કાર્ય કરવાની ઇચ્છા હોય ત્યારે તે કાર્ય બલાત્કારથી કરાવવું નહીં કે હઠથી કરવું નહિ. પરંતુ "તારી ઇચ્છા હોય તો તું મારું આ કાર્ય કરી આપ" અથવા "તમારી ઇચ્છા હોય તો તમારું અમુક કાર્ય હું કરું" એ પ્રમાણે સામાની ઇચ્છાને અનુરૂપ જે વાત કરવી તે ઇચ્છાકાર સામાચારી કહેવાય. આમ કરવાથી એકબીજા પ્રત્યેના સદ્ભાવને કદી ધક્કો લાગતો નથી, બલ્કે તેમાં વૃદ્ધિ થાય છે. વડીલો પણ પોતાના શિષ્યોને આદેશ કરવાને બદલે આ ઇચ્છાકાર સામાચારીનો પ્રયોગ કરવા દ્વારા શિષ્યોને કર્તવ્યોમાં જોડે છે.

અપવાદ માર્ગે તો દુર્વિનીત સાધુને આજ્ઞા પણ કરી શકાય.

## (૨) મિથ્યાકાર સામાચારી

મિથ્યા એટલે વિપરીત, ખોટું અથવા અસત્ય. સંયમના યોગોથી વિપરીતપણે જો કોઈ આચરણ થઈ જાય તો તે યોગનું વિપરીતપણું કબૂલ કરવા રૂપે સાચા સાધુ જેમ બને તેમ જલદી 'મિચ્છા મિ દુક્કડમ્' એમ કહેવા દ્વારા પોતાની ભૂલનો એકરાર કરે. અહીં એક વાત સમજી રાખવી કે ઇરાદાપૂર્વક કરાતી એક વખતની ભૂલની શુદ્ધિ કે વારંવાર કરાતી ભૂલોની શુદ્ધિ 'મિચ્છા મિ દુક્કડમ્' દેવા છતાં થતી નથી. આ મિથ્યાદુષ્કૃત સ્વરૂપ પ્રતિક્રમણ તેનું જ શુદ્ધ કહેવાય કે જે આત્મા થયેલી ભૂલનું ખાસ કારણ વિના પુનરાવર્તન ન કરતો હોય.

## (૩) તથાકાર સામાચારી

જે મહાપુરુષ સંવિજ્ઞ અને ગીતાર્થ હોય અથવા જે આત્મા આચારમાં શિથિલ હોવા છતાં (અસંવિજ્ઞ) શુદ્ધ પ્રરૂપક હોય તેવા બન્ને પ્રકારના આત્માઓની જે કોઈ પ્રરૂપણા હોય તેને તરત જ 'તહત્તિ' કહેવું. (આપે જે કહ્યું છે તે બિલકુલ સાચું છે એમ કહેવું) તે તથાકાર સામાચારી કહેવાય. આવા ગીતાર્થ, શુદ્ધ પ્રરૂપક અને સ્વદોષોની નિંદા કરનારા બન્ને પ્રકારના મહાત્માની કોઈ પણ વાતમાં 'તહત્તિ' ન કહેવામાં આવે તો તે શિષ્યમાં મિથ્યાત્વનો ઉદય સમજવો.

વળી તે આત્મા ગીતાર્થ ન હોય તોપણ તેની જે પ્રરૂપણા હોય, તેમાં જે વચનો યુક્તિસંગત થતાં

હોય તેમાં 'તહત્તિ' અવશ્ય કહેવું. અને બાકીનાં વચનોમાં 'તહત્તિ' ન જ કહેવું.

સંવિજ્ઞ અને સંવિજ્ઞ પાક્ષિક એવા ગીતાર્થોનાં વચનોને આંખ મીંચીને સ્વીકારી લેવાનું એટલા માટે કહેવામાં આવ્યું છે કે આ બન્ને પ્રકારના મહાત્માઓ અત્યંત ભવભીરુ હોવાથી ઉત્સૂત્ર ભાષણ કરવાનાં કટુ ફળોના જાણકાર હોય છે, તેથી તેઓ ઉત્સૂત્રભાષણ કદી કરતા નથી.

## (૪–૫) આવશ્યિકી અને નૈષેધિકી સામાચારી

વસતિ વગેરેમાંથી નીકળતી વખતે 'આવસ્સહિય' અને પેસતી વખતે 'નસીહિય' કહેવું તે આ બે સામાચારીનો વિષય છે.

સામાન્ય રીતે સાધુએ પોતાની વસતિમાંથી બહાર નીકળવાનું હોતું જ નથી. પરંતુ એવા કોઈ ખાસ આવશ્યક કારણે જ જ્યારે તે બહાર નીકળે છે ત્યારે તે વાતને સૂચિત કરવાને માટે બહાર નીકળતી વખતે એ ત્રણ વાર આવસ્સહિ બોલીને બહાર નીકળે છે. જેમ કારણ વિના બહાર નીકળવું તે દોષ છે તેમ કારણે બહાર ન નીકળવું તે પણ દોષ છે.

પંચાશકજીમાં કહ્યું છે કે, "૧. કાર્ય ઉપસ્થિત થાય ત્યારે, ૨. ગુરુની આજ્ઞાથી, ૩. ઇર્યાસમિતિ આદિના પાલન-રૂપ સૂત્ર નીતિથી સાધુ આવસ્સહિ કહીને જો બહાર નીકળે તો તેની આવસ્સહિ સામાચારી જાણવી." અહીં રત્નત્રયીના યોગમાં સાધક એવી ગોચરી, સ્થંડિલગમન, વિહાર, ગ્લાનાદિ વૈયાવચ્ચ વગેરે પ્રવૃત્તિઓ તે આવશ્યક કાર્ય કહેવાય, પણ

સબૂર ! આવા આવશ્યક કાર્ય માટે જે સાધુ આવસ્સહિ કહીને નીકળે તોપણ જો તે સાધુ નિંદા વગેરે કરતો હોય, પ્રતિક્રમણ આદિ ક્રિયામાં પ્રમાદી હોય, કષાય વગેરેથી યુક્ત હોય, રસનામાં લંપટ હોય, તો તેની આવસ્સહિ શુદ્ધ કહેવાય નહિ.

અવશ્ય કરવા યોગ્ય કાર્યો કરવા માટે બહાર નીકળવું તે આવસ્સહિનો વિષય છે, જ્યારે નિસીહિ વિષય દેવગુરુના અવગ્રહમાં પ્રવેશ કરવો તથા કાર્યોત્સર્ગ આદિ માટે ઊભા રહેવું તે છે. એકમાં આવશ્યક કર્તવ્યોની વિધેયરૂપ ક્રિયા છે, તો બીજામાં પાપ–કર્તવ્યોની નિષેધરૂપ ક્રિયા છે. જ્યાં કોઈ એક કર્તવ્યનો વિધેયભાવ હોય ત્યાં નિસીહિ કર્તવ્યનો નિષેધભાવ પણ હોય જ. આથી એક સિક્કાની બે બાજુ જેવી આ બે સામાચારી હોવાથી બન્નેનો અર્થ એક જ થઈ જાય છે. કેમ કે એકના વિધાનમાં બીજા બધાનો નિષેધ સૂચિત થઈ જાય છે. અને એકના નિષેધમાં બીજાનું વિધાન પણ સૂચિત થઈ જ જાય છે. છતાં બન્નેનાં નામો ભિન્ન ભિન્ન હોવાનું કારણ એ છે કે બન્ને સામાચારીઓમાં જે વખતે જેનું પ્રધાનપણું નજરમાં રહે તે વખતે તે એક જ સામાચારીનો ઉપયોગ કરવાનો છે.

## (૬–૭) આપૃચ્છા અને પ્રતિપૃચ્છા સામાચારી

આ એટલે નાના કે મોટા કોઈ પણ કાર્યમાં વિનય-પૂર્વક પૃચ્છા એટલે ગુરુને પૂછવું તે 'આપૃચ્છા' સામાચારી

કહેવાય છે અને તે કાર્ય કરવાની ગુરુની રજા મળી ગયા બાદ જ્યારે તે કાર્ય કરવાનો પ્રસંગ આવી જાય ત્યારે ફરીથી ગુરુને પૂછવા જવું તે **પ્રતિપૃચ્છા** સામાચારી કહેવાય.

દા. ત. વહેલી સવારે વિહાર કરવાની રજા પૂર્વની સાંજે ગુરુ પાસેથી મળી ગયા પછી પણ વહેલી સવારે વિહાર કરવાના સમયે ફરીથી ગુરુને પૂછવુ તે 'પ્રતિપૃચ્છા' સામાચારી કહેવાય. આનાથી જો વચલા સમયમાં ગુરુના વિચારમાં કોઈ પરિવર્તન આવ્યું હોય અથવા કોઈ સૂચના આપવાની જણાઈ હોય તો તે બધી વાત પ્રતિપૃચ્છા કરનાર શિષ્યને જાણવા મળી શકે છે.

## (૮-૯) છંદના અને નિમંત્રણા સામાચારી

આહારાદિ લાવ્યા પછી સાધુઓને વિનંતી કરવી કે, "હું અમુક અમુક આહારાદિ લાવ્યો છું. જો તેમાંથી તમને કોઈ વસ્તુનો ખપ હોય તો તે તમારી ઇચ્છા પ્રમાણે સ્વીકારો" એમ જે કહેવું તે છંદના સામાચારી કહેવાય.

અહીં ખ્યાલ રાખવો કે આવી છંદના ગોચરી લઈને આવેલા દરેક સાધુને કરવાનો અધિકાર નથી. પરંતુ જે મહાત્માને લાભાંતરાય કર્મનો જોરદાર ક્ષયોપક્ષમ હોય અથવા જે મહાત્માને વિકૃષ્ટ (અઠ્ઠમ આદિ) તપ કરવાના કારણે ગુર્વાજ્ઞાથી માંડલીની બહાર ભોજન કરવાની રજા મળી હોય તે જ મહાત્માઓ પોતાની લાવેલી ગોચરીનો લાભ આપવા માટે અન્ય સાધુઓને છંદના કરી શકે. આ છંદના પણ ગુરુની સંમતિપૂર્વકની કરવાની છે. છંદના

કર્યા પછી કોઈ પણ સાધુ કશું જ ન લે તોપણ તે સાધુને તેવા નિર્મળ ભાવના કારણે લાભ મળી જ જાય છે.

જે સાધુ સ્વાધ્યાય આદિમાં રક્ત હોય અને તે સાધુને અન્ય મુનિઓની વૈયાવચ્ચ કરવાની ભાવના જાગી હોય ત્યારે તે સાધુ ગુરુની આજ્ઞા મેળવ્યા પછી અન્ય સાધુઓને પૂછે (નિમંત્રણ કરે) કે "હું તમારા માટે શું શું લઈ આવું?" આવા સવાલને 'નિમંત્રણા' સામાચારી કહેવામાં આવે છે.

આ નિમંત્રણા સામાચારી તેની જ શુદ્ધ કહેવાય, જે સાધુ પોતાની શક્તિ પ્રમાણેનો સ્વાધ્યાય અવશ્ય કરતો હોય, અને તે સ્વાધ્યાયનું કે તેના દ્વારા પેદા થનારી વિદ્વત્તાનું પોતાને અજીર્ણ ન થઈ જાય તે માટે જેને ગ્લાનાદિ સાધુઓની વૈયાવચ્ચ કરવાનું પાચકચૂર્ણ લેવાની આવશ્યકતા ખૂબ સમજાઈ હોય.

પરંતુ જે સાધુ સ્વાધ્યાય આદિ ન કરવાં પડે તે માટે વૈયાવચ્ચ કરવાની રજા ગુરુ પાસેથી મેળવતો હોય તેની ગોચરી લેવા જતા પહેલાંની નિમંત્રણા સામાચારી શુદ્ધ કહેવાય નહિ.

**(૧૦) ઉપસંપદા સામાચારી**

ઉપસંપદા ત્રણ પ્રકારની છે: (૧) જ્ઞાનની, (૨) દર્શનની અને (૩) ચારિત્રની.

**૧. જ્ઞાન ઉપસંપદા :** આ ઉપસંપદાના નવ પ્રકાર છે તે આ રીતે—

**સૂત્ર, અર્થ** અને **તદુભય**-એ ત્રણ. વળી પ્રત્યેકના **વર્ત્તના સંધના** અને **ગ્રહણ** એમ ત્રણ ત્રણ ભેદ થવાથી કુલ નવ પ્રકારની જ્ઞાનસંપદા થઈ.

પૂર્વે ભણેલા પરંતુ હાલ અસ્થિર થઈ ગયેલા સૂત્ર, અર્થ કે તદુભયનો પુનઃ પુનઃ પાઠ કરવો તેને **વર્તના** કહેવાય છે.

પૂર્વે ભણેલા સૂત્ર, અર્થ કે તદુભયના જે જે અંશો વિસ્મરણ થઈ ગયા હોય તેને ફરીથી મેળવીને જોડાણ કરવું તેને **સંધના** કહેવાય છે.

સૂત્ર, અર્થ કે તદુભયનો પહેલી જ વાર ગુરુમુખેથી સ્વીકાર કરવો તેને **ગ્રહણ** કહેવાય છે. જ્ઞાનની ઉપસંપદાનો વિધિ છ દ્વારોથી પંચવસ્તુ ગ્રંથમાં જણાવવામાં આવ્યો છે તે આ રીતે—

**(૧-૨-૩) ભૂમિ પ્રમાર્જન-નિસદ્યા (આસન) અને સ્થાપનાચાર્યજી (સમવસરણ)**

(૧) વાચન લેતા પહેલાં **ભૂમિની પ્રમાર્જના** કરવી.

(૨) ત્યાં બે **આસન** ગોઠવવાં.

(૩) તેમાંનું એક આસન વાચનાચાર્ય ગુરુ માટે અને બીજું આસન **સ્થાપનાચાર્યજી** માટે હોય. સ્થાપનાચાર્યજી એટલે સમવસરણ. તે વિના વાચના કરી શકાય નહિ.

કૃતિકર્મ (વંદન)

જો ગુરુ (વાચનાચાર્ય) શારીરિક રીતે કાંઈક નબળા

હોય અને તેથી તેમને વારંવાર લઘુશંકા માટે જવું પડતું હોય અથવા બળખો વગેરે પડતા હોય તો તેમની પાસે તે બે વસ્તુઓ માટેની કૂંડીઓ મૂકી દેવી, જેથી ચાલુ વાચનાએ તે ક્રિયાઓ કરવા દૂર જવું ન પડે અને તેથી વાચનાનો સમય બગડતો અટકી જાય. આ ઉપરથી એમ સમજવાનું છે કે જ્ઞાની ગુરુએ પોતાને બીમારી હોય તોપણ બીજાઓના હિત માટે જ્યાં સુધી પોતાનું બળ પહોંચે ત્યાં સુધી અવશ્ય વાચના આપવી જોઈએ.

આટલું કાર્ય કર્યા બાદ વાચનામાં કોઈ વિઘ્ન ન આવે તે માટે પ્રારંભમાં વિઘ્નશાન્તિનો કાયોત્સર્ગ, ગુરુવંદન કરવાપૂર્વક કરવો. તેની વિધિ નીચે પ્રમાણે છે.

૧. પ્રથમ ઇરિયાવહિ પડિક્કમવી, ૨. ત્યાર પછી મુહપત્તિ પડિલેહવી અને વાંદણા દેવા (આ ગુરુવંદન થયું). ૩. ત્યાર પછી "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! યોગ આઢું ? ઇચ્છં !" કહીને ફરી ખમાસમણું દેવું. ત્યાર પછી "ઇચ્છા. સદિ. ભગ ! યોગ આઢાવણાર્થં કાઉસગ્ગ કરું ?" એમ આદેશ માગવો. ત્યાર પછી "ઇચ્છં ! યોગઆઢાવણાર્થં કરેમિ કાઉસગ્ગં" કહીને અન્નત્થ બોલીને સાગરવરગંભીરા સુધી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો. ત્યાર પછી પ્રગટ લોગસ્સ બોલીને ફરી બે વાંદણા દેવા, અને ત્યાર બાદ ગુરુના આસનથી સાડાત્રણ હાથ દૂર બેસીને વાચના લેવી.

વાચના લેતી વખતે નિદ્રા, વિકથાનો ત્યાગ કરવો. ઉભડક પગે, અપ્રમત્ત ભાવે, અંજલિબદ્ધ નમસ્કાર સાથે

બેસવું. ગુરુના મધુર શબ્દો સાંભળતાં વચ્ચે વચ્ચે "આપે ખૂબ સરસ સમજાવ્યું", તેમ બોલવા વડે તથા "સાંભળવામાં ખૂબ મજા આવે છે." તેવી મુખની મુદ્રા કરવા વડે વાચનાચાર્યને વાચના આપવામાં ઉત્સાહિત કરવા. આમ થતાં વાચનાચાર્ય શાસ્ત્રોનાં ઊંડાં રહસ્યોને સરળ કરી દઈને સમજાવવા માટે ખરેખર ઉત્સાહિત થઈ જતા હોય છે. અને તેથી શિષ્યોને પણ સૂત્રોનાં રહસ્યો સમજવા મળતાં સંયમ અને સ્વાધ્યાય પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા અને ઉલ્લાસ પ્રગટ થાય છે. કહ્યું છે કે ગુરુને સંતોષ આપવાથી, ગુરુની ભક્તિ કરવાથી, ગુરુ પાસેથી જે વાચના પ્રાપ્ત થાય છે તેના દ્વારા સૂત્રાર્થનો પાર પામી જવાય છે.

વાચના પૂર્ણ થયા પછી કાયિકી (માતરું વગેરેની બાધા) ટાળીને ગુરુની વિશ્રામણા (સેવા) કરવી. અને પછી તે વાચનાચાર્ય પર્યાયમાં પોતાનાથી નાના હોય તોપણ તેમને વંદન કરવું.

**પ્રશ્ન** : જે રત્નાધિક નથી તેને વંદન થાય ખરું ?

ઉ. : જે પર્યાયમાં નાના છે તેવા વાચનાચાર્ય પણ જ્ઞાનથી તો મોટા જ છે. માટે આ અપેક્ષાથી તે રત્નાધિક જ કહેવાય. આથી તેમને વંદન કરવામાં કોઈ દોષ નથી.

શાસ્ત્રવિધિ તે છે કે જે પર્યાયમાં નાના હોય છતાં જો તે વાચનાચાર્ય (જ્ઞાનદાતા) હોય અથવા જો તે પ્રાયશ્ચિત્તદાતા હોય તો તે બન્ને વખતે પર્યાયમાં મોટા તેવા સાધુએ તે પર્યાયમાં નાના સાધુને વંદન કરવાનું. તે સિવાયના

પ્રતિક્રમણમાં માંડલીમાં અબ્ભુટ્ઠિઓ ખામવા વગેરેના સમયમાં તો જે પર્યાયથી મોટો હોય તેને જ પર્યાયથી નાના સાધુઓએ વંદન કરવું જોઈએ.

**૨. દર્શન ઉપસંપદા** : ઉપરોક્ત નવે પ્રકારો અહીં સમજવા. પરંતુ અહીં જૈન ધર્મની વિશિષ્ટ કોટિની પ્રભાવના કરે અને સ્વ અને પરને જેના બોધથી નિર્મળ સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય તેવાં સંમતિતર્ક વગેરે શાસ્ત્રોની જ વર્ત્તના, સંધના અને ગ્રહણ માટે આ ઉપસંપદા સમજવી.

**૩. ચારિત્ર ઉપસંપદા** : આ ઉપસંપદાના બે પ્રકાર છે :

(૧) વૈયાવચ્ચ અંગેની અને (૨) તપ અંગેની ઉપસંપદા. વળી આ બન્ને યાવજ્જીવ સુધીની (યાવત્કથિત) અને અમુક કાળ સુધીની (ઇત્વરિક). જો સમુદાયમાં રહેલા સાધુને ત્યાં ઉત્કૃષ્ટ કોટિના તપ કે વિશિષ્ટ કોટીની વૈયાવચ્ચની અનુકૂળતા ન મળતી હોય તો તેવી અનુકૂળતા જ્યાં મળે તે સમુદાયમાં જો તેને ગુરુ મોકલે તો તે તપની અથવા વૈયાવચ્ચની ઉપસંપદા કહેવાય.

**ઉપસંહાર**

ઉપરની ત્રણે પ્રકારની જ્ઞાનાદિ ઉપસંપદાઓ પ્રાપ્ત કરવાની વિધિ નીચે પ્રમાણે છે. પોતાના ગુરુ પાસે જેટલું જ્ઞાનાદિ હોય તે બધું પ્રથમ મેળવી લેવું જોઈએ. ત્યાર પછી તેની વધુ પ્રાપ્તિ કરવા માટે તે સાધુએ ગુરુની પાસે પોતાના મનની ભાવના પ્રદર્શિત કરવી. પરંતુ જો ગુરુની

પાસે બાકીના શિષ્યોનો સમુદાય અશિક્ષિત અથવા અપરિણત હોય અથવા તો પોતાના ગુરુની પાસે બીજો પરિવાર જ ન હોય તો તે શિષ્યે અન્યત્ર જવાની પોતાની ભાવના ગુરુની પાસે વ્યક્ત જ કરવી નહિ. કદાચ શિષ્ય ઉપરની ભારે અનુગ્રહબુદ્ધિથી બધું સહન કરી લેવાની તૈયારી સાથે જો ગુરુ તેને અન્ય ગુરુ પાસે મોકલે તો તે ઉપસંપન્ન ગુરુએ તે શિષ્ય પાસેથી તેના ગુરુની તેવી પરિસ્થિતિ જાણી લઈને તેને તરત પાછો વાળી દેવો.

જ્ઞાનાદિની ઉપસંપદા પામનારા સાધુને અન્યત્ર જવા માટે સ્વગુરુની આજ્ઞા હોવી જોઈએ. તેમ જ ઉપસંપન્ન ગુરુ (જેની પાસે ઉપસંપદા સ્વીકારાય છે તે ગુરુ)એ પણ તેની કઠોર વચનો વડે પરીક્ષા કરીને તેનો સ્વીકાર કરેલો હોવો જોઈએ. એટલું જ નહિ પરંતુ તે ઉપસંપદા સ્વીકારનારા શિષ્યે પણ પોતાના નવા (ઉપસંપન્ન) ગુરુની તથા તેમના પરિવારની પણ પરીક્ષા કરીને એ જાણી લેવું જોઈએ કે તેઓ બધા રત્નત્રયીની આરાધનામાં શાસ્ત્રવિધિથી ઉદ્યમી છે કે નહિ ? જો તે પરિવારના કોઈ સાધુ ઉન્માર્ગે પ્રવૃત્તિ કરતા હોય તો તેમને વધુમાં વધુ ત્રણ વખત ચેતવીને 'મિચ્છા મિ દુક્કડં' અપાવે. અને છતાં જો તે સાધુઓ ભૂલ કરતા રહે તો તેમના ગુરુને તે વાત કરે. જો ગુરુ પોતાના શિષ્યોનો તેમાં બચાવ કરે તો આગંતુક સાધુ તેમને છોડીને મૂળગુરુ પાસે ચાલ્યો જાય. અને જો ગુરુ બચાવ ન કરે તો ઉપસંપદા જરૂર સ્વીકારે.

## આભાવ્ય પ્રકરણ

મૂળગુરુ પાસેથી નીકળીને જ્ઞાનાદિની ઉપસંપદા માટે નીકળેલા શિષ્યના જે નવા ગુરુ થાય તે ઉપસંપન્ન ગુરુ કહેવાય. મૂળગુરુ પાસેથી નીકળીને તેમની પાસે આવતા શિષ્યને જે વસ્ત્ર, પાત્ર વગેરે અચિત્ત વસ્તુઓ પ્રાપ્ત થાય અને શિષ્યસ્વરૂપ સચિત્ત વસ્તુ પ્રાપ્ત થાય; તે બધું બેમાંથી કયા ગુરુનું કહેવાય? તે અંગેની જે શાસ્ત્રીય વ્યવસ્થા છે તેને આભાવ્ય વ્યવહાર કહેવામાં આવે છે. આ વ્યવસ્થા એવી છે કે તે શિષ્યના નાલબદ્ધવલ્લી (માતા, પિતા વગેરે બાવીસ પ્રકારનાં સગાં)માંથી જો કોઈ દીક્ષા લેવા માગે તો તે બધાં મૂળગુરુને સોંપાય અને તે સિવાયના જે કોઈ લેવા માગે તે બધા તથા વસ્ત્ર, પાત્ર વગેરે તમામ ઉપસંપન્ન ગુરુને સોંપાય.

આવી વ્યવસ્થાથી બંને ગુરુઓ પ્રત્યે તે શિષ્યનો કૃતજ્ઞતાભાવ અને બંને ગુરુઓનો તે શિષ્ય પ્રત્યે વાત્સલ્ય-ભાવ જળવાઈ રહે છે.

## પદવિભાગ સામાચારી

ઉત્સર્ગ અને અપવાદ સ્વરૂપ બે માર્ગોનો (બે પદાર્થોનો) જે વિભાગ તે પદવિભાગ કહેવાય. આ પદવિભાગ બૃહત્કલ્પ વ્યવહાર વગેરે છેદગ્રન્થોમાં જણાવાયો છે. આ પદવિભાગને સારી રીતે સમજાવનારી જે સામાચારી તે પદવિભાગ સામાચારી કહેવાય.

## ઉપસ્થાપના અધિકાર

### ૫

**સામાયિક-ચારિત્ર આપ્યા પછી તે મુમુક્ષુને છેદોપ-સ્થાપનીય ચારિત્ર ક્યારે આપવું? તે અંગેનો અધિકાર હવે આપણે જોઈએ.**

જે મુમુક્ષુ (૧) ઉપસ્થાપનાના પર્યાયને પામ્યો હોય, (૨) આચારાંગ સૂત્રના શસ્ત્રપરિજ્ઞા નામના પ્રથમ અધ્યયનને કમસે કમ અર્થથી પણ જાણી ચૂક્યો હોય (હાલની પરંપરા મુજબ શ્રી દશવૈકાલિક સૂત્રનાં ચાર અધ્યયનો અહીં લેવાં.), (૩) જેનામાં અપરિગ્રહ, શ્રદ્ધા અને સંવેગ વગેરે ગુણો સારી રીતે ખીલ્યા હોય, (૪) જેને સંયમ એ જ પોતાનું સર્વસ્વ લાગતું હોય અને (૫) જે પાપોથી અત્યંત ભય-ભીત હોય તે મુમુક્ષુને ભવભીરુ એવા ગુરુ 'ઉપસ્થાપના' માટે યોગ્ય સમજે. આવા મુમુક્ષુની ગુરુએ ઉપસ્થાપના કરતા પહેલાં (૧) તે ઉપસ્થાપના માટેના કાળપર્યાયને પામ્યો છે કે નહિ તે જોવું. (૨) ષડ્જીવનિકાયનું તર્ક-સંગત સ્વરૂપ અને (૩) મહાવ્રતો તથા તેના અતિચારોનું રહસ્યપૂર્ણ અર્થજ્ઞાન તેને જણાવવું અને છેલ્લે (૪) પરીક્ષા કરવી. આટલું કર્યા પછી મહાવ્રતો આપવા રૂપ ઉપસ્થાપના કરવી. જો કોઈ ગુરુ આ વિધિનું પાલન ન કરે તો તેને

જિનાજ્ઞાભંગ, અનવસ્થા, વ્રતવિરાધના અને મિથ્યાત્વનો ઉદય વગેરે દોષો લાગુ થાય.

## ૧. ઉપસ્થાપના માટેનો કાળપર્યાય

તે જઘન્યથી સાત અહોરાત્રનો છે. જેણે અન્ય ગચ્છ આદિમાં દીક્ષા લીધી હોય અને તેથી જે ષડ્જીવનિકાયના અને વ્રતો વગેરેના સ્વરૂપનો જાણકાર થયેલો હોય તેવા યોગ્ય અને પુરાણ થયેલા આત્માની અપેક્ષાએ માત્ર ઇન્દ્રિયોનો વિજય કરવા પૂરતો સાત અહોરાત્રનો જઘન્ય પર્યાય ગણાય છે.

શ્રી દશવૈકાલિક સૂત્રના જોગ કરી લીધા પછી ઉત્કૃષ્ટથી ઉપસ્થાપનાનો કાળપર્યાય છ મહિનાનો છે. જો તે કાળપર્યાય પસાર થઈ જાય તો તે જોગ ફરીથી કરવા પડે. આ જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેનો બધો કાળપર્યાય મધ્યમ કક્ષામાં ગણાય.

જો પિતા-પુત્ર, રાજા-મંત્રી, મોટો-નાનો ભાઈ, મોટો-નાનો શેઠ, મોટા-નાના બે કુળવાન આત્માઓ વગેરેને છેદોપસ્થાપનીય ચારિત્ર આપવાનો પ્રસંગ આવે ત્યારે તે મોટા નાના અંગેનો ક્રમ શકય હોય ત્યાં સુધી જાળવી રાખવો. કદાચ તે માટે છેદોપસ્થાપનીય ચારિત્ર આપવામાં વિલંબ કરવો પડે તો તે પણ કરવો. જો તે ક્રમ જાળવવાનું નજીકના થોડા સમયમાં શકય બને તેમ ન લાગતું હોય તો અપવાદ માર્ગે તે ક્રમનો ત્યાગ કરીને પણ છેદોપસ્થાપનીય ચારિત્ર આપવું.

**૨. ષડ્જીવનિકાયનું અધ્યયન**

વડીદીક્ષા આપતા પહેલાં મુમુક્ષુને પૃથ્વી આદિ છ અને બેઇન્દ્રિયાદિ ચાર પ્રકારના તમામ જીવોમાં રહેલા જીવત્વને લક્ષણોથી, હેતુથી અને ભેદોથી બરોબર સમજાવવા. આ પ્રમાણે સમજૂતી આપવાથી જ તે આત્મામાં તે તે જીવો પ્રત્યે દયાનો પરિણામ પ્રગટ થાય છે. આ વાત 'पढमं नाणं तओ दया' સૂત્રથી તથા 'जो जीवे वि न याणइ' વગેરે શ્લોકોથી સ્પષ્ટ સમજાવવામાં આવી છે.

**૩. વ્રત અને અતિચારોનું સ્વરૂપ**

મુમુક્ષુને પાંચ મહાવ્રતોનું તથા છઠ્ઠા રાત્રિભોજન વિરમણ વ્રતનું સ્વરૂપ સરળ ભાષામાં વિસ્તારથી સમજાવવું અને તેના ભંગ વગેરેથી ઉત્પન્ન થનારા કટુ વિપાકોનો ખ્યાલ આપવો.

**૪. પરીક્ષા**

આટલું થયા બાદ ગુરુએ શિષ્યની પરીક્ષા કરવી. તે આ રીતે—

જાણી જોઈને ગુરુ ૧. સ્થંડિલ, માત્રું સચિત્ત ભૂમિમાં કરે. ૨. સચિત્ત ભૂમિમાં ઊભા રહીને કાયોત્સર્ગાદિ કરે. ૩. પવન ખાવા માટે પોતાને પંખો વીંઝે. ૪. ગોચરી માટે ફરતાં દોષિત આહારાદિ વહોરે. આવી બધી વિરાધના જ્યારે ગુરુ કરે ત્યારે તે જોઈને પણ જો શિષ્ય પોતે તે વિરાધના ન જ કરે અને બીજા સાધુને કહે કે, "ગુરુએ આમ કરવું તે અયોગ્ય છે." તો તે શિષ્યને વડીદીક્ષા માટે યોગ્ય જાણવો, અન્યથા નહિ.

ભવભીરુ ગુરુએ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા શિષ્યને વિધિપૂર્વક છેદોપસ્થાપનીય ચારિત્ર આપવું. તે વખતે ઉત્તમ કોટિનાં મુહૂર્તો વગેરે જોવાં. કેમ કે મુહૂર્તો વગેરે પણ જીવનના વિકાસ અને વિનાશમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. આથી જ ગુરુએ આ અંગેનું જ્યોતિષવિજ્ઞાન ખૂબ સારી રીતે મેળવવું જોઈએ. જો ખૂબ સારા મુહૂર્તે જે જિનાલયમાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરાય છે તો તે જિનાલયને લગતું આખું ગામ ધન-ધાન્યાદિથી ભરપૂર બની જાય છે. અન્યથા પરિસ્થિતિમાં તે ગામ ખેદાન મેદાન થઈ જાય છે. આથી જો ઉત્તમ મુહૂર્ત થોડે દૂર મળતું હોય તો દીક્ષા કે પ્રતિષ્ઠાનું કાર્ય લંબાવવું તે ખૂબ ઉચિત છે. આ દૃષ્ટિથી એમ કહી શકાય કે યોગ્ય અને શક્તિમાન દરેક સાધુને ગુરુએ મુહૂર્તજ્ઞાન પૂરતું જ્યોતિષશાસ્ત્ર ભણાવી દેવું જોઈએ.

શુભમુહૂર્તે મુમુક્ષુને ઉપસ્થાપના કરવી. તે અંગેની વિધિ કરતાં જ્યારે લગ્નવેળા આવે ત્યારે '**ઇચ્ચેઇઆઇં, પંચમહવ્વયાઇં**' પાઠ બોલવો. ઉપસ્થાપના અંગેની વિધિ પૂર્ણ થયા બાદ ગુરુએ દેશના આપવી. જેમાં શેઠની ચાર પુત્રવધૂઓનું દૃષ્ટાંત કહેવું. ઉજ્ઝિતા વગેરે ચાર પુત્રવધૂઓને શેઠે પાંચ પાંચ દાણા આપ્યા હતા. જે દાણાઓનો ઉપયોગ **ઉજ્ઝિતાએ** ફેંકી દેવામાં, **ભક્ષિતાએ** ખાઈ જવામાં, **રક્ષિતાએ** સાચવી રાખવામાં અને **રોહિણીએ** ઉગાડવામાં કર્યો હતો. આ દૃષ્ટાંતની સાથોસાથ વિશેષાવશ્યક ભાષ્યમાં અનેક પ્રકારના સિદ્ધોના વર્ણનમાં આવતું કર્મસિદ્ધ મજૂરનું દૃષ્ટાંત પણ આપી શકાય, જેમાં તે મજૂરે દીક્ષા મૂકયા

પછી મજૂરી કરવાનું કાર્ય કરીને પેટ ભરવાનું રાખ્યું હતું વગેરે. (પાંચ પથ્થર-મહાવ્રતના ભારનું દૃષ્ટાંત જાણી લેવું.)

**સાત માંડલીનાં સાત આયંબિલ**

ઉપસ્થાપના અંગેના દશવૈકાલિકના યોગ પૂરા થઈ ગયા બાદ, મુનિઓની સાત માંડલીમાં પ્રવેશ કરવા માટેનો અધિકાર મેળવવા સાત આયંબિલ વધુમાં વધુ બે ટુકડે (ત્રણ + ચાર અથવા ચાર + ત્રણ) કરવાના હોય છે.

**સાત માંડલીનાં નામો**

૧. સૂત્ર, ૨. અર્થ, ૩. ભોજન. ૪. કાલગ્રહણ, ૫. પ્રતિક્રમણ, ૬. સ્વાધ્યાય (પઠાવવો), ૭. સંથારો. આ સાત માંડલીઓ છે.

દીક્ષાના પર્યાયની સાચી ગણતરી ઉપસ્થાપના થયા પછી થાય છે. આ મુનિજીવનમાં હવે કોઈ પણ દોષ ન લાગે તેની સતત કાળજી કરવાની રહે છે. મૂલગુણો અને ઉત્તરગુણોમાં અતિક્રમ વગેરે ચાર પ્રકારના દોષો લાગતા હોય છે. તેમાં જો મૂલગુણોમાં અતિક્રમ વગેરે ત્રણ દોષો લાગે તો તેનાથી ચારિત્રમાં મલિનતા થાય છે. તેની શુદ્ધિ આલોચના, પ્રતિક્રમણ વગેરે પ્રાયશ્ચિત્તોથી થઈ શકે છે. પરંતુ જો મૂલગુણોમાં અનાચાર નામનો છેલ્લો દોષ લાગી જાય તો તેનાથી મૂલગુણનો ભંગ થાય છે. તે વખતે પ્રાયશ્ચિત્ત તરીકે પુનઃ ઉપસ્થાપના કરવાની રહે છે.

જ્યારે ઉત્તરગુણોમાં અતિક્રમ વગેરે ચાર દોષો લાગે તો તેનાથી ચારિત્રતાની મલિનતા જ થાય છે પરંતુ ભંગ થતો નથી. આથી તેમાં પુનઃ ઉપસ્થાપનાનો સવાલ પેદા થતો નથી.

## મુક્તિ પામવા માટે જરૂરી અધ્યવસાયોની શુદ્ધિ અને વૃદ્ધિ

### ૬

ચરણસિત્તરી અને કરણસિત્તરી રૂપ મુનિજીવનનો જે બાહ્ય આચારમાર્ગ છે તેના સેવનમાત્રથી મુક્તિ થતી નથી. અભવ્યોએ આ બાહ્યાચાર ઉત્કૃષ્ટપણે સેવ્યો છે. તો પણ તેઓ તેના પ્રભાવથી અનંતી વખત નવમા ગ્રૈવેયક સુધી ગયા છે, પરંતુ એક વાર પણ મુક્તિ પામી શક્યા નથી. તેનું કારણ એ છે કે તેઓ પાસે આંતરિક શુભ અધ્યવસાયોની શુદ્ધિ અને વૃદ્ધિ થવાનું લક્ષ્ય ન હતું.

આથી એ વાત સ્પષ્ટ થાય છે કે મુમુક્ષુએ મુનિ-જીવનના બાહ્યાચારોમાં જ ઓતપ્રોત રહેવાની સાથે અધ્યવ-સાયોની નિર્મળતા શી રીતે થાય? તેને અંગેની વિચારણાઓ કરવી જોઈએ અને તેનું લક્ષ્ય સતત રાખવું જોઈએ. એવું લક્ષ્ય રાખવાપૂર્વક જો ગચ્છવાસ વગેરે સાત વ્યવહારોનું બરોબર પાલન કરવામાં આવે તો તે લક્ષ્ય વીંધાઈ જાય અને તે અધ્યવસાયોની નિર્મળતા પ્રાપ્ત થાય અને જેને પ્રાપ્ત થઈ હોય તેને તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય. તે સાત વ્યવહારોનાં નામ આ પ્રમાણે છે.

૧. ગચ્છવાસ, ૨. કુસંસર્ગત્યાગ, ૩. અર્થ-પદચિંતન,

૪. વિહાર, ૫. પૂર્વના ઋષિઓના ચરિત્રનું શ્રવણ, ૬. આલોચના અને પ્રાયશ્ચિત્ત, ૭. પરિષહજય.

(૧) ગચ્છવાસ

ગચ્છ એટલે જેમાં ગુરુ, શિષ્ય, પ્રશિષ્ય વગેરે મુનિ-પરિવાર હોય તે. તેવા શાસ્ત્રાજ્ઞાના પાલક અને પક્ષકાર ગચ્છમાં રહેવું તે ગચ્છવાસ કહેવાય. ગચ્છવાસ કરવાના અનેક લાભો છે.

(૧) તેથી અધિકગુણી મુનિઓનો વિનય કરી શકાય.

(૨) નવદીક્ષિત વગેરે મુનિઓને વિનય શીખવી શકાય.

(૩) વિધિમાર્ગનું ઉલ્લંઘન કરતા સાધુઓને સારણાદિ કરી શકાય.

(૪) પોતાની તેવી કોઈ ભૂલ થાય ત્યારે બીજાઓ દ્વારા ભૂલ સુધારી શકાય.

આથી જ કહ્યું છે કે, "ગચ્છરૂપી સમુદ્રમાં સંઘર્ષ રૂપી થોડો ખળભળાટ થાય તો પણ મત્સ્યરૂપી મુનિઓએ તે ગચ્છસમુદ્રનો ત્યાગ કરવો નહિ. તેમ કરવાથી તો મુનિ-જીવનના ભાવપ્રાણોનો નાશ થઈ જાય."

બેશક ! જો પોતાના ગચ્છમાં વધુ પડતી શિથિલતાઓ હોય, સારણા-વારણા વગેરે થતાં ન હોય, જ્ઞાનાદિ ગુણોથી રહિતપણું હોય તો મુમુક્ષુએ જેમ દીક્ષા લેતી વખતે પોતાના સ્વજનો અને સ્નેહીજનોનો ત્યાગ કર્યો છે તેમ તેવા ગુણ-રહિત ગચ્છનો પણ ત્યાગ કરી દેવો જોઈએ. પરંતુ આ ગચ્છત્યાગ ત્યારે જ કરવો જ્યારે ગુણયુક્ત ગચ્છમાં પોતાને

પ્રવેશ પ્રાપ્ત થાય. જ્યાં સુધી તેવો પ્રવેશ ન મળે ત્યાં સુધી તે મુમુક્ષુએ પોતે ગીતાર્થ હોય તોપણ પોતાના શિથિલાચારી ગચ્છમાં રહેવું અને પોતાના ભાવજીવનની રક્ષા કરવી. જે રીતે કુવૃષ્ટિ થતાં તેનું પાણી પીને ગાંડા બની ગયેલા પ્રજાજનોની સાથે ડાહ્યા એવા રાજાને પણ પોતાના રાજ્યની રક્ષા કરવા માટે—કામચલાઉ—ગાંડા બનવું પડ્યું હતું તેમ કુવૃષ્ટિન્યાયે ગચ્છ છોડવો નહિ.

ગચ્છવાસ અને ગુરુકુલવાસ તે બંને જુદા છે. ગુરુકુલવાસના સેવનથી મુખ્યત્વે ગુરુના જ વિનયાદિ કરવાનું અભિપ્રેત છે, જ્યારે ગચ્છવાસથી તો ગચ્છની અંદર રહેલા અન્ય વડીલો વગેરેનાં પણ વિનયાદિ કરવાનાં હોય છે. એટલે હવે જો ગચ્છવાસી સાધુ અન્ય સાધુઓનાં વિનયાદિ ન કરે તો તેનો ગચ્છવાસ નિરર્થક બને છે. જેમ છાપરાવાળા મકાનની ઉપર કરવામાં આવેલું છત્ર નિરર્થક બને છે તેમ અહીં સમજવું. એવો ગચ્છવાસ તો પેલા છત્રની જેમ માત્ર શોભા પૂરતો ગણાય. આ ઉપરથી સમજાશે કે ગચ્છવાસ સાચા આત્માર્થી માટે તો અત્યંત ઉપાદેય છે. કદાચ તેમાં સંઘર્ષ દેખાતા હોય તોપણ રાગાદિ દોષોની પરમ શાન્તિ કરનારો હોવાથી તે શાન્તિનું ધામ છે. આત્માર્થી મુમુક્ષુએ પોતાના પ્રાણ જવા દેવા કિન્તુ ગચ્છવાસ છોડવો નહિ.

### (૨) કુસંસર્ગ ત્યાગ

પાપમિત્ર જેવા પાસત્થા વગેરે સાધુઓ સાથે સંબંધ રાખવો તે કુસંસર્ગ કહેવાય. સામાન્ય રીતે જીવો ભાવુક દ્રવ્યો

હોય છે. તેથી સંસર્ગની અસર જલદી થઈ જતી હોય છે. આંબા અને લીમડાની બે કલમો ભેગી કરીને દાટયા પછી જે બે વૃક્ષો પેદા થાય છે તેમાં આંબામાં લીમડાની કડવાશ આવે છે, પરંતુ લીમડામાં આંબાની મીઠાશ આવતી નથી; તેમ સારા સાધુઓના સંસર્ગથી શિથિલ સાધુઓની સુધરવાની શકયતા કરતાં સારા સાધુઓની બગડવાની શકયતા ઘણી વધારે છે. હા! જો કોઈ સાધુ એવા શિથિલ સાધુઓને પણ પોતાના સંસર્ગથી સુધારવા માટે સો ટકાની શક્તિ ધરાવતો હોય તો ગીતાર્થ ગુરુની આજ્ઞા મેળવીને તે સાધુ પરોપકારનું આ મહાન કાર્ય જરૂર કરી શકે છે. બાકી તો મીઠાના આકરમાં પડેલા સાકર જેવા મીઠા પદાર્થો પણ ખારા થઈને જ રહે છે. અરે ! લોઢાને પણ મીઠું પોતાના પ્રભાવથી ઓગાળી નાખે છે.

આ વિચાર ઉત્સર્ગમાર્ગે સમજવો. અર્થાત્ જે કાળમાં સંવિગ્ન સાધુઓ ઘણા હોય તે કાળને અનુલક્ષીને સમજવું કે સંવિગ્ન સાધુએ પાસત્થા વગેરેનો સંસર્ગ કરવો નહિ. પરંતુ જે કાળમાં સંકિલષ્ટ પરિણામવાળા સાધુઓની જ ઘણી મોટી સંખ્યા હોય તે કાળમાં જો સંવિગ્ન સાધુની સહાય ન મળે તો અપવાદ માર્ગે પાસત્થા વગેરે પાંચ શિથિલ સાધુઓનો પણ સંસર્ગ કરી શકાય. તેમાં એટલો ખ્યાલ રાખવો કે જેમ બને તેમ ઓછા દોષવાળાઓની સાથે રહેવું. કેમ કે દોષની તરતમતાએ આરાધક-વિરોધક ભાવની પણ તરતમતા થાય છે.

## પાંચ શિથિલાચારી સાધુના સંસર્ગના એકત્રીસ ભાંગા

(૧) એકાકી, (૨) પાસત્થા, (૩) સ્વચ્છંદી, (૪) એક જ સ્થાને રહેનારો, (૫) આવશ્યકાદિ ક્રિયામાં શિથિલ.

આ પાંચેપાંચ દોષવાળો પંચસંયોગી ભાંગો એક જ થાય. પરંતુ દ્વિકસંયોગી અને ત્રિકસંયોગી ભાંગા દરેક દશ દશ થાય. અને ચતુઃસંયોગી ભાંગા પાંચ થાય તથા એક એક દોષવાળા ભાંગા પાંચ થાય. એમ કુલ એકત્રીસ ભાંગા થયા. એમાં દોષોના ભાંગાનો આંક જેટલો વધારે થાય તેટલી વિરાધનાની અને ચિત્તની અશુભ પરિણતિની શકયતા વધતી જાય.

## પાંચ સંવિજ્ઞ સાધુના સંસર્ગના એકત્રીસ ભાંગા

આ જ રીતે (૧) ગચ્છવાસી, (૨) જ્ઞાનાદિ ગુણવાળો, (૩) ગુર્વાજ્ઞાનો પાલક, (૪) અનિયત વિહારી અને (૫) ચારિત્ર્યગુણયુક્ત એ પાંચ ગુણોના પણ ઉપરની રીતે એકત્રીસ ભાંગા થાય. જેમ જેમ ભાંગાનો આંક વધે તેમ તેમ તેવા સુસાધુના સંસર્ગથી આરાધનાની અને ચિત્તની શુભ પરિણતિની વૃદ્ધિ થાય.

એવો કોઈ સમુદાય હોય કે જેમાં પાસત્થાની બહુમતી હોય તથા તે સમુદાયમાં જો કોઈ સંવિજ્ઞ સાધુ હોય તો તેને જ્યાં સુધી અન્ય સંવિજ્ઞ સમુદાયમાં સંક્રમણ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે સંવિજ્ઞ સાધુએ તે પાસત્થાઓની સાથે રહેવું જ ઉચિત છે. પરંતુ તે વખતે તેણે તે પાસત્થાઓની ઉપેક્ષા કરીને રહેવું. જો તે ઘણા પાસત્થાઓને પોતે વાતે

વાતે હિતશિક્ષા આપવા લાગી જાય અને તેમની શિથિલતાઓ ઉપર પ્રહાર કરે તો તે બધા પાસત્થાઓ ભેગા થઈને તેની ઉપર તૂટી પડે. યાવત્ એવી સ્થિતિમાં મૂકી દે કે તે નિર્દોષ સાધુ પણ જગતની આંખે દોષિત ઠરી જાય.

**પાસત્થા આદિને વંદન આદિનો નિષેધ અને વિધાન**

પાસત્થો, ઓસન્નો, કુશીલ, સંસક્ત અને યથાચ્છંદ એ પાંચ પ્રકારના શિથિલ સાધુઓ છે. તેમાં પાસત્થા આદિ ચારને પાંચ પ્રકારના અભ્યુત્થાન કે છ પ્રકારના નમસ્કાર કરવાથી ચતુર્લઘુ (આયંબિલ) પ્રાયશ્ચિત્ત આવે. જ્યારે યથાચ્છંદને તે અભ્યુત્થાન કે નમસ્કાર કરવાથી ચતુર્ગુરુ (ઉપવાસ) પ્રાયશ્ચિત્ત આવે. પાસત્થાદિને ભણાવવામાં કે તેમની પાસે ભણવામાં જો સૂત્ર ભણાય તો ચતુર્લઘુ અને અર્થ ભણાય તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. તથા યથાચ્છંદને તેમ કરવામાં અનુક્રમે ચતુર્ગુરુ અને ષડ્લઘુ (છઠ્ઠ) વગેરે પ્રાયશ્ચિત્ત આવે. કેમ કે તેથી તે અભ્યાસથી તેઓ પોતાના દોષોનું જ સેવન કરતા હોય છે.

અપવાદ માર્ગે તો તેઓને સુખશાતા પૂછવાથી માંડીને યાવત્ વંદન પણ કરી શકાય છે. જો દુષ્કાળનો પ્રસંગ આવી પડવાનો હોય કે રાજ તરફના ભયની શકયતા હોય અથવા કોઈ સાધુને ગંભીર બીમારી આવવાથી રાજવૈદ્ય વગેરેની જરૂર હોય અને તે વખતે જો પાસત્થા વગેરેની લાગવગથી ગોચરીની સુલભતા, રાજભયનું નિવારણ અથવા વૈદ્યની પ્રાપ્તિ શકય બની જતી હોય તો તેવાં કારણોસર

પાસત્થા આદિને વંદનાદિ પણ કરવાં જોઈએ. જો તે વખતે તેમ ન કરે તો તેના દ્વારા ગચ્છને ઘણાં મોટાં નુકસાનો થાય, શાસનની હીલના થાય અને મારણ વગેરે પ્રયોગો પણ થાય. આથી આવા સમયે તેઓનો વિનય ન કરનાર સાધુને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે. આવું જ આહાર-વસ્ત્ર વગેરે તેઓને આપવા અને લેવાના સંબંધમાં સમજવું. એ રીતે વાચના સંબંધમાં એવો અપવાદ છે કે જો કોઈ પાસત્થો વગેરે સંવિગ્ન સાધુ પાસે ઉપસંપદા સ્વીકારે અને સુંદર સંયમપાલન કરે તો તે પાસત્થા વગેરેને વાચના પણ આપી શકાય.

## (૩) અર્થપદચિંતન

જે પદ કે વાક્યના આધારે અર્થનું જ્ઞાન થાય તે અર્થપદ કહેવાય. શાસ્ત્રોનાં જે ગહન પદો કે અર્થો હોય તેની ઉપર સૂક્ષ્મબુદ્ધિથી ચિંતન કરવું, અન્ય બહુશ્રુત મહાત્માઓ પાસેથી તેનું રહસ્ય પામવું અને છેલ્લે જે કાંઈ શંકા વગેરે પડે તો તેનો નિરાસ કરીને તે તે અર્થપદોનો નિશ્ચય કરવો તેને અર્થપદચિંતન કહેવાય છે.

દા. ત. શાસ્ત્રમાં કહ્યું છે કે "પીઠ અને મહાપીઠે માનસિક અતિચાર સેવ્યો તેથી તેમને સ્ત્રીનો અવતાર મળ્યો." આ અર્થપદ ઉપર એવો સવાલ ઊભો થાય કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતા પ્રમત્ત સાધુઓનું જીવન તો સાતિચાર જ હોય તો પછી શાસ્ત્રોમાં તેમનો જે મોક્ષ જણાવ્યો છે તે શી રીતે ઘટે ?

આ સવાલનો જવાબ એ મળે કે સાતિચાર જીવન જીવનારો સાધુ પણ જો તે અતિચારના પ્રતિપક્ષી શુદ્ધ અધ્યવસાયોનું સેવન કરે તો અતિચારજન્ય પાપોનો નાશ થઈ જાય છે, તેમ થતાં તે પ્રમત્ત સાધુનો મોક્ષ થાય છે. પીઠ અને મહાપીઠે પોતાના અતિચારની માત્ર આલોચના કરી હતી પરંતુ તેમના હૃદયમાં તીવ્ર પશ્ચાત્તાપ રૂપી પ્રતિપક્ષી શુદ્ધ અધ્યવસાયો પ્રાપ્ત થયા ન હતા. માટે તેમને નારીનો અવતાર પ્રાપ્ત થયો હતો.

આ ઉપરથી નક્કી થયું કે દોષોની શુદ્ધિ માત્ર ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરવાથી થતી નથી પરંતુ તીવ્ર પશ્ચાત્તાપ-રૂપી પ્રતિપક્ષી શુદ્ધ અધ્યવસાયો સાથે પ્રાયશ્ચિત્ત કરવાથી થાય છે. અહીં ખ્યાલ રાખવો કે જેટલા બળવાળા અતિચારો હોય તેટલા જ બળવાળા અથવા તેનાથી અધિક બળવાળા પ્રતિપક્ષી અધ્યવસાયો હોવા જોઈએ. જો અલ્પ-બળવાળા અધ્યવસાયો હોય તો તેનાથી અતિચારજન્ય પાપકર્મોનો નાશ થતો નથી.

આ રીતે શાસ્ત્રના કોઈ એક પદાર્થ પર ચિંતન કરવાથી ચિત્તની એકાગ્રતા થવાના કારણે પ્રત્યેક સમયે અનંત કર્મની નિર્જરા થાય છે. આ જ કારણે ચાર અનુ-યોગોમાં દ્રવ્યાનુયોગને મુખ્યતા આપવામાં આવી છે.

### (૪) વિહાર

શાસ્ત્રકારોએ ગીતાર્થનો અને ગીતાર્થનિશ્રિત એવા અગીતાર્થનો જ વિહાર માન્ય કર્યો છે. આવો વિહાર

દ્રવ્યાદિ ચાર નિમિત્તોના કારણે બાધારૂપ થવો જોઈએ નહિ. **દ્રવ્યબાધા :** ખૂબ ભક્તિભાવવાળા શ્રાવકોને લીધે તે પ્રદેશમાં વિહાર કરવો તે. **ક્ષેત્રબાધા :** શરદીવાળા સાધુને પવન વિનાના ઉપાશ્રયવાળા ગામમાં જવાની ઇચ્છા તે. **કાળબાધા :** અમુક ક્ષેત્રમાં અમુક ઋતુઓ ખૂબ અનુકૂળ હોય છે. (દા. ત. ઉનાળામાં આબુતીર્થ) એ દૃષ્ટિથી તે ક્ષેત્રમાં વિહાર કરવો તે. **ભાવબાધા :** ઉગ્રવિહાર કરવાથી લોકો મને ઉગ્ર-વિહારી કહીને માન-સન્માન આપશે તે માટે ઉગ્રવિહાર કરવો તે. આ રીતે દ્રવ્યાદિ ચાર પ્રતિબંધોથી (બાધાઓથી) મુક્ત વિહાર કરાય તો તે શાસ્ત્રમાન્ય વિહાર કહેવાય.

શાસ્ત્રકારોએ ઉત્સર્ગમાર્ગે એકેક મહિનાના આઠ માસકલ્પ રૂપે અને ચાર મહિનાનો એક ચાતુર્માસ કલ્પ રૂપે એમ બધું મળીને નવ માસકલ્પી વિહાર કહ્યો છે. તેમાં જો દ્રવ્યાદિની એવી પ્રતિકૂળતા થતી હોય કે જેથી અસમાધિભાવ પેદા થતો હોય તો આ માસકલ્પના વિધિના ક્રમમાં ન્યૂનાધિકતા પણ થઈ શકે. જો આવા કોઈ કારણે ક્યાંક વધુ સમય રહેવું પડે તો તે વખતે મહિનો પૂર્ણ થતાં આસનનું સ્થાન બદલતા રહેવું. અને તે વખતે માસ-કલ્પવિધિ સાચવી લેવી. આ રીતે કરતાં ભાવથી વિહાર કર્યો જ કહેવાય. આ રીતે એક જ સ્થળે લગાતાર સો વર્ષ સુધી રહેનારા શાસ્ત્રચુસ્ત સાધુઓ સુસાધુ કહેવાય છે. હાલ આ માસકલ્પની વિધિ અમલમાં નથી. હાલ તો ગુર્વાજ્ઞા પ્રમાણે વિહાર કરવાનો હોય છે.

## વિહાર કેવી રીતે કરવો ?

વિહાર દ્રવ્યાદિની જયણાથી કરવો. **દ્રવ્યથી** જીવોને જોતાં જોતાં ચાલવું. **ક્ષેત્રથી** પગની આંગળીઓથી ચાર હાથ દૂરની ભૂમિનું ક્ષેત્ર જોતાં જોતાં ચાલવું. **કાળથી** જ્યાં સુધી ચાલવું જરૂરી હોય તેટલા કાળ સુધી ચાલવું અને **ભાવથી** ઇર્યાસમિતિના ઉપયોગપૂર્વક ચાલવું.

અહીં ક્ષેત્રથી ચાર હાથ દૂરની ભૂમિ જોવાનું કારણ એ છે કે જો સાવ નજીકની ભૂમિ ઉપર નજર રાખે તો ત્યાં રહેલ જીવ ઉપર પગ એકદમ પડી જાય. વળી તેને ઉતાવળે બચાવવા જતાં ગબડી પડાય અને આહાર-પાણી ઢળી પણ જાય. જો મુખ ઊંચું રાખીને અથવા તો વાતો કરતો કરતો કે ચારે દિશામાં જોતો જોતો ચાલે તો જીવ-વિરાધનાનો સંભવ રહે. આવી બધી સમજ ગીતાર્થને જ હોય, અથવા ગીતાર્થના શરણે રહેલા સાધુને જ હોય. માટે તે બેને જ વિહારની અનુજ્ઞા આપવામાં આવી છે. આ જ કારણસર ગીતાર્થને (ગીતાર્થનિશ્રિતને પણ) કેવળજ્ઞાની તુલ્ય કહ્યો છે. કેમ કે તે બંનેની પ્રરૂપણા એક જ હોય છે.

## (૫) પૂર્વના ઋષિઓનાં ચારિત્રોનું શ્રવણ

જ્યારે સાધુ મુનિજીવનની પ્રતિક્રમણ આદિ દિનચર્યા કરવા સાથે સ્વાધ્યાય કરતાં કરતાં થાકી જાય ત્યારે તેણે સંસાર પ્રત્યે વિરાગ કરનારી અને મોક્ષ પ્રત્યે રાગ જગાડનારી એવી મહર્ષિઓની કથાઓનું શ્રવણ કે વાચન વગેરે કરવું. આમ કરવાથી તેના સંવેગરસની વૃદ્ધિ થાય છે. તેથી

મુનિજીવનમાં ઉલ્લાસ વધી જાય છે. આથી કથાઓ જાણ્યા પછી બીજાઓને પણ તે કહેવાથી સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ પણ કરાવી શકાય છે.

## (૬) આલોચના અને પ્રાયશ્ચિત્ત

આ વિષયની શરૂઆત કરતા પહેલાં પાંચ પ્રકારના મુનિઓનું સ્વરૂપ સંક્ષેપમાં સમજીએ.

## પાંચ પ્રકારના મુનિઓનું સ્વરૂપ

(૧) **પુલાક :** સત્ત્વ વિનાના અર્થાત્ ચોખા વિનાના ફોતરાને (અસાર ધાન્યને) **પલાલ** કહેવામાં આવે છે. આ પલાલ શબ્દ ઉપરથી પુલાક શબ્દ બન્યો છે. જે સાધુનું ચારિત્ર ફોતરા જેવું અસાર બની ગયું હોય તે સાધુને પુલાક કહેવામાં આવે છે. જેને તપ આદિની આરાધનાથી એવી વિશિષ્ટ લબ્ધિ પ્રાપ્ત થઈ હોય કે જેના બળે સંઘની સામે પડેલા ચક્રવર્તી રાજા જેવાના વિપુલ સૈન્યને પણ ખત્મ કરી શકાય. એવી લબ્ધિને કારણે જેનું સંયમજીવન અનેક અતિચારો લાગવા દ્વારા ખખડી ગયું હોય તે સાધુને પુલાક કહેવામાં આવે છે. આવા પુલાકને લબ્ધિપુલાક કહેવાય છે. જ્યારે જ્ઞાનાદિ પાંચ પ્રકારનો બીજો પ્રતિસેવાપુલાક કહેવાય છે. આ પ્રતિસેવાપુલાક જ્ઞાનાદિ ગુણો (જ્ઞાન, દર્શન, ચારિત્ર લિંગ, યથા સૂક્ષ્મ)ને દોષ લગાડતો હોય છે.

(૨) **બકુશ :** બકુશ એટલે કાબરચીતરું. જે સાધુનું જીવન થોડાક દોષોવાળું અને થોડાક ગુણોવાળું હોય તેને બકુશ સાધુ કહેવામાં આવે છે. અર્થાત્ જે અતિચારયુક્ત, શુદ્ધા-

શુદ્ધ ચારિત્રવાળો હોય તે સાધુ બકુશ કહેવાય છે. તેના બે પ્રકાર છે: જે વસ્ત્ર-પાત્રની બાબતમાં વિભૂષાપ્રિય હોય તે **ઉપકરણબકુશ** કહેવાય છે અને જે શરીરની બાબતમાં વધુ પડતી ટાપટીપવાળો હોય તે **શરીરબકુશ** કહેવાય છે. આ બન્ને પ્રકારના બકુશના પાંચ પાંચ ભેદો છે: ૧. આભોગ, ૨. અનાભોગ, ૩. સંવૃત, ૪. અસંવૃત, અને ૫ સૂક્ષ્મ.

(૩) **કુશીલ:** જેનું શીલ (આચાર) મૂળ કે ઉત્તર-ગુણોની વિરાધનાવાળું બન્યું હોય અથવા સંજ્વલનકષાયના ઉદયથી જેનું શીલ અતિચારોથી ખરડાયા કરતું હોય તે સાધુ કુશીલ કહેવાય. તેમાં સંયમથી વિપરીત આચરણ કરનારો સાધુ **આસેવનાકુશીલ** કહેવાય અને કષાયથી દુષ્ટ બનતો સાધુ તે **કષાયકુશીલ** કહેવાય. આ બંને પ્રકારના કુશીલના (૧) જ્ઞાન, (૨) દર્શન (૩) ચારિત્ર, (૪) તપ, અને (૫) યથાસૂક્ષ્મ એમ પાંચ પાંચ પ્રકારો છે.

(૪) **નિર્ગ્રન્થ :** જેની મોહનીય કર્મરૂપ ગ્રન્થિ (ગાંઠ) છૂટી ગઈ છે તે નિર્ગ્રન્થ કહેવાય. તેના બે પ્રકાર છે: (૧) ઉપશાન્તમોહ નિર્ગ્રન્થ (અગિયારમા ગુણસ્થાને) અને (૨) ક્ષીણમોહ નિર્ગ્રન્થ (બારમા ગુણસ્થાને). આ દરેકના પાંચ પ્રકારો છે.

(૧) પ્રથમ સમયે નિર્ગ્રન્થ, (૨) અપ્રથમ સમયે નિર્ગ્રન્થ, (૩) ચરમ સમયે નિર્ગ્રન્થ, (૪) અચરમ સમયે નિર્ગ્રન્થ અને (૫) યથાસૂક્ષ્મ નિર્ગ્રન્થ.

(૫) **સ્નાતક** : જેમ સ્નાન કરવાથી શરીરનો સઘળો મેલ ધોવાઈ જાય છે તેમ જે આત્માએ ઘાતીકર્મરૂપી મેલને ક્ષપકશ્રેણીના સ્નાનથી સર્વદા ધોઈ નાખ્યો છે તે આત્મા સ્નાતક કહેવાય છે. તેના સયોગી અને અયોગી (તેરમા–ચૌદમા ગુણસ્થાને) એમ બે પ્રકારો છે. આ પાંચ પ્રકારો-માંથી પુલાક, નિર્ગ્રન્થ અને સ્નાતકનો જંબુસ્વામીજીથી વિચ્છેદ થયો છે. બાકીના બકુશ અને કુશીલ નામના બે પ્રકારો વીરપ્રભુના શાસનના છેડા સુધી રહેશે.

**દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તો**

(૧) આલોચના, (૨) પ્રતિક્રમણ, (૩) મિશ્ર, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (૬) તપ, (૭) છેદ, (૮) મૂળ, (૯) અનવ-સ્થાપ્ય અને (૧૦) પારાઞ્ચ.

(૧) **આલોચના** : ગુરુની આગળ પોતાના અપરાધોને કહેવા તે આલોચના નામનું પ્રાયશ્ચિત્ત કહેવાય. કહેવાની રીત બે પ્રકારની છે : (૧) જે ક્રમે અપરાધો સેવ્યા હોય તે ક્રમે કહેવું. (૨) જે દોષ સૌથી નાનો હોય તે પહેલાં કહીને ઉત્તરોત્તર મોટા મોટા દોષો કહેવા. આ આલોચના નામનું પ્રાયશ્ચિત્ત, ગોચરી માટે ફરતા, વિહાર કરતા, સ્થંડિલભૂમિએ જતા-આવતા, સો હાથથી દૂરનાં આવશ્યક કાર્યોમાં જતા-આવતા અપ્રમત્ત મુનિને જ હોય છે. આ પ્રાયાશ્ચત્ત અપ્રમત અવસ્થામાં પણ શુદ્ધભાવ અને ઉપયોગ હોવા છતાં જે સૂક્ષ્મ અતિચારો લાગી જાય છે તેને માટે જ હોય છે. પ્રમત્ત અવસ્થાના મુનિઓને તો સ્થૂલ અતિચારો

પણ લાગતા હોવાથી ઉપર ઉપરનાં પ્રતિક્રમણ વગેરે પ્રાયશ્ચિત્તોની પણ સંભાવના હોવાથી તેમને માત્ર આલોચના પ્રાયશ્ચિત્ત હોતું નથી. જ્યારે કેવલીભગવંતો તો કૃતકૃત્ય હોવાથી અને તેમને સૂક્ષ્મ અતિચાર પણ નહિ લાગતો હોવાથી તેમને માત્ર આલોચના પ્રાયશ્ચિત્ત પણ હોતું નથી.

**(૨) પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત** : જે દોષની શુદ્ધિ માત્ર હાર્દિક મિચ્છા મિ દુક્કડં દેવાથી થઈ જતી હોય તે શુદ્ધિને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કહેવાય છે. જ્યારે સમિતિ, ગુપ્તિ વગેરેના પાલનમાં સહસાકારથી કે અનાભોગથી, પ્રમાદના કારણે ભૂલ થઈ જાય ત્યારે આ પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે. અહીં ગુરુની સમક્ષ આલોચના કરવાની જરૂર રહેતી નથી.

**(૩) મિશ્ર** : જેમાં આલોચના અને પ્રતિક્રમણ ઉભય હોય તે મિશ્ર પ્રાયશ્ચિત્ત કહેવાય છે. તેમાં પ્રથમ ગુરુની સમક્ષ અતિચારની આલોચના કરાય અને પછી ગુર્વાજ્ઞાથી મિચ્છા મિ દુક્કડં દેવાય. ઇષ્ટાનિષ્ટ શબ્દાદિ વિષયોમાં પોતાને રાગ કે દ્વેષ થઈ ગયાનો સંશય પડયો હોય ત્યારે આ પ્રાયશ્ચિત્ત કરાય છે. જો અહીં નિશ્ચય જ હોય તો તે આત્માને છઠ્ઠા નંબરનું તપ નામનું પ્રાયશ્ચિત્ત આવે છે.

**(૪) વિવેક** : જે આહાર, પાણી, ઉપકરણ, વસતિ વગેરે શુદ્ધ છે એમ સમજીને સેવવા છતાં પાછળથી અશુદ્ધ નીકળે અથવા જે વસ્તુઓ ક્ષેત્રાતીત કે કાલાતીત બની ગઈ હોય તેમનો જે ત્યાગ કરવો તે ત્યાગ જ વિવેક નામનું પ્રાયશ્ચિત્ત કહેવાય.

**(૫) વ્યુત્સર્ગ** : મન, વચન અને કાયાના અશુભ વ્યાપારોના ત્યાગરૂપ જે કાયોત્સર્ગ છે તે જ વ્યુત્સર્ગ નામનું પ્રાયશ્ચિત્ત છે. દોષિત વસ્તુનો ત્યાગ, ગમનાગમન, સાવદ્ય સ્વપ્નદર્શન, નાવડી વગેરેથી નદી આદિનું ઉત્તરણ, વડીનીતિ, લઘુનીતિ કર્યા બાદ જે કાયોત્સર્ગ કરવામાં આવે છે તે વ્યુત્સર્ગ નામનું પ્રાયશ્ચિત્ત છે.

**(૬) તપ** : છેદગ્રન્થો અથવા જિતકલ્પમાં કહ્યા પ્રમાણે અતિચારોની શુદ્ધિ માટે તપ નામનું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે. સચિત્ત પૃથ્વી આદિનો સંઘટ્ટો વગેરેથી માંડીને અબ્રહ્મનું સેવન સુધીના દોષોની શુદ્ધિ ગીતાર્થ ગુરુએ આપેલા તપ દ્વારા થઈ શકે છે. ભૂતકાળમાં ઉત્સર્ગમાર્ગે નીચે પ્રમાણેનો તપ તે તે દોષોની શુદ્ધિ માટે આપવામાં આવતો હતો. હાલમાં સંઘયણ આદિ બળની હીનતા થઈ જવાથી તેટલો મોટો તપ કરવાનું સામર્થ્ય ન હોવાથી તેની જગ્યાએ જે તપ આપવામાં આવે છે તે નીચે કૌંસમાં જણાવેલ છે.

૧. **ભિન્નમાસ** એટલે કે મહિનાની અંદરના ઉપવાસ (એક આની જેટલો નીવિનો તપ.)

૨. **લઘુમાસ** એટલે કે સાડાસત્યાવીસ ઉપવાસ (પુરિમુઢ્ઢ.)

૩. **ગુરુમાસ** એટલે કે એક મહિનાના પૂરા ઉપવાસ (એકાસણું.)

૪. **ચતુર્લઘુમાસ** એટલે કે એકસોદશ ઉપવાસ (એક (આયંબિલ.)

૫. **ચતુર્ગુરુમાસ** એટલે કે એકસોવીસ ઉપવાસ (એક ઉપવાસ)

૬. **ષડ્લઘુમાસ** એટલે કે એકસોપાસઠ ઉપવાસ (એક છટ્ઠ.)

૭. **ષડ્ગુરુમાસ** એટલે કે એકસો એંસી ઉપવાસ (એક અઠ્ઠમ)

જે નવકારશીના પચ્ચખાણ સહિત લુક્ખી નીવિ (આખો દિવસ વાપરી શકાય તેવી) કરવામાં આવે તે નીવિનો એક આની તપ ગણાય છે. અને જે લુક્ખી નીવિ એક જ વાર વાપરવા રૂપ એકાસણાના તપ સહિત કરવામાં આવે છે તે નીવિનો પાંચઆની તપ ગણવામાં આવે છે.

પુરિમુડ્ઢ અથવા એક બેસણું = બે આની તપ
એકાસણું = ચાર આની તપ
આયંબિલ = આઠ આની તપ
ઉપવાસ = સોળ આની તપ
એક કલ્યાણક = બે ઉપવાસ
પાંચ કલ્યાણક = દશ ઉપવાસ

**(૭) છેદ પ્રાયશ્ચિત્ત** : જો સાધુને તપપ્રાયશ્ચિત્ત આપવા છતાં તેના દોષોમાં સુધારો ન થાય તેવું જણાતું હોય (કેમ કે તેને તપ કોઠે પડી ગયો હોય.) તો ગુરુ તે દોષોની શુદ્ધિ માટે પાંચ, દશ, પંદર અહોરાત્રના ક્રમથી જેટલો યોગ્ય લાગે તેટલો તેનો ચારિત્ર-પર્યાય કાપી નાખે. તે છેદ-પ્રાયશ્ચિત્ત કહેવાય. આ પ્રાયશ્ચિત્ત તપ કરવામાં અસમર્થ એવા ગ્લાનાદિને અથવા નિષ્કારણ અપવાદ માર્ગને વારંવાર સેવવાની રુચિવાળા સાધુને પણ આપી શકાય છે.

(૮) **મૂળ પ્રાયશ્ચિત્ત** : મહાવ્રતોને ફરીથી ઉચ્ચરાવવા એટલે કે ફરીથી વડીદીક્ષા આપવી. અર્થાત્ (સંપૂર્ણ) દીક્ષા-પર્યાયનો છેદ કરવો તેને મૂળ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આકુટ્ટી એટલે કે વારંવાર જાણી જોઈને નિષ્ઠુર બનીને દોષ સેવવો તે. આવી આકુટ્ટીથી જે સાધુ પંચેન્દ્રિય જીવોનો વધ કરે, અહંકાર આદિથી મૈથુન સેવે, ભયંકર કોટિનો મૃષાવાદ કરે અથવા અદત્તાદાન કે પરિગ્રહ કરે અથવા નાના નાના પણ મૃષાવાદ આદિ દોષોને જાણીને નિષ્ઠુરતા સાથે સેવે તેને આ મૂળ પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે.

(૯) **અનવસ્થાપ્ય** : અવસ્થાપન એટલે વ્રતોચ્ચારણ. જે સાધુ એવો મોટો દોષ સેવી નાખે કે જેની શુદ્ધિ માટે તેને ફરીથી વ્રતોચ્ચારણ કરવાની સજા પણ ઓછી પડતી હોય તે સાધુને જે ઉગ્ર તપ આપવામાં આવે છે તે તપ જ્યાં સુધી તે પૂર્ણ ન કરે ત્યાં સુધી તેના સંપૂર્ણ દીક્ષાપર્યાયનો છેદ કરવો અને ફરીથી વ્રત ન ઉચ્ચરાવવા તેને અનવ-સ્થાપ્ય પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. એ સાધુને એટલો બધો સખ્ત તપ અપાતો હોય છે કે તે તપ વહન કરતાં કરતાં તેનામાં ઊઠવા-બેસવા જેટલી પણ શક્તિ રહેતી નથી. તેણે બીજા સાધુઓને કહેવું પડે છે કે, "હે સાધુઓ! મારાથી ઊભા થવાતું નથી, તમે મને ટેકો આપો." આવા વખતે અન્ય સાધુઓએ તેની તેવી ઇચ્છાઓ પૂર્ણ કરવી. પરંતુ તેની સાથે વાતચીત કરવી નહિ. આ રીતે જ્યારે તે તપ પૂર્ણ કરે ત્યારે જ તેને ફરીથી વ્રતોચ્ચારણ કરાવાય.

જે સાધુ લાઠી વગેરે શસ્ત્રોથી કે મુષ્ટિના પ્રહારોથી

નિર્દયપણે પોતાને અથવા બીજાઓને મારે અને અતિરૌદ્ર અધ્યવસાયોને તે વખતે સેવે, તીર્થંકર આદિની આશાતના કરે, સાધુઓ કે અન્યધર્મીઓની ચોરી કરે તેને આ પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે. તે જઘન્યથી છ માસ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ સુધીનું હોય છે.

(૧૦) **પારાઞ્ચિત** : જેનાથી હવે બીજું મોટું કોઈ પ્રાયશ્ચિત્ત રહ્યું નથી. અર્થાત્ જે સઘળાંય પ્રાયશ્ચિત્તનો **પાર** પામેલું છે તેવા આ છેલ્લા પ્રાયશ્ચિત્તને પારાઞ્ચિત પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આ પ્રાયશ્ચિત્ત માત્ર આચાર્યને અપાય છે. તેમાં તેને કુલ-ગણ અને સંઘથી પણ બહાર મૂકી દેવાય છે. આ પ્રાયશ્ચિત્ત જઘન્યથી છ મહિનાનું અને ઉત્કૃષ્ટથી બાર વર્ષનું હોય છે. તે સમયમાં તે આત્માએ વિશિષ્ટ આરાધનાઓ કરીને અતિચારોની વિશુદ્ધિ કરવાની હોય છે. તે દરમ્યાન તેણે તદ્દન ગુપ્ત (સાધુ વેષ સાથે) રહેવાનું હોય છે. અજાણ્યા પ્રદેશોમાં જઈને તેણે અતિ ઉગ્ર તપ કરવાનો હોય છે. ઉપાધ્યાયની પદવીવાળા સાધુ દશમા પ્રાયશ્ચિત્તને યોગ્ય અપરાધ સેવે તો પણ નવમું અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત અપાય છે. સામાન્ય સાધુઓને તો જો તેઓ નવમા કે દશમા પ્રાયશ્ચિત્તને યોગ્ય અપરાધ સેવે તોપણ તેમને આઠમું મૂળ પ્રાયાશ્ચિત્ત જ અપાય છે. હાલ નવમા અને દશમા પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ થયો છે. પ્રાકૃત સૂત્રોનો સંસ્કૃત ભાષામાં અનુવાદ કરવાનો વિચાર કરનાર અને નવકારમંત્રના પાંચ પદોનું સંસ્કૃત કરવાનો પ્રયત્ન કરનાર સિદ્ધસેન દિવાકરસૂરિજીને પારાઞ્ચિત નામનું પ્રાયાશ્ચિત્ત લેવું

પડ્યું હતું. સાધ્વીજી કે રાજરાણી સાથે ચતુર્થવ્રતનો સંપૂર્ણ ભંગ, સાધુ, સાધ્વી કે રાજા વગેરે ઉત્તમ કોટિના ગણાતા મનુષ્યોનો વધ, અરિહંત આદિની ઘોર આશાતના વગેરે જેવા અતિ મોટા અપરાધ કરનાર આચાર્યને આ પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે.

ઉપરનાં દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તોથી દોષોની શુદ્ધિ ત્યારે જ થાય, જ્યારે તે દોષો અંગેનો કારમો પશ્ચાત્તાપ તે વ્યક્તિના હૃદયમાં પ્રજ્વળતો હોય. નિશ્ચયનયથી તો આ કારમો પશ્ચાત્તાપ તે જ પ્રાયશ્ચિત્ત છે. માત્ર વ્યવહારથી બાહ્ય પ્રાયશ્ચિત્ત આપવાનું આવશ્યક છે.

**(૭) પરિષહજય**

જેનું સર્જન (સર્ગ) પાસે (ઉપ) થાય તે ઉપસર્ગ કહેવાય અને જેને મોક્ષમાર્ગમાં સ્થિર થવા માટે તથા કર્મોની વિપુલ નિર્જરા કરવા માટે વારંવાર (પરિ) સહન કરવામાં આવે (સહ) તે પરિષહ કહેવાય. તે ક્ષુધા-તૃષા વગેરે બાવીસ પ્રકારના છે. તેમાંના ત્રણ—પ્રજ્ઞા, સ્ત્રી અને સત્કાર પરિષહો અનુકૂળ પરિષહો છે. બાકીના ઓગણીસ પ્રતિકૂળ પરિષહો છે. પ્રતિકૂળ કરતાં અનુકૂળ પરિષહો વધુ ખતરનાક હોય છે. તેની ઉપર વિજય મેળવવા ઘણી મોટી ગુરુકૃપાની જરૂર પડે છે. એકી સાથે એક જીવને ઉત્કૃષ્ટથી વીસ પરિષહો હોય છે કેમ કે શીત અને ઉષ્ણમાંથી એક સમયે એક જ હોય અને વિહાર તથા વસતિમાંથી પણ એક સમયે એક જ હોય છે. તથા કોઈ વખત જીવને જઘન્યથી જ્યારે પરિષહ હોય ત્યારે એક જ હોય છે તેમ પ્રવચન સારોદ્ધારની ગાથા છસોએકાણું (૬૯૧)માં કહ્યું છે.

# આચાર્યપદ અને તેની જવાબદારી

## ૭

### આચાર્યપદ(ગણિ)ને યોગ્ય કોણ

આ ગચ્છવાસ વગેરે સાત અનુષ્ઠાનોનું જે સાધુઓ નિર્મળ મનથી અને ઊછળતા ભાવથી પાલન કરે છે તેમના ચારિત્રના અધ્યવસાયોની નિર્મળતા થાય છે અને અધ્યવસાયોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. એટલું જ નહિ પણ ઉપર ઉપરનાં ગુણસ્થાનોની પણ પ્રાપ્તિ થતી જાય છે. પંચાશકજીમાં તો કહ્યું છે કે "આ રીતે નિર્મળ ચારિત્રનું પાલન કરવું તે જ સમ્યગ્દર્શન છે અને તે જ સમ્યગ્જ્ઞાન છે. આવા નિર્મળ ચારિત્ર વિનાનાં કોરા જ્ઞાન અને કોરી શ્રદ્ધા મોક્ષ આપવા માટે સમર્થ બનતાં નથી." આ હકીકત નિશ્ચયનયથી સમજવી. વ્યવહારનય તો સમ્યગ્જ્ઞાનને પણ ભવિષ્યમાં ચારિત્ર પમાડીને મુક્તિનું ફળ આપનારા હોવાથી સફળ માને છે. આ રીતે ગચ્છવાસ વગેરેની પાસે રહીને મુનિજીવનની સુંદર આરાધના કરતાં સાધુ ગણિપદને યોગ્ય બને છે.

આઠ વર્ષની ઉંમરે ચારિત્રની પ્રાપ્તિ કરાય છે. ચારિત્ર પ્રાપ્ત કર્યા બાદ બાર વર્ષ સુધી સૂત્ર પ્રાપ્તિ; ત્યાર પછી બાર વર્ષ સુધી અર્થપ્રાપ્તિ અને ત્યાર પછી બાર વર્ષ

સુધી દેશપર્યટન–અનુભવ જ્ઞાન–ભાષાજ્ઞાન–શિષ્યપ્રાપ્તિ વગેરે કરતાં કુલ ઉંમરનાં ચુમ્માલીસ વર્ષ પૂરાં થાય છે. એટલે પિસ્તાલીસમા વર્ષે તે મુનિ ગચ્છને સંભાળવાની અનુજ્ઞા અર્થાત્ ગણિપદ (આચાર્યપદ) પામે છે. (હાલ તો ભગવતી-સૂત્રના યોગના સાડાચાર મહિના પૂરા થતાં જે અનુજ્ઞા કરવામાં આવે છે તે અનુજ્ઞાથી જ ગણિપદ પ્રાપ્ત થાય છે. ત્યાર પછી યોગ્ય સમયે તેને પંન્યાસ — ઉપાધ્યાય પદ આપીને આચાર્યપદ ઉપર આરૂઢ કરવામાં આવે છે. આમ હાલ ગણિ અને આચાર્ય એ બે પદ જુદાં ગણવામાં આવે છે.) જે છત્રીસ ગુણોથી યુક્ત હોય તે જ આચાર્ય પદને યોગ્ય છે. પિસ્તાલીસ વર્ષની ઉંમરમાં જરૂર અપવાદ હોઈ શકે છે. જે આચાર્ય થવાને પાત્ર હોય તેનાં મહાવ્રતો અખંડ હોય, તે સાધુઓના પરિવારથી યુક્ત હોય, મુક્તિ-પદનો અભિલાષી હોય, ચતુર્વિધ સંઘને માન્ય હોય, અને શિષ્યોને સારણા વગેરે કરવામાં કુશળ હોય.

પડતા કાળના કારણે છત્રીસમાંથી બેચાર ગુણોથી હીન હોય તે પણ આચાર્યપદને યોગ્ય ગણી શકાય. એટલે કે સામાન્ય કક્ષાના ગુણોની ખામી હજી ચાલી શકે. પરંતુ મહાવ્રતોની ખામીવાળો કદાપિ આચાર્ય થઈ શકે નહિ. આ વાતની ચંડરુદ્ર નામના આચાર્ય સાક્ષીરૂપ છે. જો મૂળગુણની ખામીવાળાને આચાર્યપદ આપવામાં આવે તો તેથી પદ આપનારને તીર્થંકરોની આશાતનાનું પાપ લાગે છે. એમ કરવાથી શાસનની અપભ્રાજના તથા સમ્યગ્જ્ઞાના-દિગુણોની હાનિ થતાં તીર્થનો ઉચ્છેદ થવાનો દોષ લાગે છે.

જેણે હજી સકલ સૂત્રોને અને તેના અર્થને સારી રીતે જાણ્યાં નથી, તેને વ્યાખ્યાન કરવાનો કોઈ અધિકાર નથી. એવા મૂર્ખ ગુરુના જે શિષ્યો થાય તે પણ મૂર્ખ જ રહે. તેથી તે શિષ્યોના શિષ્યો પણ મૂર્ખ રહે. એવી મૂર્ખપરંપરાના સાધુઓ વેષધારી સાધુઓ જ કહેવાય. આમથતાં તીર્થનો ઉચ્છેદ થાય. માટે જે કાળમાં જે સૂત્રો વિદ્યમાન હોય તે સૂત્રો અને તેના અર્થોને જેણે ખૂબ સારી રીતે અવગાહ્યાં હોય તેવા મહાવ્રતધારી સાધુને જ આચાર્ય-પદ આપી શકાય.

જગતમાં બહુશ્રુત તરીકેની જેને ખ્યાતિ મળી, જેનો શિષ્યપરિવાર વધ્યો પરંતુ જે સિદ્ધાંતને સમજવામાં કાચો રહ્યો, એથી જેની પ્રવૃત્તિ જિનશાસનથી વિરુદ્ધ થવા લાગી તેવા અતિવિદ્વાન અને ઘણા શિષ્યવાન આચાર્યની જિન-શાસનમાં કોઈ કિંમત નથી.

**આચાર્યના પાંચ અતિશયો** (સેવાઓ)

આચાર્યની નીચે પ્રમાણેની પાંચ સેવાઓ કરવી જોઈએ.

(૧-૨) ઉત્તમ કોટિનાં આહાર અને પાણી તેમને વપરાવવાં જોઈએ. જેમ કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરદેવ ભિક્ષા માટે ન ફરે તેમ આઠ પ્રકારની આચાર્યની સંપત્તિથી યુક્ત આચાર્ય પણ ભિક્ષા લેવા માટે જાય નહિ. જો કદાચ તે ભિક્ષા લેવા જવાનું ઇચ્છે તો વૃષભ સાધુઓ તેમને રોકયા વિના રહે નહિ. જો વૃષભ સાધુઓ તેમને ન રોકે તો તેમને ચતુર્લઘુપ્રાયશ્ચિત્ત આવે. જો આચાર્ય હઠ કરીને

જાય તો તેમને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. જો ગીતાર્થ આચાર્યને ન રોકે તો તેને માસગુરુપ્રાયશ્ચિત્ત આવે. અને જો અગીતાર્થ ન રોકે તો તેને માસલઘુપ્રાયશ્ચિત્ત આવે. અને તે બંનેએ રોકવા છતાં આચાર્ય ન રોકાય તો આચાર્યને પ્રત્યેકના બદલામાં ચતુર્ગુરુપ્રાયશ્ચિત્ત આવે. ઉપરાંત આચાર્યને જિનાજ્ઞાભંગ વગેરે દોષ લાગે તે જુદા.

જો અન્ય સાધુઓથી સમસ્ત ગચ્છનો જઘન્ય કક્ષાએ પણ નિર્વાહ થઈ શકતો હોય તો આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગણાવચ્છેદક એ પાંચેય ગોચરી લેવા ન જાય. પણ જો ગચ્છનો જઘન્ય નિર્વાહ પણ ન થઈ શકે તેમ હોય તો ખુદ આચાર્ય પણ ગોચરી લેવા જઈ શકે.

આચાર્યપદ પામેલા સુયોગ્ય આચાર્ય ભગવંત જૈનસંઘના યોગક્ષેમ માટે અત્યંત જાગ્રત રહે અને તેની સાથે યોગ્ય સાધુઓને આગમોક્ત વિધિથી હંમેશ વ્યાખ્યાન આપે. જે સાધુઓ આવશ્યક સૂત્રોથી માંડીને સૂયગડાંગ સૂત્ર સુધીનું અધ્યયન કરી ચૂકયા હોય તે સાધુઓને શાસ્ત્ર પરિભાષામાં 'કલ્પિક' અથવા 'પાત્ર' કહ્યા છે.

આટલું અધ્યયન કરનારા મુનિઓ નિશ્ચિતપણે તાર્કિક અને સૂક્ષ્મબુદ્ધિવાળા બની ચૂકયા હોય. એટલે તેવા મુનિઓને જ આચાર્ય વાચના, વ્યાખ્યાન આપે. પણ જો છેદગ્રન્થોનું વ્યાખ્યાન આપવાનું હોય તો તે સાંભળનાર મુનિ શ્રુત અને ચારિત્રધર્મ પ્રત્યે અત્યંત આદરવાળો, પાપભીરુ અને ઉત્સર્ગ અપવાદના વિષયમાં ઊંડી સમજવાળો (પરિણત)

હોવો જોઈએ. આ ગુણો સિવાયના સાધુઓને છેદગ્રન્થોનું વ્યાખ્યાન આપવાથી લાભ થવાને બદલે નુકસાન થવાની મોટી શકયતા છે. આચાર્યે જે વ્યાખ્યાન આપવાનું છે તે માત્ર બોલી જવા રૂપ (પોપટિયું) ન હોવું જોઈએ. તેણે એવી રીતે વ્યાખ્યાન કરવું જોઈએ કે જેથી શ્રોતાઓને સમ્યગ્ બોધ થાય. વળી જે **આગમગમ્ય** પદાર્થો હોય તેને આગમનાં વચનોથી સમજાવવા અને તે વખતે કહેવું કે, "તારક તીર્થંકર દેવે આમ કહ્યું છે માટે શ્રદ્ધાથી આપણે માનવું જ જોઈએ. આમાં તર્ક ચાલે નહિ." જે **યુક્તિગમ્ય** પદાર્થો હોય તેને યુક્તિ અને દૃષ્ટાંતથી જ સમજાવવા જોઈએ. જો આગમગમ્ય પદાર્થોને તર્કથી સમજાવવા જાય અથવા તર્કગમ્ય પદાર્થોને આગમગમ્ય (શ્રદ્ધાગમ્ય) કહી દે તો તે આચાર્યને પ્રાયશ્ચિત્ત આવે. જે પદાર્થો જેવા હોય તેવું તેનું નિરૂપણ કરવાથી જૈન શ્રુતનો મહિમા વધે છે. અન્યથા હીલના થાય છે. જેને આપણે આચાર્ય કહીએ છીએ તેને શાસ્ત્રીય ભાષામાં અનુયોગાચાર્ય કહેવાય છે. (અનુયોગ એટલે સૂત્રો ઉપરનું વ્યાખ્યાન કરનારા તે અનુયોગાચાર્ય.)

**ગચ્છાધિપતિપદ**

ઉપર જણાવ્યા તેવા અનુયોગાચાર્યમાં અથવા તો ક્યારેક ગુણોના સ્વામીના ગુરુને જો યોગ્યતા દેખાય તો વિધિપૂર્વક ગચ્છાધિપતિપદ ઉપર આરૂઢ કરી શકે. જે સૂત્રાર્થના જ્ઞાતા હોય, ધર્મમાં દૃઢ પ્રીતિવાળા હોય, અનુવર્તક હોય, ઉત્તમ જાતિ અને કુળવાળા હોય, ગંભીર, લબ્ધિમાન, શિષ્યપરિવારવાળા, શ્રુતરાગી, સાધુક્રિયાના

અભ્યાસી જે આચાર્ય હોય તે ગચ્છાધિપતિપદને માટે યોગ્ય છે. સૂત્રાર્થના જ્ઞાતાપણામાં ખાસ કરીને છેદસૂત્રોનું જ્ઞાતાપણું—વિશેષતઃ અર્થથી જ્ઞાતાપણું—તેનામાં અવશ્ય હોવું જોઈએ.

ગચ્છાધિપતિપદને બીજી ભાષામાં ઉત્તમ વ્યવહારી કહેલ છે. જેની પાસે દ્રવ્યપરિચ્છદ (દ્રવ્યસંપત્તિ) હોય અને ભાવપરિચ્છદ (ગુણસંપત્તિ) હોય તે જ ગચ્છાધિપતિ થઈ શકે. દ્રવ્યપરિચ્છદ ત્રણ પ્રકારે છે: (૧) સચિત્ત (શિષ્ય વગેરે), (૨) અચિત્ત (ઉપકરણ વગેરે) અને (૩) મિશ્ર (ઉપધિયુક્ત શિષ્ય વગેરે).

ભાવપરિચ્છદ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર, તપ અને વિનય એમ પાંચ પ્રકારે છે. આ બંને પ્રકારની સંપત્તિ જેની પાસે હોય તેણે જ વિપુલ કર્મ-નિર્જરા કરવા માટે ગચ્છાધિપતિપદ પામવાની ઇચ્છા કરવી.

ગુરુએ આચાર્યપણું વગેરે પદ આપ્યું હોય કે ન આપ્યું હોય પણ ગીતાર્થો તેને કબૂલ કરે તો જ તે માન્ય થાય અને અસ્વીકાર કરે તો અમાન્ય થાય એમ શાસ્ત્રોમાં (વ્યવહારભાષામાં) કહ્યું છે.

સ્થવિરોએ આચાર્યના મૃતકને "ચિલિમિલી" એટલે પડદામાં ગુપ્ત રાખવું અને બહારના સાધુમંડલને જણાવવું કે, "આચાર્યના શરીરે અતીવ અશુભ છે, બોલવાની પણ શક્તિ નથી." એમ બહારનાઓને સમજાવીને જે સાધુ વગેરે આચાર્યપદને યોગ્ય હોય તેને પડદાની બહાર બેસાડીને

મૃત આચાર્યને પૂછે કે, 'સૂરિપદે કોને સ્થાપવો?' એમ બોલીને પડદામાં રહેલા ગીતાર્થો (સ્થવિરો) આચાર્યનો (મૃતકનો) હાથ આચાર્યપદ જેને આપવાનું હોય તેની સન્મુખ લાંબો કરી બીજાઓને દેખાડે અને કહે કે "આચાર્યપણું આ અમુકને આપવાની ગુરુની અનુજ્ઞા છે. પણ તેઓ મુખે ઉચ્ચાર કરી શકતા નથી, હાથ લાંબો કરીને આને અનુજ્ઞા કરે છે, માટે એના મસ્તકે અમે સૂરિપદનો વાસ નિક્ષેપ કરીએ છીએ. હવે પછી આચાર્યપદે આ સાધુને સ્થાપ્યો છે." એમ કહીને પછી આચાર્ય એકાએક કાલગત થયા છે, એમ જાહેર કરે. 'પરિભવ સુત્તત્થહાવણયા' એટલે જેઓ નૂતન આચાર્યનો પરાભવ કરવાની બુદ્ધિથી તેનો યોગ્ય વિનય ન કરે તે સાધુઓના સૂત્ર અથવા અર્થ કાપી નાખે, અર્થાત્ ન ભણાવે.

એમ પરમાર્થથી ગુરુએ નહિ આપેલી પણ દિશા (એટલે દિગાચાર્યની પદવી) સ્થવિરોએ જ આપી ગણાય. હવે ગુરુએ આપવા છતાં ગીતાર્થો (સ્થવિરો) તેને કબૂલ ન પણ કરે, કારણ એ છે કે પુરાણ આચાર્યે કહ્યું હોય કે, 'આ(અમુક)ને આચાર્યપદે સ્થાપવો,' ત્યારે તેના દોષ-ગુણો જાણીને સ્થવિરોએ 'આચાર્યપદે સ્થાપવો કે ન સ્થાપવો' તે માટે સૂત્રમાં વિકલ્પ સંભળાય છે. એથી 'સ્થવિરોની જ અનુમતિ આચાર્યપદ(દિગ્દાન)માં પ્રધાન છે.' એમ સિદ્ધ થયું.

આચાર્ય અથવા ઉપાધ્યાય ધાતુઓના વિકાર (ક્ષોભ) વગેરે કોઈ કારણથી (એકાએક) બીમાર થાય અને ઉપધ્યાય,

પ્રવર્ત્તક, ગણાવચ્છેદક કે સાધુઓ પૈકી કોઈને પૂર્વે કોઈ કારણે મોટો (આચાર્ય) બનાવી શક્યા ન હોય, તો એ બિમારી પ્રસંગે એક સાધુને આચાર્ય બનાવવાની ઇચ્છાથી ગુરુ કહે કે 'હે આર્યો! હું કાલધર્મ પામું ત્યારે આ અમુકને આચાર્ય બનાવજો' એ રીતે જેને આચાર્ય બનાવવાનું કહ્યું હોય તેની સ્થવિરોએ પરીક્ષા કરીને જો તે યોગ્ય હોય તો તેને આચાર્યપદે સ્થાપવો, પણ જો તે મોટાઈનો અર્થી (રસ-ઋધિ-શાતા-ગારવવાળો) હોય, પોતાના ગુરુને અસમાધિ-મરણનો ભય પમાડવાથી ગુરુએ ડરીને તેને આચાર્ય બનાવવાનું કહ્યું હોય, ભિન્ન ભિન્ન દેશમાં વિચરીને (વિવિધ) ભાષાઓ વગેરેનો જાણ ન થયો હોય, અથવા પદ આપ્યા પછી કઠોરભાષી થયો હોય, તો પૂર્વે ગુરુની સમક્ષ કબૂલ્યું હોય છતાં ઉપર્યુક્ત કારણે એમ લાગે કે 'આચાર્ય બનાવવા યોગ્ય નથી' તો તેને આચાર્ય નહિ બનાવવો. વળી પૂર્વે કબૂલ રાખ્યો હોય તે મધુર (સર્વની પ્રીતિ સંપાદન કરે તેવો) હોય છતાં અસંગ્રહશીલ (શિષ્યોને, ઉપધિને, કે સૂત્રાર્થને મેળવવાની—રક્ષણ કરવાની વૃત્તિ વિનાનો) અને યોગ્યતા પ્રમાણે વાચના આપીને શિષ્યોને યોગ્ય (જ્ઞાની) બનાવવાની કળા (આવડત) વિનાનો એમ ગુણોથી રહિત હોય તેને પણ આચાર્ય નહિ બનાવવો. અથવા કાલગત આચાર્યનો એક પણ શિષ્ય (ગુરુની હયાતીમાં) પૂર્ણ યોગ્ય ન થવાથી ગુરુએ અંતસમયે 'મારો શિષ્ય યોગ્ય બને ત્યારે એને આચાર્ય બનાવવો અને મેં આપેલું આ આચાર્યપદ તારે છોડી દેવું.' એવી કબૂલાત લઈને

અન્યગચ્છીય કોઈ સાધુ ઉપસંપદા સ્વીકારીને રહ્યો હોય તેને, અથવા વિશિષ્ટ પ્રતિભા વગેરે ગુણોથી ભવિષ્યમાં યોગ્ય બનવાનો સંભવ હોય તેવો પોતાનો શિષ્ય હોવા છતાં તે વર્તમાનમાં શ્રુતથી કે પર્યાયથી અપૂર્ણ હોય ત્યારે (પર્યાય-શ્રુતથી) પૂર્ણ થયેલા પોતાના કોઈ અન્ય શિષ્યને પૂર્વે કહી તેવી કબૂલાત લઈને ગુરુ તેને ગચ્છાધિપતિ સ્થાપે, છતાં બંને (અન્યગચ્છીય કે પોતાનો શિષ્ય) પ્રતિજ્ઞા પૂર્ણ થતાં પોતાનું સ્થાન (પદ) ન છોડે તો તેઓને છેદ, પરિહાર, અથવા સપ્તરાત્રનો તપ ઇત્યાદિક પ્રાસંગિક પ્રાયશ્ચિત્ત આપવું. વળી આચાર્યે કાળધર્મ પામતાં જે યોગ્ય શિષ્યને ભવિષ્યમાં ગચ્છાધિપતિ બનાવવાનું કહ્યું હોય તે સ્વયં આચાર્યના મરણ પછી અભ્યુદ્યતવિહાર (જિનકલ્પ વગેરે એકાકીપણું) અથવા અભ્યુદ્યતમરણ (અનશન) કરવા ઇચ્છે ત્યારે જો બીજો કોઈ તે જ ગચ્છનો સાધુ ગચ્છાધિપતિપદ માટે યોગ્ય હોય તો તેને ગચ્છાધિપતિ બનાવી (અન્યગચ્છીયને ત્યજી) દેવો, પણ બીજો યોગ્ય સાધુ ન હોય તો ગીતાર્થ—સ્થવિરોએ જે ઉદ્યતવિહાર કે અનશન કરવા ઇચ્છતો હોય તેને કહેવું કે 'બીજાને ગીતાર્થ બનાવતાં સુધી તમે ગચ્છાધિપતિપદનું પાલન કરો, બીજો યોગ્ય તૈયાર થયા પછી તમોને જેમ યોગ્ય લાગે તેમ કરજો.' એમ પ્રાર્થના કરીને તેને જ આચાર્ય બનાવવો. એ રીતે ગણધરપદને સ્વીકારીને કોઈ એકને યોગ્ય બનાવે. જો પાછળથી તેને ચિત્તમાં એમ સમજાય કે 'અભ્યુદ્યતવિહારની અપેક્ષાએ પણ ગચ્છનું પાલન કરવું તે

મોટી નિર્જરાનું કારણ છે, માટે હું જ ગચ્છને સંભાળું”, તો ગીતાર્થો તેને કહે કે હવે ‘ગણધરપદને છોડો’ ત્યારે તે કહે કે, ‘છોડીશ નહિ, હું જ ગચ્છને પાલન કરવા ઇચ્છું છું.’ એવા પ્રસંગે ક્ષોભ પામીને જે બીજાઓ એમ કહે કે, ‘તને અયોગ્યને આચાર્યપદ ખોટું આપ્યું. તને તારું આચાર્યપદ ભલે રુચ્યું પણ અમને રુચતું નથી’ તો તેઓને ‘ચતુર્ગુરુ’ પ્રાયશ્ચિત્ત આવે તથા તેઓ પૂર્ણ-યોગ્ય ન થયેલાને આચાર્યપદ આપે તો તેનું પણ તેટલું જ પ્રાયશ્ચિત્ત આવે, એમ સમજવું. એટલું જ નહિ, એ અગીતાર્થ આચાર્યની ગચ્છના સાધુઓ ભવિષ્યમાં સેવા કરશે તેટલું તેને પ્રાયશ્ચિત્ત વધારે સમજવું. હા, પૂર્ણ-યોગ્ય થયા પછી તેને આચાર્યપદ આપતાં છેદ, પરિહાર, અથવા સપ્તરાત્રતપ, એકેય પ્રાયાશ્ચિત્ત લાગે નહિ. વળી ગચ્છના જે સાધુઓ (પૂર્વે જણાવ્યા પ્રમાણે જેને ઈત્વરિક આચાર્યપદ આપ્યું હોય તે) પોતાના ગચ્છના અથવા ઉપસંપદા લઈને રહેલા અન્યગચ્છીય સાધુને આચાર્ય બનાવ્યા પછી કલ્પને અનુસારે (સ્વ-સ્વ મર્યાદા પ્રમાણે) વન્દન વગેરેથી તેનો વિનયાદિ કરે નહિ, તેઓને પણ યથાયોગ્ય છેદ, પરિહાર અથવા સપ્તરાત્રનો તપ ઇત્યાદિ પ્રાયશ્ચિત્ત લાગે. એમ અહીં સંક્ષેપથી કહ્યું.

**સવાલ**: ગુરુએ આચાર્યપદ આપવાની આજ્ઞા કરી હોય છતાં ગીતાર્થો તેને છીનવી લે (આચાર્યપદ ન આપે) તો ગુરુની આજ્ઞાનો ભંગ થાય તેનું શું?

**જવાબ** ત્યાં સમજવું કે,–એમ નથી, વસ્તુતઃ પ્રસ્તુત

વિષયમાં આજ્ઞાનું પાલન માત્ર શાબ્દિક સમજવાનું નથી, પણ ભાવ રૂપે (આશયને અનુસરીને) સમજવાનું છે. ગુરુએ પણ (ગચ્છની રક્ષા) ભાવથી (આશયથી) આચાર્યપદ આપ્યું (કે આપવાનું સૂચવ્યું) હોય છે, માટે જો તે પ્રમાણે ગચ્છની રક્ષા ન થાય તો ત્યાં ગુરુની આજ્ઞાનો જ અભાવ સમજવો. એટલું જ નહિ, અયોગ્યનો ત્યાગ કરવો તે નિશ્ચયથી ગુરુની આજ્ઞાનું પાલન જ છે, ઉલટું અસદ્વ્યવહાર કરવા છતાં પદને છીનવી ન લે તો (સ્થવિરોએ) ગુરુની આજ્ઞાનો ભંગ કર્યો ગણાય. વળી (એ પણ વિચારવું જોઈએ કે) મહાનિશિથમાં કુગુરુને સંઘ બહાર કરવાનું કહ્યું છે તે પણ પદવીના અપહરણ વિના કેમ ઘટે? માટે ગુરુની અને શ્રી જિનેશ્વર ભગવાનની આ એક જ આજ્ઞા છે, એમ નક્કી થયું.

શુદ્ધ ગીતાર્થ તેને જાણવો કે કોઈ કાર્ય આવી પડે ત્યારે જે માયાવી, મૃષાવાદી, અશુચિત્વવાદિ (આહારાદિને અર્થે અસદાચારી) અને પાપશ્રુતનો (જ્યોતિષાદિ નિમિત્તોનો) પ્રરૂપક (આશ્રય લેનારો) પણ ન હોય, કારણ કે તે દોષોને કારણે તેવાને તો જીવે ત્યાં સુધી આચાર્યપણું વગેરે પદ આપવાનો જ નિષેધ છે, એ વ્યવહારના ત્રીજા ઉદ્દેશામાં સાત સૂત્રો (૨૩થી ૨૯)થી કહ્યું છે.

એવાઓને જીવતાં સુધી તે પદો આપી શકાય નહિ. અહીં સો અપરાધ કરનારને મારવો યોગ્ય નથી અને હજાર અપરાધ કરનારને દંડ પણ કરવો યોગ્ય નથી, ઈત્યાદિ લૌકિક ન્યાયને અનુસરીને વારંવાર ઘણા અપરાધો

કરનારને પ્રાયશ્ચિત્ત પણ ન અપાય. (કારણ કે ઘણું આપવા છતાં તેની શુદ્ધિ ન થાય.)

તથા ગચ્છાચાર્યમાં ગીતાર્થપણાની જેમ સારણાદિ ગુણની પણ અવશ્ય અપેક્ષા છે. કારણ કે ગીતાર્થ પણ આચાર્ય જો ગચ્છની સારણા–વારણાદિ ન કરે અને દુષ્ટ શિષ્યોને પણ ન તજે, તો તેને મહાનિશિથસૂત્રની પહેલી ચૂલાના તેરમા સૂત્રમાં આ પ્રમાણે મોટું પ્રાયશ્ચિત્ત કહેલું છે:

"હે ભગવંત! જે ગણિ (અન્ય કાર્યોમાં) અપ્રમાદી થઈને સૂત્રને અનુસારે યથોક્ત ઉપાયોથી નિશ્ચે અહોનિશિ સતત ગચ્છને ન સંભાળે (સારણાદિ ન કરે) તેને શું પ્રાયશ્ચિત્ત અપાય?"

"હે ગૌતમ! ગચ્છની સઘળી પ્રવૃત્તિના પરિહાર રૂપ (છોડાવવા) રૂપ) પ્રાયશ્ચિત અપાય."

તથા "હે ભગવંત! જે સર્વપ્રમાદનાં કારણોથી મુક્ત (અપ્રમાદી) ગણિસૂત્રને અનુસારે યથોક્ત ઉપાયોથી સતત રાતદિવસ ગચ્છને સંભાળે, છતાં તેનો કોઈ તેવો દુષ્ટ શિષ્ય સન્માર્ગે ન આવે તો શું ગુરુને પ્રાયશ્ચિત્ત અપાય?"

"હે ગૌતમ! અપાય."

"હે ભગવંત! કયા કારણે અપાય?"

"હે ગૌતમ! તેણે ગુણદોષની પરીક્ષા કર્યા વિના શિષ્યદીક્ષા આપી તે કારણે અપાય."

"હે ભગવંત! તેને કયું પ્રાયશ્ચિત્ત અપાય?"

"હે ગૌતમ! એવા ગુણોથી યુક્ત (પણ) જે ગચ્છાધિપતિ એવા પાપાચારી ગચ્છ(શિષ્ય)ને ત્રિવિધે વોસિરાવીને પોતાનું હિત (સંયમ) સાધવા માટે સમ્યગ્ ઉદ્યમી ન થાય તેને સંઘ બહાર કરવો જોઈએ."

"હે ભગવંત! જો તે ગણીએ ગચ્છને (સ્વશિષ્યને) ત્રિવિધે ત્રિવિધે વોસિરાવ્યો હોય તો તેને ગચ્છમાં સ્વીકારાય?"

"(હે ગૌતમ!) જો સંવિગ્ન બનીને, યથોક્ત પ્રાયશ્ચિત્ત કરીને, બીજા ગચ્છાધિપતિની ઉપસંપદા (આજ્ઞા) સ્વીકારીને સન્માર્ગને અનુસરે તો સ્વીકારાય અને જો સ્વચ્છંદપણાથી તેવું જ વર્તન કરે તો ચતુર્વિધ શ્રી સંઘની બહાર કરેલા તેને ગચ્છ (પણ) ન સ્વીકારે."

જે પ્રમાદી ગચ્છની સારણાદિ ન કરે તેને તો (અન્ય સર્વ સાધુઓના પ્રાયશ્ચિત્તનો) એકત્ર સરવાળો કરવાથી જેટલું થાય તેનાથી ચારગણું પ્રાયશ્ચિત્ત લાગે.

શિષ્યે પણ તેવા કુગુરુ(ગચ્છાધપતિ)ને સર્વથા છોડી દેવા જોઈએ. અને ગુરુ શિષ્યપણાનો સંબંધ છોડવા સંબંધી લેખ લખાવી લેવાપૂર્વક તેઓનો અધિકાર તોડીને બીજા સુવિહિત ગચ્છની આજ્ઞા સ્વીકારીને ઘોર તપ (અને આકરા સંયમ)નું અનુષ્ઠાન કરવું જોઈએ. છતાં એ રીતે આરાધના માટે ઉદ્યત શિષ્યને જે ગુરુ હસ્તાક્ષરથી લખી આપે (છોડે) નહિ તો તે મહાપાપ પ્રસંગના કરનાર ગુરુ સંઘ બહાર કરવા જોઈએ.

કુગુરુનો ત્યાગ પણ બીજાગણનો આશ્રય મળે તેમ હોય ત્યારે જ (અને વિધિપૂર્વક) કરવો ઉચિત ગણાય, અન્યથા નહિ.

**જાતકલ્પ અને સમાપ્તકલ્પ**

**જાતકલ્પ :** જાત અને અજાત એવા બે પ્રકારના વિહાર અંગેના કલ્પ છે. તેમાં ઋતુબદ્ધકાળમાં (શેષકાળમાં) પાંચનો જે ગણ હોય અને વર્ષાકાળમાં સાત સાધુનો જે ગણ હોય તે જાતકલ્પ કહેવાય. બીમારી આદિના વધુ શકયતાના કારણે વર્ષાકાળમાં વધુ સાધુઓ લેવા જરૂરી છે. માટે સાત કહ્યા. એનાથી તે તે કાળમાં ઓછા સાધુઓનો ગણ હોય તો તે અજાતકલ્પ કહેવાય.

**સમાપ્તકલ્પ :** આ કલ્પ ગીતાર્થ અંગેનો છે. જે ગણમાં બધા ગીતાર્થ હોય અથવા એકાદ વગેરે ગીતાર્થ હોય અને બાકીના બધા તે ગીતાર્થની આજ્ઞાને બરોબર સ્વીકારતા હોય તો તે ગણને સમાપ્તકલ્પ કહેવાય છે. તેથી વિરુદ્ધ ગણને અસમાપ્તગણ કહેવાય છે.

જે ગણ જાત અને સમાપ્તકલ્પરૂપે હોય તે ગણને જ વસ્ત્ર, પાત્ર, શિષ્યનું આભાવ્ય થાય છે. એટલે કે તે ગણને જ તે બધાની માલિકી કરવાનો અધિકાર મળે છે. આ ઉત્સર્ગ માર્ગે સમજવું અપવાદ માર્ગે તો ઘણા બધા વિકલ્પો જણાવવામાં આવ્યા છે.

સાધ્વીજીઓને અનેક દોષોનો સંભવ હોવાથી તેમના જાતકલ્પમાં સંખ્યા દ્વિગુણ કરવી. (પાંચના સ્થાને દશ અને સાતના સ્થાને ચૌદ.)

**ગચ્છના પાંચ ભેદો**

ગચ્છાધિપતિની નિશ્રામાં રહેલા ગચ્છના સાધુઓને તેમની યોગ્યતા મુજબ ગચ્છાધિપતિ પાંચ પદવીઓ આપે છે : ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. પ્રવર્તક, ૪. સ્થવિર અને ૫. ગણાવચ્છેદક. જો ગચ્છમાં આ પાંચમાંથી કોઈ પણ એક ન હોય તો તે ગચ્છને યતિદિનચર્યામાં કુગચ્છ કહેવામાં આવ્યો છે. આ પાંચે પદોની શાસ્ત્રવિધિ મુજબ અનુજ્ઞા કરવામાં આવે છે. આ પાંચેયમાં ગીતાર્થપણું તો હોવું જ જોઈએ. તદુપરાંત તે તે પદોની વિશિષ્ટતાઓ તેમનામાં હોવી જોઈએ, જે નીચે પ્રમાણે છે :

૧. **આચાર્ય** : તેમનાં લક્ષણો પૂર્વે જણાવેલાં છે.

૨. **ઉપાધ્યાય** : જે રત્નત્રયીના સુંદર આરાધક હોય, ભવિષ્યમાં આચાર્યપદ પામવાને યોગ્ય જણાતા હોય, સૂત્ર અને અર્થના જ્ઞાતા હોય, મુખ્યત્વે **સૂત્રોની વાચના આપવામાં** અત્યંત **કુશળ** હોય, તેવા ગુણિયલ મહાત્મા ઉપાધ્યાયપદને યોગ્ય છે. ઉપ એટલે નજીક, અર્થાત્ જેની પાસે જઈને અધ્યયન (અધ્યાય) કરવાનું છે, તે ઉપાધ્યાય કહેવાય.

૩. **પ્રવર્તક** : ગચ્છના સાધુઓને **તપ**, સંયમ, સ્વાધ્યાય વગેરેમાં **પ્રવર્તાવવાની** જેની વાણીમાં લબ્ધિ હોય, જે ગચ્છની ચિંતા કરતા હોય તે મહાત્મા પ્રવર્તકપદને યોગ્ય ગણાય.

૪. **સ્થવિર** : પ્રવર્તકે જેમને તપ-સંયમ કે સ્વાધ્યાયમાં જોડ્યા, પરંતુ કોઈ કારણસર તે સાધુઓ તેમાં પ્રમાદ કરતા

હોય, સીદાતા હોય કે અસ્થિર બની જતા હોય ત્યારે તેમને સ્થિર કરવાની જેમની પાસે શક્તિ છે તે મહાત્મા સ્થવિર-પદને યોગ્ય છે.

જેનો દીક્ષાપર્યાય ઓગણીસ વર્ષનો થઈ ગયો હોય તેમને પર્યાય સ્થવિર કહેવાય છે. જેમણે સમવાયાંગ સુધીનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોય તે મહાત્મા પર્યાયમાં ઓછા હોવા છતાં શ્રુતસ્થવિર કહેવાય છે. અને જેમની ઉંમર સાઠ વર્ષથી વધારે હોય તેઓ વયસ્થવિર કહેવાય છે.

**૫. ગણાવચ્છેદક :** શાસનપ્રભાવના કરવાની, ગચ્છના ચાતુર્માસ વગેરે કરવા અંગે ક્ષેત્રોની તપાસ કરવાની તથા ગચ્છ માટે ઉપધિ અને આહાર આદિ મેળવી આપવાની, અપ્રમત્તભાવની કુશળતા જેની પાસે હોય તેવા સૂત્રાર્થના જાણ ગુણિયલ મહાત્મા ગણાવચ્છેદકપદને યોગ્ય ગણાય છે.

**સંક્ષેપમાં આચાર્યાદિનાં કાર્યો :** ટૂંકમાં આચાર્ય મુખ્યત્વે સાધુઓને અર્થની વાચના આપે. જો નિષ્કારણ સૂત્રની વાચના આપે તો તેમને પ્રાયશ્ચિત્ત આવે.

ઉપાધ્યાય સાધુઓને સૂત્રની વાચના આપે.

પ્રવર્તક સાધુઓને તપ, સંયમ, અને સ્વાધ્યાયમાં પ્રવર્તાવે.

સ્થવિર સીદાતા સાધુઓને સ્થિર કરે.

ગણાવચ્છેદક ઉપધિ, આહાર-પાણી, ક્ષેત્ર વગેરે ગચ્છને માટે મેળવી આપે.

આ પાંચ સિવાય વાચનાચાર્યની પણ એક પદવી હોય છે. વાચનાચાર્ય ગુરુની આજ્ઞા મુજબ વાચના આપવી વગેરે સર્વ કાર્યો કરે છે. આચાર્ય વગેરે પાંચ પદસ્થોને—પર્યાયમાં નાના હોય તોપણ—પર્યાયથી મોટા સાધુઓએ તેમને વંદન કરવું જોઈએ. જ્યારે વાચનાચાર્યને તો પર્યાયમાં જે નાના હોય તેઓ જ વંદન કરે. આમાં વાચના અને પ્રાયશ્ચિત્ત લેતી વખતે પર્યાયમાં મોટા સાધુઓએ પદસ્થોને વંદન કરવાનું હોય છે. તે સિવાય તો પદસ્થો રત્નાધિકોને (પર્યાયમાં મોટાઓને) વંદન કરે તેવી વિશેષવિધિ છે. હાલમાં પરસ્પરની આ વંદનવિધિ વડીલોની આજ્ઞાથી બંધ છે.

## સાધ્વીજીને પદવીઓ

સાધ્વીજીઓને મહત્તરા અને પ્રવર્તિની એમ બે પદવીઓ આપી શકાય. પ્રવર્તિનીને 'અભિષેકા' પણ કહેવાય છે. જેની પાસે ગચ્છનો સઘળોય ભાર ઉઠાવવાની પુણ્ય-શક્તિ હોય, સારણાદિ કરવામાં જે નિષ્ણાત હોય અને ગીતાર્થ હોય તેવી વિશિષ્ટ પુણ્યવાળી સાધ્વીજી મહત્તરા-પદની યોગ્યતા ધરાવે છે. અને જે સાધ્વી દીક્ષાપર્યાય અને વયપર્યાયથી વૃદ્ધ હોય એટલે કે જે ચિરદીક્ષિત હોય અને પ્રૌઢ ઉંમરવાળી હોય તથા જે ગીતાર્થ હોય, સર્વાનુષ્ઠાન-કુશળ હોય અને ગંભીર વગેરે હોય તે સાધ્વી પ્રવર્તિની પદને યોગ્ય છે. પ્રવર્તિની સાધ્વી મહત્તરા સાધ્વીની આજ્ઞામાં રહીને સમગ્ર સાધ્વીગણને તપ-સંયમ અને સ્વાધ્યાયમાં પ્રવર્તાવનારી હોય છે.

# સંલેખના અને અનશન

## ૮

### સંલેખના

ગચ્છાધિપતિએ જેમને આચાર્યાદિ પાંચ પદવીઓ તથા મહત્તરા વગેરે બે પદવીઓ આપી હોય તેનું સુંદર પાલન કરતાં કરતાં અંતસમય નજીક આવી જાય તો તેણે અનશન કરવું જોઈએ. પરંતુ તે અનશનની પૂર્વભૂમિકા રૂપે સંલેખના કરવી જોઈએ.

સંલેખના એટલે જે કરવાથી શરીર અને કષાયો વગેરે ધીમે ધીમે ઘસાતાં જાય તેવી તપની ક્રિયા. આ સંલેખનાના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર છે. તેમાં ઉત્કૃષ્ટ સંલેખના બાર વર્ષની હોય છે, મધ્યમ સંલેખના બાર મહિનાની હોય છે, જ્યારે જઘન્ય સંલેખના બાર પખવાડિયાંની હોય છે.

### ઉત્કૃષ્ટ સંલેખના

પ્રથમ ચાર વર્ષ છટ્ઠ વગેરે વિશેષ તપ (પારણામાં વિગઇ વપરાય.)

પછીનાં ચાર વર્ષ છટ્ઠ વગેરે વિશેષ તપ (પારણામાં વિગઇ વાપરવી ન જોઈએ.)

ત્યાર પછી બે વર્ષ એકાંતરે આયંબિલ–ઉપવાસ

પછી **અડધું** વર્ષ મધ્યમ કક્ષાનાં ઉપવાસ વગેરે તપ (પારણે ઉણોદરી સહિત આયંબિલ)

ત્યાર પછી, **અડધું** વર્ષ વિકૃષ્ટ તપ કરે. પારણે પરિપૂર્ણ તૃપ્તિ થાય તેમ આયંબિલ કરે, ઊણોદરી ન કરે.

અને ત્યાર પછી છેલ્લું **એક** વર્ષ હંમેશ આયંબિલ. તેમાં ક્રમશઃ આહાર ઘટાડતા જવું અને છેલ્લા ચાર મહિના મુખમાં તેલનો કોગળો રાખી મૂકવો.

બાર વર્ષ.

જો આ તપ સંઘયણ વગેરેની દુર્બળતાથી ન થઈ શકે તો છ વર્ષની કે ત્રણ વર્ષની સંલેખના પણ કરી શકાય. આવી રીતે સંલેખના કરવાથી શરીરનાં લોહી-માંસ વગેરે ધીમે ધીમે લગભગ ક્ષીણ થઈ જાય. એટલે અંત સમયે જીવ નીકળતાં અસમાધિ થવાની શકયતા ઘણી ઘટી જાય. આ સંલેખના તે આપઘાત નથી. કેમ કે તે રાગ કે દ્વેષના ભાવથી, સંસારના ભયંકર ત્રાસથી કે અજ્ઞાનના યોગથી કરાતી નથી. વળી આપઘાત નવાં ઘણાં જન્મ-મરણોને પેદા કરે તેવા આર્ત્તધ્યાન ભરપૂર મૃત્યુવાળો હોય છે. જ્યારે આ સંલેખના ભાવિમાં શકય ઘણાં જન્મ-મરણોનો અંત લાવનારી તથા મૃત્યુ વખતે સંપૂર્ણ સમાધિ આપનારી આનંદમય અવસ્થારૂપ છે. વળી જેમ ઓપરેશન(ગંડચ્છેદ)-ની ક્રિયા મરણ પામવા માટે નથી પરંતુ સંભવિત મરણ-માંથી બચવા માટે છે, તેમ સંલેખના પણ મૃત્યુ પામી

જવા માટે નથી પરંતુ ભવિષ્યનાં, સંભવિત અનેક મૃત્યુમાંથી બચવા માટે છે.

**અનશન**

ઉપર મુજબની સંલેખના કર્યા બાદ અનશન કરી શકાય. તેને શાસ્ત્રમાં અભ્યુદ્યત મરણ કહેવામાં આવે છે. તેના ત્રણ પ્રકાર છે:

૧. પાદપોપગમન, ૨. ઇંગિનીમરણ અને ૩. ભક્તપરિજ્ઞા.

**(૧) પાદપોપગમન**

પાદપ એટલે વૃક્ષ. તેની જેમ બિલકુલ હાલ્યાચાલ્યા વિના એક જગાએ પડી રહેવું તેને પાદપોપગમન અનશન કહેવાય છે. (૧) તે પ્રથમ સંઘયણીને જ હોય છે. (૨) તેમાં ચારે આહારનો સર્વથા ત્યાગ હોય છે. (૩) હાલવા-ચાલવા વગેરે સર્વ ચેષ્ટાઓને ત્યાગવાની હોય છે. (૪) આ અનશન કરતા પહેલાં સર્વજીવક્ષમાપના, દેવ-ગુર્વાદિ વંદન કરીને સમતાથી ભાવિત થયેલો આત્મા ગુરુની પાસે ચારે આહારનો ત્યાગ કરે. (૫) પર્વતની કોઈ ગુફામાં જઈને નિર્જીવ શુદ્ધ ભૂમિ ઉપર સૂઈ જાય. આંખની પાંપણ પણ હલાવે નહિ.

આ અનશન વ્યાઘાતરહિત અને વ્યાઘાતસહિત એમ બે પ્રકારનું છે. તેમાં વ્યાધિની આકરી પીડા કે સિંહ વગેરેના આક્રમણથી ઉત્પન્ન થયેલી વેદનાથી જે ગીતાર્થ આત્માને એવી ખબર પડી જાય કે "મારું આયુષ્ય હવે વધુ ટકશે નહિ." તેમને વ્યાઘાતસહિત આ અનશન હોય.

આ અનશનનો ચૌદપૂર્વીઓની સાથે વિચ્છેદ થયો છે.

## (૨) ઇંગિનીમરણ

ઇંગિની એટલે ચેષ્ટા. જેમાં કેટલીક ચેષ્ટાઓની છૂટ છે તેવા મરણને ઇંગિનીમરણ કહેવાય છે. (૧) અહીં ચારે આહારનો સર્વથા ત્યાગ હોય છે. (૨) તડકાથી છાંયડામાં અને છાંયડાથી તડકામાં જવા-આવવા સુધીની ચેષ્ટાઓની —નક્કી કરેલા મર્યાદિત પ્રદેશમાં રહીને—છૂટ હોય છે. (૩) અહીં બીજાઓ પાસે સેવા લેવાની નથી. પરંતુ પોતાની જાતે પોતાની સેવા તે કરી શકે છે. (૪) જેનામાં પહેલું અનશન કરવાની શક્તિ ન હોય અથવા યોગ્યતા ન હોય તે આત્મા આ અનશન કરી શકે. (૫) અહીં પણ પહેલા અનશનની જેમ કોઈ પર્વતની ગુફામાં જવાનું હોય છે.

## (૩) ભક્તપરિજ્ઞા

ભક્ત એટલે ચાર અથવા ત્રણ પ્રકારના આહાર. તેનો જેમાં ત્યાગ હોય તે ભક્તપરિજ્ઞા નામનું અનશન કહેવાય છે. (૧) તેમાં બીજાની સેવા પણ લઈ શકાય છે. (૨) અહીં ગચ્છમાં જ રહેવાનું હોય છે તથા કોમળ સંથારા ઉપર સૂઈ શકાય છે. (૩) પડખાં ફેરવવા વગેરે ક્રિયા કરી શકાય છે. (૪) આ અનશનવાળાને ઉત્કૃષ્ટથી અડતાલીસ નિર્યામકો (આરાધના કરનારાઓ) હોવા જોઈએ. જેમની ચાર ચારની બાર ટુકડીઓ થાય. કોઈ ટુકડી અનશાનીનું પ્રતિલેખન કાર્ય કરે તો કોઈ ટુકડી દ્વાર પર બેસીને પ્રત્યનીકોનો પ્રતિકાર કરવાનું કાર્ય કરે; વળી કોઈ ટુકડી ઉપદ્રવ

કરવા આવનાર ક્ષુદ્ર આત્માઓનો સામનો કરવા માટે સહસ્ર-મલ્લ યોદ્ધાઓની બનેલી હોય (જે ટુકડીનો પ્રત્યેક સાધુ એક હજાર શત્રુઓની સામે એકલા લડવાની શક્તિ ધરાવતો હોય.) વગેરે ટુકડીઓ થઈ કુલ બાર ટુકડીઓમાં વહેંચાયેલા અડતાલીસ નિર્યામકો હોય. જે સમુદાય પાસે આટલા નિર્યા-મકોની સગવડ ન હોય ત્યાં ઘટતા ઘટતા ઓછામાં ઓછા બે નિર્યામકો તો હોવા જ જોઈએ. જેમાંનો એક અનશનીની પાસે જ રહે અને બીજો આહાર-પાણી વગેરેની ગવેષણા કરતો રહે. જો એક જ નિર્યામકના આધારે અનશન કરાય તો અનેક કારણોસર અનશનીને અસમાધિ થાય અને પ્રવચનનો ઉડ્ડાહ પણ થાય.

આ અનશન સર્વ સાધ્વીઓ, પ્રથમ સંઘયણરહિત સર્વ સાધુઓ અને સર્વ દેશવિરતિધર શ્રાવકો પણ કરી શકે. આવું વિધિપૂર્વક અનશન કરનારા આત્મા કાં મોક્ષે જાય અથવા વૈમાનિક દેવ થાય.

## ગ્લાનની સેવાવિધિ

જો શુદ્ધ આહાર-ઔષધ ન મળે તો અશુદ્ધથી પણ સાધુઓએ અને શ્રાવકોએ આચાર્ય વગેરે તમામની સેવા કરવી જોઈએ. તેમાં જે ગચ્છાધિપતિ હોય તેમની સેવા તો વિશિષ્ટ રીતે જીવનના છેડા સુધી કરવી જોઈએ. કેમ કે તેઓ સમસ્ત ગચ્છના આધારભૂત છે અને સકળ સંઘના હિતના નિરંતર ચિંતક છે. ઉપાધ્યાય વગેરેની સેવા બાર વર્ષ સુધી કર્યા બાદ જો તેમનો વ્યાધિ અસાધ્ય કોટિનો

દેખાય તો તેમને આહારના ત્યાગરૂપ અનશન કરાવવું. ત્યાં સુધીમાં નવા ઉપાધ્યાય તૈયાર કરી દેવા જોઈએ. જો સામાન્ય કોટિના સાધુ હોય તો અઢાર મહિના સુધી દોષિત આહારથી પણ તેમની સેવા કરવી. ત્યાર બાદ જો વ્યાધિ અસાધ્ય કોટિનો દેખાય તો તેમને અનશન કરાવવું. જ્યાં સુધી શુદ્ધ આહાર આદિ મળે ત્યાં સુધી અશુદ્ધનો ઉપયોગ કરવો નહિ.

અઢાર મહિનાની સેવામાં વારાફરતી ત્રણ વૈદ્યો પાસે છ છ મહિનાનાં ઔષધ અપાવવાં. જો તે ત્રણે પ્રયોગમાં નિષ્ફળતા મળે તો જ તે સાધુને અનશન કરાવવું. અહીં આ વાતનો ખ્યાલ રાખવો કે યુવાન વગેરે વયમાં અનશન કરવાની શક્તિ હોય અને સમાધિપૂર્વક મૃત્યુ પામવાની પૂરેપૂરી શકયતા હોય તોપણ ઝટઝટ અનશન કરવું નહિ. કેમ કે મૃત્યુ પછી વર્તમાનકાળમાં તો નિશ્ચિતપણે વૈમાનિક-દેવનું આયુષ્ય પ્રાપ્ત થાય છે, જેનું ગુણસ્થાન વધુમાં વધુ ચોથું હોય છે. જ્યારે મનુષ્યના જીવનમાં રહેલા મુનિનું ગુણસ્થાન સાતમા સુધીનું શકય છે. શા માટે કાંઈક સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતા સાતમા ગુણસ્થાનને છોડીને ઘણી મુશ્કેલીથી ટકી શકતા ચોથા ગુણસ્થાનવાળા દેવલોકમાં મૃત્યુ પામીને જવાની ઉતાવળ કરવી જોઈએ ?

# સ્થવિરકલ્પી સાધુઓની સામાચારીનાં સત્તાવીસ દ્વારો

## [૯]

૧. **શ્રુત :** ગચ્છવાસી સાધુઓને જઘન્યથી અષ્ટપ્રવચન-માતાનું અને ઉત્કૃષ્ટથી **ચૌદપૂર્વ** સુધીનું હોય.

૨. **સંઘયણ :** અહીં સંઘયણ એટલે મનની ધીરજ સમજવી. તે ધીરજ ગચ્છવાસી સાધુઓને હોય પણ ખરી અને ન પણ હોય.

૩-૪. **ઉપસર્ગ અને આતંક :** ઉપસર્ગો એટલે દેવ વગેરેથી થતાં કષ્ટો અને આતંક એટલે દુઃસાધ્ય અથવા અસાધ્ય રોગો. આ બંનેને સાધુ સહન કરે. પણ જ્ઞાનાદિની રક્ષા વગેરે કોઈ વિશેષ લાભ થતો હોય તો સહન ન પણ કરે. એટલે કે ઔષધ વગેરેથી તેમનો પ્રતિકાર કરે.

૫. **વેદના :** તે સામાન્યથી તો સહન કરે પણ જ્ઞાનાદિના વિશેષ કારણે સહન ન પણ કરે.

૬. **પ્રમાણ :** ગચ્છવાસી સાધુઓ જઘન્યથી ત્રણ અને ઉત્કૃષ્ટથી બત્રીસ હજાર સાધુઓ એક ગચ્છમાં હોય.

૭. **સ્થંડિલ :** નિર્દોષ ભૂમિમાં પરઠવે પણ આગાઢ કારણે દૂષણવાળી ભૂમિમાં પણ પરઠવે.

૮. **વસતિ :** ઉપાશ્રયમાં મમત્વ ન રાખે. પોતાના માટે કરેલી લીંપણવાળી ભૂમિમાં ન રહે. પણ નિર્દોષ ભૂમિ ન મળે તો લીંપણ વગેરેના પરિકર્મવાળી ભૂમિમાં પણ રહે.

૯. **વસતિમાં રહેવાનો સમય :** વસતિનો માલિક પૂછે કે, "તમે અહીં ક્યાં સુધી રહેશો ?" ત્યારે તેનો જવાબ અપાય કે, "કોઈ વિઘ્ન નહિ આવે તો એક મહિના સુધી અને વિઘ્ન આવે તો તેથી ન્યૂન કે અધિક પણ રહીશું."

૧૦-૧૧. **વડીનીતિ અને લઘુનીતિ :** શય્યાતરે જે જગ્યાએ પરઠવવાની અનુમતિ આપી હોય ત્યાં જ પરઠવે પણ બીમારી આદિના કારણે તો કૂંડી વગેરેનો ઉપયોગ કરીને બહાર પણ પરઠવે.

૧૨. **અવકાશ :** જો શય્યાતરની અનુમતિ મળે તો ખુલ્લી ભૂમિમાં (અવકાશમાં) બેસીને પાત્રાં ધોવાં ઇત્યાદિ કાર્યો કરી શકાય. કારણસર તો કમઢક (મોટું પાત્ર) વગેરેમાં પણ ધોઈ શકાય.

૧૩. **તૃણ અને પાટિયું :** સંથારો કરવા માટે તૃણ કે પાટિયું વગેરે વસ્તુઓ શય્યાતરની અનુમતિ લઈને વાપરી શકાય.

૧૪. **સંરક્ષણ :** વસતિનો માલિક એમ કહે કે, "મારા મકાનની પશુઓ વગેરેથી રક્ષા કરજો." ત્યારે જો

અશિવ આદિ ખાસ કારણે રહેવું પડે તો કહેવું કે, "અમે જ્યાં સુધી રહીશું ત્યાં સુધી રક્ષણ કરશું."

૧૫. **સંસ્થાપન :** જો વસતિનો માલિક કહે કે, "તમને આપેલી વસતિમાં જ્યાં જરૂર પડે ત્યાં સમારકામ કરજો." ત્યારે તેને કહેવું કે, "અમે તેવાં કામોમાં કુશળ નથી."

૧૬. **પ્રાભૃતિકા :** જે વસતિમાં નૈવેદ્ય તૈયાર કરાતું હોય તે વસતિને પ્રાભૃતિકા કહેવાય છે. જો કોઈ કારણસર રહેવું પડે તો નૈવેદ્ય (બલિ) જ્યાં સુધી તૈયાર થાય ત્યાં સુધી એક ખૂણામાં રહેવું અને પોતાનાં ઉપકરણોનું રક્ષણ કરવું.

૧૭-૧૮. **અગ્નિ-દીપક :** જે મકાનમાં અગ્નિ કે દીપક સળગાવેલા હોય ત્યાં જો કારણે રહેવું પડે તો તેની ઉઝઇથી બચીને પ્રતિક્રમણ વગેરે કરવું.

૧૯. **અવધાન :** ખેતરમાં જતી વખતે વસતિનો માલિક મકાન સંભાળવાનું કહે તો, જો કારણસર ત્યાં રહેવું પડ્યું હોય તો તે સંભાળવું. પણ જો પાસે વડી દીક્ષા કર્યા વગરના સાધુ હોય તો તે કામ તેમને જ સોંપવું.

૨૦. **પ્રમાણ :** ગૃહસ્થ પૂછે કે, "મકાનમાં કેટલા સાધુ રહેશે ?" તો તેવા મકાનમાં ખાસ કારણે રહેવું પડે તો પોતાની સંખ્યા જણાવવી. એ પછી જો પ્રાઘૂર્ણક

સાધુઓ આવે તો તેમને તે મકાનમાં ઉતારતાં પહેલાં માલિકની રજા લેવી; અન્યથા બીજા મકાનમાં ઉતારવું.

**૨૧-૨૨. ભિક્ષા અને પાણી**: નિયત કરેલાં દ્રવ્યાદિ ચાર ચાર ભાંગા સાથે ભિક્ષા-પાણી લેવાં. પણ અનિયત દ્રવ્યાદિ ચાર ભાંગે પણ ભિક્ષા-પાણી લઈ શકાય ખરાં.

**૨૩-૨૪. લેપાલેપ અને અલેપ**: આહાર-પાણી ક્યારેક લેપ-કૃત અને ક્યારેક અલેપકૃત પણ લઈ શકાય.

**૨૫. આયંબિલ**: ક્યારેક કરે અને ક્યારેક ન કરે તો પણ ચાલે.

**૨૬. પડિમા**: ભદ્રા વગેરે પડિમાઓ વહન કરી શકાય.

**૨૭. માસકલ્પ**: માસકલ્પ વગેરે અભિગ્રહો પણ કરી શકાય.

આ રીતે અહીં બૃહત્કલ્પભાષ્યમાં જણાવેલા સ્થવિર-કલ્પી સાધુઓના સામાચારી અંગેનાં સત્તાવીસ દ્વારો પૂરાં થયાં.

**ઉપસંહાર**: આવો સ્થવિરકલ્પસ્વરૂપ સાપેક્ષ-યતિ-ધર્મ ગુરુકુળવાસથી શરૂ થઈને, મરણ સમયનાં અનશનોનું વર્ણન કરતાં પૂર્ણ થયો. આવા યતિધર્મનું આરાધન કરનાર મહાત્મા મોક્ષફળ પામે છે. તેમાં એક કારણ એ પણ છે કે શાસ્ત્રોક્ત આજ્ઞાઓનું પાલન કરનાર સાધુનું જીવન સ્વલક્ષી હોવા છતાં તે પરનું પણ હિત કર્યા વિના રહેતું નથી. આમ થવાથી તારક તીર્થંકર દેવોએ સ્થાપેલા તીર્થની અવિચ્છિન્ન પરંપરા ચાલુ રહે છે. જે આત્માઓ મોઢેથી

અને પોતાના જીવનથી સમ્યક્ત્વ આદિનો ઉપદેશ આપીને બીજાને સમ્યક્ત્વ વગેરે પમાડવામાં નિમિત્ત બને છે, તે આત્માઓ સ્વ અને પરનું હિત સાધીને તીર્થની અવિચ્છિન્ન પરંપરા ચલાવવામાં પ્રચંડ નિમિત્તરૂપ બને છે. આથી જ તે આત્માઓને મોક્ષ પ્રાપ્ત થાય છે.

સ્થવિરકલ્પના મુનિઓ માટે વર્તમાન નબળા દેશ અને કાળ તથા તન અને મનની દુર્બળતા અને પૂર્વભવોમાં અણિશુદ્ધ આરાધનાનો અભાવ વગેરે નજરમાં રાખતાં એમ કહી શકાય કે વર્તમાનકાળનાં ભરતક્ષેત્રનાં સાધુસાધ્વીજીઓ ઉચ્ચકક્ષાની આરાધનાઓ કરવા માટે ખૂબ નબળાં પડે છે. આ સ્થિતિમાં અતિચારબહુલ જીવન જીવવા છતાં જો તેઓ ગીતાર્થ ગુરુ પાસે પોતાના તમામ દોષોનું પ્રાયશ્ચિત્ત કરતાં રહે અને મુક્તિના પરમ લક્ષવાળાં અને—જે જિનાજ્ઞાઓને પાળવામાં પોતે અસમર્થ છે તેવી—જિનાજ્ઞાઓના કટ્ટર પક્ષવાળાં બને તો તેઓને વર્તમાનકાળના ઉચ્ચ કક્ષાના મહાત્મા કહી શકાય.

આ માટે દરેક મુનિએ કમસે કમ દેવની આજ્ઞાના પાલનરૂપ અને ગુરુની હાર્દિક સમર્પણરૂપ **ભક્તિ** તથા **બ્રહ્મચર્ય**નું નિર્મળ પાલન અને મુનિઓમાં પરસ્પર અદ્ભુત કોટિનો **ભાઈચારો** જીવનમાં આત્મસાત્ કરવા જોઈએ.

**નિરપેક્ષ યતિધર્મ** : ગચ્છવાસપૂર્વક મુનિપણાનું પાલન કરવું તે સાપેક્ષ યતિધર્મ કહેવાય છે. તે ગચ્છવાસથી કૃતાર્થ બનેલા આચાર્યાદિ પાંચ પદસ્થો જ (પ્રાયઃ) નિરપેક્ષ

યતિધર્મનો સ્વીકાર કરી શકે છે. તે પણ પ્રથમ ત્રણ સંઘયણ પૈકીના જ હોવા જોઈએ.

આ નિરપેક્ષ યતિધર્મના ત્રણ પ્રકાર છે :

૧. જિનકલ્પિક ૨. પરિહાર વિશુદ્ધિક ૩. યથાલંદિક.

આ ત્રણેય ગચ્છવાસથી નિરપેક્ષ હોવાના કારણે તેમના યતિધર્મને નિરપેક્ષ યતિધર્મ કહેવાય છે.

આ અંગેનું વિશેષ સ્વરૂપ અન્ય ગ્રંથોમાંથી જાણી લેવું.

# વિભાગ બીજો

## પંચવસ્તુ ગ્રન્થની

## વાચનાનું અવતરણ

## (૧) પહેલી વસ્તુ : પ્રવ્રજ્યાવિધાન

દ્રવ્યઆરંભ અને ભાવઆરંભ
બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ
પ્રવ્રજ્યાનાં એકાર્થિક નામો
પ્રવ્રજ્યાને લાયક કોણ ?
ગુરુ થવાને લાયક કોણ ?
યોગ્ય ગુરુની પ્રાપ્તિમાં શિષ્યને થતા ફાયદાઓ
ગુરુનો સૌથી મોટો ગુણ : અનુવર્તકપણું
ગુરુગુણમાં અપવાદ
શિષ્યગુણમાં અપવાદ
દીક્ષાની વયમર્યાદા
સવાલ–જવાબ [દીક્ષા લેનાર બાલ–યુવાન અને વૃદ્ધ અંગેના મિથ્યા ખ્યાલો સામે સાચું શું ?]
દીક્ષા લેવા માટેનાં યોગ્ય સ્થળો
દીક્ષા માટેનાં અયોગ્ય સ્થાનો
દીક્ષા માટેનો કાળ
શું મુનિજીવન પાપકર્મના ઉદયથી મળે છે ?

## (૨) બીજી વસ્તુ : પ્રતિદિનક્રિયા

પ્રતિદિનક્રિયાના દશ ભેદો
આપણું કર્તવ્ય

દેખાદેખીનું ઝેર
બહુધા ત્યાગી બનવાની રીતો
ખાડો પૂરવા માટે ધૂળ હોય ઝવેરાત નહિ
ષડાવશ્યકોનું મૂળ સ્થાન
છ આવશ્યકોની હોસ્પિટલ ઉપર ઘટના
સાંજના પ્રતિક્રમણને અનુલક્ષીને પ્રતિક્રમણવિધિનું રહસ્ય
પ્રતિક્રમણમાં અબ્ભુટ્ઠિઓ વખતે ખમાવવાની મર્યાદા
પ્રતિક્રમણમાં કેટલાક ફેરફારો
તપના પચ્ચક્ખાણમાં વિશેષતા
સવાલ-જવાબ [સર્વસાવદ્ય યોગના ત્યાગરૂપ સર્વવિરતિમાંય ખાવાના પચ્ચક્ખાણરૂપ વિરતિ શા માટે ?]
બન્ને પ્રતિક્રમણ કર્યા પછીનું કર્તવ્ય
સ્વાધ્યાયના સાત ફાયદાઓ
અવિધિથી કરાતા સ્વાધ્યાયના ગેરફાયદા
પાત્ર શિષ્યને જ સૂત્ર આપવું

## (૩) ત્રીજી વસ્તુ : મહાવ્રતોની ઉપસ્થાપના

ઉપસ્થાપનાનો અધિકારી
નવદીક્ષિતની ત્રણ પર્યાય ભૂમિઓ
વડીદીક્ષા અંગેનો ક્રમ
સવાલ-જવાબ [સાવદ્ય પ્રવૃત્તિ કરનારા કે કરાવનારા ગુરુને દોષ ન લાગે ?]
ચારિત્રધર્મનું રક્ષણ કરવાના ઉપાયો

ધનનાશનાં કારણો સાથે ચારિત્રરૂપી ધનનાશનાં કારણો
સવાલ-જવાબ [ઉપાદાનની શુભાશુભતા પર જ ચારિત્ર હોય તો બાહ્ય ગુરુ વગેરે નિમિત્તોથી શો લાભ?]
ગુરુકુલવાસના લાભ
ગચ્છવાસનું મહત્ત્વ
અહિતકર ગચ્છનો અવશ્ય ત્યાગ કરવો
સવાલ-જવાબ [ગુરુકુલવાસ કરતાં ગચ્છવાસનું જુદું મહત્ત્વ શા માટે?]
વસતિ-વાસ
વસતિના આઠ દોષો
વસતિમાં સ્ત્રીદોષની ભયંકરતા
પાપમિત્રોનો સંગત્યાગ
તપવિધાન
તત્ત્વવિચાર
ભાવના
ધર્મકથા
કોણ મહાન : દર્શન કે ચારિત્ર
સવાલ-જવાબ [મરૂદેવામાતાને પૂર્વભવોના દ્રવ્ય-ચારિત્ર વિના કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થયું?]

(૪) **ચોથી વસ્તુ : અનુયોગ અને ગચ્છની અનુજ્ઞા**
અનુયોગાચાર્યની અપાત્રતા
અનુયોગાચાર્યની પાત્રતા
અનુયોગાચાર્યનાં કાર્યો

પ્રાપ્ત અને કલ્પિક શિષ્યો
યુક્તિગમ્ય અને આગમગમ્ય સૂત્રો
બે નિષદ્યા વગેરે
વાચના લેતા શિષ્યોની ફરજો
અનુયોગાચાર્યે સ્તવપરિજ્ઞા વગેરે ઉત્તમશ્રુતની વાચના આપવી
ઉત્તમશ્રુત કોને કહેવાય
શ્રુતની કષ પરીક્ષા
શ્રુતની છેદ પરીક્ષા
શ્રુતની તાપ પરીક્ષા
શું ઉત્તમશ્રુતની પ્રાપ્તિથી સમ્યક્ત્વ મળે જ?
સ્તવપરિજ્ઞા એ શું છે?
જિનભવન નિર્માણ સંબંધમાં મહત્ત્વની વાત
જિનબિંબ પ્રતિષ્ઠા અંગે મહત્ત્વની વાત
જિનપૂજા અંગે મહત્ત્વની વાત
ભાવસ્તવની દુષ્કરતા
અઢાર હજાર શીલાંગો
સાચો સાધુ સવર્ણ તુલ્ય
દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની પરસ્પર સંબદ્ધતા
સવાલ-જવાબ [સાધુને શા કારણે દ્રવ્યસ્તવ કરવાનો સાક્ષાત્ નિષેધ છે?]
તીર્થંકરદેવની પૂજાથી લાભ શી રીતે થાય?
શ્રાવકોના દ્રવ્યસ્તવમાં મુખ્યતા મૂર્છાત્યાગની
ગણની અનુજ્ઞા

ગણાચાર્યનાં લક્ષણો
પ્રવર્તિની થવાની યોગ્યતા

(૫) **પાંચમી વસ્તુ : સંલેખના**

અભ્યુદ્યત વિહાર
અભ્યુદ્યત મરણ
જિનકલ્પ
પરિહારવિશુદ્ધિ
યથાલંદ
ઉપસંહાર
પાદપોપગમન
ઇંગિની મરણ
ભક્તપરિજ્ઞા

# પંચવસ્તુક ગ્રંથ

આ ગ્રંથ એક હજાર ચાર સો ચુમ્માલીસ ગ્રંથના પ્રણેતા પૂજ્યપાદ હરીભદ્રસૂરીશ્વરજી મહારાજાએ રચ્યો છે. આ ગ્રંથની ટીકા પણ તેમણે જ રચી હોવાથી આ ગ્રંથ સ્વોપજ્ઞ કહેવાય છે. આ ગ્રંથની ટીકાનું નામ શિષ્યહિતા રાખવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં નીચે પ્રમાણેની પાંચ વસ્તુઓ(પદાર્થો)નું વિસ્તારથી નિરૂપણ હોવાથી આ ગ્રંથનું નામ પંચવસ્તુક-ગ્રંથ રાખવામાં આવ્યું છે.

**પાંચ વસ્તુઓ**

(૧) પ્રવ્રજ્યા [કાચી દીક્ષા]

(૨) પ્રતિદિનક્રિયા [દિનચર્યા]

(૩) વ્રતોની ઉપસ્થાપના [વડીદીક્ષા]

(૪) ગણની અનુજ્ઞા [આચાર્ય કે ગચ્છાધિપતિપદ]

(૫) સંલેખના [અંત સમયની આરાધના]

**પહેલી વસ્તુ : પ્રવ્રજ્યા–વિધાન**

વ્રજ્ ધાતુનો અર્થ જવું થાય છે અને પ્ર ઉપસર્ગનો અર્થ પ્રકર્ષ થાય છે. મોક્ષ તરફ યથાશક્ય તીવ્ર ગતિથી જવું તેને પ્રવ્રજ્યા કહેવાય છે. ગૃહસ્થ જીવનના આરંભ અને સમારંભોનાં તમામ પાપો અને મિથ્યાત્વ વગેરે

દોષોથી છૂટીને ચારિત્રના શુદ્ધ યોગોમાં તીવ્ર વેગથી જવું તેને પ્રવ્રજ્યા કહેવાય છે.

**દ્રવ્યઆરંભ અને ભાવઆરંભ**

પૃથ્વી આદિ જીવોનો સંઘટ્ટો કરવાથી માંડીને તેમના જીવિતનો નાશ કરવા સુધીનો જે આરંભ કરાય તે દ્રવ્ય-આરંભ કહેવાય અને તેવી હિંસાથી ચિત્તમાં જે સંક્લેશની પરિણતિ ઉત્પન્ન થાય તે ભાવઆરંભ કહેવાય.

**બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ**

જે ધર્મ સાધવા માટેનાં મુહપત્તિ વગેરે ઉપકરણો છે તે સિવાયના કોઈ પણ પદાર્થનો સંગ્રહ તે બાહ્ય પરિ-ગ્રહ કહેવાય. વળી ધર્મના ઉપકરણ સ્વરૂપ મુહપત્તિ વગેરેમાં પણ જો મૂર્છા થઈ જાય તો તે પણ બાહ્ય પરિગ્રહ કહેવાય. જ્યારે આત્માની અંદર પડેલા મિથ્યાત્વ વગેરે દુષ્ટ ભાવો તે અભ્યંતર પરિગ્રહ કહેવાય.

આવા દ્રવ્ય અને ભાવ **આરંભથી** અને બાહ્ય અને અભ્યંતર **પરિગ્રહથી** છૂટી જઈને ચારિત્રધર્મના શુદ્ધ યોગોમાં ઉત્કૃષ્ટ પુરુષાર્થ સાથે જવું તેને પ્રવ્રજ્યા કહેવાય.

આવી પ્રવ્રજ્યાને જે જઘન્યથી પણ આરાધે છે તે આત્મા વધુમાં વધુ આઠ ભવમાં મોક્ષ પામતો હોવાથી આ પ્રવ્રજ્યાને મોક્ષફલા કહેવામાં આવી છે.

**પ્રવ્રજ્યાનાં એકાર્થિક નામો**

(૧) નિષ્ક્રમણ (૨) સમતા (૩) ત્યાગ (૪) વૈરાગ્ય (૫) ધર્મચરણ (૬) અહિંસા (૭) દીક્ષા

## પ્રવ્રજ્યાને લાયક કોણ ?

(૧) જે આર્યદેશમાં ઉત્પન્ન થયો હોય.
(૨) જેનાં માત-પિતાની જાતિ અને કુળ ઉત્તમ હોય.
(૩) જેના મોહનીયકર્મનો મળ ઘણો ક્ષીણ થઈ ગયો હોય.
(૪) જેની નિર્મળ વૃત્તિ હોય.
(૫) જેને સંસારનું નગુણાપણું બરોબર ખ્યાલમાં આવી ગયું હોય.
(૬) આથી જ જે સંસારથી વિરક્ત હોય.
(૭-૮) જેના કષાયો અને નોકષાયો મંદ પડયા હોય.
(૯-૧૦) જે કૃતજ્ઞ હોય અને વિનીત હોય.
(૧૧) સંસારીપણામાં જે વિશિષ્ટ પુરુષો દ્વારા આદરણીય બન્યો હોય.
(૧૨) જેનો સ્વભાવ બળવાખોર ન હોય.
(૧૩) જેની પાંચે ઇન્દ્રિયો પરિપૂર્ણ હોય.
(૧૪) જે સુદેવાદિની શ્રદ્ધાવાળો હોય.
(૧૫) જે ગુણોમાં સ્થિર હોય.
(૧૬) જે ગુરુ પાસે સ્વયં આવેલો હોય.

## ગુરુ થવાને લાયક કોણ ?

(૧) જે આત્મા પ્રવ્રજ્યાને વિધિપૂર્વક ગ્રહણ કરે.
(૨) ગુરુકુલવાસનું સેવન કરે.
(૩) અખંડિત શીલને ધારણ કરે.
(૪) જીવમાત્ર પ્રત્યેના દ્રોહભાવથી વિરક્ત હોય.
(૫) સૂત્રાર્થને સારી રીતે ભણાવનારો હોય.

(૬) નિર્મળ બોધ થવાને કારણે તત્ત્વોનો જાણકાર હોય.
(૭) સ્વભાવથી ઉપશાંત હોય.
(૮) સંઘ તથા ગણધર આદિ પ્રણિત સૂત્રો પ્રત્યે ભરપૂર વાત્સલ્યવાળો હોય.
(૯) જીવમાત્રના હિત માટે તત્પર હોય.
(૧૦) સૌને આદેય અનુવર્તક હોય.
(૧૧) અતિગંભીર હોય.
(૧૨) પરિષહોમાં અદીન હોય.
(૧૩) જે પરલોકની પ્રધાનતાવાળા હોય.
(૧૪) ઉપશમલબ્ધિ, ઉપકરણલબ્ધિ, તથા સ્થિરહસ્તલબ્ધિ [જેના હાથે દીક્ષિત થયેલા શિષ્યો જીવનમાં સ્થિરતા પામે.] વાળા હોય.
(૧૫) જે સૂત્રાર્થનો વક્તા હોય.
(૧૬) લોકો સમજી શકે તેવી ભાષાનો જાણકાર હોય.
(૧૭) જેને ગુરુએ ગુરુપદે સ્થાયેલો હોય, તે ગુરુ થવાને યોગ્ય છે.

જેઓ ઉપરના સત્તર ગુણોથી યુક્ત છે તેવા આચાર્યે દીક્ષા માટે યોગ્ય વ્યક્તિઓને અવશ્ય દીક્ષા આપવી જોઈએ. ના, પોતાનો પરિવાર વધારવા માટે કે લોકોમાં અનેક શિષ્યોના ગુરુ તરીકેની ખ્યાતિ પામવા માટે નહિ, પરંતુ તીર્થંકર દેવોએ પ્રકાશેલા શાસનની પરંપરા અવિચ્છિન્ન રીતે આગળ વધે તે માટે સુયોગ્ય વ્યક્તિઓને અવશ્ય દીક્ષા આપવી જોઈએ. તે શિષ્યોને તૈયાર કરવામાં ઘણું

કષ્ટ પડે તો પણ તેમના દ્વારા મળનારા જિનશાસનના અનેક લાભોને નજરમાં રાખીને પણ દીક્ષાદાન કરવું જોઈએ. કદાચ પૂરતી ચકાસણી કરવા છતાં કોઈ અયોગ્ય વ્યક્તિને દીક્ષા અપાઈ જાય તો પણ તેનાં ગેરલાભ કરતાં સુયોગ્ય વ્યક્તિઓની દીક્ષાઓના ફાયદા ઘણા પ્રાપ્ત થતા હોય છે. હીરાની ખાણ ખોદવા જતાં શરૂ શરૂમાં પથ્થરો નીકળે અને તે કપાળે વાગી જાય તો પણ અંતે તો મૂલ્યવાન હીરાઓની પ્રાપ્તિ થતાં બેસુમાર ફાયદો જ થાય છે.

**યોગ્ય ગુરુની પ્રાપ્તિના શિષ્યને થતા ફાયદાઓ**

જે શિષ્યોને શાસ્ત્રનીતિના ગુરુની પ્રાપ્તિ થઈ જતી હોય છે તે શિષ્યના પુણ્યની કોઈ સીમા હોતી નથી. કેમ કે શિષ્યના જીવનનાં વિકાસ અને વિનાશની આધારશિલા તેમના ગુરુ અને તેમનો સમુદાય મુખ્યત્વે હોય છે. જે શિષ્યોને સુગુરુ મળી ગયા હોય તેમના મહાન ગુરુના ગુણો જોઈને તેમના પ્રત્યે ખૂબ આદર પેદા થતો હોય છે. હૃદયમાં બહુમાન સતત જાગતું હોય છે. અને તે સદ્‌ગુરુના પ્રત્યેક વાક્ય ઉપર અપાર શ્રદ્ધા પેદા થવાથી ચારિત્ર જીવનમાં કલ્પી ન હોય તેટલી બધી સ્થિરતા પ્રાપ્ત થાય છે. આથી તે શિષ્યો પોતાના ગુરુના પડતા બોલ ઝીલીને નિત નવા ઉલ્લાસ સાથે ચારિત્રધર્મમાં અદ્‌ભુત વિકાસ સાધતા હોય છે.

**ગુરુનો સૌથી મહત્ત્વનો ગુણ : અનુવર્તકપણું**

ઉપર જણાવેલ ગુરુ થવાની લાયકાતના સત્તર ગુણોમાં જે અનુવર્તકપણાનો ગુણ છે તે શિષ્યોને અત્યંત વધુ

ફાયદાકારક છે. ગીતાર્થ ગુરુ જ્યારે એ વાત બરાબર જાણતા હોય છે કે પોતાનો શિષ્ય થયેલો આત્મા અનાદિકાળથી ભવભ્રમણ કરતો અનેક પ્રકારના કુસંસ્કારોથી ઘેરાયેલો, વિચિત્ર ટેવોનો અને જીવનપદ્ધતિનો આ ભવમાં જ ભોગ બનતો, પંચમ આરાના ખૂબ નબળા દેશકાળમાં જીવતો, છેવટ્ઠા સંઘયણનાં અત્યંત નબળા શારીરિક બાંધાવાળો અને આસપાસના વિષમ વાતાવરણને કારણે પ્રાયઃ નબળા મનોબળવાળો હોઈ તે પોતાનો શિષ્ય થયો છે.... ત્યારે શાસ્ત્રોમાં જણાવેલ ખૂબ કઠોર ચારિત્રધર્મને તેની ઉપર એકદમ ઠોકી બેસાડવાથી કદાચ તે ચારિત્રધર્મ ઊભગી જાય.

આવા ખૂબ સ્પષ્ટ ખ્યાલને કારણે શાસ્ત્રનીતિના ગીતાર્થ ગુરુએ અનુવર્તક બનવું જ પડે. એટલે કે શિષ્યના જીવનની સામાન્ય કક્ષાની નબળી કડીઓ બાબતમાં તડાફડી બોલાવવાને બદલે કામચલાઉ રીતે અનુકૂળ બનીને તેની તે તે નબળી કડીઓને દૂર કરવાનો ઉપાય ખૂબ ચાલાકીભરી રીતોથી અજમાવવો પડે.

અરે ભાઈ! જે ઘોડો પોતે જ ચાલવામાં કુશળ હોય તેની ઉપર સવાર થવામાં શી હોશિયારી છે? ખરેખર તો તોફાની ઘોડા ઉપર સવાર થઈ તેને કાબૂમાં લઈને દોડાવવો એમાં જ કળા છે.

જે ગુરુ મીઠું મીઠું બોલીને અનેકોને દીક્ષા આપી દે છે અને પછી તેમના દોષોને દૂર કરવા માટે અનુવર્તક બનીને સફળતા મેળવતા નથી બલ્કે, તેવા અવિનીત અને પ્રમાદી

શિષ્યોને વારંવાર ધમકાવતા રહીને તે શિષ્યોને આર્તધ્યાનની હોળીમાં હોમી નાખે છે તે ગુરુઓને જિનશાસનના શત્રુઓ કહ્યા છે. વળી એમ પણ કહ્યું છે કે આ લોક કે પરલોકના સંબંધમાં શિષ્યો જે કાંઈ અઘટિત આચરણ કરે અને તેવું આચરણ જોઈને અન્ય જૈન-અજૈન લોકો જિનશાસનની જે હીલના કરે તેનું બધું પાપ તે ગુરુના માથે જાય, કે જે ગુરુ તોફાની ઘોડા જેવા શિષ્યો ઉપર સવાર થવાની કલા શીખ્યા નથી. ઘોડા પણ બે પ્રકારના હોય છે. કેટલાક લગામ ઢીલી મૂકવાથી દોડનારા અને કેટલાક લગામ ખેંચવાથી દોડનારા. ગુરુરૂપી શિક્ષકમાં એ પરખશક્તિ અવશ્ય હોવી જોઈએ કે કયો ઘોડો કયા પ્રકારના સ્વભાવને પામેલો છે. જો ઢીલું મૂકવાની જગ્યાએ વધુ તણાઈ જાય તો તેનું પરિણામ શિષ્યની દુર્ગતિ થવા સિવાય બીજું કાંઈ જ ન આવે.

એટલે જો ગુરુ અનુવર્તકપણાનો ગુણ બરોબર આત્મસાત્ કરી લે અને જે પાણીએ શિષ્યના મગ ચડે તે પાણીએ મગ ચડાવતા રહે તો ઉદ્ધત એવા શિષ્યોનું પણ અવશ્ય હિત થાય, એટલું જ નહિ પણ એવા આરાધક શિષ્યને જોઈને અન્ય લોકો અનુમોદના કરે તેથી તેમનું પણ સહુનું હિત થાય. એટલું જ નહિ પરંતુ આવાં બે-બે હિત કરવામાં નિમિત્ત થયેલા ગુરુનું પણ હિત થઈ જાય.

જો ગુરુ શિષ્યના અનુવર્તક બને અને યોગ્ય સમયે શિષ્યને સારણા-વારણા વગેરે પણ કરે અને છતાં જો શિષ્ય પોતાની વિચિત્ર વર્તણૂકોનો ત્યાગ ન જ કરે તો પછી ગુરુને કોઈ દોષ લાગતો નથી.

**ગુરુગુણમાં અપવાદ**

અવસર્પિણીકાળને કારણે બુદ્ધિ વગેરેની સતત હાનિ થતી હોવાથી પૂર્વે જણાવેલા ગુરુના તમામ ગુણો ન હોય તો પણ નીચેના ગુણોવાળા સાધુ ગુરુ થવાને લાયક ગણી શકાય. અર્થાત્ આટલા ગુણ તો ગુરુપદની લાયકાત માટે હોવા જ જોઈએ. (૧) તે શીલવાન હોવા જોઈએ, (૨) સૂત્રાર્થના જાણકાર હોવા જોઈએ, (૩) સંયમધર્મના પ્રેમી હોવા જોઈએ, (૪) શિષ્યોને ભણાવવામાં કુશળ હોવા જોઈએ, (૫) અનુવર્તક હોવા જોઈએ અને (૬) આપત્તિકાળમાં ખેદ ઉદ્વેગ વિનાના હોવા જોઈએ.

**શિષ્યગુણમાં અપવાદ**

આવી જ રીતે પૂર્વે જણાવેલા શિષ્ય અંગેના તમામ ગુણો ન હોય તેવો પણ આત્મા તેમાંના ઘણા ગુણવાળો ન હોય તોય શિષ્ય થવાને લાયક ગણાય. ધર્મબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે, જે મુમુક્ષુમાં બધા ગુણ હોય તે ઉત્તમ કહેવાય, પોણા ભાગના ગુણો હોય તે મધ્યમ કહેવાય, અને અડધા ભાગના ગુણો હોય તે જઘન્ય કક્ષાનો મુમુક્ષુ કહેવાય. ધર્મસંગ્રહમાં કહ્યું છે કે, દીક્ષા લેવાને લાયક તે જ આત્મા છે જેના હૈયે સંસાર પ્રત્યે ભારોભાર વૈરાગ્યભાવ ભરેલો છે.

દીક્ષાનું જીવન અતિશય દુષ્કર છે. જો મુમુક્ષુના હૃદયમાં સંસારનાં ભોગસુખો પ્રત્યે તીવ્ર નફરત હોય નહિ તો ગમે તેટલા કાબેલ ગુરુ પણ તે આત્માને સાચો સાધુ બનાવી શકે નહિ. મુનિજીવનની સફળતા તીવ્ર વૈરાગ્ય અને ઉત્કૃષ્ટ

વિનયને કારણે જ પ્રાપ્ત કરી શકાય છે. જેનામાં વૈરાગ્ય અને વિનય ઉત્કૃષ્ટ કક્ષાના હોય તેવા મુમુક્ષુને ઉત્તમ કોટિના સાધુઓની હરોળમાં આવી જવામાં કોઈ મુશ્કેલી નડતી નથી. જેમના હૈયે વૈરાગ્ય નથી, તે મુમુક્ષુઓ પેલા ભૂંડ જેવા છે, જેમને ગમે તેટલો ઉપદેશ આપીએ તો પણ વિષ્ટાથી વૈરાગ્ય પામી શકે તેમ નથી. આથી એમ કહી શકાય કે દીક્ષા લેવાની લાયકાત તરીકે વૈરાગ્યની જરૂર છે અને લીધેલી દીક્ષાને જીવન-માં પામીને પાર ઉતારવાની લાયકાત તરીકે વિનય (ગુરુ સમર્પણ)ની જરૂર છે. જેની પાસે આ બે ગુણો નથી તેને દીક્ષા નામની રામબાણ ઔષધિ પણ નિષ્ફળ જાય છે. વૈરાગ્ય અને વિનય વિનાના જીવોમાં જે મોહનીયકર્મના ઉદય નામનો ભોગ છે તે અસાધ્ય કોટિનો સમજવો. એને દૂર કરવાની તાકાત દીક્ષા નામની જડીબુટ્ટીમાં પણ નથી.

આથી જ વૈરાગ્યકલ્પલતામાં મહોપાધ્યાયજીએ કહ્યું છે કે, "જગતની સર્વકળામાં શ્રેષ્ઠ કલા તો વૈરાગ્ય નામની જ કલા છે. જેનો કલાકાર સંસારરૂપી ઝેરી નાગના માથા ઉપર પગ મૂકીને નિર્ભયતાથી ઊભો રહી શકે છે."

## દીક્ષાની વયમર્યાદા

જઘન્યથી જન્મથી આઠ વર્ષ અને ઉત્કૃષ્ટથી પાકટ વૃદ્ધા-વસ્થા (લગભગ સિત્તેર વર્ષ) એ દીક્ષાની વયમર્યાદા ગણાય. આમાં પૂર્વભવના ઉત્કૃષ્ટ વૈરાગ્યવાળા અને સંસ્કારી એવા વજ્રસ્વામીજી, હેમચન્દ્રાચાર્ય વગેરે જેવા આત્માઓને અપવાદ પદે આઠ વર્ષની પૂર્વે પણ દીક્ષા આપી શકાય.

આઠ વર્ષની નીચેની ઉંમરના આત્માઓને સામાન્ય રીતે દીક્ષા નહિ આપવાનું કારણ એ છે કે મોટે ભાગે તે આત્માઓમાં ચારિત્રધર્મનો પરિણામ જાગ્રત થયો હોતો નથી. વળી બીજું કારણ એ છે કે તે અત્યંત બાળ અવસ્થા હોવાને કારણે જગતમાં તેનો પરાભવ, તિરસ્કાર વગેરે થવાની શકયતા ઘણી છે.

**સવાલો :**

(૧) તો પછી આઠ વર્ષ વગેરે ઉંમરવાળા આત્માઓમાં પણ બાલપણું હોવાને કારણે ચારિત્રનો પરિણામ જાગ્રત થવાની શકયતા નથી એમ અમારું કહેવું છે.

(૨) વળી અમારે તો એમ પણ કહેવું છે કે યુવાન-વયમાં પહોંચેલાને પણ દીક્ષા આપવી જોઈએ નહિ કેમ કે તેઓ પણ પોતાના અપરિણીત જીવનમાં જે કામસુખો ભોગવી ચૂકયા નથી, તેના કારણે જો તેઓ દીક્ષા લે તો તેમને કામસુખો અંગે અનેક પ્રકારનાં કુતૂહલ જાગતાં જ રહે છે. આમ તેમનું પણ દીક્ષાજીવન આ કુતૂહલની રિબામણના આર્તધ્યાનમાં ખતમ થઈ જાય છે. એટલે દીક્ષા તો વૃદ્ધોને જ આપવી જોઈએ કે જેઓ સંસારનું બધું કામસુખ અનુભવી ચૂકયા હોય એથી જેમને દીક્ષા લીધા પછી કોઈ કામવાસના જાગે નહિ અને ધર્મધ્યાનમાં મસ્ત રહે.

(૩) વળી અમારે એમ પણ કહેવું છે કે જગતમાં જે ચાર આશ્રમના વિભાગ પાડવામાં આવ્યા છે. (બ્રહ્મ-ચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ),

તે જ પ્રમાણે દરેકે જીવવું જોઈએ. એટલે કે કુમારઅવસ્થામાં બ્રહ્મચર્ય પાળ્યા બાદ, લગ્ન કરીને ગૃહસ્થ જીવન જીવ્યા બાદ તાલીમ લેવા માટે પતિ-પત્નીએ સગાં ભાઈ-બહેન જેવાં બનીને વાનપ્રસ્થાશ્રમ પસાર કર્યા બાદ વૃદ્ધાવસ્થા આવે ત્યારે સંન્યાસાશ્રમ સ્વીકારવો જોઈએ.

**જવાબ**

વિવેક અને વૈરાગ્યને વય સાથે સંબંધ નથી. નાનકડા પણ બાળમાં પૂર્વભવના સંસ્કારથી તીવ્ર વૈરાગ્ય હોઈ શકે છે અને તદ્દન વૃદ્ધ થઈ ગયેલા પુરુષમાં તે વૈરાગ્યનો છાંટો પણ ન હોય તેવું જોવા મળી શકે છે. જેને પણ ચારિત્રમોહનીય કર્મોનો ક્ષયોપશમ થઈ જાય તેને ચારિત્રનો પરિણામ જાણવામાં, વિવેક અને વૈરાગ્ય પ્રગટ થવામાં જરાય વાર લાગતી નથી. ભલે તે પછી નાનકડો બાળ પણ કેમ ન હોય!

**સવાલ**: આ વિધાન મુજબ તો આઠ વર્ષની નીચેના આત્માઓને પણ રાજમાર્ગે દીક્ષા આપવી પડશે ને?

**જવાબ**: જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનમાં એવું જોયું છે કે સામાન્ય રીતે આઠથી નીચેની વયનાં બાળકોમાં ચારિત્ર-મોહનીયના તીવ કર્મનો ક્ષયોપશમ થવાથી જે ચારિત્રનો પરિણામ ઉત્પન્ન થવો જોઈએ તે પરિણામ ઉત્પન્ન થતો નથી. માટે આઠ વર્ષની વયમર્યાદા બાંધી છે. વળી ઘણાં નાનાં બાળકો લોકોમાં પરાભવનું સ્થાન બની રહે છે.

વળી યુવાન દીક્ષામાં કામદોષની સંભાવના જે જણાવી તે તો પરિણીત યુવાનોની દીક્ષામાં તથા વૃદ્ધોની દીક્ષામાં

સંભવિત છે. કેમ કે વેદોનો ઉદય તો ઠેઠ નવમા ગુણસ્થાનક સુધી રહે છે.

વસ્તુસ્થિતિ તો એ છે કે બાળદીક્ષા કરતાં પણ પરણેલાઓની દીક્ષા ઊલટી વધારે જોખમી છે, કેમ કે તેઓએ જે કામસુખ આ ભવમાં જ સાક્ષાત્ ભોગવ્યાં છે તેનું સ્મરણ કેટલીક વાર એટલું બધું તીવ્ર બનવાની શકયતા હોય છે કે તેમાં તેમનું મુનિજીવન કદાચ ભાંગીને ભુક્કો થઈ જાય. જ્યારે બાળદીક્ષિતોને તો આ ભવમાં કામસુખનો સાક્ષાત્ ભોગવટો નહિ હોવાથી આ બાબતમાં તેમનું મન કૂદી કૂદીને કુતૂહલ કરવા સુધી જશે પરંતુ છેવટે શાંત થઈને જ રહેશે. આમ જોવા જઈએ તો પતનની વધુ શકયતા જેટલી બાળમાં નથી તેટલી યુવાન વગેરેમાં છે. બાલબ્રહ્મચારીઓને જો દીક્ષા આપ્યા બાદ તેના ગુરુ બરાબર સાચવી લે અને તેને જિન-વચનથી ખૂબ ભાવિત કરે તો ભોગસુખોથી કદી ન ખરડાયેલાં તન-મન અને જીવનવાળા એ બાળ-દીક્ષિતોને કામનાં કુતૂહલ પેદા થવાની શકયતા પણ ખતમ થઈ જાય છે. આથી જ તો ઘણી મોટી સંખ્યામાં શાસન-પ્રભાવકો તે જ મહાત્માઓ થયા છે જેઓ બાળ-દીક્ષિત હતા. વળી, "જે ચાર પ્રકારના આશ્રમો કહ્યા છે તે બ્રહ્મચર્ય વગેરે આશ્રમોમાંથી પસાર થઈને જ છેલ્લે સંન્યાસાશ્રમ સ્વીકારવો જોઈએ." એવી જે વાત પૂર્વે જણાવી છે તેય બરોબર નથી. જૈન દૃષ્ટિને આ વાત

માન્ય નથી. કેમ કે અવિરતિ એ જ સૌથી મોટો અધર્મ છે કેમ કે એમાં રહીને ગમે તેટલો ઉત્કૃષ્ટ ધર્મ કરાય તોપણ તેનું જે મૂલ્ય અંકાય તેના કરતાં ઘણું વધુ મૂલ્ય સર્વવિરતિ સહિતના ખૂબ નાનકડા ધર્મનું છે. વળી ગૃહસ્થ વગેરે આશ્રમો તો મહા આરંભ અને પરિગ્રહથી ભરેલા છે. તેને 'આશ્રમ' શબ્દ લગાડવો તે જ અમને તો બિલકુલ અનુચિત લાગે છે. આથી વિવેકની પ્રાપ્તિ થાય, વૈરાગ્ય પેદા થઈ જાય અને ગુરુસમર્પણનો ભાવ જાગ્રત થઈ જાય કે તરત જ કોઈ પણ ઉંમરે દીક્ષા લઈ લેવી જોઈએ.

**સવાલ :** જો કુટુંબવાળો કોઈ આત્મા દીક્ષા લે તો તેના મોહના કારણે કુટુંબના સંસારી લોકો તીવ્ર આર્તધ્યાનથી ઝૂર્યા કરે. આમ કુટુંબના તે આત્માઓને પીડા આપવા રૂપ દીક્ષા બનતી હોવાથી જેને કુટુંબ-કબીલો હોય તેવા આત્માએ દીક્ષા લેવી જોઈએ નહિ, બલ્કે તેણે કુટુંબનું પાલનપોષણ જ કરવું જોઈએ અર્થાત્ કુટુંબ વિનાના એકલદોકલ આત્માઓ જ દીક્ષા લઈ શકે ?

**જવાબ :** જો કુટુંબના માણસોની પીડાને કારણે દીક્ષા ન લેવાય તો દીક્ષા બંધ રાખીને કુટુંબનું પાલન કરવા જતાં ષડ્જીવનિકાયના અનંતા જીવોની પીડાને કેમ નજરમાં લાવતા નથી ? કુટુંબનાં ચાર-આઠ માણસના મોહના કારણે કાંઈ અનંતા જીવોનો નાશ કરી શકાય નહિ. વળી તે જ મોહના કારણે કુટુંબીજનો રડવા વગેરે સ્વરૂપ આર્તધ્યાન કરે તો તેમાં નિમિત્ત બનવારૂપે દીક્ષા લેનાર વ્યક્તિને

પાપકર્મોનો બંધ થઈ જતો નથી કેમ કે તે વ્યક્તિના મનમાં કુટુંબને આર્તધ્યાનમાં રઝળતું મૂકવાનો લેશમાત્ર આશય નથી. બલ્કે કુટુંબીજનોની આ મોહદશાનો જલદીમાં જલદી નાશ કરવા માટે હું ક્યારે જ્ઞાનદશા પ્રાપ્ત કરું તેવા શુભ મનોરથોમાં તે આત્મા રમતો હોય છે.

જો આશય વિના કર્મબંધ થઈ જતો હોત તો મોક્ષ પામી ચૂકેલા ગજસુકુમાલ મુનિના આત્માને ગાળો દેનાર સોમિલ સસરાના આર્તધ્યાનમાં સિદ્ધ થયેલા ગજસુકુમાલ મુનિને પાપકર્મોનો બંધ થઈ જાત, અને તેથી તેઓ તરત જ સિદ્ધશિલાથી નીચે સંસારમાં ગબડી જાત.

આથી જ શાસ્ત્રકાર પરમર્ષિઓએ કહ્યું છે કે મારવા વગેરેના આશયથી કરવામાં આવતી હિંસા તે જ હેય હિંસા છે.

ઉપરના વિચાર કરતાં તો અમારો વિચાર સાવ જુદો છે. અમારું કહેવું તો એ છે કે જેઓ કુટુંબવાળા હોય તેમણે જ દીક્ષા લેવી જોઈએ કેમ કે તેવી દીક્ષાથી લોકોમાં એવી વાયકા ફેલાય અને શાસન-પ્રભાવના થાય કે, "કેવો મહાન આ ત્યાગી આત્મા કે જેણે વિશાળ કુટુંબપરિવારનો ત્યાગ કરીને દીક્ષા લીધી!"

'દશવૈકાલિક સૂત્ર'માં પણ 'જે અ કંતે પિએ ભોએ' ગાથાથી આ જ વાતને સમર્થન આપવામાં આવ્યું છે. એકલ-દોકલની દીક્ષામાં ઉપરોક્ત શાસન-પ્રભાવના થઈ શકતી નથી. કુટુંબનો ત્યાગ કરીને લેવાતી દીક્ષા એ જ સાચી દીક્ષા

છે એમ કહેવું તે બરોબર નથી. પરંતુ અવિવેકનો ત્યાગ કરીને લેવાતી દીક્ષા તે જ સાચી દીક્ષા છે, પછી તે દીક્ષિત થનારો આત્મા કુટુંબવાળો હોય યા એકલદોકલ હોય. 'દશવૈકાલિક સૂત્ર'માં જે કહ્યું છે તે વ્યવહારનયની અપેક્ષાએ જાણવું. તે ગાથામાં 'હૂ' શબ્દ છે તેનો અર્થ 'જ' નહિ કરતાં 'પણ' કરવો. એટલે હવે એ અર્થ થશે કે ભોગો છોડીને દીક્ષા લેનારાની જેમ કુટુંબ આદિના ભોગ વિનાનો પણ ત્યાગી છે — જો તે અવિવેકનો ત્યાગી હોય તો. હા, એટલું ચોક્કસ છે કે અવિવેકનો ત્યાગ કરનારો બનવાથી તેના દ્વારા વિશિષ્ટ શાસન પ્રભાવના થાય.

**દીક્ષા લેવા માટેનાં યોગ્ય સ્થળો**

સમવસરણ, જિન-ચૈત્ય, શેરડીનું વન, પીપળા વગેરે વૃક્ષોની વાડી, પડઘાવાળી કે પ્રદક્ષિણાવર્ત જળવાળાં સ્થાનો દીક્ષા લેવા માટે યોગ્ય છે.

**દીક્ષા માટેનાં અયોગ્ય સ્થાનો**

ભાંગેલાં કે સળગેલાં સ્થાનો, સ્મશાન, શૂન્યગૃહો, ખરાબ સ્થાનો કે જ્યાં અંગારા, કચરો કે વિષ્ટા વગેરે પડેલાં હોય તેવાં સ્થાનો દીક્ષા લેવા માટે અયોગ્ય છે.

**દીક્ષા માટેનો કાળ**

ચૌદશ, પૂનમ, આઠમ, નોમ, ચોથ, છઠ અને બારસ આ તિથિ સિવાયની તિથિઓ દીક્ષા માટેની યોગ્ય તિથિઓ ગણાય. ઉપરોક્ત વર્જ્ય તિથિમાં પણ જો વિશિષ્ટ યોગો પ્રાપ્ત થતા હોય તો આ વર્જ્ય તિથિઓમાં પણ દીક્ષા

આપી શકાય. તથા નક્ષત્રોમાં ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદમાં દીક્ષા કરવી. વળી આ નક્ષત્રોમાં આચાર્યાદિ પદોની અનુજ્ઞા પણ કરી શકાય. પરંતુ નીચે લખેલાં સાત નક્ષત્રોમાં નીચે જણાવેલા દોષોને કારણે દીક્ષા કરવી નહિ.

(૧) સંધ્યાગત નક્ષત્ર (ક્લેશ), (૨) રવિગત નક્ષત્ર (ખેદ), (૩) વિડ્વર નક્ષત્ર (પરાજય) (૪) સંગ્રહ નક્ષત્ર (વિગ્રહ), (૫) વિલંબીનક્ષત્ર (ચંચળતા), (૬) રાહુહત નક્ષત્ર (કુભોજન) (૭) ગ્રહભિન્ન નક્ષત્ર (મરણ અને લોહીની ઊલટી).

દીક્ષા માટે વર્જ્ય અને અવર્જ્ય જે ક્ષેત્ર અને કાળ બતાવ્યાં તે ક્ષેત્રવિપાકી વગેરે કર્મોના થતા ઉદયોને કારણે બતાડયાં છે. આવી તીર્થંકર દેવોની આજ્ઞા છે. માટે આ વિષયની ઉપેક્ષા કરવી નહિ. જો જ્યોતિષ અંગેનું ખૂબ સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોય તો તેની સહાયથી જિનાલયોનાં પ્રતિષ્ઠા વગેરેનાં એવાં ઉત્કૃષ્ટ મુહૂર્તો કાઢી શકાય છે જેને લીધે તે જિનાલયવાળા ગામના લોકો બધી રીતે ખૂબ સુખી અને સમૃદ્ધ થાય જેથી તેઓ જિનશાસનની ઘણી જ પ્રભાવના કરનારા બને. એ જ રીતે મુમુક્ષુને દીક્ષા આપવા માટેના પણ એવાં મુહૂર્તો કાઢી શકાય કે મુમુક્ષુ દીક્ષા લઈને વિશુદ્ધ સંયમ જીવનનો આરાધક બનીને જૈન શાસનનો મહાન પ્રભાવક બને. આથી ક્ષેત્ર અને કાળ અંગેની ઉપરોક્ત જિનાજ્ઞા ખૂબ જ યથાર્થ છે એમ પૂર્ણ શ્રદ્ધાથી સ્વીકારીને વર્તવું.

મુમુક્ષુને દીક્ષા આપતા પહેલાં પૃચ્છા કરવી કે તું

કોણ છે? વગેરે.... વળી તેને પૂછવું કે તું શા માટે દીક્ષા લે છે? જો તે પોતાને ઉચ્ચ કુળનો કે વિશિષ્ટ નગરીનો જણાવે અને પાપમય સંસારમાંથી બચવા માટે દીક્ષા લેવાની વાત કરે તો તેને જરૂર દીક્ષા આપવી.

તે મુમુક્ષુઓને એવી **કથાઓ** કહેવી કે જેમાં કઠોર સંયમજીવનના પાલકોની સદ્ગતિ થાય અને સંયમ હારી ગયેલાઓની દુર્ગતિ થાય તેનું વર્ણન સંભળાવાય. જો આવી કથા સાંભળતાં તેના મુખ ઉપર આરાધનાનો આનંદ અને વિરાધનાની ધ્રુજારીઓ દેખાઈ આવે તો તે આત્માને દીક્ષા માટે યોગ્ય જાણવો.

વળી તે મુમુક્ષુની કેટલીક પરીક્ષા કરવી જેમાં લીલા ઘાસ ઉપર ચાલવાનું, આર્દ્રા નક્ષત્ર પછી કેરી ખાવાનું તથા કાચું પાણી પીવાનું વગેરે બાબતો લઈ શકાય. ક્યારેક ગુરુ પણ હાથે કરીને એવી કોઈક વિરાધના કરે. તેવા વખતે જો તે મુમુક્ષુ તેવી વિરાધનાઓથી ધ્રૂજી ઊઠે. અરે! ગુરુને પણ તેવી વિરાધના કરતા જોઈને તેમના અન્ય શિષ્યો વગેરે પાસે ગુરુએ કરેલી વિરાધનાની ફરિયાદ કરે તો તે મુમુક્ષુને દીક્ષા માટે યોગ્ય જાણવો. આવી પરીક્ષા દીક્ષા દીધા પછી મુમુક્ષુની છ મહિના સુધી કરવી. કોઈક પાત્રાપાત્રની અપેક્ષાએ આ સમયમાં ઘટાડો કે વધારો પણ કરી શકાય. જોકે મલધારી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના મત પ્રમાણે તો છ મહિનાનો આ સમય દીક્ષા લેતા પહેલાંનો પણ હોઈ શકે.

ઉપરોક્ત પૃચ્છા, કથા તથા પરીક્ષામાંથી જે પસાર થઈ જાય તેને દીક્ષાવિધિ, ચૈત્યવંદન વગેરે નાણ સમક્ષ કરાવીને રજોહરણ આપીને યાવજ્જીવનું સામાયિકવ્રત ઉચ્ચ-રાવવું. રજોહરણ આપતી વખતે દીક્ષાર્થીનું મુખ પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ હોવું જોઈએ અથવા જે દિશામાં જિનેશ્વર-દેવનું ચૈત્ય હોય તે દિશામાં પણ તેનું મુખ રખાવી શકાય.

## શું મુનિજીવન પાપકર્મના ઉદયથી મળે છે ?

કેટલાક અજ્ઞાનતાના કારણે કહેતા હોય છે કે ગૃહ-સ્થપણું જ ઉત્તમ છે, અને ધર્મ કરવા માટે પણ ગૃહસ્થ-પણામાં જ રહેવું જોઈએ. જેમ કોઈ અભાગિયાના હાથમાં આવેલો પૈસો પાપકર્મનો ઉદય થતાં નાશ પામી જાય છે, તેમ પુણ્યના ઉદયથી મળેલું સંસારનું સુખી જીવન પાપ-કર્મોનો ઉદય થતાં દીક્ષા લેનારાઓનું નાશ પામી જાય છે. વળી મુનિજીવન દુઃખમય છે, ત્યાં ટાઢ-તરસ વગેરે વેઠવાં પડે છે, ચિત્તમાં શુભ ધ્યાન ઉત્પન્ન કરનારાં ઘર, ભોજન, પથારી વગેરે સાધનોનો તો એ જીવનમાં સરિયામ અભાવ છે, એટલે મુનિજીવનમાં શુભ વિચારોનું સર્જન કે ધર્મ કરવા માટેના ઉલ્લાસભર્યા સંકલ્પો પેદા થવાનું શકય જ નથી. માટે મુનિજીવન દુઃખમય હોવાથી પાપકર્મના ઉદયરૂપ છે અને અનુકૂળ સાધનોના અભાવને લીધે ધર્મપરિણતિ પેદા કરવા માટે અત્યંત પ્રતિકૂળ છે.

આ વિધાન તદ્દન ખોટું છે. હકીકતમાં તો સાંસારિક સુખ માટેનાં સાધનો – ઘરબાર, પુત્રપરિવાર, કંચન-કામિની

વગેરેને પામ્યા પછી તેની રક્ષા કરવા માટે અને રક્ષા કરવા છતાં તેનો નાશ થઈ જતાં ચિત્તમાં જે અતિતીવ્ર સંક્લેશ ઉત્પન્ન થાય છે તે ગૃહસ્થ જીવનમાં પુષ્કળ પ્રમાણમાં હોય છે. જે તે વસ્તુઓની કારમી મમતાને કારણે જ ગૃહસ્થોને આવા તીવ્ર સંક્લેશો પેદા થતા હોય છે. મુનિઓને આવી કોઈ મમતા હોતી નથી તેથી આવા સંક્લેશો પેદા થતા નથી માટે જ સર્વદા સંક્લેશરહિત એવા મુનિઓનું જીવન દુઃખમય છે જ નહિ. ગૃહસ્થોના જીવનમાં ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિની જે પુન્યાઈ દેખાય છે તે મોટે ભાગે પાપાનુબંધી પુણ્યસ્વરૂપ જોવા મળે છે કેમ કે તેવી પુન્યાઈમાં જ ચિત્તની કારમી સંકિલષ્ટ અવસ્થા સંભવે છે. આવી પાપાનુબંધી પુન્યાઈને કદી સારી માનવામાં આવી નથી કેમ કે તેના ભોગવટામાં કારમું આર્તધ્યાન છે અને વિપાકમાં દુર્ગતિની પરંપરાઓ છે.

એ વાત સાચી છે કે ચિત્તની શુભ પરિણતિ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સાધનો પ્રાપ્ત થવાં જોઈએ, પરંતુ સાચા મુનિઓને જ્યારે તેવી કોઈ અપેક્ષા જ નથી કે, “મને ઠંડું પાણી, ગરમ રસોઈ, રૂની તળાઈ પ્રાપ્ત થાય,” ત્યારે તેવી વસ્તુઓ મુનિને પ્રાપ્ત ન થાય તો તેમાં દુઃખી થઈ જવાની કોઈ શકયતા જ નથી. જેને ખૂજલી ઊપડે તેને ખણવા માટેના સાધનની જરૂર પડે અને તે ન મળે તો તે દુઃખી થાય. વળી ખણે તોયે દુઃખી થાય. ખણતાં જે સુખ મળે તે તો સુખાભાસ હોય છે.

પણ જેને ખૂજલી જ ન ઊપડે તેને ખણવા માટેના સાધનની શી જરૂર પડે? એને સાધન ન મળે તો તેમાં દુઃખ પણ શેનું થાય? વળી ખણ્યા પછીના દુઃખની પીડાની તો ત્યાં શક્યતા જ રહેતી નથી.

આ ઉપરથી વિચારો કે વાસનાની ખૂજલીવાળા ગૃહસ્થનું જીવન દુઃખમય છે કે તેની ખૂજલી વિનાના મુનિઓનું જીવન દુઃખમય છે?

**સવાલ:** મુનિઓને પણ મોક્ષની વાસના તો હોય જ છે ને? તો તે પણ ખૂજલી નથી? તેની પીડા તેમને પણ નથી શું?

**જવાબ:** સાતમા વગેરે ગુણસ્થાને તો મોક્ષની પણ ઇચ્છા મટી જાય છે એ વાત ન ભૂલો. વળી છઠ્ઠા ગુણસ્થાને તો મોક્ષેચ્છા છે તે પણ સંસારની સર્વ ઇચ્છાઓની મુક્તિગર્ભિત મોક્ષેચ્છા છે. માટે તે તો કાંટાથી કાંટાને કાઢવારૂપ હેય ને ઉપાદેય છે. વળી મુનિના જીવનમાં જે તપ, ત્યાગ વિહાર અને લોચ વગેરેનાં કષ્ટો છે તે પણ હકીકતમાં દુઃખરૂપ નથી બલ્કે અભ્યાસ દ્વારા સિદ્ધ થઈ ગયેલાં તે તપ વગેરે અત્યંત આનંદદાયક બનતાં હોય છે. કદાચ તેમાં થોડું દુઃખ માની પણ લઈએ તોય જેના સેવનમાં આરોગ્ય, યશ, વગેરેની આ લોકમાં જ પ્રાપ્તિ થઈ જાય છે, જેનાથી પરલોકમાં સદ્‌ગતિઓ મળ્યા કરે છે અને અંતે મુક્તિના અનંત સુખની ભેટ મળે છે, તેવા અપાર સુખને મેળવી આપતા થોડા દુઃખને દુઃખ સ્વરૂપ કહી શકાય ખરું? શું

તાવ ઉતારતા કડુ–કરિયાતાના ઉકાળાને દુઃખરૂપ માનીને છોડી દેવાય ખરો ? વળી ગૃહસ્થને ષડ્જીવનિકાયનો જે આરંભ–સમારંભ છે તે એટલો બધો પરપીડા રૂપ છે કે તે મજેથી કરનારને ચિત્તશાંતિ વગેરે કદી સંભવિત નથી.

મુનિજીવન તો આ પરપીડાથી અત્યંત મુક્ત છે. એથી મુનિને અથાગ ચિત્તશાંતિ પ્રાપ્ત થાય છે. પાપાનુબંધી પુણ્યનાં સુખોમાં શાંતિ ન હોય અને તેથી ગૃહસ્થજીવન જ દુઃખરૂપ કહેવાય. મુનિજીવન કદાપિ નહિ.

આમ મુનિજીવન પાપોદયથી પ્રાપ્ત થનારા દુઃખ-સ્વરૂપ નથી.

**સવાલ :** અમારા સંસારમાં ઘરબાર, કુટુંબીકબીલો વગેરે ઉપરની મમતાના કારણે અમને ચિત્તમાં સંક્લેશનું દુઃખ ઉત્પન્ન થાય છે તો શું સાધુઓને વસ્ત્ર, પાત્ર, વસતિ વગેરેમાં મમતા ઉત્પન્ન થઈને ચિત્તસંક્લેશો ઉત્પન્ન ન થાય ?

**જવાબ :** મુનિજીવનમાં વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણો એવાં મૂલ્યવાન હોતાં નથી બલ્કે ખૂબ જ સાદાં અને તુચ્છ હોય છે. એવી વસ્તુઓમાં મમત્વ પેદા થવાની શક્યતા ખૂબ ઓછી છે. માટે મૂર્છાને જ પરિગ્રહ કહેવામાં આવ્યો છે.

## બીજી વસ્તુ : પ્રતિદિન ક્રિયા

પ્રવ્રજ્યા તેની જ સફળ કહેવાય કે જે આત્મા પ્રમાદનો ત્યાગ કરીને સૂત્રમાં બતાડેલી વિધિપૂર્વક સતતપણે અને ખૂબ ઉલ્લસિત ભાવથી હંમેશની ક્રિયાઓ કરે. મુનિજીવન પામ્યા પછી પણ પૂર્વે બંધાઈ ગયેલાં અશુભ કર્મોના જો ઉદય થઈ જાય તો તે અશુભોદય કદાચ મુનિજીવનને બરબાદ પણ કરી નાખે. આવાં અશુભ કર્મોને ખતમ કરવાં જ રહ્યાં. નિકાચિત કર્મોની વાત જવા દઈએ (જોકે તેવાં કર્મો ખૂબ થોડાં જ હોય છે) તો પણ જે અનિકાચિત, મંદ કે તીવ્ર કર્મો હોય છે તેમને તો ઉદયમાં આવીને મુનિજીવન ખતમ કરતા પહેલાં જ ખતમ કરી શકાય છે. તેનો ઉપાય એક જ છે કે અપ્રમત્ત ભાવે સતતપણે ભરપૂર ઉલ્લાસ સાથે શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરવી. જે આત્મા આ રીતે ક્રિયાઓ ન કરતાં સુખશીલ મુનિજીવન જીવે છે તેમનું જીવન ગમે તે પળે અશુભ કર્મોના ઉદયના ઝપાટામાં આવી જવાની પૂરી શક્યતા ધરાવે છે. ઇષ્ટ સ્થળને પામવા ચાલતા મુસાફરને રસ્તામાં કાંટો લાગવાથી, તાવ આવવાથી કે દિશા ભુલાઈ જવાથી જેમ ઇષ્ટ સ્થળની પ્રાપ્તિમાં વિલંબ થઈ જાય છે તેમ જ મોક્ષરૂપી ઇષ્ટ સ્થળ પામવા નીકળેલા મુનિરૂપી મુસાફરને પણ આવાં જ ત્રણ જાતનાં વિઘ્નો ચારિત્રની

આરાધના કરતાં આવી શકે છે. તેમાં સુખશીલતા તે કાંટા બરોબર છે (મેઘકુમાર મુનિની જેમ). માયાવી વગેરે પ્રકારનું જીવન તે તાવ બરોબર છે (દહનદેવની જેમ) અને દિશાનું ભૂલી જવું તે ચારિત્રને ઘણા બધા અતિચારોથી ખરડી નાખવું તે કહેવાય છે (અર્હદ્દત્તમુનિની જેમ). આ ત્રણે વિઘ્નો દૂર કરવા માટે અપ્રમત્ત ઉલ્લસિત ભાવથી મુનિજીવનની પ્રતિદિન ક્રિયા અવશ્ય કરવી જોઈએ. આવા મુનિની પ્રવ્રજ્યા જ જૈનશાસનમાં સફળ ગણવામાં આવી છે.

**પ્રતિદિન ક્રિયાના દશ ભેદો**

(૧) ઉપધિનું પડિલેહણ, (૨) ઉપાશ્રયનું પ્રમાર્જન, (૩) વિધિવત્ ગોચરી લાવવી, (૪) ઇરિયાવહીપૂર્વક કાયોત્સર્ગ કરવો, (૫) ગોચરી આલોવવી, (૬) ભોજન, (૭) પાત્રપ્રક્ષાલન, (૮) સ્થંડિલગમન, (૯) વિરાધના વગરની સ્થંડિલ ભૂમિનું પ્રેક્ષણ, (૧૦) પ્રતિક્રમણ કાલગ્રહણ વગેરે....

**(૧) ઉપધિનું પડિલેહણ**

આ અંગેનું સઘળું વિવેચન પિંડનિર્યુક્તિ તથા ધર્મસંગ્રહની વાચનાની નોંધમાં જોઈ લેવું.

**(૨) ઉપાશ્રયનું પ્રમાર્જન**

સવારે ઉપધિનું પ્રતિલેખન કર્યા બાદ જે કાજો લેવાય છે તે જ ઉપાશ્રયનું પ્રમાર્જન કહેવાય છે, જ્યારે સાંજે પહેલાં વસતિનું પ્રમાર્જન કરીને પછી વસ્ત્રાદિનું પડિલેહણ કરવું જોઈએ. આ કાજો ગીતાર્થે જ લેવો જોઈએ કેમ કે કાજો લેતી વખતે જે વિશિષ્ટ ઉપયોગદશાની જરૂર છે તે ગીતાર્થની દૃષ્ટિમાં જ હોય છે. કાજો ગૃહસ્થનાં સાવરણી

આદિ સાધનોથી ન લેતાં કોમળ અને ચીકાશ વિનાના, રૂંવાટાંવાળા દંડાસનથી લેવો જોઈએ. આ રીતે વસતિ પ્રમાર્જવામાં ન આવે તો લોકનિંદા, ધૂળ લાગવાથી જીવ-હિંસા તથા ધૂળિયા પગને લીધે ઉપધિનું જલદીથી મેલું થવું વગેરે અનેક દોષો લાગે છે. આમ વધુ મેલી થતી ઉપધિને વારંવાર ધોવામાં આવે તો એથીય વધુ જીવ-વિરાધનાનો દોષ લાગે. અને લાંબા સમય સુધી ન ધોવામાં આવે તો શાસન-હીલના, આત્મવિરાધના વગેરે દોષો લાગે.

## (૩) વિધિવત્ ગોચરી લાવવી

આ અંગેનું વિવેચન પણ ધર્મસંગ્રહ તથા પિંડ-નિર્યુક્તિમાં જોઈ લેવું. તેમાં એટલું ઉમેરવું કે ગોચરી લાવ્યા પછી 'પડિક્કમામિ ગોઅરચરિયાએ' વગેરે પાઠથી જે દોષોનું આલોચન કરાય છે અને કાયોત્સર્ગ કરાય છે તે પોતે જ પ્રાયશ્ચિત્ત છે. દોષોનું ચિંતવન કરવું તે વિશિષ્ટ કોટિની ધર્મધ્યાનની અવસ્થા છે. તે સ્થિતિમાં અશુભ કર્મોની જોરદાર નિર્જરા થઈ જાય છે. આમ સેવેલા તે દોષોનું ચિંતવન પોતે જ પ્રાયશ્ચિત્ત બની જાય છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ બને ત્યાં સુધી ગોચરીમાં વિગઈઓ ન લાવવાનો ઉપદેશ આપ્યો છે. તે વિગઈઓ આ પ્રમાણે દશ છે: (૧) દૂધ, (૨) દહીં, (૩) ઘી, (૪) તેલ, (૫) ગોળ, (૬) પકવાન્ન રૂપ છ વિગઈઓ તથા (૭) મધ, (૮) માખણ, (૯) મદ્ય (દારૂ) અને (૧૦) માંસ રૂપ ચાર મહાવિગઈઓ સમજવી.

આ દશ વસ્તુઓનું સેવન ચિત્તમાં વિકાર (વિકૃતિ) પેદા કરનારું હોવાથી તેમને વિગઈ કહેવામાં આવેલ છે. તેમાં પણ મદ્ય વગેરે ચાર તો ચિત્તમાં ભયંકર વિકૃતિ પેદા કરતી હોવાથી સર્વથા નિષિદ્ધ છે. તેમાં પણ જીવ-વિરાધનાનો સવાલ તો છે જ. કેમ કે મદ્યમાં લાળિયા બે-ઇન્દ્રિય જીવો, છાશથી છૂટા પડેલા માખણમાં તથા દારૂમાં અસંખ્ય જીવોની વિરાધના, તથા માંસમાં તો કાચું હોય કે રાંધી નાખ્યું હોય તો પણ અનંતકાયનો સતત ઉત્પાદ અને વિનાશ ચાલુ રહેવા રૂપ મહાજીવવિરાધના થતી હોય છે. આમ છતાં પૃષ્ટાલંબને ગીતાર્થગુરુની રજા લઈને ફક્ત દૂધ, દહીં આદિ છ વિગઈનું સેવન કરી શકાય છે. છતાં સામાન્યતઃ તો આ છ વિગઈ પણ સાધુએ વાપરવી જોઈએ નહિ કેમ કે તેઓનું સેવન આત્મામાં વિકૃતિ પેદા કરવાના સ્વભાવવાળું હોવાથી તેનું સેવન કરનારને તે કામાસક્ત બનાવે છે. હવે જેનો કામ તૃપ્ત થતો નથી તે આત્મા ક્રોધી પણ બને છે. આમ વિગઈઓનું સેવન કરનારને વિગઈઓ ઢસડીને દુર્ગતિઓમાં લઈ જાય છે. આ વાત પચ્ચક્ખાણ ભાષામાં 'વિગઈ વિગઈ ભીઓ' ગાથાથી કહી છે.

વિગઈઓ એ શત્રુનું ઘર છે, જ્યારે આયંબિલ એ મિત્રનું ઘર છે, અને ઉપવાસ એ માલિકીનું ઘર છે. શત્રુના ઘરમાં રહેવામાં કેટલું બધું જાનનું ('ભાવપ્રાણનું') જોખમ છે તે સહેલાઈથી સમજાય તેવું છે. આંખમાં કામવિકાર પેદા કરવાની શક્તિ, જીભમાં પેદા થતી લાલસાઓથી હોય છે. જીભનો અને શરીરના ગુપ્ત ભાગનો પરસ્પર ગાઢ સંબંધ

છે. તે બન્નેમાં કોઈ પણ પ્રકારનું હાડકું ન હોવાથી તેઓ બન્ને બેરોકટોક બેફામ તોફાન કરી શકે છે. આમ તે બંને એકબીજાને પૂરક બને છે. જેણે શરીરના એ ગુપ્ત ભાગને સદા માટે નિર્વિકાર એટલે કે સહજ સ્થિતિમાં રાખવાની સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તેમણે જીભની લાલસાઓને ખતમ કરવી જ પડશે. હા, પૃષ્ટાલંબને શાસ્ત્રકારોએ શીરો-મોસંબીનો રસ વગેરેની રજા આપી છે તો પણ તેનું સેવન કરતી વખતે લાલસા પોષવાની રજા તો કોઈ પણ અપવાદે આપી નથી. શાસ્ત્રકાર પરમર્ષિઓ ફરમાવે છે કે જેણે મોક્ષ પામવો છે તેણે મનને કાબૂમાં લેવું જ પડશે. જેણે મનને કાબૂમાં લેવું હોય તેણે બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરવું જ પડશે, જેણે બ્રહ્મચર્યનું પૂર્ણ પાલન કરવાની સિદ્ધિ મેળવવી હોય તેણે મોહનીયકર્મને ('સંસ્કારને') કાબૂમાં લેવું જ પડશે, જેણે મોહનીયકર્મને કાબૂમાં લેવું હોય તેણે ગુરુકૃપા મેળવવી જ પડશે. આ ગુરુકૃપા તેને જ મળી શકે કે જેનો રસનેન્દ્રિય ઉપર અસાધારણ કાબૂ છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે, "જે સારક્ખાય તે તયક્ખાય, જે તયક્ખાય તે સારક્ખાય." (તય = છોતરાં) અર્થાત્ જેમણે મુનિજીવનમાં વિગઈઓના સાર ખાધા તેણે ખરેખર તો દુર્ગતિની તૈયારી કરીને છોતરાં જ ખાધાં છે અને જેણે આયંબિલ વગેરે કરીને છોતરાં જેવા રુક્ષ પદાર્થો ખાધા છે તેણે તો સદ્ગતિ નક્કી કરીને મુનિજીવનનો સાર ખાધો છે. પંચવસ્તુક ગ્રંથમાં કહ્યું છે કે, "ખૂબ જ ઉત્કૃષ્ટ ચારિત્રનાં પરિણામ લઈને જે મુમુક્ષુ સાધુ થયો છે તેના તે ઉત્તમ પરિણામોને ખલાસ

કરી નાખવાની તાકાત વિગઈઓના સેવનમાં પડેલી છે. જેને તેવી વિગઈઓ તરફ નફરત નથી તે આત્માને કોઈ પણ પળે મોહનો ઉદય થઈ જાય અને તેથી તે આત્મા અકાર્યમાં દોરવાઈ જાય, યાવત્ સ્ત્રીભોગ તરફ પણ તણાઈ જાય તો તેમાં જરા પણ નવાઈ પામવી નહિ." શરીરનો બાંધો જેનો દઢ છે એવો સાધુ જો રસની લોલુપતાથી વિગઈઓનું સેવન કરતો રહે તો તેનું જીવન કાં વાસનાઓથી અથવા છેવટે કષાયોથી કે આળસના નશાથી બરબાદ થયા વિના રહેતું નથી. જેમ ગાડું ચલાવવા માટે તેને ઊંજવું જ ('ઓઈલિંગ' કરવું) પડે છે તેવી રીતે સાધુએ ખૂબ જ ઓછા પ્રમાણમાં વિગઈઓનો ટેકો લઈને ચારિત્ર ધર્મ રૂપી ગાડાને દોડાવવું જોઈએ.

### આપણું કર્તવ્ય

જ્યારે શાસ્ત્રકાર પરમર્ષિઓએ વિગઈઓને તાલપુટ ઝેર કરતાંય વિઘાતક કહી છે, જ્યારે તેનું (નિષ્કારણ) સેવન કરનારના સૌ પ્રથમ તે ચિત્તંત્ર ઉપર હુમલો કરીને તેની સ્થિતિને હચમચાવી મૂકીને જીવન બરબાદ કરવા તરફ પરાણે ઢસડી જઈને જ રહે છે, ત્યારે સાચા ખાનદાન આત્માઓનું આ સૌ પ્રથમ કર્તવ્ય બની રહે છે કે તેમણે વિગઈઓનો સર્વથા કે છેવટે બહુધા ત્યાગ કરી જ દેવો જોઈએ.

એવું તો વિગઈઓથી શરીરબળ કેમ કમાવી શકાય જેના બદલામાં આત્મબળ સરિયામ ગુમાવી દેવાનું હોય! આ ધંધો શે પરવડે?

બીજો મોટો તપ થાઓ કે ન થાઓ પણ વિગઈઓ તરફ તો નફરત થવી જ જોઈએ. આ નફરત એ ચોથા નંબરનો બાહ્ય-તપ છે. એનો ચોથા નંબરના સ્વાધ્યાય નામના અભ્યંતર તપ સાથે અતિગાઢ સંબંધ છે. જેનો વિગઈરસ સુકાઈ જાય તેનામાં જ સ્વાધ્યાયરસ પૂરો જામી જાય.

જેને એ વાત સમજાઈ હોય કે મુનિજીવનનાં પ્રાણભૂત બે તત્ત્વો છે : વિનય અને સ્વાધ્યાય; તેણે આ બીજા અને ચોથા નંબરના અભ્યન્તર તપને આત્મસાત્ કરવા માટે બીજા અને ચોથા નંબરના બાહ્યતપ ઊણોદરી અને રસત્યાગને આત્મસાત્ કર્યે જ છૂટકો છે.

કેટલાકો કદાચ આ રસત્યાગ સર્વથા ન જ કરી શકે; તેમ કરવા જતાં તેમને જો ક્યારેક ત્યાગનું આર્તધ્યાન થઈ જતું હોય તો તેમણે બહુધા રસત્યાગ કરવો યોગ્ય છે. મહિનામાં પાંચેક દિવસની છૂટ તેઓ રાખી શકે, અથવા રોજ ખૂબ ઓછા પ્રમાણમાં એકાદ જ વિગઈ તેઓ લેવાનું રાખે. જોકે માસમાં પાંચ દિનની છૂટ ક્યારેક તે દિવસોમાં વધુ પડતી આસક્તિ પેદા કરી મૂકે તેવી પૂર્ણ શક્યતા છે. આ વખતે તે આત્માએ ખૂબ સાવધાન રહેવું જ રહ્યું.

ખરેખર તો 'સર્વથા ત્યાગ' જ અનોખાં ફળો આપનારો બને છે. થોડીક પણ છૂટ સ્થિર થવા લાગેલા ચિત્તને ફરી ડહોળાવી મૂકતી હોય છે. દીર્ઘકાળના, એકધારા સ્વૈચ્છિક ત્યાગની મજા જ કોઈ જુદી હોય છે. એમાંથી આત્મમસ્તી અવશ્ય પેદા થાય છે.

**દેખાદેખીનું ઝેર**

છૂટ રાખવાની જરૂર તેને જ રહે જેનું મનોબળ નિર્બળ હોય. આવું બનવામાં અનેક કારણો છે. તેમાં સૌથી પ્રધાન કારણ દેખાદેખીનું ઝેર છે. પોતાને જેનો ત્યાગ હોય અને બીજા મુનિઓ તે લાવીને વાપરે અને તે સ્થિતિ જો નજરમાં આવી જાય તો નબળા મનમાં ખાવાની આસક્તિ જાગી જાય. આમ નિષ્કારણ વિગઈરસો વાપરનારે પોતાનાથી બીજાને થતા આવા નુકસાનને ધ્યાનમાં લઈને તેમની ખાતર પણ વિગઈરસો છોડી દેવા જોઈએ. જેમને ગીતાર્થ ગુરુની રજાથી પૃષ્ટાલંબને વાપરવાનું હોય તેમને ગુરુએ ત્યાગીઓની માંડલીમાં ન વપરાવતાં ખાનગીમાં આગળપાછળ – જુદા બેસાડીને વપરાવી દેવું યોગ્ય છે. આથી દેખાદેખીનું ઝેર ચડે નહિ.

વસ્તુતઃ જે આત્માએ રાગથી ખીચોખીચ ભરેલા સંસારના ભોગો સામે જરાય નજર કરી નથી; અને બીજા ગમે તે કરે, મારે તો મારા આત્માનું જ હિત વિચારવું છે, અને તેથી હું તો રાગાદિ ભોગોનો ત્યાગ કરીને "સંયમ લઈને જ રહીશ".... એમ વિચારીને દીક્ષા લીધી છે તે આત્માએ તે જ દૃષ્ટિકોણ ફરી પણ અપનાવવો જોઈએ અને મુનિઓના જીવનની કોઈ શિથિલતા સામે નજર કરીને તેનો ભોગ બનવાને બદલે પોતાના આત્મહિતની દૃષ્ટિ નજરમાં લાવીને તેમની વચ્ચે રહીને પણ વિગઈરસો વગેરેના સર્વથા ત્યાગી બનવું જ જોઈએ.

## બહુધા ત્યાગી બનવાની રીતો

કદાચ તેમ ન બને તો વિગઈરિસોના બહુધા ત્યાગી બનવાનું કામ તો અવશ્ય કરવું જોઈએ. સર્વથા ત્યાગી બનવાના લક્ષ સાથે નીચે મુજબની પ્રતિજ્ઞાઓ લેવાથી બહુધા ત્યાગી બનવાની જઘન્ય ભૂમિકા પામી શકાશે.

૧. નિત્ય એકાસન; પાંચ તિથિ આયંબિલ.

૨. ફ્રૂટ, મેવો, તળેલું, ફરસાણ અને ચાનો ત્યાગ [મહિનામાં પાંચ દીની છૂટ, તળેલામાં કે ચામાં રાખી શકાય.]

૩. (ક) આજે જ ખપી શકતી મીઠાઈઓ (દૂધપાક, શીરો વગેરે) વાપરવી. બાકીની તમામ બંધ.
   (ખ) મહિનામાં પાંચ દિવસ સિવાય તમામ ગળપણ બંધ.
   (ગ) દૂધની મીઠાઈ સિવાયની તમામ બંધ.
   (ઘ) સર્વથા નિર્દોષ મીઠાઈ સિવાયની તમામ બંધ.
   (ચ) કોઈ પણ મીઠાઈ નરમ દાળમાં ચોળી નાખીને જ વાપરવી. ટૂંકમાં તેનો સ્વાદ ખતમ કરવા સિવાય ન જ વાપરવી.
   (છ) ખૂબ ઓછું પ્રમાણ નક્કી કરીને તેટલું જ વિગઈસેવન કરવું.
   (જ) વિગઈસેવનના દિવસે રોજ કરતાં ઘણો વધુ સખ્ત સ્વાધ્યાય કરવો અને વળતે દિવસે તપ આદરવો.

(ઝ) ચ્યવન પ્રાશ જેવી વસ્તુઓ, ચંદ્રોદય જેવી ઔષધિઓ અને કાચી વિગઈઓ તો કદી ન વાપરવી.

ઉપરોક્ત અનેક પ્રકારના અભિગ્રહો કરીને પણ વિગઈના રસોની આસક્તિમાંથી પ્રત્યેક સંયમાભિલાષી મુમુક્ષુએ છુટકારો મેળવી લેવો જોઈએ. અન્યથા તેનું જીવન ગમે તે પળે જોખમમાં મુકાઈ જવાની પરિપૂર્ણ શકયતા-વાળું બની જશે.

જો સંયમજીવન લઈ જાણ્યું છે તો હવે તેને પાળી પણ જાણવું જ જોઈએ. તદર્થ વિગઈઓનું સેવન યથાશકય સંપૂર્ણ બંધ કરી દેવું જોઈએ.

**ખાડો પૂરવા માટે ધૂળ હોય; ઝવેરાત નહિ**

પેટનો ખાડો જ જો પૂરવો છે તો તેને રોટલી, રોટલા દાળ કે શાક જેવી ધૂળોથી જ પૂરવા જોઈએ. તે માટે કાંઈ વિગઈઓના રસના ઝવેરાતની જરૂર નથી.

રોટલી, રોટલામાંય ઘણી શક્તિ છે; અરે ! સાચી શક્તિ તેમાં જ છે (વિગઈઓના રસો તો વ્યાધિના ઉત્પાદક છે.) એમાંય કઠોળનાં તત્ત્વો તો અત્યંત શક્તિશાળી છે. હંમેશ રોટલાદિ વાપરવાથી અશક્તિ આવી જવાની કલ્પના તે નરી ભ્રમણા છે. સખ્ત મજૂરી કરનારા માણસોને દૂધ કયાં મળે છે? ઘીનું તો સ્વપ્ન પણ કયાં છે? તેઓ તો રોટલા ને મરચું જ પ્રાયઃ ખાતા હોય છે. મુનિઓ જો તેમની તરફ થોડીક નજર વાળે તોય તેમની ભ્રમણા ભાંગી

જાય અને ખરેખર "ખાડો તો ધૂળથી જ પુરાય" એ સૂત્ર ઉપર પૂરો વિશ્વાસ જામી જાય. કદાચ વિગઈના રસોના નિષ્કારણ સેવનથી શરીર પુષ્ટ થતું હોય તોય સેવન કરવા જેવું નથી,—જો આત્મા નબળો પડતો હોય તો !

બે હાથમાં ઘી અને છાશની બઘોણી હોય અને સામેથી ધસી આવતા ગાંડા આખલા સામે ઊગરી જવા માટે એકાદ બઘોણી છોડી દઈને તે હાથે બાજુની કોઈ દુકાનનો થાંભલો પકડી શકાતો હોય તો કયો ડાહ્યો માણસ ઘીથી ભરેલી બઘોણી છોડશે ? તે તો આ ઉપદ્રવથી ઊગરવા અવશ્ય છાશની જ બઘોણી છોડશે ને ?

આત્મગુણો ઘી છે; શરીરબળ તે છાશ છે. તો હવે છાશના લાભમાં ઘીનો લેનાર તો મૂર્ખ જ ગણાય ને ?

**ચારથી નવ સુધીનાં દ્વારો**

(૪) ગોચરી લાવ્યા બાદ ઇરિયાવહીપૂર્વક કાયોત્સર્ગ કરવો, (૫) ગોચરી આલોવવી, (૬) ભોજનવિધિ, (૭) પાત્ર-પ્રક્ષાલન, (૮) સ્થંડિલગમન, (૯) વિરાધના વિનાની સ્થંડિલ-ભૂમિનું પ્રેક્ષણ, (૧૦) પ્રતિક્રમણ, કાલગ્રહણ વગેરેની વિધિ.

ઉપર્યુક્ત દ્વારો પિંડનિર્યુક્તિની નોંધમાં વિસ્તારથી આવી ગયાં છે.

**ષડાવશ્યકોનું મૂળ સ્થાન**

જ્યારે જે તારક તીર્થંકર દેવોના આત્માની સાધના પૂર્ણ થાય છે: ઘનઘાતી કર્મોનો તેઓ નાશ કરે છે:

વીતરાગ અવસ્થા અને લોકાલોકપ્રકાશક કૈવલ્યની પ્રાપ્તિ થાય છે : ત્યારે ટૂંકા જ સમયમાં તે તારક તીર્થંકર દેવો વિશ્વકલ્યાણકર ધર્મશાસનની સ્થાપના કરે છે. તે વખતે તે ધર્મશાસનની ધુરાને વહન કરવાને યોગ્ય આત્માઓને ગણધરપદ ઉપર આરૂઢ કરે છે. તેઓને પરમપિતા પરમાત્મા ત્રિપદીનું [ઉપ્પન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા] દાન કરે છે. આ ત્રણ પદો ઉપર ઊહાપોહ કરતાં જ તે પરમોપાસ્ય ગણધર ભગવંતોના આત્મામાં દ્વાદશાંગીનો જ્ઞાનપ્રકાશ પ્રગટ થઈ જાય છે. પરમાત્મા તે જ્ઞાનપ્રકાશ ઉપર — વાસક્ષેપ કરવા દ્વારા — મહોરછાપ મારીને, તેને સૂત્રબદ્ધ કરવાની અનુજ્ઞા આપે છે.

આમ સંક્ષિપ્ત એવી ત્રિપદીમાંથી પ્રગટ પામી વિરાટ એવી દ્વાદશાંગી ! [બાર અંગોનાં નામ : (૧) આચારાંગ, (૨) સૂયગડાંગ, (૩) ઠાણાંગ, (૪) સમવાયાંગ, (૫) વિવાહ પ્રજ્ઞપ્તિ, (૬) જ્ઞાતા ધર્મકથાંગ, (૭) ઉપાસક દશાંગ, (૮) અંતકૃત્ દશાંગ, (૯) અનુત્તરોપપાતિક દશાંગ, (૧૦) પ્રશ્ન-વ્યાકરણ, (૧૧) વિપાકશ્રુત, (૧૨) દૃષ્ટિવાદ].

જ્ઞાનાત્મક આ દ્વાદશાંગીનો જો કોઈ સાર હોય તો તે છે ક્રિયાત્મક 'છ આવશ્યકો'. જ્ઞાનનો સાર ક્રિયા છે. દ્વાદશાંગીનો સાર છ આવશ્યકો છે. ત્રિપદીમાંથી દ્વાદશાંગી; દ્વાદશાંગીનો સાર ષડાવશ્યક; અને ષડાવશ્યકમાં પ્રધાન સામાયિક–આવશ્યક.... એટલે ત્રિપદીનો, દ્વાદશાંગીનો અને ષડાવશ્યકનો સાર સામાયિકસૂત્ર કહેવાય.

**છ આવશ્યકોની 'હૉસ્પિટલ' ઉપર ઘટના**

અહીં પ્રસંગતઃ છ આવશ્યકોમાં છુપાયેલી રહસ્યમય ગંભીર ઘટના ઉપર વિચાર કરીએ.

[૧] એક હૉસ્પિટલ છે. કોઈ રોગી તેમાં દાખલ થવા માટે જાય છે ત્યારે,

[૨] સૌ પ્રથમ હૉસ્પિટલના મુખ્ય મૅનેજરને મળે છે. તેને નમસ્તે વગેરે કહેવા રૂપે સન્માની પોતાની વાત કરે છે.

[૩] મૅનેજર તેના રોગને ખ્યાલમાં લઈને તે અંગેના નિષ્ણાત સર્જન ડૉક્ટર પાસે તે દર્દીને મોકલે છે.

[૪] તે ડૉક્ટર તેને ઑપરેશન થિયેટરમાં દાખલ કરે છે, અને વાઢકાપ કરીને દર્દ દૂર કરે છે.

[૫] પછી પાટાપિંડી થાય છે.

[૬] છેલ્લે પોષણ વગેરે માટે જરૂરી દવાઓ આપે છે અને તેનું ભવિષ્યમાં સેવન ચાલુ રાખવાનું કહે છે જેથી તે રોગ ફરી ન થાય.

અહીં [૧] સામાયિકની સાધનામાં બેસવું એ હૉસ્પિટલમાં પ્રવેશ બરોબર છે. [૨] મૅનેજર તે "ભંતે" પદથી સૂચિત મુખ્યત્વે ગુરુ છતાં સાપેક્ષ રીતે પરમગુરુ પરમાત્મા પણ છે : તેમને વંદન છે. [૩] ડૉક્ટર તે બીજા "ભંતે" પદથી સૂચિત ગુરુદેવ છે : તેમનું શરણ છે. [૪] ઑપરેશન તે પ્રતિક્રમણ દ્વારા પાપરોગનું નિવારણ. [૫] પાટાપિંડી

તે "વંદિત્તા" સૂત્ર પછીના [દેવસિ પ્રતિક્રમણની અપેક્ષાએ] બે, એક અને એક લોગસ્સના કાયોત્સર્ગ સ્વરૂપ છે. [૬] ભાવી રોગમુક્તિ માટે પોષક પદાર્થનું સેવન તે પચ્ચક્ખાણ કરવું એ છે.

હવે મૂળ વાત ઉપર આવીએ. 'આવશ્યક'નો અર્થ જ એ છે કે સાધુ-સાધ્વી-અને-શ્રાવક-શ્રાવિકાએ તે તે શાસ્ત્રોક્ત કાળે અવશ્ય કરવા જેવી આરાધના. બીજું કાંઈક ઓછું પણ થાય તોય આ ચારેય વર્ગોએ ઉભયટંક છ આવશ્યક તો કરવાં જ જોઈએ.

છ આવશ્યકમાં વધુ વિસ્તાર અને મહત્ત્વ 'પ્રતિક્રમણ' નામના ચોથા આવશ્યકને અંગે છે માટે વ્યવહારમાં ઉભયટંકની આવશ્યક ક્રિયાને 'પ્રતિક્રમણ' (રાઈ, દેવસી.... વગેરે) કહેવામાં આવે છે.

**સાંજના પ્રતિક્રમણને અનુલક્ષીને પ્રતિક્રમણવિધિનું રહસ્ય**

**ભૂમિકા**

સાંજના ષડાવશ્યકો અંગેનાં સૂત્રો નીચે પ્રમાણે છે. સૌ પ્રથમ દેવવંદન કરવું જોઈએ કેમ કે તીર્થંકર દેવોનો આપણી ઉપર અસીમ ઉપકાર છે. તેમની સ્તવના તે ષડાવશ્યકની ક્રિયાના આરંભમાં મંગલ સ્વરૂપ છે.

**પહેલું આવશ્યક**

હવે ગુરુ પાસે કરવા માટેના પ્રતિક્રમણ અંગેની આજ્ઞા મેળવવા માટે "દેવસિય પ્રડિક્રમણે ઠાંઉ ?" એ પ્રમાણે

આદેશ માગીને જે કરેમિ ભંતે સૂત્ર બોલાય છે તે પહેલું આવશ્યક છે.

ત્યાર પછી સયણાસણન્નની ગાથા દ્વારા જે કાયોત્સર્ગ કરવાનો છે તે કાયોત્સર્ગમાં તે ગાથાનો આધાર લઈને જેમને દિવસ દરમ્યાન ઘણા અતિચારો લાગવાની સંભાવના નથી તેવા ગુર્વાદિએ માત્ર બે વાર બોલીને તે તે અતિચારોનું ચિંતવન કરવાનું છે. પરંતુ જેમને ગોચરી આદિ અનેક કાર્યો હોવાને લીધે ઘણા અતિચારો લાગવાની સંભાવના છે તેવા શિષ્યાદિને તે ગાથા બે વાર બોલવામાં વધુ સમય લાગવાના કારણે તેમણે એક જ વાર તે ગાથા બોલીને તેના શબ્દોના આધારે શાંતિથી તમામ લાગેલા અતિચારોનું ચિંતવન કરવાનું છે. આ સયણાસણન્નનો કાયોત્સર્ગ લાગેલા અતિચારોનું પોતાની જાતે સૂક્ષ્મ ચિંતવન કરવારૂપ છે તેથી તેની પ્રતિક્રમણ આવશ્યકમાં વિવક્ષા કરાઈ નથી. આ પોતે ચિંતવેલા અતિચારોનું નિવેદન જ્યારે ગુરુ સમક્ષ કરવાનું શરૂ થશે ત્યારે ત્યાંથી જ પ્રતિક્રમણ આવશ્યક શરૂ થયું ગણાશે. હાલ તો 'ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગ'થી લઈને સયણાસણન્નના કાઉસગ્ગ સુધી પોતાની જાતે આલોચવાના અતિચારો અંગેનાં સૂત્રો થયાં.

## બીજું આવશ્યક

'સયણાસણન્ન' ગાથા પછી જે લોગસ્સ બોલાય છે તે ચોવીસ વગેરે તીર્થંકર દેવોની સ્તવનારૂપ છે, અને તે જ 'ચઉવિસત્થેઓ' નામનું બીજું આવશ્યક છે.

## ત્રીજું આવશ્યક

સૂત્રો શરૂ કરતા પહેલાં ગુરુને દ્વાદશાવર્ત વંદન કરવું જોઈએ અને તે પહેલાં પચ્ચીસ બોલથી કાયાનું પ્રતિલેખન કરવું જોઈએ. પણ તે પ્રતિલેખન કરતાં જે મુહપત્તિ દ્વારા કાયાનું પ્રતિલેખન કરવાનું છે તે મુહપત્તિનું જ પચ્ચીસ બોલથી પ્રતિલેખન કરવું જોઈએ. એટલે હવે બીજું આવશ્યક પૂર્ણ થતાં જ મુહપત્તિ અને કાયાનું પચાસ બોલથી પ્રતિલેખન કરવારૂપ મુહપત્તિ પડિલેહવાની અને ત્યાર પછી ગુરુવંદન સ્વરૂપ બે વાર વાંદણા દેવા.

## ચોથું આવશ્યક

હવે વિસ્તારથી ચોથું આવશ્યક શરૂ થાય છે જેનો પહેલો આદેશ માગવાનો છે. 'ઇચ્છા. સંદિ. ભગ. દેવસિઅં આલોઉં' આ સૂત્રથી શરૂ કરીને આયરિય ઉવજ્ઝાએની છેલ્લી ગાથા સુધીનાં બધાં સૂત્રો આ ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં ગણાય છે. આ સઘળાં સૂત્રોમાં સૌથી સૂક્ષ્મ અને ખૂબ સંક્ષેપમાં સઘળા અતિચારોનું પ્રતિક્રમણ કરાવતું સૂત્ર તે 'સવ્વસ્સવિ દેવસિઅ' સૂત્ર છે. આ ચોથા આવશ્યકમાં ષડ્જીવનિકાયની હિંસા વગેરે તમામ પાપોનું પ્રતિક્રમણ કરતાં કરતાં સર્વ જીવરાશિ સાથે ક્ષમાપના કરીને આત્મા ગુરુવંદન કરીને ગુરુ સાથે ક્ષમાપના 'અબ્ભુટ્ઠિઓ' સૂત્ર દ્વારા કરે છે. વળી વંદન કરીને આચાર્ય ઉપાધ્યાય વગેરે સાથે 'આયરિય ઉવજ્ઝાએ' સૂત્રો દ્વારા જ ક્ષમાપના કરે છે. ત્યાર પછી તે જ સૂત્રની બીજી ગાથા દ્વારા સકળ

શ્રમણસંઘ સાથે ક્ષમાપના કરે છે અને ત્યાર પછી ત્રીજી ગાથા દ્વારા સર્વ જીવરાશિ સાથે ક્ષમાપના કરે છે. આ ત્રણે ગાથામાં તે બધા પાસે પોતાના અપરાધની ક્ષમા માગે છે અને ત્યાર પછી તેમના તરફથી પોતાની ઉપર થયેલા અપરાધ બદલ ઉદારતાથી ક્ષમા આપે પણ છે. અહીં આ આવશ્યક પૂર્ણ થાય છે.

**પાંચમું આવશ્યક**

ચોથા અને પાંચમા આવશ્યક વચ્ચે 'કરેમિ ભંતે' સૂત્ર આવે છે. આ સામાયિકસૂત્ર અત્યાર સુધીમાં ત્રીજી વાર આવ્યું. આમ વારંવાર આ સૂત્રનું ઉચ્ચારણ કરવાનું કારણ એ છે કે સઘળી સાધુજીવનની ક્રિયા સામાયિક ભાવપૂર્વક હોવાથી ચિત્તમાં સામાયિક ભાવને સતત જાગતો રાખવો જોઈએ અને તે માટે તેના અર્થનું સ્મરણ સતત થયા કરવું જોઈએ. આ કારણસર વારંવાર વચ્ચે વચ્ચે સામાયિકસૂત્રનું ઉચ્ચારણ આવે છે.

સામાયિકસૂત્ર બોલ્યા બાદ 'ઇચ્છામિ ઠામિ' સૂત્રથી શરૂ કરીને જે આરાધનાના કાયોત્સર્ગો કરવા માટેનાં સૂત્રો છે તે બધાં પાંચમા 'કાયોત્સર્ગ' નામના આવશ્યકમાં ગણાય છે. તેમાં પહેલો બે લોગસ્સનો (પચાસ શ્વાસોચ્છ્વાસનો) ચારિત્રધર્મની આરાધના માટેનો કાયોત્સર્ગ છે ત્યાર પછી એક-એક લોગસ્સના બે કાયોત્સર્ગ (પચ્ચીસ પચ્ચીસ શ્વાસોચ્છ્વાસના) તે અનુક્રમે દર્શન અને જ્ઞાનની આરાધનાના કાયોત્સર્ગો છે. દર્શન વગેરે ત્રણમાં ચારિત્રની

પ્રધાનતા છે એ બતાવવા માટે અને તે બે કરતાં ચારિત્રનું બળ વધારે છે તે દર્શાવવા માટે ચારિત્રની આરાધના અંગેનો કાયોત્સર્ગ પ્રથમ લીધો અને તે બે લોગસ્સનો જણાવ્યો.

### છઠ્ઠું આવશ્યક

ત્યાર પછી જે પચ્ચક્ખાણ કરવાનું છે તે છઠ્ઠું પચ્ચક્ખાણ નામનું આવશ્યક છે. આ છ આવશ્યકમાં જ્યાં ક્યાંય પણ વધારાનાં સૂત્રોનો ઉમેરો થયો છે તે હવે પૂર્વાચાર્યોની આચરણા સ્વરૂપ બનવાથી તેનો અપલાપ કરી શકાય નહિ. અશઠ એવા આચાર્યે કોઈ પણ સ્થાને કોઈ પણ કારણથી જે અસાવદ્ય આચરણનો આરંભ કર્યો હોય અને તે આચરણનો બીજા ગીતાર્થોએ નિષેધ ન કર્યો હોય તો તેવું આચરણ — ભલે તેનો શાસ્ત્રમાં પાઠ ન મળતો હોય તો પણ — બહુજનસન્માન બનવાથી માર્ગ સ્વરૂપ બની જાય છે, જેમ શાસ્ત્રવચન તે મોક્ષમાર્ગ છે તેમ આવી આચરણા તે પણ મોક્ષમાર્ગ છે. તેનો અપલાપ કેમ કરી શકાય ?

ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં જે અબ્ભુટ્ઠિઓ ખામવાની ક્રિયા છે તે હાલ તો આચરણારૂપ બની છે; ખરેખર તો જેટલા સાધુ હોય તે બધા(છેલ્લા બે સાધુ સિવાય)ને ખમાવવાના હોય છે. એટલે કે જો વીસ સાધુની માંડલી હોય તો ઓગણીસમા સાધુ સુધી દરેક સાધુએ પોતાના વડીલોને ખમાવવાનું હોય છે. આ રીતે મોટી સંખ્યાવાળા સાધુઓની માંડલીમાં પણ સમજવું.

આ બાબતમાં ગીતાર્થોએ જોયું કે જીવોની ધીરજ અને તેમના શરીરમાં સંઘયણ દિવસે દિવસે નબળાં પડતાં જાય છે; આવી સ્થિતિમાં જો તેમને ઉપર બતાવેલી શાસ્ત્ર-વિધિ પ્રમાણે બધા વડીલોને વંદન કરવાનું ઠરાવાય તો કદાચ ઉદ્વેગ લાવીને તેઓ આર્તધ્યાન પણ કરે એટલું જ નહિ પણ આ શાસ્ત્રમર્યાદાનો ભંગ કરવાનું પણ સાહસ કરે.

આ બધું નજરમાં રાખીને ગીતાર્થોએ એવી આચરણા નક્કી કરી કે દેવસી કે પક્ખિ પ્રતિક્રમણમાં પાંચ કે તેથી વધુ સાધુની માંડલી હોય ત્યારે બે સાધુને બાકી રાખીને જ ત્રણ સાધુને વંદન કરવું. ચોમાસી પ્રતિક્રમણમાં સાત કે તેથી વધુ સાધુની માંડલી હોય તો બે સાધુને બાકી રાખીને જ પાંચ સાધુને વંદન કરવું. સંવત્સરી પ્રતિ-ક્રમણમાં નવ કે તેથી વધુ સાધુની માંડલી હોય ત્યારે બે સાધુને બાકી રાખીને જ સાત સાધુને વંદન કરવું. પણ જો ઉપર જણાવ્યા મુજબ તે તે પ્રતિક્રમણની માંડલીના સાધુ પૂરા થતા ન હોય તો ઉપર જણાવેલી સંખ્યા કરતાં ઓછી સંખ્યાના સાધુને વંદન કરવું. તે વખતે એ ધ્યાનમાં રાખવું કે બે સાધુ તો બાકી રહેવા જ જોઈએ. દા.ત. ચોમાસી પ્રતિક્રમણની માંડલીમાં છ સાધુ હોય તો તે વખતે બેને તો બાકી રાખવા જ પડે એટલે પાંચને વંદન થઈ શકે નહિ માટે ત્રણને જ વંદન કરવું (ચારને નહિ) પણ જો કોઈ પણ પ્રતિક્રમણમાં ત્રણ સાધુની જ માંડલી હોય તો માત્ર એક સાધુને જ વંદન કરવું. આમ જેમને વંદન કરવાનું છે તેમની એકી સંખ્યા રહેવી જોઈએ એ વાત નક્કી થાય છે.

આ વ્યવસ્થાને આચરણા કહેવામાં આવે છે તેનો (૧) શાસ્ત્રમાં ક્યાંય ઉલ્લેખ નથી. (૨) શાસ્ત્રમાં ક્યાંય વિરોધ પણ નથી અને (૩) ઘણા સુવિહિત ગીતાર્થોએ તેને માન્ય રાખીને પોતાના જીવનકાળમાં તેનો અમલ પણ કર્યો છે.

આ આચરણાને ભગવાનની આજ્ઞા બરાબર સમજવી. તેનો અપલાપ એટલે જિનેશ્વર દેવની આજ્ઞાનો અપલાપ. ઓઘાની દસીઓ પાસે જે દોરી હાલ બાંધવામાં આવે છે તેનું શાસ્ત્રમાં વિધાન નથી તેમ જ તેનો નિષેધ પણ નથી. વળી આ દોરીનો અનેક પૂર્વાચાર્યોના સમયમાં ઉપયોગ કરાયેલો છે એટલે હવે આ દોરી દૂર કરવાની વાત કોઈ વ્યક્તિથી થઈ શકે નહિ.

કાળની વિષમતાને કારણે આગમગ્રંથો છિન્નભિન્ન થવાને કારણે અને બુદ્ધિની તથા શરીરની પુષ્કળ હાનિ થવાને કારણે એવી કેટલીય પરંપરાઓ આચરણારૂપ બનીને આજે ચાલી રહી છે. જો તેનો અપલાપ કોઈ વ્યક્તિ કરે તો તેનાથી સંઘમાં બુદ્ધિભેદ ઉત્પન્ન થાય, અને સંક્લેશનાં વમળો પેદા થાય. વળી એક વ્યક્તિનું આ સાહસ જોઈને બીજી પણ અનેક વ્યક્તિઓ જે તે સંશોધનો કરીને તે તે પરંપરા શાસ્ત્રમાં વિહિત નથી એમ કહીને અપલાપ કરવા માંડે તો આરાધક વર્ગમાં વિમાસણ, શંકા, સંક્લેશ વગેરે પેદા થઈને ચારે બાજુ બુદ્ધિભેદ થવા લાગે. આ બુદ્ધિભેદ જૈનસંઘની અબાધિત એકતાને તથા શ્રદ્ધાને તોડનારી વસ્તુ છે. એના કરતાં બહેતર છે કે જે તે આચરણાને

આરાધક બાળજીવો પોતાની ભાવભરી શ્રદ્ધા સાથે કરતા રહે. એથી કોઈ મોટું આભ તૂટી પડવાનું નથી.

બેશક, ઉપરોક્ત આચરણાસ્વરૂપ પરંપરા માન્ય રાખી શકાય પરંતુ જે બાબતોને અગીતાર્થ શિથિલાચારી એવા સાધુઓએ કે આચાર્યોએ ઘણા સમયથી ચલાવી હોય તેને 'પરંપરા' યાને 'આચરણા' કહીને માન્ય રાખી શકાય નહિ. તેને પરંપરા ન કહેતાં ખરેખર તો 'પડંપડા' કહેવી જોઈએ. આંધળાને પકડીને ચાલતો આંધળો જો પહેલો આંધળો પડી જાય તો બીજો પણ તેની સાથે જ પડે; આને અંધની પડંપડા કહેવાય. અગીતાર્થ અને શિથિલાચારી જ્ઞાનની બાબતમાં તો અંધ જ છે.

હવે સમજાશે કે 'સુઅદેવયાએ' વગેરે સ્તુતિઓ 'ગુજરાતી અતિચાર' સિમંધર સ્વામી તથા શત્રુંજય તીર્થનાં બે 'ચૈત્યવંદનો' 'સ્તવન, સજ્ઝાય, બે કાઉસગ્ગ અને લઘુશાંતિ વગેરેની વિધિઓ આચરણારૂપ છે અને તેથી તેનો અપલાપ થઈ શકે જ નહિ. બેશક, આમાં નવી નિષ્કારણ વિધિ ઉમેરાય નહિ તેની કાળજી તો રાખવી જ જોઈએ.

## પ્રતિક્રમણમાં અબ્ભુટ્ઠિઓ વખતે ખમાવવાની મર્યાદા

સામાન્ય નિયમ એ છે કે રાત્રિ કે દિવસના કોઈ પણ સમયે વંદના કરવાની આવે ત્યારે રત્નાધિકને (રત્નત્રય સહિતના દીક્ષાપર્યાયમાં અધિકને) બીજાઓ વંદન કરે પરંતુ જે પદસ્થ હોય તે દીક્ષાપર્યાયમાં નાના હોય તો પણ

તેમની પાસે પ્રાયશ્ચિત્ત લેતી વખતે વાચના કે ઉદ્દેશાદિકની ક્રિયા વખતે રત્નાધિકે પણ વંદન કરવું જોઈએ પરંતુ તે સિવાયની વિધિઓમાં પચ્ચક્ખાણ લેતી વખતે સવારસાંજના પ્રતિક્રમણમાં ખમાવતી વખતે તો પદસ્થ રત્નાધિકને વંદન કરે. આ રીતે જેની પાસે વિદ્યા લેવાની છે તે સાધુ જો દીક્ષા-પર્યાયમાં જો નાનો હોય તોપણ વિદ્યા લેતી વખતે રત્ના-ધિકે તે નાના સાધુને વંદન કરવું જોઈએ. હાલ આ વિધિ અમલમાં નથી. હાલ તો એવી માન્યતા છે કે તેવા નાના પદસ્થ અને મોટા રત્નાધિકે એકબીજાને કોઈ પણ પ્રસંગે વંદનાદિ ન કરવું જોઈએ. છતાં કેટલાક મહાત્માઓ ઉપરોક્ત શાસ્ત્રોક્ત વિધિ કરવાનો અમલ કરતા આજે પણ જોવા મળે છે.

અબ્ભુટ્ઠિઓથી ક્ષમાપના કરતા પહેલાં અને પછી બન્નેવાર જે વાંદણા દેવાય છે તેનું કારણ એ છે કે કોઈ પણ નિવેદન કરતા પહેલાં અને પછી બે વખત નમસ્કાર આદિ કરવું જોઈએ — જેમ રાજાને નિવેદન કરતો દૂત પહેલાં અને પછી બંને વખત રાજાને નમસ્કાર કરે છે તેમ.

## પ્રતિક્રમણોમાં કેટલાક ફેરફારો

દેવસી પ્રતિક્રમણમાં દેવવંદન શરૂઆતમાં આવે છે અને રાઈ પ્રતિક્રમણમાં તે છેલ્લે આવે છે. સયણાસણન્નનો કાઉસગ્ગ સાંજના પ્રતિક્રમણમાં ઠાંવ્યા પછી તરત જ આવે છે કેમ કે સાંજના સમયે ઊંઘની પીડા ન રહેતી હોવાથી અતિચારોનું સ્મરણ તરત જ કરી શકાય છે. જ્યારે સવારના પ્રતિક્રમણમાં આ કાઉસગ્ગ આરાધનાના બે કાઉસગ્ગ

(ચારિત્રશુદ્ધિ તથા દર્શનશુદ્ધિ માટેના પચ્ચીસ-પચ્ચીસ શ્વાસોચ્છ્વાસપ્રમાણ આવે છે) કર્યા બાદ આવે છે તેનું કારણ એ જ છે કે તે વખતે ઊંઘની પીડાની શકયતા હોવાને કારણે અતિચારોનું સ્મરણ તરત રાખવામાં આવે તો તેમાં સફળતા ન પણ મળે. અહીં જ્ઞાનની આરાધના માટે માત્ર શ્રુત સ્તવ (પુક્ખરવર) સૂત્ર બોલવાની વિધિ છે પરંતુ તેનો કાયોત્સર્ગ નથી. તપ-ચિંતવણીના કાઉસગ્ગમાં છ માસના ઉત્કૃષ્ટ તપથી શરૂ કરીને ઘટતા ઘટતા તે દિવસે જે તપ પોતાને કરવાનો હોય ત્યાં અટકી જવું. આ અંગેની વિસ્તૃત વિધિ ગુરુગમથી સમજી લેવી.

ગુરુએ સોંપેલાં સ્વાધ્યાય, તપ, વૈયાવચ્ચ કાર્ય જરાય ન સીદાય આ વાતને ધ્યાનમાં રાખીને જ સાધુએ તપ કરવાનો છે; આથી જ છ માસથી ઘટતા ક્રમે પોતાની શક્તિ અને પરિણામને વિચારતા જઈને તે દિવસના તપનો નિર્ણય કરવાનો હોય છે.

## તપના પચ્ચક્ખાણમાં વિશેષતા

કોઈ પણ પચ્ચક્ખાણમાં ચાર વગેરે આગારો એટલા માટે રાખવામાં આવ્યા છે કે તેથી પ્રતિજ્ઞાનો ભંગ કર્યાનો દોષ ન લાગે. જો આગાર વિનાની પ્રતિજ્ઞા (પચ્ચક્ખાણ) લેવાય અને તે ન પાળી શકાય તો તેના ભંગરૂપે આજ્ઞા-વિરાધનાનો ઘણો મોટો દોષ લાગે છે. પરંતુ પ્રતિજ્ઞાને પૂરેપૂરી સાચવીને જો તેનું પાલન કરાય તો થોડાક પણ

આજ્ઞાપાલનનો ઘણો જ મોટો લાભ થાય છે. જીવોના તન-મન વગેરેના બળને જોઈને જ્ઞાનીઓને આ આગારો રાખવાની જરૂર દેખાય છે. કોઈ પણ આગાર વિનાનું પચ્ચક્ખાણ એટલે એક પણ બારી-બારણા વગરનો સંપૂર્ણ બંધ ઓરડો. જેમાં જીવરૂપી દ્રવ્ય પ્રાયઃ બફાઈ જાય. બારી-બારણાં એટલે આગારો; તેના હોવાથી આજ્ઞાપાલનની મોકળાશ રહે. પચ્ચક્ખાણ કરવાથી આત્માને પ્રમાદ ત્યાગવાની અને અપ્રમાદને સેવવાની તક મળે છે. આ રીતે જીવનમાં અપ્રમાદ ધીમે ધીમે વધતો જાય છે ત્યારે પ્રમાદનો મોટા પ્રમાણમાં નાશ થતો જાય છે. પ્રમાદના અનાદિકાલીન ગાઢ અભ્યાસના કારણે લીધેલા પચ્ચક્ખાણનો ભંગ થઈ જવાની ઘણી મોટી શકયતા છે. આવું ન બને તે માટે જ આગારો રાખવામાં આવ્યા છે.

**સવાલ :** જે આત્માએ દીક્ષા લીધી છે તેને તો પચ્ચક્ખાણોની અંદર આગારો ન જ હોવા જોઈએ ને? કેમ કે પ્રમાદીને તો દીક્ષા અપાય જ કયાંથી?

**જવાબ :** ચારિત્રના ઉત્તમ પરિણામથી દીક્ષા પ્રાપ્ત થાય છે તે પરિણામ પ્રાપ્ત થતાંની સાથે જ તેનો સઘળો પ્રમાદ નષ્ટ થઈ જાય એમ કહી શકાય નહિ. આથી જ દીક્ષિત આત્માને પણ પ્રમાદની સતામણીની શકયતા છે જ. એટલે તેનો નાશ કરવા માટે આગાર સાથેનાં પચ્ચક્ખાણો લઈને જ તે આત્માએ આગળ વધવું જોઈએ.

**સવાલ :** તો પછી સામાયિક ચારિત્રના પચ્ચક્ખાણમાં

સાધુ થનાર માટે કોઈ પણ આગાર કેમ રાખવામાં આવ્યો નથી?

**જવાબ :** સર્વ જીવ પ્રત્યે સમભાવ તે જ સામાયિક છે. આ સામાયિક ભાવ મમત્વ વિનાનો છે; વળી તે સર્વ પદાર્થને લગતો છે એટલે તેમાં કોઈ આગાર રાખવામાં આવ્યો નથી; વળી તેમાં માત્ર આ ભવના અંત સુધીની કાળમર્યાદા મૂકવામાં આવી છે તેનો અર્થ એ નહિ સમજવો કે મૃત્યુ પછીના ભવમાં સાવદ્ય યોગોનું સેવન કરવાની દીક્ષિત થનાર આત્માની ઇચ્છા તેના મનમાં પડેલી છે. આવી કાલમર્યાદા તો એટલા માટે છે કે જન્માંતરમાં આ પ્રતિજ્ઞાનું પાલન જન્મસમયથી તો અશકય જ છે. આવો પ્રતિજ્ઞાભંગ ન થાય એ માટે જ યાવજ્જીવનની કાળમર્યાદા મૂકવામાં આવી છે. એટલે જ જે તે અયોગ્ય આત્માને ચારિત્ર ન અપાઈ જાય તેની ખૂબ જ કાળજી દીક્ષાદાતાઓએ રાખવી જોઈએ.

ચારિત્રધર આત્માઓ નવકારશી વગેરે જે પચ્ચક્ખાણો કરે તે તો આગારવાળાં જ હોય એનું કારણ એ છે કે એ આગારોપૂર્વકની પ્રતિજ્ઞા કરવાથી તે આત્માને પ્રતિજ્ઞા-ભંગ થવાની શકયતા પ્રાયઃ ઊભી થતી નથી. બલ્કે, પ્રતિજ્ઞાઓ પાળવાથી તેનામાં જે આત્મબળ ઊભું થાય છે તે બળ તેના ચારિત્રધર્મને વિશેષ પુષ્ટ બનાવે છે.

**સવાલ :** સર્વ સાવદ્ય યોગની પ્રતિજ્ઞાસ્વરૂપ જ સર્વ-વિરતિ છે તો હવે તેવી સર્વવિરતિમાંય ખાવાનાં પચ્ચક્ખાણ-રૂપ વિરતિ ફરી શા માટે લેવી જોઈએ?

**જવાબ :** સર્વવિરતિની આરાધનામાં શરીર એ પણ એક અસાધારણ કારણ છે અને તેના ટકાવ માટે આહારાદિની અપેક્ષા રહે જ છે. આવો આહાર ગમે તે રીતે ગમે તેટલા પ્રમાણમાં તો ન જ લેવો જોઈએ. તે માટે આહારાદિના પચ્ચક્ખાણ રૂપ વિરિતિ તે સર્વવિરતિના પોષણ માટે લેવી જરૂરી છે.

**સવાલ :** આહારાદિની પ્રતિજ્ઞારૂપ પચ્ચક્ખાણોમાં આગારો રાખવાની શી જરૂર છે ? કેમ કે આગારો એટલે જ છૂટછાટ (અવિરતિ) ! સર્વવિરતિધરને આવી અવિરતિ હોય ખરી ?

**જવાબ :** જો આવા આગારો રાખવામાં ન આવે તો કેટલીક વાર ચિત્તની અસમાધિ આદિ દોષો પેદા થઈ જાય. આ અસમાધિ સર્વવિરતિરૂપ સામાયિકભાવને હણી નાખે. એટલે અસમાધિ ન પેદા થવા દેવા માટે આગારો રાખવાનું આવશ્યક બની જાય છે. આમ સર્વવિરતિના સમભાવની રક્ષા કરવાનું કામ તે તે આગારો કરતા હોવાથી તેઓ અવિરતિરૂપ નથી બલ્કે વિરતિરૂપ જ છે.

જય પામવાના યા તો યુદ્ધમાં ખપી જવાના ઉદ્દેશને વરેલો શૂરો સૈનિક કોઈ અકળ વ્યૂહની દૃષ્ટિથી પરાજય પામવાનો કે પીછેહઠ કરીને જીવતા રહેવાનો દેખાવ કરે તો પણ હકીકતમાં તો તેનો ઉદ્દેશ જીવંત હોવાના કારણે તે સૈનિકને ભીરુ કહી શકાય નહિ. એવો સૈનિક તેવું જે કાંઈ કરે તેનાથી પણ અંતે તો પોતાના ઉદ્દેશને જ બર લાવતો હોય છે.

**સવાલ :** જે લોકોને જૂઠું બોલવાની પ્રતિજ્ઞા હોય છે તેમને જૈનશાસ્ત્રોની દૃષ્ટિથી જૂઠું બોલાવવું કે જૂઠું બોલતાનું અનુમોદન કરવું તે પણ એટલું જ ત્યાજ્ય ગણાય છે. આ જ નિયમથી જેને ઉપવાસ કરવારૂપે ખાવાની પ્રતિજ્ઞા થઈ છે તેણે તે દિવસે બીજાને ખવડાવવું કે બીજા ખાનારાઓની અનુમોદના કરવી તે પણ એટલું જ ત્યાજ્ય ગણાય કે નહિ ?

**જવાબ :** ના, કેમ કે આહાર-પાણીના ત્યાગ અંગેનાં પચ્ચક્ખાણો માત્ર એકવિધ–એકવિધ ગણવામાં આવ્યાં છે. એટલે કે, "મારે કાયાથી ખાવું નહિ." એટલું જ એકવિધ-એકવિધ પચ્ચક્ખાણ હોવાથી બીજાને ખવડાવવું વગેરે બાબતનો નિષેધ આવતો નથી. (એ રીતે ઉપવાસીને રાતના સમયે પારણામાં ખાવાના વિચારો આવતા હોય તો તેથી પણ તેના પચ્ચક્ખાણનો ભંગ થઈ જતો નથી.) ઊલટું પ્રત્યાખ્યાનને મજબૂત અને સુંદર બનાવવા માટે જે 'ફાસિઅં....પાલિઅ' વગેરે છ વાતો કહેવામાં આવી છે તેમાં 'સોહિઅં'પદથી ગુર્વાદિકની આહારાદિની ભક્તિ કર્યા પછી જે શેષ આહારાદિ રહે તેનું સેવન કરવું તેમ કહ્યું છે. આ ઉપરથી બીજાને વપરાવવા વગેરે રૂપ ભક્તિ કરવી તે તો પચ્ચક્ખાણને પુષ્ટ કરનારી બાબત છે એમ નક્કી થાય છે.

**સવાલ :** જો સાધુને પાણીના આહારની છૂટ રૂપે તિવિહારનું પચ્ચક્ખાણ છે તો દુવિહારનું કેમ નહિ ?

**જવાબ :** સામાન્ય રીતે ખાદિમ્, સ્વાદિમ્ પદાર્થોના ઉપભોગની જિનેશ્વર ભગવંતોની સાધુ ભગવંતો માટે આજ્ઞા

નથી માટે તે પચ્ચક્ખાણની આચરણા કરવામાં આવી નથી.

**બન્ને પ્રતિક્રમણ કર્યા પછીનું કર્તવ્ય**

સાંજનું પ્રતિક્રમણ કર્યા બાદ મુનિઓએ ગુરુની વિશ્રામણા (સેવા) કરવી તથા તેમની પાસે થોડોક સમય બેસવું. તે વખતે ગુરુ, મુનિજીવનની મર્યાદાઓ વગેરેનું સ્મરણ આદિ કરાવે. સવારનું પ્રતિક્રમણ થયા બાદ દાંડાનું છેલ્લું પડિલેહણ કરતાં સૂર્યોદય થાય તે રીતે પડિલેહણની શરૂઆત કરવી. પડિલેહણ પૂરું થઈ ગયા બાદ કાજો લઈને સજ્ઝાય કરીને ઉપયોગનો આદેશ વગેરે (હાલની આચરણા મુજબ) વિધિ કરવી અને ત્યાર બાદ સૂત્ર પોરસિ અને અર્થ પોરસિના સમયનો સ્વાધ્યાય કરવો.

**સ્વાધ્યાયના સાત ફાયદાઓ**

સ્વાધ્યાય કરવાથી—

(૧) આત્માનું હિત અને અહિત શેના વડે છે તેનું જ્ઞાન થાય **આત્મહિતને** જાણનારો મનુષ્ય જ હિંસાદિથી નિવૃત્ત થઈ શકે છે અને પરાર્થકરણમાં પ્રવૃત્ત થઈ શકે છે. જે આત્મહિતને જાણતો નથી તે મનુષ્ય મૂર્ખ છે. મૂર્ખાઈથી તે ઘણાં કર્મ બાંધે છે અને અનંત સંસાર ભમે છે.

(૨) **સંવરની પ્રાપ્તિ** થાય છે. વાચના વગેરે પાંચ પ્રકારના સ્વાધ્યાયને કરતા સાધુને પાંચ ઇન્દ્રિયોનો સંવર અને ત્રણ યોગની ગુપ્તિ પ્રાપ્ત થાય છે. તેથી તેના મનની એકાગ્રતા વધતી જાય છે.

(૩) **નિત્ય નવું જાણવા મળતાં નિત્ય નવા સંવેગરસની પ્રાપ્તિ થાય છે.** જેમ જેમ જીવ અપૂર્વ-અપૂર્વ સ્વાધ્યાયના રસને ચાખતો જાય છે તેમ તેમ તેના ચિત્તમાં સંવેગનો રસ વધતો જાય છે. (સંવેગરસ = મોક્ષાભિલાષ).

(૪) મોક્ષમાર્ગમાં **નિશ્ચલતા** પ્રાપ્ત થાય. જે સાધુ સ્વાધ્યાય દ્વારા જ્ઞાનપ્રાપ્તિ કરે છે તેનું સમ્યગ્દર્શન વધુ નિર્મળ થવા લાગે છે. તેને તપ-સંયમ અને અનેક પ્રકારના નિયમો લેવામાં વિશેષ રસ પેદા થાય છે. આવું કરતો તે સાધુ મુનિજીવનમાં નિશ્ચલતા પામે છે.

(૫) ઉત્કૃષ્ટ **તપની** આરાધના થાય છે. બારે પ્રકારના તપમાં સ્વાધ્યાય સમાન કોઈ તપ નથી; માટે જે સ્વાધ્યાય કરે છે તે ઉત્કૃષ્ટ પ્રકારનો તપસ્વી છે. "નવિ અત્થિ નવિ હોહી, સજ્ઝાય સમં તવો કમ્મં" સ્વાધ્યાય સમાન કોઈ તપ છે નહિ અને થશે પણ નહિ.

(૬) **નિર્જરા** થાય. સ્વાધ્યાયમાં તલ્લીન બનેલા સાધુના મન-વચન-કાયાના યોગોની એટલી બધી એકાકારતા થાય છે કે તે વખતે પ્રત્યેક શ્વાસે અનંત કર્મોનો નાશ તે કરે છે. આટલો કર્મનાશ કરવા માટે અજ્ઞાનીને તો કોડાકોડી વર્ષો સુધી ભારે કષ્ટ વેઠવું પડે. કર્મનિર્જરા માટે દ્રવ્યાનુયોગનો સ્વાધ્યાય સૌથી ઉત્કૃષ્ટ છે.

(૭) બીજાને **બોધ** આપવાની શક્તિ પેદા થાય. જે તપ વગેરે કરે છે તે તો માત્ર સ્વનું કલ્યાણ કરે છે. પરંતુ

જ્ઞાન પામીને જે બીજાને બોધ આપે છે તે તો સ્વ અને પર ઉભયનું કલ્યાણ કરે છે. તેના દ્વારા તીર્થંકર દેવની ઉત્કૃષ્ટ ભક્તિ થાય છે કેમ કે તીર્થંકર દેવે સ્થાપેલા તીર્થની અવિચ્છિન્ન પરંપરાનું બીજ પર-કલ્યાણમાં જ પડેલું છે.

**અવિધિથી કરાતા સ્વાધ્યાયના ગેરફાયદા**

જેઓ 'કાલે, વિણયે, બહુમાણે' જેવી વિધિપૂર્વક સ્વાધ્યાય કરતા નથી બલ્કે અહંકાર આદિને સેવે છે તેવા સાધુઓને ગમે તે પળે નીચે જણાવેલી કોઈ પણ બાબત જીવનમાં ઊભી થઈ જાય છે. (૧) ગાંડપણ આવે, (૨) અસાધ્ય રોગો, ક્ષય, જ્વર વગેરે પેદા થાય. (૩) ચારિત્ર-ધર્મથી ભ્રષ્ટ થાય. આ ત્રણ દોષો ઉત્તરોત્તર મોટી મોટી અવિધિના ફળરૂપે જાણવા.

**પાત્ર શિષ્યને જ સૂત્ર આપવું**

જે જે સૂત્ર પામવાની લાયકાત જે શિષ્યમાં દેખાય ત્યારે જ તે તે સૂત્ર તે શિષ્યને આપવું.

**સવાલ :** ગુરુએ જેનામાં દીક્ષા પામવાની લાયકાત જોઈ તેનામાં તમામ સૂત્રો પામવાની લાયકાત તો હોય જ ને?

**જવાબ :** આ સવાલનો જવાબ આંશિક રીતે હકારમાં છે. પણ તેમાં એટલું સમજવું કે તે તે સૂત્ર પામવાની લાયકાતમાં કાળની પરિપક્વતા વગેરેની પણ જરૂર પડે છે. વળી ક્યારેક એવું પણ બની જાય છે કે દીક્ષા પામવા માટે અયોગ્ય વ્યક્તિમાં રહેલી અયોગ્યતા ખ્યાલમાં ન આવે તો

તેવી વ્યક્તિને ગુરુ દીક્ષા આપી દે છે. તો જ્યારે તે ગુરુને તેની અયોગ્યતાની ખબર પડી જાય ત્યારે તે ગુરુએ તેને સૂત્ર આપવાનું બંધ કરી દેવું.

કહ્યું છે કે, ''દીક્ષાની વિધિ કરતી વખતે જો અયોગ્યતાની ખબર પડે તો તે મુમુક્ષુનું મુંડન કરવું નહિ. જો તે વખતે તેવા અયોગ્યને લાલચુ ગુરુ દીક્ષા આપે તો તે ગુરુના ચારિત્રનો નાશ થાય. આથી તે ગુરુને મિથ્યાત્વપ્રાપ્તિ જિનાજ્ઞાભંગ, અનવસ્થાપ્ય વગેરે ઘણા દોષો લાગે છે. કદાચ મુંડન થયા પછી મુમુક્ષુની અયોગ્યતાનો ખ્યાલ આવે તો તેને ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા (જ્ઞાનદાન અને આચારદાન) કરવું નહિ. જો ભૂલથી તેને તે શિક્ષાઓ અપાઈ ગઈ હોય એને પછી અયોગ્યતાની ખબર પડી હોય તો ઉપસ્થાપના (વડી દીક્ષા) કરવી નહિ; પણ જો ઉપસ્થાપના થયા પછી અયોગ્યતાની જાણ થઈ હોય તો તેને ભોજન માંડલીમાં પ્રવેશ આપવો નહિ; પણ જો ભોજન માંડલીમાં પણ પ્રવેશ અપાઈ ગયા પછી તેની અયોગ્યતાની ખબર પડે તો તેની સાથે એક વસતિમાં સાધુઓએ રહેવું નહિ. જે ગુરુ આમાંની કોઈ પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો તેને આજ્ઞાભંગ વગેરે ભયંકર દોષો લાગુ થાય.

સૂત્રોનું અધ્યયન કરવા માટે દીક્ષા પર્યાયનો કાળ પણ પરિપકવ થવો જોઈએ. તે તે સૂત્ર કેટલા કેટલા વર્ષના દીક્ષા પર્યાયે ભણાવવું જોઈએ તે ધર્મસંગ્રહની વાચનાની નોંધમાં જોવું. સૂત્રોના અધ્યયનમાં આ કાળ પ્રમાણ પણ

સાચવવું જ જોઈએ. ગીતાર્થ ગુરુની આજ્ઞા મેળવ્યા વિના જો આ કાળપ્રમાણની વિધિ ન સચવાય તો તીવ્ર વિરાધનાનો દોષ લાગે. જેમ જગતમાં વિધિ વિનાના મંત્રાદિ સિદ્ધાંતો થતા નથી પરંતુ નુકશાન કરનાર થાય છે તેમ વિધિ વિનાના સૂત્રપાઠ પણ ભયંકર ફળ આપે છે. વિધિપૂર્વકના સૂત્રાધ્યાયનથી જિનાજ્ઞાનું પાલન તો છે થાય પણ તેવી વિધિ જોઈને બીજા પણ તે જ પ્રમાણે ચાલતા રહે એટલે મોક્ષમાર્ગનું સ્થૈર્ય પણ થાય છે.

સર્વવિરતિ સામાયિક લઈને જે આત્માઓ બાહ્ય ચારિત્ર જ નિર્મળ કક્ષાનું પાળે તો પણ તેમનું ચારિત્ર સુંદર જાણવું. અંતે તો ચિત્તના આંતરપરિણામની નિર્મળતા એ જ નિશ્ચયનયની દૃષ્ટિએ ચારિત્ર છે.

# ત્રીજી વસ્તુ : મહાવ્રતોની ઉપસ્થાપના
## (વડી દીક્ષાવિધિ)

સૂક્ષ્મ નિગોદમાં રહેલા જીવો અનંતકાળથી તે સ્થળમાં ખૂબ જ પીડાતા હોય તો તેનું કારણ અવિરતિ નામનો દોષ છે; તેઓ હિંસા, જૂઠ, ચોરી વગેરે મોટાં પાપો, પાપી મનુષ્યો વગેરેની જેમ કરી શકતા નથી છતાં પણ તેઓ નારક કરતાં પણ વધુ દુઃખ ભોગવતા હોય છે. તેનું કારણ પણ અવિરતિ છે. આ અવિરતિથી જ કર્મબંધ થાય છે માટે કર્મક્ષય કરવો હોય તો સર્વવિરતિ સ્વીકારવી જ જોઈએ. સર્વવિરતિ એટલે મહાવ્રતોનો સ્વીકાર. જેને ઉપસ્થાપના કહેવામાં આવે છે.

**ઉપસ્થાપનાનો અધિકારી**

(૧) જેણે સામાયિક ચારિત્ર લીધું હોય (૨) જેણે દશવૈકાલિક સૂત્રના ચાર અધ્યયન (પૂર્વ પરંપરામાં આચારાંગ સૂત્રનું "શસ્ત્ર પરિજ્ઞા" નામનું પહેલું અધ્યયન) તૈયાર કર્યું હોય. (૩) એથી જેના અંતરમાં ષડ્જીવનિકાયની દયા ઉભરાઈ હોય અને તેથી જે આત્મા તેની રક્ષા કરવા માટે અત્યંત જાગ્રત બન્યો હોય અને આવું પ્રતિપાદન કરનાર જૈન ધર્મનો અનુરાગી બન્યો હોય અને જેને પાપનો ડર ખૂબ લાગી ગયો હોય તેવો સાધુ ઉપસ્થાપનાને (છેદોપ-

સ્થાપનીય ચારિત્રને) લાયક ગણાય છે. આવી વ્યક્તિની યોગ્યતા અંગે ગુરુએ પરીક્ષા કરવી જોઈએ. અને તેમાં ઉત્તિર્ણ થાય તો જ તે આત્માને વડી દીક્ષા આપવી જોઈએ. જો કોઈ ગુરુ તેમાં ક્યાંય ગરબડ કરે કે છૂટછાટ ચલાવે તો તેને આજ્ઞાભંગ વગેરે દોષો લાગે.

**નવદીક્ષિતની ત્રણ પર્યાય ભૂમિઓ**

પૂરાણુને [પતિતને] ક્રિયાનો ફરીથી અભ્યાસ કરાવવો તથા ઇન્દ્રિયોનો નિગ્રહ કરવા માટે સાત દિવસની જઘન્યથી પર્યાય ભૂમિ હોય છે. પરંતુ જે આત્મા પહેલી જ વખત સામાયિક ચારિત્ર રૂપ કાચી દીક્ષા લે છે તેને વડીદીક્ષાના જોગ ચાલુ કરાવીને જઘન્યથી ચૌદમા દિવસે વડીદીક્ષા આપી શકાય અને જેણે વડીદીક્ષાના આ જોગ સંપૂર્ણ કર્યા હોય તેને ઉત્કૃષ્ટથી છ મહિનામાં વડીદીક્ષા આપવી જ જોઈએ. જો આમ ન બને તો વડીદીક્ષાના જોગ ફરીથી કરાવવા પડે. આમ ઉત્કૃષ્ટ પર્યાયભૂમિ છ મહિના થઈ. જઘન્ય અને ઉત્કૃષ્ટ પર્યાયભૂમિ વચ્ચેની બધી પર્યાયભૂમિ (ચાર વગેરે મહિના) તે મધ્યમ પર્યાયભૂમિ કહેવાય. જે શ્રદ્ધામાં હીણા હોય, બુદ્ધિમાં મંદ હોય, સૂત્રોને સમજવામાં નબળા હોય તેને માટે ઉત્કૃષ્ટ પર્યાયભૂમિ લેવી પડે. જે ગુરુ અયોગ્યને વડીદીક્ષા આપે કે યોગ્યને વડીદીક્ષા ન આપે તે ગુરુને આજ્ઞાભંગ વગેરે દોષો લાગે.

**વડીદીક્ષા અંગેનો ક્રમ**

પિતા અને પુત્રે દીક્ષા લીધી હોય અને જો બન્નેએ દશવૈકાલિકના ચાર અધ્યયનો તૈયાર કરી દીધા હોય તો

તે બન્નેને અનુક્રમ વડીદીક્ષા અપાય. પણ જો પિતાએ તે અધ્યયન કર્યું ન હોય તો જ્યાં સુધી વડીદીક્ષાનો શુદ્ધ દિવસ આવે નહિ ત્યાં સુધી પિતાને પ્રયત્ન કરીને પણ તે અધ્યયનો કરાવી દેવા અને પછી ક્રમથી જ દીક્ષા આપવી. પણ જો તે વખતે પણ પિતાએ અધ્યયન તૈયાર કર્યું ન હોય તો તેની સંમતિ લઈને પુત્રને પહેલી વડીદીક્ષા આપવી. પણ જો પિતાની તેમાં પણ સંમતિ ન જ મળે તો ત્રણ વખત પાંચ-પાંચ દિવસ વધારવા અને પિતા પાસેથી સંમતિ મેળવવી અથવા તેને અધ્યયન કરાવી દેવું. આમ છતાં પણ જો તે પિતા આ પંદર દિવસમાં પણ અધ્યયન ન કરે અને સંમતિ પણ ન આપે તો પણ પુત્રની વડી દીક્ષા વહેલી કરી દેવી. આમ કરવા જતા પિતાના અભિમાનીપણાના કારણે તથા તે દીક્ષા મૂકી દે તેવો ભય ઉપસ્થિત થતો હોય અથવા તે પિતાને ગુરુ ઉપર તથા પુત્ર ઉપર કારમો દ્વેષ પેદા થતો હોય તો જ્યાં સુધી પિતા અધ્યયન તૈયાર ન કરે ત્યાં સુધી પુત્રને વડીદીક્ષા આપવી નહિ.

**સવાલ :** જે પિતા મુનિમાં આવા પ્રકારનાં ક્રોધ, માન હોય કે જેથી ગુરુ વચનને પણ જે સ્વીકારે નહિ તો તેનામાં સર્વવિરિત સામાયિક ચારિત્ર જ ક્યાંથી હોય; અને તો પછી સામાયિક ચારિત્ર વિનાનાને છેદોપ. ચારિત્ર (વડીદીક્ષા) આપી જ કેમ શકાય ?

**જવાબ :** જે પિતા મુનિને જે ક્રોધ–માન જાગ્યાં છે તે સંજ્વલન કષાયના ઉદયથી પણ કેમ ન હોઈ શકે. સરાગ

ચારિત્ર સાથે સંજ્વલન કષાયના ઉદયનો કાંઈ વિરોધ નથી. સંજ્વલન કષાયના ઉદયથી જે ક્રોધાદિ દોષો પેદા થાય તે ચારિત્રમાં અતિચાર લગાડે છે. પણ તેનો મૂળથી ભંગ કરી દેતા નથી. માટે તે પિતા મુનિના સામાયિક ચારિત્રનો —ઘરે મોકલી દેવા દ્વારા નાશ ન કરી દેવાય. કદાચ એમ માનીએ કે પિતા મુનિના સામાયિક ચારિત્રનો પરિણામ સાવ ખત્મ જ થઈ ગયો છે અને તેથી જ ગુરુના વચનને તે માનતા નથી. તો પણ શું થઈ ગયું ? સામાયિક ચારિત્ર એક ભવમાં નવસો વખત સુધી આવનજાવન (આકર્ષ) કરે છે. એમ શાસ્ત્રકારોએ જણાવ્યું છે. (સમ્યકત્વ તથા દેશ-વિરતિ સામાયિકના નવ હજાર આકર્ષ છે) તો જે વખતે પિતા મુનિ ગુરુથી વિરુદ્ધ ચાલતા હોય તે વખતે તેમનું તે ચારિત્ર ચાલી ગયું હોય પણ તક શોધીને યોગ્ય સમયે ગુરુ તરફથી હિતશિક્ષા મળતા તે ચારિત્ર પાછું પણ આવી શકે છે.

**સવાલ :** તેવા અપ્રજ્ઞાપનીય કક્ષાના જેને કશું જ કહી શકવાની ભૂમિકા ગુરુ જોતા ન હોય તેવા સાધુને ગોચરી પાણી લાવી આપી શકાય ખરા ?

**જવાબ :** હા, ચોક્કસ. જો તેમ કરવામાં ન આવે તો તે સાધુનો સંકલેશ ભાવ વધારે તીવ્ર બની જાય માટે ગુરુએ પંચમઆરાની વિષમતાને નજરમાં રાખીને તેવા સાધુ સાથે પણ અનુવર્તક બનીને ગોચરી લાવી આપવા વગેરે વ્યવહાર અવશ્ય કરવો.

આ પ્રમાણે નાના મોટા બે રાજાઓ, મંત્રી, માતા અને પુત્રી, રાણી, અને પ્રધાનની સ્ત્રી, શેઠ અને નોકર વગેરેમા પણ સમજી લેવું. જો બે સરખા જ રાજાઓ વગેરે હોય અને તેમણે સાથે દીક્ષા લીધી હોય તથા સાથે જ અધ્યયન કર્યાં હોય તો તે બન્નેને પોતાની બે બાજુ ઉપર ઊભા રાખીને ગુરુ એકી સાથે વડી દીક્ષા આપી શકે.

વર્તમાનકાળમાં તો જ્યાં પિતા પુત્ર વગેરે કોઈ પણ પ્રકારનો ઉપર્યુક્ત સંબંધ નથી તેવા દીક્ષિતોની વડી દીક્ષાનો ક્રમ સામાન્ય રીતે ઉંમરના હિસાબથી ગોઠવાય છે. પરંતુ નાની ઉંમરવાળાની રાશિથી જો વધુ સારું મુહૂર્ત મળતું હોય અથવા સાંસારિક જીવનમાં ભૌતિક રીતે મોટી વિશિષ્ટતા ધરાવતા હોય અથવા ભવિષ્યમાં તે મહાન શાસનપ્રભાવક બને તેવાં લક્ષણો ગુરુની નજરમાં આવતાં હોય તો નાની ઉંમરવાળાને પણ વડીદીક્ષાના ક્રમમાં મોટો કરી શકાય છે.

જેને વડી દીક્ષા આપવાની છે તેને ગુરુએ ષડ્જીવનિકાયની અને છ વ્રતોની વિસ્તૃત સમજણ આપવી જોઇએ. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે, જીવ શું છે, અને અજીવ શું છે એવો ભેદ જે જાણતો નથી તે આત્મા ચારિત્રનું પાલન શી રીતે કરી શકશે. કેમ કે ચારિત્ર એટલે જ સર્વસત્ત્વ હિતાશય. આ સર્વસત્ત્વ હિતાશય જીવ અને અજીવ અંગેની વિસ્તૃત સમજણ વિના શી રીતે અમલી બને. માટે જ કહ્યું છે કે, સર્વ જીવોને જીવવું જ પ્રિય છે. મરવું

કોઈને ગમતું નથી; આથી જ શ્રમણો કોઈ પણ જીવની મનથી પણ હિંસા કરવા ધરાર કાયર હોય છે.

જે સામાયિક ચારિત્રધર આત્મા ઉપરોક્ત બે બાબતનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે તેની ગુરુ પરીક્ષા શરૂ કરે છે. આ પરીક્ષામાં હાથે કરીને પણ ગુરુ સાવદ્ય પ્રવૃત્તિ કરતા હોય તેવું શિષ્યની નજરમાં લાવે છે જેમ કે....(૧) અસ્થંડિલ ભૂમિ ઉપર સ્થંડિલ કરવું. (૨) સચિત્ત ભૂમિ પર ઊભા રહીને કાયોત્સર્ગ કરવો. (૩) નદીના પાણીની તદ્દન નજીકમાં માત્રુ કરવું. (૪) વિંજણાથી પવન ખાવો (૫) આર્દ્રા નક્ષત્ર બેસી ગયા પછી કેરી ખાવાની લાગણી દર્શાવવી. (૬) આ રીતે ગોચરીમાં પણ હિંસાદિ દોષોનું સેવન કરવું અથવા તે સાધુને તેવું કરવા માટે કહેવું.

આવા સમયે જો મુમુક્ષુ તેવું બધું કરવા માટે કશી આનાકાની કર્યા વિના તૈયાર થઈ જાય અથવા તેવું કરતા ગુરુની સામે જરા પણ વાંધો ન ઉઠાવે અથવા ગુરુભાઈઓને એમ પણ ન પૂછે કે, "મોટા મહારાજ સાહેબથી આવું થઈ શકે ખરું ? મને તો લાગે છે કે આ સાવદ્ય પ્રવૃત્તિ છે તે કોઈથી ન કરી શકાય." તો તે મુમુક્ષુ વડી દીક્ષા માટે હજુ બિલકુલ પાત્ર થયો નથી એમ સમજવું.

જે મુમુક્ષુ આવી કોઈ સાવદ્ય પ્રવૃત્તિના આદેશને અમલમાં મૂકતાં હૃદયથી થડકાટ અનુભવે અથવા ગુરુને, ગુરુભાઈઓને ભારે વિનય સાથે ગુરુ દ્વારા થતી ઉપર્યુક્ત પ્રવૃત્તિની હેયતા પ્રગટ કરે તો તે આત્મા વડી દીક્ષા માટે અવશ્ય પાત્ર સમજવો.

**સવાલ :** આવી સાવદ્ય પ્રવૃત્તિ કરનારા કે કરાવનારા ગુરુને દોષ ન લાગે ?

**જવાબ :** ના. કેમ કે જે આત્માને આજીવન મહાવ્રતો આપવાં છે તેની આ રીતે પૂરી ચકાસણી કરવા દ્વારા જે ગુણો શિષ્યને પ્રાપ્ત થવાના છે તેની સામે આ દોષો કાંઈ જ ગણતરીમાં નથી. શાસ્ત્રમાં ગર્તાકર્ષણ ન્યાય આવે છે જેમાં ખાડામાં રમતા બાળકની પાસે આવી ગયેલા સાપને જોઈ ને મા ઘરમાંથી દોડે છે અને એકદમ ઉતાવળે બાળકને બાવડેથી ઝાલીને ખેંચી લે છે. તે વખતે ખાડાની ધારથી બાળકના ખભે ઉઝરડા પડી જાય છે એમ જણાવવામાં આવ્યું છે. આ દૃષ્ટાંતથી એમ જણાવાયું છે કે બાળકના પ્રાણની રક્ષાના ગુણ સામે ખભાના ઉઝરડાનો દોષ થોડોક પણ ગણતરીમાં લઈ શકાય નહિ.

સામાન્ય રીતે મુનિજીવનની કોઈ પણ સાધના એકાંતે લાભ રૂપે બની શકે તેમ નથી એટલે થોડો ગેરલાભ અને ઘણો લાભ — ચાર ડગલાં પીછેહઠ અને દશ ડગલાં આગે-કૂચ એ ન્યાયે ઠેઠ મોક્ષના દ્વાર સુધી પહોંચવાનો છે, એટલે કે આજીવન આયંબિલ કે ઉપવાસ લગભગ અશક્ય છે. એટલે જ થોડામાં થોડા વચ્ચે પારણાં અને ઘણામાં ઘણા ઉપવાસો વચ્ચે કરવામાં અથવા થોડાક જ કલાકોનો આરામ લઈને પુષ્કળ કલાકોનો સ્વાધ્યાય કરવા દ્વારા મુનિજીવનને આપણે સફળ બનાવવાનું છે.

જે મુમુક્ષુ પરીક્ષામાંથી ઉત્તીર્ણ થાય તેને ગુરુ યોગ્ય માંગલિક સમયે વડી દીક્ષા આપે, અને ત્યાર પછી તેને એકી સાથે સાત આયંબિલ કરાવીને અથવા ત્રણ કે ચાર આયંબિલ પછી એક પારણું કરાવીને માંડલીમાં લે. તે સાત આયંબિલ દ્વારા સાત માંડલીમાં પ્રવેશ થાય છે, તે સાત માંડલીનાં નામ આ પ્રમાણે છે: (૧) સૂત્ર માંડલી, (૨) અર્થ માંડલી, (૩) ભોજન માંડલી, (૪) કાલગ્રહણ માંડલી, (૫) આવશ્યક માંડલી (૬) સ્વાધ્યાય માંડલી (૭) સંથારા પોરિસિ માંડલી.

જેનામાં ચારિત્રધર્મનો પરિણામ પ્રગટ થયેલો હોય તેને આ સાત આયંબિલ કરાવી શકાય, અન્યથા અયોગ્યને માંડલી પ્રવેશ કરાવવાથી ગુરુને આજ્ઞાભંગ વગેરે દોષો લાગે.

**ચારિત્રધર્મનું રક્ષણ કરવાના ઉપાયો**

વડી દીક્ષા પામ્યા પછી તે આત્મા સર્વવિરતિ સામાયિક અને મહાવ્રતોનો સ્વામી બન્યો. હવે તે ચારિત્ર જીવન તેણે સારામાં સારું પાળવું જોઈએ. પરંતુ નીચે જણાવેલી ધનરક્ષણ અંગેની બાબતોની જેમ ચારિત્રરક્ષણમાં ખૂબ સાવધાન રહેવું જોઈએ, અન્યથા ચારિત્રધર્મનું રક્ષણ ખૂબ મુશ્કેલ બની જાય.

કોઈ પુણ્યાત્માને સદ્‌ભાગ્યે ઘણું ધન મળી જાય છતાં તે ધનનો નાશ થવાની નીચેનાં કારણોસર પૂરી શકયતા છે.

**ધનનાશનાં કારણો :**

(૧) જો રાજા સારો ન હોય. (૨) જો દુષ્ટો ભેગા રહેવાનું હોય. (૩) જો પાડોશ ખરાબ હોય. (૪) જો જુગારી

વગેરેની સોબત હોય. (૫) જો લાલસાથી ગમે તેવું ભોજન કરવાની ટેવ હોય. (૬) જો હલકાં વસ્ત્રો ધારણ કરાતાં હોય (તેથી દુષ્ટ જનોની સોબત જલદી થાય). (૭) જો અજીર્ણમાં પણ ભોજન કરે (તેથી મૃત્યુ સુધીનો સમય આવી જાય). (૮) જો વિચારો ખૂબ ખરાબ આવતા હોય. (૯) જો અશુભ પરિણામો પેદા થતાં હોય. (૧૦) જો વેશ્યાવાડો વગેરે અયોગ્ય સ્થાને રખડપટ્ટી થતી હોય. (૧૧) જો વિરુદ્ધ વાતો સાંભળવાથી મગજ ભ્રમિત થઈ જતું હોય. (૧૨) જો તીવ્ર પાપકર્મનો ઉદય થતો હોય.

ઉપરની વાતથી ઊલટું—જો સારો રાજા હોય વગેરે — તો ધનની રક્ષા અને વૃદ્ધિ બન્ને સારી રીતે થાય છે. ઉપરની બારેય વાતો ચારિત્રરૂપી ધનની બાબતમાં પણ લગાડી શકાય તે નીચે પ્રમાણે—

(૧) જો ગુરુ સારા ન હોય. (૨) જો ગચ્છ સારો ન હોય તો. (૩) જો વસતિ નિર્દોષ ન હોય તો. (૪) જો કુસાધુઓનો સંસર્ગ હોય. (૫) જો ભિક્ષામાં શુદ્ધિ ન હોય. (૬) જો ઉપકરણો લક્ષણરહિત હોય. (૭) જો યથાશક્તિ તપ ન કરાતો હોય. (૮) જો દુષ્ટ વિચારો સતાવતા હોય તો. (૯) જો પરિણામોની નિર્મળતા ન રહેતી હોય તો. (૧૦) જો શાસ્ત્રનિષિદ્ધ ક્ષેત્રોમાં વિહાર થતો હોય. (૧૧) જો વિકથાઓનું જોર વધુ થતું હોય તો. (૧૨) જો મોહનીયકર્મનો તીવ્ર ઉદય થઈ જાય તો.

**સવાલ :** ઉપાદાનની શુભાશુભતા ઉપર જ ચારિત્ર છે ને? આ બધાં બાહ્ય ગુરુ વગેરે નિમિત્તોથી શો લાભ?

**જવાબ :** જેટલી મહત્તા ઉપાદાનની છે, તેટલી જ નિમિત્તની પણ છે. માટી એ ઘડાનું ઉપાદાન હોવા છતાં કુંભાર વગેરેનાં નિમિત્તો વિના જ એકલા માટી રૂપી ઉપાદાનથી જ કાંઈ ઘડો બની જતો નથી. એટલું જરૂર કે આ નિયમમાં અપવાદ હોઈ શકે છે. પરંતુ રાજમાર્ગે તો સારામાં સારા ગુરુ, ગચ્છ, સત્સંગ વગેરે અવશ્ય શોધવા જ જોઈએ. જેણે પોતાના ચારિત્રજીવનમાં તીર્થંકર દેવની આજ્ઞાને સારી રીતે આરાધવી હોય તેણે સારા ગુર્વાદિકની પણ આરાધના કરવી જ જોઈએ.

**ગુરુકુલવાસના લાભ**

જેમ કોઈ શ્રીમંત માણસ વધુ મોટો શ્રીમંત થવા માટે સમૃદ્ધિમાન રાજાની સેવા કરે છે, તેમ ચારિત્રધર આત્માએ ઉત્કૃષ્ટ ચારિત્ર પામવા માટે સાચા ગુરુને સદા સેવવા જોઈએ. આવા ગુરુકુલવાસથી ઘણા લાભો પ્રાપ્ત થાય છે. જેમ કે—

(૧) સદ્ગુરુનું સતત દર્શન અને માર્ગદર્શન મળ્યા કરે. (૨) ગુરુનો વિનય કરવાનો મળે. (૩) તેમ કરવાથી બીજાઓને પણ ગુરુકુલવાસની મહત્તા સમજાય. (૪) તેથી દીક્ષા લેતી વખતે ગુરુને કરેલું આત્મસમર્પણ સફળ થાય. (૫) અપ્રતિપાતી એવા વૈયાવચ્ચનો લાભ થાય. (૬) ગુરુદેવના બહુમાન દ્વારા ગણધર ભગવંત ગૌતમ વગેરે મહાપુરુષો પ્રત્યે પણ બહુમાન પેદા થાય. (૭) જિનાજ્ઞાનું પાલન થાય. (૮) એથી વિશુદ્ધ આજ્ઞાપાલનની શક્તિની પ્રાપ્તિ

થાય. (૯) લીધેલાં વ્રતો સફળ થાય. (૧૦) તેથી પરાર્થ કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય. (૧૧) ગુરુસેવાથી સુંદર શિષ્યોની પ્રાપ્તિ થાય. (૧૨) જન્માંતરે ફરી આવો શુદ્ધ માર્ગ પ્રાપ્ત થાય. (૧૩) અંતે મોક્ષ પ્રાપ્ત થાય.

જે સાધુઓએ સંસારી કુળનો ત્યાગ કરીને ગુરુકુલ-વાસનો સ્વીકાર કર્યો છે એ સાધુનાં બન્ને કુળો ત્યારે જ શોભી ઊઠે જ્યારે તે સાધુ પોતાના ગુરુની ઉત્તમ પ્રકારની સેવા કરે.

**ગચ્છવાસનું મહત્ત્વ**

ગુરુનો જે પરિવાર તે ગચ્છ કહેવાય. આવા ગચ્છમાં વાસ કરવાથી સંયમજીવનમાં અનેક ગુણોનો વિકાસ થાય છે. જેમ કે—(૧) જે આત્મા ચારિત્ર લઈને ગચ્છમાં રહે છે તેને પોતાનાથી અનેક સાધુઓ મોટા હોવાને કારણે તેમનો વિનય કરવાનો મોકો મળે છે. (૨) ગુર્વાદિક વડીલો તરફથી દોષોની સારણાવારણા વગેરે થતી રહેતી હોવાથી સેવેલા દોષોનું ફરી ફરી સેવન થતું અટકી જાય છે. (૩) સાધુનો વિનય જોઈને નવદીક્ષિત સાધુઓ પણ તેવો વિનય કરતાં શીખે છે. (૪) પોતાના જીવનમાં જો કોઈ શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ આચરાતી હોય તો ગુર્વાદિ વડીલો કે હિતૈષી સાધુઓ તેને સાધ્વાચાર સમજાવીને અટકાવી શકે છે અને સત્-કાર્યોમાં જોડાવાની જોરદાર પ્રેરણા કરીને તથા જરૂર પડે તો બધા પ્રકારની સહાય કરીને તે સાધુને પડતો અટકાવી દે છે. આ રીતે ગચ્છવાસનું ઘણું મહત્ત્વ સાબિત થાય છે.

**અહિતકર ગચ્છનો અવશ્ય ત્યાગ કરવો**

જે ગચ્છમાં ગુરુ દ્વારા સારણાવારણાદિ ન થતાં હોય, જે ગચ્છમાં તપને તિલાંજલિ આપવાપૂર્વક મર્યાદા બહાર દૂધ દહીં વગેરે વિગઈઓનું સેવન થતું હોય, જે ગચ્છમાં સાધ્વીજીઓ તથા સ્ત્રીઓ સાથે વધુ પડતો સંપર્ક રાખવામાં આવતો હોય, જે ગચ્છમાં નિંદા, વિકથા વગેરે કાતિલ દોષોને કારણે સ્વાધ્યાયનો નાશ થયો હોય તેવા ગચ્છનો વિધિપૂર્વક સાધુએ ત્યાગ કરી દેવો જોઈએ.

કોઈ ગુરુ હોવા માત્રથી કે શિષ્ય હોવા માત્રથી કે પોતાના પક્ષનો હોવા માત્રથી તેવાઓ દ્વારા આપણને કાંઈ સદ્ગતિની પ્રાપ્તિ થઈ જતી નથી. તે સહુ જો રત્નત્રયીના સાચા આરાધક હોય કે છેવટે કટ્ટર પક્ષપાતી હોય તો જ તેઓ આપણી સદ્ગતિનું કારણ બની શકે છે. રત્નત્રયીના પ્રાણ વિનાનાં મુડદાંઓ આપણા ભાવજીવનને જીવંત બનાવવા જરાય સમર્થ નથી.

**સવાલ :** જો ગુરુકુલવાસ અને ગચ્છવાસ એક જ હોય તો ગુરુકુલવાસ કરતાં ગચ્છવાસનું જુદું મહત્ત્વ શા માટે બતાવવામાં આવે છે?

**જવાબ :** વસ્તુતઃ બન્ને એક જ છે છતાં તેને જુદું મહત્ત્વ આપવાનું કારણ એ છે કે ગચ્છવાસ દ્વારા તીર્થોન્નતિનો ઘણો મોટો ફાયદો દેખાડવો છે. જે સાધુ ગચ્છમાં રહે છે તે સાધુએ ગચ્છની બધી શિસ્ત અને મર્યાદાઓ અવશ્ય પાળવી પડે છે. આવું શિસ્તબદ્ધ સંયમપાલન જોઈને

અન્ય ગચ્છોને પોતાનામાં પણ એવા જ પ્રકારનું ઊંચું શિસ્તપાલન કરવાની પ્રેરણા મળે છે. એટલું જ નહિ પણ ગુરુ તરફથી સાધુઓને મળતી વાચના અને જીવંત વાત્સલ્ય જોઈને તથા ગુરુ પ્રત્યેનો શિષ્યોનો ઉત્કટ બહુમાનભાવ જોઈને અને પરસ્પર ગુરુભાઈઓ વચ્ચેની એકબીજાના દોષોને ખમી ખાવાની સહિષ્ણુતા જોઈને શ્રાવક-શ્રાવિકાઓને એવા ગચ્છમાં દીક્ષા લેવાની ભાવના જાગી જતી હોય છે. આમ અનેક આત્માઓ દીક્ષા લઈને તીર્થની અવિચ્છિન્ન પરંપરા જાળવી રાખતા હોય છે.

શાસ્ત્રનીતિના ગચ્છવાસથી શિષ્યને તો પાર વિનાના ફાયદાઓ છે જ પરંતુ તેની સાથે જ ગુરુને પણ ઘણા જ લાભો પ્રાપ્ત થાય છે. ગચ્છના જે ગુરુ હોય તેણે સાધુઓના સ્વાધ્યાય-સંયમની સતત કાળજી કરવી પડે તેથી અપ્રમત્ત પોતાની આરાધના પાળી શકે. વળી કર્મદોષે જો વિજાતીય સંસર્ગ કરવાની ગુરુને ઇચ્છા જાગે તોપણ શિષ્યોના ઉપસ્થિત સમૂહને કારણે ગુરુથી તે થઈ શકે નહિ. જો ગચ્છમાં શિષ્યો તપ અને ક્રિયાકાંડ સંબંધમાં વધુ સુંદર જીવન જીવતા હોય તો તેની અસર પણ કાંઈક નબળા એવા ગુરુ ઉપર થયા વિના રહે નહિ. આમ ગચ્છવાસના લાભ બન્ને પક્ષે ઘણા મોટા છે.

આવા ગચ્છવાસમાં રહીને પણ જો ગચ્છના નીતિ-નિયમોને સાધુ ન પાળે તો તેના માટે તે ગચ્છવાસ કહેવાય નહિ પરંતુ સ્વચ્છંદવાસ કહેવાય.

## વસતિવાસ

ગુરુકુલવાસ તેમ જ ગચ્છવાસની જેમ વસતિવાસનું પણ ઘણું જ મહત્ત્વ છે. જો સાધુ સ્ત્રી, પશુ અને નપુંસક રહિત વસતિમાં ન રહે, મૂળ અને ઉત્તરગુણથી શુદ્ધ એવી વસતિમાં ન રહે તો તે સાધુનાં વ્રતોમાં દોષો લાગી જવાની પૂરી શક્યતાઓ છે. જેમ સ્થાનના સંબંધમાં દોષો હોય છે તેમ વસતિમાં મુનિઓના રહેવા સંબંધમાં પણ દોષો જણાવ્યા છે.

## વસતિના નવ દોષો

**(૧) કાલાતિક્રાન્ત વસતિદોષ :** ઋતુબદ્ધ [શિયાળો–ઉનાળો] કાળમાં એક માસથી અધિક નિષ્કારણ રહેવામાં આવે તે.

**(૨) ઉપસ્થાન વસતિદોષ :** ઋતુબદ્ધ કાળમાં એક-માસ રહ્યા હોય અને વર્ષાકાળમાં ચાર માસ રહ્યા હોય તો બે માસ અને આઠ માસ [બમણા સમય સુધી] તે જ સ્થાનમાં પાછા નિષ્કારણ આવી શકાય નહિ. અન્યથા આ દોષ લાગે.

**(૩) અભિક્રાન્ત વસતિદોષ :** બીજાઓએ વાપરેલી પણ મૂળમાં તો સાધુ માટે જ બનાવાયેલી વસતિમાં રહેવું તે.

**(૪) અનભિક્રાન્ત વસતિદોષ :** મૂળમાં સાધુ માટે બનાવાયેલી પરંતુ બીજાઓએ નહીં વાપરેલી વસતિમાં ઊતરવું તે.

**(૫) વર્જ્ય વસતિદોષ :** પોતાના માટે ગૃહસ્થોએ બનાવેલું 'अ' નામનું મકાન સાધુને ઊતરવા માટે આપીને તે ગૃહસ્થ પોતાના માટે 'ब' નામનું નવું મકાન બનાવી લે ત્યાર બાદ 'अ' નામના મકાનમાં ઊતરવું.

**(૬) મહાવર્જ્ય વસતિદોષ :** કોઈ પણ ધર્મના સાધુ માટે બનાવેલી વસતિમાં ઊતરવું.

**(૭) સાવદ્ય વસતિદોષ :** નિર્ગ્રંથ, શાક્ય વગેરે પાંચ પ્રકારના શ્રમણો માટે બનાવેલી વસતિ.

**(૮) મહાસાવદ્યદોષ :** માત્ર નિર્ગ્રંથ માટે જ બનાવેલી વસતિ

**(૯) અલ્પક્રિયા વસતિદોષ :** ઉપરના દોષોથી રહિત ગૃહસ્થોએ પોતાના માટે કરાવેલી જેમાં સાધુ માટે સંસ્કાર પણ ન કર્યા હોય તેવી વસતિ.

**વસતિમાં સ્ત્રીદોષની ભયંકરતા**

મુનિજીવનની સફળતા મુખ્યત્વે બ્રહ્મચર્યના પાલન ઉપર છે. બ્રહ્મચર્યના પાલન ઉપર શાસ્ત્રકારોએ પુષ્કળ ભાર મૂક્યો છે તેનું કારણ એ છે કે મુનિજીવનમાં જે બે વસ્તુઓની અત્યંત આવશ્યકતા છે તે બન્ને વસ્તુઓ બ્રહ્મચર્યના પાલનથી જ પ્રાપ્ત થાય છે. જે મુનિઓ વીર્યનાશ કરવા દ્વારા બ્રહ્મચર્યનો નાશ કરે છે તે મુનિઓ આ બન્ને વસ્તુઓ ખોઈ બેસે છે. એથી તેઓ મુનિજીવનમાં વિદ્વત્તા પ્રાપ્ત થાય છતાં ધરાર નિષ્ફળ જાય છે. તે વસ્તુઓનાં નામ છે; શરીરનું નીરોગીપણું અને મનમાં વિકાસ સાધવા માટેનો અદમ્ય ઉત્સાહ.

જેની પાસે વીર્યનું જોરદાર રક્ષણ છે તે મુનિનું વીર્ય રોગોનો પ્રતિકાર કરવાની શક્તિ ધરાવતું હોવાથી શરીરના ઘણાખરા રોગોને પેદા થવા દેતું નથી. વળી આવા વીર્ય-વાન મુનિના ચિત્તમાં ઉત્સાહનો આવેગ એટલો બધો સુંદર રહેતો હોય છે કે તેથી તપ, ત્યાગ, સ્વાધ્યાય, ગુરુસેવા વગેરે સંયમના તમામ યોગોની અંદર આગળ વધી જવા માટે મુનિનો આત્મા હંમેશ થનગનતો હોય છે. આમ એકાદ ભવની અંદર જ આ મુનિ નીરોગી શરીર અને મનના અદમ્ય ઉત્સાહ દ્વારા પોતાના ભાવી સંસારને ખૂબ ટૂંકાવી દેતો હોય છે.

જેની પાસે વીર્યનો સંચય નથી તે શરીરનું આરોગ્ય અને મનનો ઉત્સાહ બંને ખોઈ બેસીને સંયમજીવનને ખોઈ બેસે છે.

વીર્યના નાશમાં સૌથી મુખ્ય કારણ વિજાતીય તત્ત્વ છે. આથી જ શાસ્ત્રકારોએ કેટલેક ઠેકાણે વધુ પડતા કડક શબ્દોમાં પણ સ્ત્રી તત્ત્વની ઝાટકણી કાઢીને મુનિઓને વધારે ચેતવવા માટે પ્રયત્નો કર્યા છે. એ વિધાનોનો સાર એટલો જ કે મુનિએ નારીથી ખૂબ જ છેટા રહેવું જોઈએ. રે! 'દશવૈકાલિક સૂત્ર'માં તો નારીના ચિત્રને પણ જોવાની સખ્ત મનાઈ કરવામાં આવી છે ('ચિત્ત ભિત્તિ ન નિજ્ઝાએ') નારીના શબ્દ કરતાં પણ રૂપમાં અને તેના રૂપ કરતાં પણ તેના સ્પર્શમાં ઘણી બધી કામુકતા હોય છે. આથી જ કોઈ પણ સંયોગમાં નારીનો સ્પર્શ કરવાની સખ્ત મનાઈ કરવામાં

આવી છે; પછી તે નારી ભલે નાનકડી, માત્ર બે વર્ષની સગી બહેન હોય કે સાવ ખખડી ગયેલ સો વર્ષની ઉંમરની દાદી હોય. સ્પર્શની આ ભયાનકતાને જાણીને જ રૂપકોશાને સ્થૂલભદ્રજીએ કહ્યું હતું કે, "તારે સાડાત્રણ હાથની અંદર (અવગ્રહમાં) કદી આવવું નહિ."

બાકીની ચાર ઇન્દ્રિયો કરતાં અનંતગણો વધુ કાળ સૂક્ષ્મ નિગોદમાં રહીને આપણા જીવે સ્પર્શેન્દ્રિયમાં પસાર કર્યો છે. આથી જ તેની ઉત્તેજકતા ઘણી વધુ હોય તેમાં કોઈ આશ્ચર્ય નથી.

એટલે જ સાધુને સંયમપાલન માટે ઉત્તમ વસતિ તે જ કહેવાય જેમાં પશુ અને પંડક ('નપુંસક') ન હોય તથા જેમાં નારીનાં રૂપ, શબ્દ અને સ્પર્શનો લેશમાત્ર યોગ ન હોય. એટલું જ નહિ પરંતુ આસપાસમાં રહેતી નારીઓને તે મુનિઓને પણ શબ્દ, રૂપ અને સ્પર્શની શક્યતા રહેતી ન હોય.

જે સાધુઓ ઉપર્યુક્ત ત્રણ બાબતની અંદર છૂટછાટ લેવા જાય છે તેમની બ્રહ્મચર્યની ગુપ્તિ નાશ પામે છે. પછી તેઓ નિર્લજ્જ બનીને સ્ત્રીઓ સાથેનો સહવાસ વધારતા જાય છે. જ્યારે આવું અજૈન લોકોની નજરમાં આવી જાય છે ત્યારે તેઓ આવા સાધુઓની હાંસી ઉડાવતા હોય છે એટલું જ નહિ પણ તેઓને આહાર-પાણી આપવાનો પણ નિષેધ કરે છે. આમ ધર્મમાં જોડાતા નવા જૈન યુવાનો ધર્મથી પાછા હટી જાય છે.

સ્ત્રીના શબ્દ, રૂપ અને સ્પર્શ તથા નિકટના સહવાસથી ભુક્ત ભોગીઓને ભોગોનું સ્મરણ થતાં કામવાસના જાગે છે અને અભુક્ત ભોગીઓને ભોગોના વિષયમાં કુતૂહલ થતાં વિકારો પેદા થાય છે. આમાં પણ જે સાધુ પાસે થોડું વિશેષ રૂપ હોય કે કંઠમાં મધુર સ્વર હોય તો તેના માટે શીલરક્ષાનું જોખમ ઘણું વધી જાય છે. કેમ કે સ્ત્રીઓ તેમના તરફ વધુ આકર્ષાતી હોય છે. આ બધાં કારણોસર વસતિ સર્વથા સ્ત્રીસંગરહિત હોવી જોઈએ. જે સાધુઓ નિર્દોષ વસતિમાં રહેતા હોય પરંતુ જો તેઓ અપ્રમત્ત ભાવે સ્વાધ્યાય, શરીરની શક્તિ પહોંચે તેના કરતાં પણ થોડો વધુ તપ, સંયમધર્મની વિધિવત્ ક્રિયાઓ અને અનન્ય તથા અકામભાવે ગુરુસેવા કરવામાં ઊણા ઊતરતા હોય તેવા સાધુઓને બ્રહ્મચર્યનો ભંગ થવાની ઘણી મોટી શકયતા ફરી ઊભી થાય છે. તેમનું બ્રહ્મચર્ય સજાતીય સંબંધથી અથવા સ્વજાતીય પાપોથી નાશ પામી શકે છે. કેમ કે દબાયેલી વાસનાઓને નારીના સંગ દ્વારા જાગ્રત થઈ જવાનું જ્યારે શક્ય નથી બનતું ત્યારે તે વાસનાઓ સજાતીય અને સ્વજાતીય પાપો તરફ વળતી હોય છે. વિજાતીયનાં પાપ કરવામાં સમાજના તથા બેઆબરૂ થવાના ભય ખૂબ જ આડા આવતા હોય છે. એટલે તે રસ્તે દોડી જવાનું જ્યારે ઘણું મુશ્કેલ લાગે છે ત્યારે કાબૂમાં ન રહેતી વાસનાઓ સજાતીય અને સ્વજાતીય પાપો તરફ ધસી જતી હોય છે. આવા પાપનો ભોગ બનનાર સાધુને જો કોઈ 'મા' (પ્રાયશ્ચિત્તદાતા ગુરુ) ન મળી હોય તો વારંવાર તે પાપો

થવા લાગે છે અને તેથી તે મુનિ પાપો કરવામાં નિષ્ઠુર બની જાય છે. આવા મુનિની કેવી દુર્ગતિ થાય તેની કલ્પના કરતાં પણ ધ્રુજારી છૂટી જાય તેમ છે.

એટલે જ ઉપર જણાવેલ સ્વાધ્યાય, તપ અને ગુરુ-સેવાને જીવનમાં આત્મસાત્ કર્યા વિના છૂટકો નથી. જે સાધુઓ શાસ્ત્રોક્ત નિર્દોષ વસતિમાં રહેતા નથી તેઓને નારીસંગનું પાપ તો લાગે જ છે પરંતુ તેથી અનંતગુણ ભયંકર આજ્ઞા વિરાધના વગેરે પાપો લાગે છે.

આ અંગે વિશેષ સૂક્ષ્મતાથી જોતાં તો જે ગચ્છમાં યુવાન કે બાળસાધુઓની સંખ્યા વિશેષ હોય તે ગચ્છમાં નારીનો પરિચય બિલકુલ ન રહે તે અત્યન્ત ઇચ્છનીય છે.

હાલમાં સ્ત્રીઓને પણ વાસક્ષેપ કરવાની જે પ્રથા ખૂબ જોરમાં ચાલે છે તે ખૂબ જ વિચારણીય બાબત છે. જો સાડા-ત્રણ હાથના અવગ્રહમાં વિજાતીય પ્રવેશ થઈ શકે નહિ તો સાડા ત્રણ હાથની અંદર આવતી સ્ત્રીઓને વાસક્ષેપ કેવી રીતે કરી શકાય? શું મુનિઓ પોતાનું હિત જોખમમાં મૂકીને બીજાના કલ્યાણની દેખાતી પ્રવૃત્તિ કરી શકે ખરા?

વળી જે અંગૂઠે, યાવત્ નવાંગે નારી દ્વારા ગુરુપૂજન કરાય છે તેના દ્વારા તો મુનિના શીલ ઉપર વજ્રાઘાત જેટલું જોખમ પેદા થાય છે. આમાં તો નારીને સાવ જ નજીક આવવું પડે. મુનિના ખભા, છાતી વગેરે ઉપર વાસક્ષેપથી પૂજા કરતાં તો અતિ વધુ નજીક આવવું પડે. જો મુનિ

પણ યુવાન હોય, નારી પણ યુવતી હોય તો આ સ્થિતિમાં કેવી મનોદશા વગેરેની શકયતાઓ પેદા થઈ શકે? એ આજના ગીતાર્થ વડીલોએ વિચારવું જોઈએ અને આ પ્રથા સદંતર બંધ કરવી પડશે. ખેર. કોઈ વિશિષ્ટ કોટિના સુવિહિત, સંવિગ્ન શાસનપ્રભાવક આચાર્યદેવને અપવાદરૂપ ગણી શકાય.

હાલ મર્યાદાહીન રીતે જે સંઘગત ઉપધાનો થાય છે અને છેરીપાલિત સંઘો નીકળે છે તેમાં પણ યુવા કક્ષાના સાધુઓના શીલ-જીવન ઉપર મોટો ભય તોળાયેલો દેખાય છે. સિનેમાદિકને કારણે સંસારી લોકોમાં જે ઉદ્ભટતા, ઉચ્છૃંખલતા, મર્યાદાહીનતા પેદા થઈ છે તે ધાર્મિક ક્રિયાકાંડોમાં અને ધાર્મિક સ્થળોમાં પણ જોવા મળે છે. આ સ્થિતિમાં પોતાને આશ્રિત બનીને આત્મકલ્યાણ માટે સંસાર ત્યાગીને આવેલા શિષ્યોના ભાવપ્રાણ ઘાયલ પણ ન થાય તેની જાગતી કાળજી ગુરુવર્ગે લેવી જોઈએ. ભલે કદાચ તેથી તેવા ચાર ધર્માનુષ્ઠાનોનું આયોજન બંધ રાખવું પડે; પણ તેમ કરીનેય શિષ્યોના ભાવપ્રાણની રક્ષા કરવી જ રહી. જેઓ આ બાબતની ઉપેક્ષા કરીને શાસનપ્રભાવના કરવા લલચાય છે તેઓ લાંબા ગાળે શાસનની ઘોર હીલનામાં જ નિમિત્ત બનતા હોય છે.

જો ઉપર્યુક્ત ધર્માનુષ્ઠાનો પૂરી મર્યાદા સાથે આચરી શકાતાં હોય તો તેમાં કશો વાંધો ન લઈ શકાય.

જૈનસંઘના વર્તમાનકાલીન મોવડીઓએ આવી કેટલીક બાબતો ઉપર વિચાર કરવાનો સમય એકદમ પાકી ગયો

જણાય છે. હકીકતમાં તો તેઓ મોડા પડી ચૂકયા છે કેમ કે મુનિઓના ભાવપ્રાણો ખતમ થવા સુધીના પ્રસંગો ઉપરા-છાપરી સાંભળવા મળે છે.

આ જ કારણસર વડીલવર્ગે ગૃહસ્થોના ભૌતિક જીવન સંબંધિત મંત્રતંત્રાદિનાં કાર્યોમાં પણ કદી નહિ પડવું જોઈએ. એટલું જ નહિ પરન્તુ વધુ પડતા જિનભક્તિ મહોત્સવો કે મોટાં નગરોના સતત ચાતુર્માસ નહિ સ્પર્શવા જોઈએ. આવા વારંવારના પ્રસંગોથી આશ્રિત વર્ગનું જીવન આધાકર્માદિ દોષોનું, બહિર્મુખતાનું અને વિજાતીય ધ્યાનનું ભોગ બની જતું હોય છે.

નિર્દોષ શિષ્યોની આ રીતે હત્યા થઈ જાય એમાં સંપૂર્ણ દોષિત તેવા ગુરુવર્ગને જ ન ગણવો જોઈએ શું ?

**પાપમિત્રોનો સંગત્યાગ**

જેણે સુંદર ચારિત્ર પાળવું હોય તેણે પાસત્થા વગેરે પાપશ્રમણોનો સંગ છોડવો જોઈએ. જેઓ દૂધ દહીં વગેરે વધુ પ્રમાણમાં હંમેશ વાપરે છે, તપ કે ત્યાગ કદી કરતા નથી, ગુરુકુલવાસ કે ગચ્છવાસમાં કદી રહેતા નથી; ટૂંકમાં મૂળ અને ઉત્તર ગુણોમાં જેઓ ઘણા શિથિલ છે અને નિષ્ઠુર પરિણામ છે, તે બધા પાપશ્રમણો કહેવાય છે. પાપનું જીવદ્રવ્ય ભાવુક હોવાના કારણે લીંબડાના સંગે આંબો પોતાની મધુરતાને ખોઈ બેસે છે તેમ કુસાધુઓના સંગે ચારિત્રજીવનની મધુરતા નાશ પામી જાય છે. તેવા સાધુઓ આધાકર્મી ભિક્ષા લાવીને ભારે આગ્રહથી સુસાધુને

વપરાવે ત્યારે દાક્ષિણ્ય ગુણથી તે ભિક્ષા વાપરવી પણ પડે. આમ તે સુસાધુ આચારહીન બને અને લોકમાં નિંદાય. બીજી બાજુ સુસાધુના સંગથી કુસાધુની કીર્તિ લોકમાં વધે.

**તપવિધાન**

જો તે જ ભવમાં મોક્ષે જનારા તીર્થંકર દેવોનો આત્મા પણ પોતાના સાધનાકાળના સમયમાં અભ્યંતર તપની ઉત્કૃષ્ટ આરાધનાની સાથે સાથે ઉપવાસ વગેરે બાહ્ય તપને પણ ઘણું પ્રાધાન્ય આપતો હોય તો મુનિઓએ પોતાના કર્મના ક્ષય માટે તે બાહ્યતપને એટલું જ પ્રાધાન્ય આપવું જોઈએ. શાસ્ત્રકારોએ વ્રતના રક્ષણને જ પરમતપ કહ્યો છે. એમાં અનશન વગેરે છ પ્રકારના બાહ્ય તપો અત્યંત મદદગાર બનતા હોય છે. આ છ તપોને બાહ્ય તપ એટલા માટે કહેવામાં આવેલ છે કે બધા માણસો આ તપને આચરનારાને જોઈને તેને તપસ્વી એ પ્રમાણે કહેતા હોય છે. પ્રાયશ્ચિત્ત વગેરે છ પ્રકારના અભ્યંતર તપ એટલા માટે કહેવામાં આવે છે કે તેને આચરનારાને જોનારા લોકો તેને તપસ્વી એ પ્રમાણે કહેતા નથી. પરંતુ એનાથી અંદરના આત્માનાં કર્મો જરૂર તપે છે. માટે તેને અભ્યંતર તપ કહેવામાં આવે છે. જો નિષ્કારણ અનશન આદિ તપ કરવામાં ન આવે તો ધાતુઓની અને શરીરની એવી વૃદ્ધિ થાય કે જે વિકારમાં પરિણમે. આથી દરેક સાધુએ શરીરને થોડીક પણ પીડા આપતા અનશન વગેરે તપનું સેવન બ્રહ્મચર્યના સેવનની જેમ કરવું જોઈએ.

એકલો સ્વાધ્યાય રૂપી અભ્યંતર તપ કરનારો પણ જો બાહ્યતપથી નિરપેક્ષ હોય તો તેનો સ્વાધ્યાય વિદ્વત્તાને આપી શકશે, પરંતુ મોહનીયકર્મનો ક્ષય કરાવી શકશે નહિ; આથી ગમે તે પળે તેના ભાવપ્રાણ ખતમ થઈ જવાની શક્યતા ઊભી થશે. દુષમ કાળની વર્તમાન પરિસ્થિતિ જોતાં તો એવું વિધાન કરવાનું યોગ્ય લાગે છે કે જો સ્વાધ્યાય અને તપના બે યોગોમાંથી કોઈ એક યોગને ગૌણ બનાવવાનો હોય તો સ્વાધ્યાયને ગૌણ બનાવીને તપ કરાવવો. ખાસ કરીને યુવાન મુનિઓ માટે આ વિધાન વધુ યોગ્ય લાગે છે. કોઈ મોટો તપ કરવા માટે ચ્યવનપ્રાશ, ભસ્મો, દૂધ અને ઘી વગેરે પદાર્થોનું સેવન કરવું તે પણ યુવાન મુનિઓ માટે ખૂબ જ જોખમી દેખાય છે. આવું જોખમ લેવા કરતાં બહેતર છે કે મોટો તપ ન કરવો.

તપ જેમ શરીરના નાશ માટે નથી, તેમ શરીરની પુષ્ટિ માટે પણ નથી; પરંતુ વાસનાઓના નાશ માટે છે. તથા સંયમધર્મની સુંદર આરાધના સદા થતી રહે તે માટે જરૂરી શારીરિક આરોગ્ય માટે છે.

આ તપ દુઃખરૂપ નથી, અર્થાત્ કર્મના ઉદયથી પ્રાપ્ત થતા ઔદયિક ભાવના દુઃખરૂપ નથી પરંતુ વીર્યાંત-રાય કરવાના ક્ષયોપશમ ભાવથી પ્રાપ્ત થતા આનંદરૂપ છે. આખોય મુનિધર્મ ક્ષયોપશમ ભાવસ્વરૂપ છે. ક્ષમા વગેરે દશ મુનિધર્મમાં તપધર્મનો પણ સમાવેશ કર્યો

છે. એ વાત ખ્યાલમાં રાખવી કે મોક્ષ પામવા માટે અથવા સંયમજીવન જીવવા માટે માત્ર ક્ષયોપશમ ભાવ અને ક્ષાયિક ભાવ વગેરે જ ઉપયોગી છે એવું નથી પરંતુ ઔદયિક ભાવ પણ તેમાં ઉપયોગી બની શકે છે.

પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય અને નિરનુબંધી કર્મનો ઉદય પણ શુભ સામગ્રી આપવા વગેરે દ્વારા સહાયક બની શકે છે. પુણ્યકર્મ ભોમિયા જેવું છે જે વિકટ માર્ગમાં સાથ આપે છે, પરંતુ ઇષ્ટ સ્થાનની સાવ નજીક આવી જતાં વિદાય થઈ જાય છે. તે દિવેલ જેવું છે, જે પેટનો મળ (પાપકર્મ) દૂર કરે છે અને છેવટે પોતે પોતાની જાતે જ નીકળી જાય છે, અર્થાત્ એને કાઢવા માટે બીજા કોઈની જરૂર પડતી નથી.

**તત્ત્વવિચાર**

મુનિઓએ ધર્મક્રિયાની સાથે અને સિદ્ધાંતોના સ્થૂલ સ્વરૂપને સમજવા સાથે તત્ત્વોના ઊંડાણને પણ સ્પર્શવું જોઈએ. વિરોધી દેખાતી શાસ્ત્રોની બાબતો ગીતાર્થ ગુરુ પાસે રજૂ કરીને તેની ઉપર ઊહાપોહ કરવો જોઈએ. આ રીતે શાસ્ત્રોના પદાર્થોનું રહસ્ય પામવા મળે છે, આથી જીવનમાં નિત નવો સંવેગ અને વૈરાગ્યનો રસ પેદા થતો રહે છે જે રસ કર્મક્ષયમાં અત્યંત ઉપકારી બને છે.

દા. ત., આવો તત્ત્વવિચાર કરી શકાય. બ્રાહ્મી અને સુંદરીના આત્માએ પૂર્વભવમાં મુનિપણામાં તપ સંબંધમાં માયાનો જે સૂક્ષ્મ અતિચાર સેવ્યો તેના કારણે ભવાંતરમાં

તે આત્માઓને સ્ત્રીવેદની પ્રાપ્તિ થઈ એમ શાસ્ત્રકારો ફરમાવે છે. આની ઉપર એવો સવાલ પેદા થાય કે જો નાનકડા અતિચારોનું પણ પ્રાયશ્ચિત્ત ન કરવાથી આવું કટુફળ આવતું હોય તો વર્તમાનકાળના અમે મુનિઓ કેટલા મોટા અતિચારો સેવીએ છીએ તો શું અમારો તો કદી મોક્ષ નહિ જ થાય ને ? આ સવાલનો જવાબ એ છે કે બ્રાહ્મી-સુંદરીના આત્માનો અતિચાર દોષ નાનકડા કાંટા જેવો હતો પરંતુ પશ્ચાત્તાપરૂપી વિશુદ્ધ અધ્યવસાય દ્વારા તેનો ઉદ્ધાર કરવામાં આવ્યો ન હતો. આપણા મોટા દોષો ભલે કેન્સરની ગાંઠ જેવા હોય, પણ તેના પશ્ચાત્તાપના જોરદાર અધ્યવસાયપૂર્વકના પ્રાયશ્ચિત્ત કરવા દ્વારા જો તેનો ઉદ્ધાર કરી દેવાતો હોય તો આપણો મોક્ષ બિલકુલ નજીકમાં આવી જાય. જીવનમાં કશી જ મોટી સાધના ન કરનારા બલ્કે ઘોર પાપો સેવનારા દૃઢપ્રહારી અને ચિલાતી વગેરે આ હકીકતનાં જીવંત દૃષ્ટાંતો છે. આ ઉપરથી સમજાશે કે માત્ર બે વખતનાં પ્રતિક્રમણોથી અતિચારોની શુદ્ધિ થઈ જતી નથી. તે પ્રતિક્રમણની ક્રિયાઓ પ્રાયશ્ચિત્તના અધ્યવસાયને જગાડવા માટે છે. પરંતુ જેને તે અધ્યવસાય જાગે જ નહિ તેને તે ક્રિયાઓ નિષ્ફળ જાય છે. બ્રાહ્મી અને સુંદરીના આત્માઓનાં માત્ર પ્રતિક્રમણો આ જ કારણસર નિષ્ફળ ગયાં હતાં. આ રીતે તત્ત્વવિચાર કરવાથી તારક તીર્થંકર દેવોએ પ્રરૂપેલી વાતોના ઊંડાણ સુધી પહોંચાય છે; ત્યાંથી સમગ્ર જીવનને પ્રકાશિત કરી મૂકતો બોધનો કોઈ તેજલિસોટો પ્રાપ્ત થાય છે. માટે દરેક સાધુએ શાસ્ત્રના

પદાર્થો પર ઊંડાણથી વિચાર કરવાનો અભ્યાસ પાડવો જોઈએ.

**ભાવના**

ઉપર્યુક્ત તત્ત્વવિચારની સાથોસાથ સાધુએ બાર ભાવનાઓથી પોતાના આત્માને વારંવાર ભાવિત કરતા રહેવું જોઈએ. જેને જે બાબતનો વિચાર વધુ સતાવતો હોય તેણે તે અંગેની પ્રતિપક્ષી વિચારણાઓ વારંવાર કરવી જોઈએ. જેને સ્ત્રી અંગેના વિચારો ખૂબ આવતા હોય તેણે અશુચિ ભાવના વગેરેથી સતત ભાવિત રહેવું જોઈએ. જેને શરીરની સુખશીલતા ખૂબ સતાવતી હોય તેણે પ્રધાનપણે અનિત્ય-ભાવના ભાવવી જોઈએ. આ રીતે પ્રતિપક્ષી ભાવનાઓથી ભાવિત થવા દ્વારા મોહરાજાના હુમલાઓથી અવશ્ય ઊગરી જવાય છે. આ હુમલાઓને ખાળવા માટે નવકારમંત્ર વગેરેનો એકલો જપ સફળ ન પણ થાય, તેની સાથોસાથ ઉપર જણાવ્યા મુજબની પ્રતિપક્ષી ભાવનાઓનું જોર પણ હોવું જરૂરી જ છે.

**ધર્મકથા**

જે સાધુ સ્વાધ્યાય આદિથી થાકી જાય તે સાધુએ મહાપુરુષનાં જીવનચરિત્રો વાંચવાં કે સાંભળવાં, તેમના શુદ્ધ ચારિત્રની ભારોભાર અનુમોદના કરવી. તે મહાપુરુષોએ કરેલા સંસારત્યાગને ઉત્કૃષ્ટ સંયમજીવન જીવવા દ્વારા કેટલો બધો સફળ બનાવ્યો તે વિચારીને પોતાના સંસાર-

ત્યાગને પણ તેવો જ સફળ બનાવવાના સંકલ્પો કરવા જોઈએ.

આ રીતે ધર્મકથાનું શરણ લેવાથી આત્મામાં સંયમ અને સંવેગની સ્થિરતા થાય તેવા મહર્ષિઓની પરંપરામાં પોતાને સ્થાન મળ્યું છે તે વિચારે વિશુદ્ધ સંયમ પાળવાનો ઉત્સાહ વધી જાય, વિકથાઓનો નાશ થાય, જન્માંતરમાં ઉત્કૃષ્ટ સંયમપ્રાપ્તિનું આ જીવનમાં જ બીજ પડે, ચારિત્રના પરિણામની રક્ષા થાય અને તેમાં વૃદ્ધિ પણ થાય. આવી પરિણામ-રક્ષા અને વૃદ્ધિ એ જ વસ્તુતઃ સંયમ છે, માત્ર વડી દીક્ષા નહિ કેમ કે તે તો અભવ્યો અને દુર્ભવ્યોને પણ અનંતી વાર પ્રાપ્ત થાય છે. વડી દીક્ષા પામ્યા વિના માત્ર સામાયિક ચારિત્ર લઈને જે અનંત આત્માઓ મુક્તિપદને પામ્યા છે તેમની પાછળ વિધિપૂર્વકનું સંયમપાલન અને તેથી એમનામાં પેદા થયેલો સંયમનો પરિણામ એ જ મુખ્ય કારણ છે. વિધિપૂર્વક ગુરુની સેવા કરતા અને ગચ્છનો સત્સંગ કરતા કેટલાય આત્માઓને દીક્ષા કે વડી દીક્ષા લેતા પહેલાં જ ચારિત્રના નિર્મળ પરિણામો પ્રગટ થયા છે. ગોવિંદ વગેરે નામના સાધુઓને આ રીતે ચારિત્રનો પરિણામ પેદા થયો ન હતો છતાં દીક્ષા લીધા બાદ વિધિપૂર્વક ગુરુસેવા અને ગચ્છવાસનું સેવન કરતાં ચારિત્રનો પરિણામ પેદા થઈ ગયો છે. આ ઉપરથી સમજાશે કે, ગચ્છવાસ અને ગુરુકુલવાસના વિધિપૂર્વકના સેવનમાં કેટલી તાકાત છે. જ્ઞાન અને દર્શનનું સાચું ફળ તો વિધિપૂર્વક ચારિત્રમાં પ્રવર્તન કરવું તે જ છે.

**કોણ મહાન: દર્શન કે ચારિત્ર**

કેટલાક કહે છે કે, હજી ચારિત્ર વિના મોક્ષ મળી શકે, પરંતુ દર્શન વિના તો મોક્ષ ન જ મળી શકે. માટે ચારિત્ર કરતાં પણ દર્શન મહાન છે. આથી દરેકે સમ્યગ્દર્શન પામવાનો પ્રયત્ન જ કરવો જોઈએ.

આ વિધાનથી જો ચારિત્રધર્મને ગૌણ બનાવી દેવાની મનોવૃત્તિ પ્રગટ થતી હોય તો આ વિધાન બરોબર નથી. ''દંસણ ભટ્ઠો ભટ્ઠો, દંસણભટ્ઠસ નત્થિ નિવ્વાણ'' આ શ્લોક દ્વારા ઉપરની જે વાત કહેવામાં આવી છે તેમાં પણ ભાવચારિત્રનો નિષેધ નથી. તે શ્લોકનો અર્થ એટલો જ થાય છે કે જેઓ દ્રવ્યચારિત્ર વિનાના છે તેઓ પણ સમ્યગ્દર્શનના બળથી નિર્વાણપદ પામી શકે છે. પરંતુ એ વખતે તે સમ્યગ્દર્શનના બળથી તે આત્માઓમાં ભાવ-ચારિત્ર તો અવશ્ય પ્રગટ થતું હોય છે. ભાવચારિત્ર વિના કોઈ પણ આત્માને ભૂતકાળમાં નિર્વાણપદ પ્રાપ્ત થયું જ નથી. વળી જે આત્માઓ પોતાના છેલ્લા ભવમાં દ્રવ્યચારિત્ર વિના પણ કેવળજ્ઞાન પામ્યા છે તે આત્માઓને પણ તેમના પૂર્વભવોમાં તો દ્રવ્યચારિત્રની સુંદર આરાધના હતી જ. આમ હકીકતમાં તો ભાવચારિત્રની જેમ દ્રવ્યચારિત્રનું પણ મહત્ત્વ જરાય ઓછું જણાતું નથી. ઉપર્યુક્ત શ્લોકમાં સમ્યક્ત્વનું જે મહત્ત્વ બતાવવામાં આવ્યું છે તે તેની સૌ પ્રથમ જરૂરિયાતની અપેક્ષાએ છે. બાકી મુખ્યતાની અપે-ક્ષાએ તો ભાવચારિત્રનું જ મહત્ત્વ છે. આત્માના વિકાસ-ક્રમમાં સૌ પ્રથમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય પરંતુ તે

વિકાસ ત્યાં જ અટકી જતો નથી. સમ્યગ્દર્શનમાં અપ્રમત્ત-પણું પ્રાપ્ત થતાં ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થઈને શ્રાવકપણું યાવત્ સર્વવિરતિપણું પ્રાપ્ત થાય છે. એમાં પણ જો અપ્રમત્ત રહેવામાં આવે તો ક્રમશઃ ક્ષપકશ્રેણી કેવળ-જ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે "સમ્યક્ત્વ પામ્યા બાદ મોહનીયકર્મની બેથી નવ પલ્યોપમ સુધીની સ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિપણું મળે અને ત્યાર બાદ સંખ્યાતા સાગરોપમની સ્થિતિનો ક્ષય થતો જાય તો ક્રમશઃ સર્વવિરતિચારિત્ર, ઉપશમશ્રેણી અને ક્ષયશ્રેણીની પ્રાપ્તિ થાય છે. એક આત્મા એક જ ભવમાં સમ્યક્ત્વથી લગાવીને મોક્ષ સુધીનું બધું જ પામી શકે છે, પરંતુ એક જ ભવમાં તે આત્મા ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી પામી શકતો નથી. [મતાંતરે તો તે પણ પામી શકે છે.]

**સવાલ** : મરૂદેવા માતાને અંતિમ ભવમાં માત્ર ભવચારિત્રથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેમને તો પૂર્વભવોમાં પણ દ્રવ્યચારિત્ર પણ ક્યાં હતું ?

**જવાબ** : આવા પ્રસંગોને અપવાદમાં ગણવા. સ્થા-વરપણામાંથી આવીને તરત જ મોક્ષ પામ્યાની આ વાતને શાસ્ત્રમાં આશ્ચર્યભૂત ગણાવી છે. જોકે દશ આશ્ચર્યમાં આ આશ્ચર્યનું વિધાન આવતું નથી તો પણ તેને ઉપલક્ષણથી સમજી લેવાનું છે.

આ ઉપરથી નક્કી થયું કે સામાન્ય રીતે તો દ્રવ્ય-ચારિત્રની પણ ખૂબ જ જરૂર છે. અને તે દ્રવ્યચારિત્ર-

હોય તો જ ગુરુકુલવાસ અને ગચ્છવાસ ઉપસ્થિત થાય છે. જો તેનું વિધિવત્ સેવન કરવામાં આવે તો નહિ પ્રગટેલું ભાવચારિત્ર પણ પ્રગટ થયા વિના રહેતું નથી. માટે દીક્ષા અને વડી દીક્ષારૂપ દ્રવ્યચારિત્રનું મહત્ત્વ પણ જરાય ઓછું નથી. 'અધ્યાત્મસાર' ગ્રંથમાં પ્રથમ અધિકારમાં મહોપાધ્યાયજીએ કહ્યું છે કે, માત્ર દ્રવ્યચારિત્રને સ્વીકારનારા એવા અનંત આત્માઓ આજ સુધીમાં થઈ ગયા કે જેમને ગુર્વાજ્ઞા પારતંત્ર્યરૂપ, ગુરુકુલવાસ અને ગચ્છવાસનું સેવન કરતાં કરતાં એવો અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટ થઈ ગયો કે તે જ ભવમાં ભાવચારિત્ર પામીને તેના પરિણામે તે જ ભવમાં કેવલજ્ઞાન અને નિર્વાણપદ પામી ગયા.

જે લોકો ભરત ચક્રવર્તીના દૃષ્ટાંતને આગળ કરીને દ્રવ્યચારિત્રની અનુપયોગિતા સમજાવે છે તેઓ એ વાત સમજી રાખે કે જે ભરત વગેરેને દ્રવ્યચારિત્ર વિના કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તેમને પણ દ્રવ્યચારિત્રની અનુપયોગિતા કદી લાગી ન હતી. પરંતુ તેઓ તો આવા દ્રવ્યચારિત્ર મેળવવા માટે તલસતા હતા. હજી દ્રવ્યચારિત્ર વિના કોઈને કેવળજ્ઞાન થઈ શકશે પરંતુ "દ્રવ્યચારિત્ર બિનજરૂરી છે" એવું માનનારા એકાદ પણ આત્માને અનંતા કાળમાં આશ્ચર્યરૂપ પણ કેવળજ્ઞાન થઈ શકનાર નથી.

## ચોથી વસ્તુ : અનુયોગ અને ગચ્છની અનુજ્ઞા

અનુયોગ એટલે હંમેશ અપ્રમત્તપણે મુખ્યત્વે યોગ્ય સાધુઓ સમક્ષ તેને સૂત્રાર્થનું વ્યાખ્યાન કરવું. આવું વ્યાખ્યાન કરવાની ગુરુ તરફથી જેને અનુજ્ઞા મળે તે અનુયોગાચાર્ય કહેવાય.

જે વ્રતપાલનમાં નિપુણ હોય અને તે કાળને ઉચિત એવા સકલ સૂત્રાર્થને ગ્રહણ કરનારા હોય તે મુનિઓને જ અનુયોગની અનુજ્ઞા આપી શકાય, અન્યથા અપાત્રને અનુજ્ઞા કરનારા ગુરુને મૃષાવાદ લાગે, લોકમાં શાસન હીલના થાય, ગચ્છવર્તી સાધુઓનો નાશ થાય તથા સમ્યગ્જ્ઞાન વગેરેની પ્રવૃત્તિ નહિ ચાલતાં તીર્થનો નાશ થાય. જે સાધુ કાલોચિત સૂત્રાર્થને પણ ધારણ કરતા નથી તે સાધુને અનુયોગ કરવાની અનુજ્ઞા આપવી એટલે જ્ઞાન વિનાના ભિખારીને રત્નોનું દાન કરવાની સલાહ આપવી. જેણે ભારે નિપુણતાથી સૂત્રાર્થનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા મહાત્મા તો ધર્મીઓના સંશયના અતિ સુંદર તર્ક વગેરે દ્વારા નિવારણ કરતા હોય. અને મિથ્યાધર્મીઓના જુઠ્ઠા આક્ષેપોના કુરચા ઉડાવવાની અદ્ભુત મેધા ધરાવતા હોય. આ રીતે અગણિત આત્માઓને જિનશાસન પમાડતા હોય.

### અનુયોગાચાર્યની અપાત્રતા

જેની પાસે આવી કોઈ નિપુણતા નથી અને છતાં ગુરુએ તેને અનુયોગાચાર્ય બનાવી દીધા હોય તો તેવા આત્માનાં ઢંગધડા વિનાનાં પ્રવચનો, સવાલોના જવાબો વગેરે દ્વારા લોકોમાં શાસનહીલના થવા સિવાય બીજું શું થશે, એ આત્માના નબળા નિરૂપણોને લીધે જિનશાસ્ત્રોના બંધથી મોક્ષ સુધીના અદ્‌ભુત પદાર્થોને લોકોમાં ન્યાય પણ શી રીતે મળશે, આવા આત્મા પાસે જે શિષ્ય સંપ્રાપ્ત થાય તે શિષ્યો પણ જ્ઞાનાદિ ગુણોથી નબળા જ હોય. તે આચાર્ય અલ્પશ્રુત હોવાના કારણે તેનામાં અને તેના શિષ્યોમાં સહજ રીતે તુચ્છતા હોય. તેમને બધાને હેય-ઉપાદેયનું જ્ઞાન યથાર્થ સ્વરૂપમાં હોય નહિ તેમ જ પોતાના તુચ્છપણાને લઈને અભિમાની એવા તેઓ બીજા જ્ઞાનીઓ પાસેથી નવું જ્ઞાન પામી શકે પણ નહિ. આમ જે દશા ગુરુશિષ્યની થાય તે જ હલકી દશા પ્રશિષ્યની પણ થાય. જીવાદિ પદાર્થના તથા સૂત્રાર્થના વિશિષ્ટ જ્ઞાનના અભાવવાળું આ ટોળું બાવાઓ અને ધુતારાઓની જેમ ભિક્ષાટન કરે કે શિરમુંડન કરે તો પણ તે બધું જ નિષ્ફળ જાય છે. જ્યાં આગળ મતિ નથી પરંતુ સ્વમતિ જ પ્રધાન છે ત્યાં શાસ્ત્રોક્ત કહેવાતી ક્રિયાઓ પણ નિરર્થક જાય છે. આવા ટોળામાં જે આત્મા દીક્ષા લે છે તે પ્રાયઃ દ્રવ્યલિંગી જ રહે છે. આવું ટોળું તત્ત્વતઃ તીર્થનો ઉચ્છેદ કરનારું જ બને છે.

### અનુયોગાચાર્યની પાત્રતા

કાલોચિત સૂત્રાર્થને ધારણ કરીને તે વિષયમાં જેની

બુદ્ધિ ખૂબ જ નિપુણ બની હોય તેને જ અનુયોગની અનુજ્ઞા (આચાર્યપદવી) આપી શકાય. જે સાધુ ઘણા સૂત્રાર્થનું માત્ર શ્રવણ કરી ચૂક્યો છે; વળી જે પોતાની મધુર વાણીથી લોકોમાં ખૂબ માનીતો થયો છે અને તેથી જ જેણે ઘણા શિષ્યોનો પરિવાર ભેગો કર્યો છે, તેવો જ સાધુ જો સૂત્રાર્થનો નિપુણ રીતે ધારક ન હોય તો તે સાધુ જિનશાસનનો શત્રુ છે.

અનુયોગની અનુજ્ઞાને યોગ્ય વ્યક્તિને સારા તિથિ મુહૂર્તમાં અનુજ્ઞા (આચાર્યપદવી) કરવી. પૂર્વના દિવસે સાંજે કાલગ્રહણનાં નોતરાં દેવાથી માંડીને તમામ વિધિ અન્ય ગ્રંથોથી જાણી લેવી. તેમાં નૂતન આચાર્યને મૂળ આચાર્યે વંદન કરવાની પણ વિધિ આવે છે. તે વખતે મૂળ આચાર્યના આસન ઉપર નૂતન આચાર્ય બનતા શિષ્યનું બેસવું અને પછી નૂતન આચાર્યરૂપી શિષ્યને મૂળ આચાર્યરૂપી ગુરુએ વંદન કરવું. તેના દ્વારા મૂળ આચાર્ય તરફથી સકળ સંઘને એવું સૂચિત કરવામાં આવે છે કે, 'આ મારા શિષ્ય મને પણ જો વંદનીય છે તો તમને સૌને તો વંદનીય હોવા જોઈએ; અમે બન્ને ગુણોની દૃષ્ટિએ તુલ્ય બન્યા છીએ અને તેથી જ ગુરુ દ્વારા શિષ્યને વંદન કરવામાં કશું જ અનિચ્છનીય નથી અને કોઈને પણ કર્મબંધનું કારણ નથી. આથી હવે તમો સૌ આ નૂતન આચાર્યની આજ્ઞાનો મારી આજ્ઞાઓની જેમ જ સ્વીકાર કરજો."

અનુયોગની અનુજ્ઞા કરવાની વિધિ પૂરી થયા બાદ મૂળ આચાર્ય નૂતન આચાર્યને ઉપદેશ આપતાં કહે કે,

"તું ધન્ય બની ગયો છે, જેને ચતુર્વિધ શ્રી સંઘની સેવા કરવા માટેની સારામાં સારી તક મળી છે; જ્યારે તેં જિન-વચનના મર્મને બરાબર જાણ્યું છે, ત્યારે તારી ફરજ થઈ પડે છે કે આ ગંભીર પદ પામીને તે જિન પ્રવચનનો સારામાં સારો ઉપયોગ કરવો; જો તું તેમ કરવામાં સફળ થઈશ અર્થાત્ ભવ્ય જીવોના હૃદયને જિનવચનથી ભાવિત કરીશ તો તેટલા જ માત્રથી તને વીતરાગ-દશા અને કેવલ-જ્ઞાનની પ્રાપ્ત થશે એટલું જ નહિ પણ બીજા અનેકોને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થવામાં તને નિમિત્ત થવા મળશે."

## અનુયોગાચાર્યોનાં કાર્યો

સામાન્ય રીતે આચાર્યપદવીને લાયક તે જ ગણાય કે જેનામાં નીચે જણાવેલ ચાર વાતો સારી રીતે જણાતી હોય. (૧) સંઘરક્ષા, (૨) પોતાના આશ્રિતો માટે જરૂરી ઉપકરણો વગેરે પામવા માટેની પુણ્ય શક્તિ, (૩) યોગ્ય વ્યક્તિઓને સૂત્રાર્થનુ દાન, (૪) આશ્રિત સાધુઓને મોક્ષ-માર્ગ ઉપર સારી રીતે પ્રયાણ કરાવવા માટે સારણા-વારણા વગેરે કરવાની ભારે કુશળતા હોય.

ઉપર્યુક્ત ચાર વાતોમાં પહેલી બે વાતમાં થોડી ન્યૂનતા હોય તો પણ હજી ચલાવી શકાય. પરંતુ છેલ્લી બે વાતમાં તો લગીરે ન્યૂનતા ચાલી શકે નહિ. પરમાત્મા મહાવીર દેવે તો ત્યાં સુધી ગૌતમ ગણધરને કહ્યું છે કે, 'હે ગૌતમ ! જે ગચ્છમાં સારણા, વારણા વગેરે થતાં ન હોય તેને કુગચ્છ કહેવાય; આવા ગચ્છનો સંયમના અર્થી સાધુ-

સાધ્વીઓએ સત્વર ત્યાગ કરી દેવો જોઈએ. [(૧) સારણા એટલે સ્મારણા = ભૂલનું સ્મરણ કરાવવું (૨) વારણા એટલે બીજી વખત ભૂલ થાય ત્યારે તેનું નિવારણ કરવું. (૩) ચોયણા એટલે નોદણા = ત્રીજી વાર ભૂલ થતાં કડક શબ્દમાં ઠપકો આપવો અને (૪) પડિચોયણ એટલે પ્રતિનોદણા = હાથેથી અગર જરૂર પડયે દંડ વગેરેથી વારંવાર ભૂલ કરનારને મારવો.]

જો આચાર્યો પાસે શિષ્યને સુધારવા જેવું પુણ્ય ન હોય તો તેવો શિષ્ય સંઘના અગ્રણી ગંભીર અને ધર્માત્મા એવા શ્રાવકોને પણ—પડિચોયણા સુધીની રજા આપવા સાથે —સોંપી દેવો પડે. આ અંગે 'આચારાંગસૂત્ર'માં તોફાની શિષ્યને ટુચકો કરીને સીધો કરી દેતા રાજાનું દૃષ્ટાંત આવે છે.

આચાર્ય તો તે જ થઈ શકે જેની એક આંખમાંથી શિષ્યો પ્રત્યે વાત્સલ્યનાં પૂર ઉમટતાં હોય પરંતુ તેની સાથોસાથ બીજી આંખેથી કરડાકીની આગ ઓકાતી હોય. આવી કરડાકીના કારણે જ શિષ્યોના આત્માની નેવું ટકા જેટલી અનાદિકાલીન ઉચ્છૃંખલતાઓ ખતમ થઈ જતી હોય છે. બાકીના દશ ટકા દોષો તો વાત્સલ્યભાવથી જ વિસર્જન પામતા હોય છે. જે આચાર્યની અભિલાષા એવી છે કે, 'હું મોટી સંખ્યામાં ગીતાર્થ અને સંવિજ્ઞ સાધુઓને તૈયાર કરીને જૈન સંઘને તેની ભેટ આપું.' તે આચાર્યે ભીમ અને કાન્ત ગુણ એકી સાથે જીવંત કરવા જોઈએ. જે ગચ્છમાં આચાર્યની કરડાકી ન હોવાના કારણે શિસ્ત નથી

અને મર્યાદાઓનું કડક પાલન નથી, તે ગચ્છના સાધુઓ જૈન સંઘ માટેની મૂલ્યવાન મૂડી બની શકતા નથી, તેવા શિસ્તહીન અને મર્યાદાહીન સાધુઓનો ગચ્છ ન કહેતાં તેને ટોળું જ કહેવું જોઈએ. જો શિષ્યો આચાર્યના કાબૂની બહાર ચાલ્યા જાય તો છેવટે કાલકસૂરીશ્વરજીની જેમ તે આચાર્યે ગચ્છનો ત્યાગ કરીને અન્ય ગચ્છનો આશ્રય લેવો જોઈએ.

## પ્રાપ્ત અને કલ્પિક શિષ્યો

હવે આપણે નૂતન આચાર્યનું સૂત્રાર્થના દાન અંગેનું કાર્ય વિચારીએ. પ્રથમ તો સૂત્રાર્થનું દાન તે જ શિષ્યોને કરાય જે ધર્માર્થી હોય, મધ્યસ્થ હોય અને બુદ્ધિમાન હોય. આવા શિષ્યો કોઈ વાતમાં કદાગ્રહ કરતા નથી, પવિત્ર આશયવાળા હોય છે અને નજીકમાં જ મોક્ષગામી હોય છે. બુદ્ધિમાન હોવાને કારણે સૂક્ષ્મ અને સ્થૂલ ગુણો અને દોષોને ગંભીરપણે સમજી શકતા હોય છે. જેમ હડા નામની વનસ્પતિને કોઈ પણ જાતનો પ્રતિબંધ હોતો નથી તેમ આ સાધુઓને ધનાદિ પદાર્થોમાં ક્યાંય પ્રતિબંધ હોતો નથી. આથી જ તેને નિર્મોહી બનાવવાનું કામ ગુરુના માટે ઘણું સહેલું બની જાય છે.

## પ્રાપ્ત શિષ્ય

જે સાધુનો જેટલો દીક્ષાપર્યાય થયો હોય તેટલા વર્ષના દીક્ષાપર્યાયે તે સાધુને જે સૂત્ર ભણવાનો અધિકાર પ્રાપ્ત થતો હોય [દા. ત. ત્રણ વર્ષનો દીક્ષાપર્યાય થાય

ત્યારે તેને નિસીથસૂત્ર ભણવાનો અધિકાર મળે છે.] તે સૂત્રને તે સાધુ તેટલા દીક્ષા પર્યાયે પ્રાપ્ત થયો કહેવાય.

**કલ્પિક શિષ્ય**

'આવશ્યક સૂત્ર'થી માંડીને 'સૂયગડાંગ સૂત્ર' સુધીમાં જે સૂત્રને જે સાધુએ ભણી લીધું હોય તે સૂત્રનો તે સાધુ કલ્પિક કહેવાય.

અહીં એ વાતનો ખ્યાલ રાખવો કે નિસીથ વગેરે જે છેદસૂત્રો કહેવાય છે તેનું અધ્યયન તે માટે જરૂરી દીક્ષા-પર્યાય થતાં કરી જ શકાય તેવો નિયમ નથી. તે તે છેદ-સૂત્રનો દીક્ષાપર્યાય થઈ જવા છતાં જો તે સાધુ પરિણત [પાપના તીવ્ર ડરવાળો, ધર્મની ભારે પ્રીતિવાળો, અને શુદ્ધ અંતઃકરણવાળો] ન હોય તો તેને નિસીથ વગેરે છેદસૂત્રો ભણવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. આ છેદગ્રંથોમાં ઉત્સર્ગમાર્ગની સાથે પુષ્કળ અપવાદમાર્ગો આપવામાં આવ્યા છે. અપરિણત આત્મા હોય છે તે તેમાંના ઉત્સર્ગમાર્ગોને જ પકડી લેતો હોય છે અને જે અતિ પરિણત આત્મા હોય છે, તે જરાતરામાં અપવાદમાર્ગને પકડી લેતો હોય છે; પરંતુ જે પરિણત આત્મા હોય છે તે જ ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગને અને અપવાદના સ્થાને અપવાદને સારી રીતે સમજીને આચરતો હોય છે. જેમ ઉત્સર્ગનું આચરણ એ માર્ગ છે તેમ યોગ્ય સ્થાને (પુષ્ટાલંબને) અપવાદનું આચરણ તે પણ માર્ગ જ છે. અપરિણત અને અતિપરિણત આત્મા-ઓ ઉત્સર્ગ અને અપવાદનું અયોગ્ય સ્થાને આચરણ કરીને

તે બન્ને માર્ગોને ઉન્માર્ગ બનાવી દેતા હોય છે. ઉત્સર્ગના સ્થાનમાં ઉત્સર્ગ જ જોરદાર ગણાય છે, અને અપવાદના સ્થાનમાં અપવાદ જ જોરદાર ગણાય છે. આમ બન્ને સ્વ-સ્થાનમાં જેટલા બળવાન છે એટલા જ પરસ્થાનમાં નિર્બળ છે.

હાથીનું બળ જમીન ઉપર જ હોય છે અને મગરનું બળ પાણીમાં જ હોય છે; હવે જો પોતાના સ્થાનમાં મહાબળવાન એવા તે બન્નેને જો પરસ્થાનમાં મૂકી દેવામાં આવે તો બન્ને દુર્બળ થઈ જાય છે.

મહોપાધ્યાયજીએ 'અધ્યાત્મસાર'માં કહ્યું છે કે, "જ્ઞાન-ગર્ભ વૈરાગ્ય તેનો જ કહેવાય જેની પાસે [જ્ઞાનાવરણીય કર્મનો વિશિષ્ટ પ્રકારનો ક્ષયોપશમ હોય તો] ઉત્સર્ગ અને અપવાદનાં જ્ઞાનમય અને ક્રિયાનયનાં નિશ્ચય અને વ્યવહારના ભેદોનું અને સ્થાનોનું સૂક્ષ્મ જ્ઞાન હોય.

જે આત્મા ઉપર જણાવ્યા મુજબ પરિણત હોય છે તે આત્મા ઉત્સર્ગ અપવાદમાર્ગનો સારો જાણકાર અને સાચો વિનિયોગ કરનાર બને છે. તેવા આત્માને છેદ-ગ્રંથોના અપવાદમાર્ગો જાણીને નિષ્કારણ તેનું સેવન કરવા કરાવવાનું દિલ કદાપિ થતું નથી. અતિપરિણત આત્માઓને જો આ અપવાદમાર્ગો જાણવા મળી જાય તો તેમનું પતન પ્રાયઃ થયા વિના રહેતું નથી માટે જ છેદગ્રંથોના અધ્યયનની યોગ્યતા ઉપર ગુરુને સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ કરવી પડે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે, કાચા ઘડામાં નાખેલું પાણી કાચા ઘડાનો અને પાણીનો બન્નેનો નાશ કરે છે. આ જ રીતે અયોગ્ય વ્યક્તિને સૂત્રાર્થનું દાન કરવાથી સૂત્રાર્થનો નાશ

થાય છે અને તે અયોગ્ય વ્યક્તિની દુર્ગતિ થવા દ્વારા તેનો પણ નાશ થાય છે. છેદસૂત્રો તો કાચા પારા જેવાં છે. તે ફૂટી નીકળવાની ઘણી મોટી શકયતાઓ છે. આથી તેનું અધ્યયન કરાવવામાં પાત્રતાની પરીક્ષા ખૂબ સૂક્ષ્મતાથી કરવી જોઈએ. અન્યથા જીવનને નિર્વિકાર બનાવતા આ ગ્રંથો અપાત્રોના ચિત્તને વિકારમય બનાવી દે તો પણ નવાઈ નહિ. નિસીથ નામનું એક છેદસૂત્ર છે. નિસીથ એટલે ગુપ્ત. માત્ર નિસીથ જ નહિ, ઉપલક્ષણથી તો છયે છેદસૂત્રો નિસીથ (ગુપ્ત) જ છે.

જેમ આચાર્ય પોતાના શિષ્યોને પાત્રતા પ્રમાણે સૂત્રાર્થ આપે તેમ અન્યના શિષ્યોને પણ યોગ્યતા પ્રમાણે સૂત્રાર્થ આપે પરંતુ તે માટે તે આગંતુક શિષ્યે ઉપસંપદા ગ્રહણ કરવી પડે. તેનો નિયમ એ છે કે પોતાના ગુરુની પાસે જેટલું જ્ઞાન હોય તે બધું ગ્રહણ કર્યા બાદ હજી વધુ જ્ઞાન ગ્રહણ કરવાની જેની શક્તિ હોય તે શિષ્ય પોતાના ગુરુની આજ્ઞા પામીને અન્ય ગચ્છના ગુરુ પાસે જઈને ઉપસંપદા સ્વીકારે. અર્થાત્ જ્યાં સુધી પોતાનો ઉદ્દેશ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે ગુરુના શિષ્ય તુલ્ય બનીને રહે. જે ગુરુ એકલા થઈ જતા હોય અથવા જેમની પાસે નવદીક્ષિત સાધુઓનો પરિવાર હોય કે જેને તૈયાર કરવામાં તે સમર્થ શિષ્ય ખૂબ જ ઉપયોગી બનતો હોય તો તેવી સ્થિતિમાં તે સમર્થ શિષ્યે ઉપસંપદા કરવા અંગેનો વિચાર પણ ગુરુ પાસે રજૂ કરવો નહિ.

હવે જે અન્ય ગુરુ પાસે ઉપસંપદા માટે જાય તે આગંતુક સાધુ તથા નૂતન ગુરુ અને તેમના ગચ્છના સાધુઓની પરસ્પર પરીક્ષા થાય. જો તે ગચ્છના સાધુઓ આચારમાં શિથિલ હોય તો તે જોઈને આગંતુક સાધુ તેમના ગુરુને વાત કરે તે વખતે જો તે ગુરુ પોતાના શિષ્યોના દોષોની ઉપેક્ષા કરે તો આગંતુક સાધુ ઉપસંપદા સ્વીકાર્યા વિના પાછો જાય. આ જ રીતે તે ગચ્છના સાધુઓ આગંતુક સાધુઓની પણ પરીક્ષા કરે. જો તેમાં સંતોષ થાય તો જ તેનો સ્વીકાર કરાય.

## યુક્તિગમ્ય અને આગમગમ્ય સૂત્રો

વાચનાદાતા ગુરુએ સૂત્રાર્થનું વ્યાખ્યાન કરતી વખતે જે પદાર્થો તર્ક વગેરેથી સિદ્ધ કરી શકાય એવા હોય તે –વનસ્પતિમાં જીવ વગેરે–પદાર્થોને સચોટ યુક્તિઓ અને દૃષ્ટાંતોથી સમજાવવા માટે મુખ્યત્વે કોશિશ કરવી અને જે પદાર્થો આગમ વચનથી જ માન્ય રાખવા પડે તેવા હોય —નિગોદમાં જીવતત્ત્વ વગેરે—તેને મુખ્યત્વે આગમવચનની શ્રદ્ધાથી જ સમજાવવા. જો આમાં ઊલટું કરવામાં આવે તો તે દોષપાત્ર સમજવો.

## બે નિષદ્યા વગેરે

વાચનાદાતા ગુરુ માટે એક નિષદ્યા (આસન) હોય અને તેથી થોડી ઊંચી એવી બીજી નિષદ્યા સ્થાપનાચાર્યજી માટે હોય. આ બીજી નિષદ્યા સમવસરણ સ્વરૂપ સમજવી. વસ્તુતઃ જેટલા શિષ્યો વાચના લેતા હોય તે બધાએ પોતાનું

આસન ગુરુને બેસવા માટે એકબીજાની ઉપર પાથરવું જોઈએ. (હાલ તેવી આચરણા નથી જણાતી.) જો વાચના-દાતા ગુરુ વ્યાધિગ્રસ્ત હોય તો પણ તેમણે પોતાની શક્તિ ફોરવીને શિષ્યોને વાચના આપવી જ જોઈએ. તેમના માટે નજીકમાં જ યોગ્ય સ્થળે માત્રાનો પ્યાલો અને થૂંકવાનો પ્યાલો મૂકી રાખવો જોઈએ.

**વાચના લેતા શિષ્યોની ફરજો**

(૧) ઇરિયાવહી પડિક્કમીને મુહપત્તિનું પ્રતિલેખન કરીને એકસાથે બધા શિષ્યોએ ગુરુવંદન કરવું.

(૨) ત્યાર બાદ અનુયોગનો કાયોત્સર્ગ કરવો અને ફરી ગુરુવંદન કરવું.

(૩) યોગ્ય સ્થળે યોગ્ય મુદ્રામાં બેસીને અપ્રમત્ત ભાવે વાચના સાંભળવી. તે વખતે હાથ જોડેલા રાખવા.

(૪) જે વખતે જે પ્રકારનું વિવેચન ગુરુમુખથી નીકળે તે વખતે તેવા પ્રકારના મુખના પ્રસન્નતા વગેરે ભાવો એવી રીતે કરવા કે જેને જોઈને વાચના દેવાનો ગુરુનો ઉલ્લાસ વધી જાય. જો આમ થાય તો ઉલ્લસિત મનવાળા થયેલા એવા તે ગુરુના મુખથી ન કલ્પ્યા હોય તેવા અપૂર્વ પદાર્થો નીકળતા હોય છે; આવા વખતે જો શિષ્ય ઝોકાં વગેરે ખાય તો તેને જોઈને ગુરુનો ઉલ્લાસ તૂટી જાય.

(૫) યોગ્ય સમયે વિનીત ભાવે શિષ્યોએ યોગ્ય સવાલો પણ રજૂ કરવા જોઈએ કે જેથી પણ ગુરુનો ઉલ્લાસ વધી જાય.

(૬) શિષ્યોમાં જે શિષ્યો પાસે ગુરુએ આપેલી વાચનાની ધારણા કરી લેવાની અપૂર્વ શક્તિ છે. અને તેથી જ જે શિષ્ય અન્ય સર્વને તે વાચના તૈયાર કરાવી શકે છે તેવા દીક્ષાપર્યાયમાં નાના હોય તો પણ અનુભાષક તરીકેની શક્તિમાં સૌથી મોટા (જ્યેષ્ઠ) એવા તે મહાત્માને પણ ગુરુને વંદન કર્યા બાદ તમામ સાધુ-ઓએ વંદન કરવું. આમાં દીક્ષાપર્યાયે મોટાઓ પણ તેને વંદન કરે તેમાં આશાતનાનો કોઈ દોષ નથી. કેમ કે અનુભાષક શક્તિમાં તો તે જ સૌથી મોટો છે.

## અનુયોગાચાર્ય સ્તવ પરિજ્ઞા વગેરે ઉત્તમશ્રુતની વાચના આપવી

જેમાં—(૧) ઉત્તમશ્રુત કોને કહેવાય ? (૨) તેની વાચનાથી સમ્યક્ત્વની શું અવશ્ય પ્રાપ્તિ થાય ? (૩) સ્તવ-પરિજ્ઞા એટલે શું ? વગેરે બાબતોનો સમાવેશ કરે.

### (૧) ઉત્તમશ્રુત કોને કહેવાય ?

જે શ્રુત (શાસ્ત્ર) કષ, છેદ અને તાપની ત્રણ પરીક્ષા-માંથી પાર ઉતરી જાય તે શ્રુત કહેવાય. જેવી રીતે કહેવાતું સોનું સાચું છે કે નહિ તે જાણવા માટે તેને કસોટીના પથ્થર ઉપર કસવામાં આવે છે; આ કષ પરીક્ષામાં તે પાર ઊતરતી જાય તો પણ જો શંકા પડે તો તેનો છેદ કરીને તોડવામાં આવે છે; એ પછી પણ જો શંકા પડે તો તેને અગ્નિમાં તપાવવા રૂપ તાપ પરીક્ષા કરવામાં આવે છે; તેવી જ રીતે આ ત્રણે પરીક્ષામાંથી જે શ્રૂત થાય તે ઉત્તમ

શ્રુત કહેવાય.

**શ્રુતની કષ પરીક્ષા**

જે શાસ્ત્રમાં રાગાદિનો નાશ કરે તેવા ધ્યાન વગેરેનો વિધિ બતાડવામાં આવ્યો હોય, વળી જેમાં સાવદ્ય બાબતોનો જોરદાર નિષેધ જણાવાયો હોય તે શાસ્ત્ર કહેવાય.

દા. ત. એક શાસ્ત્રમાં કહ્યું છે કે, "મન-વચન અને કાયાથી કોઈ પણ જીવને કદી પણ પીડા કરવી નહિ." વળી તે જ શાસ્ત્રમાં કહ્યું છે કે, "રોજ એવું ધ્યાન ધરવું જોઈએ જેથી રાગાદિ મળોનો નાશ થઈ જાય." આવાં શાસ્ત્રોને કષશુદ્ધ શાસ્ત્ર કહેવાય. પરંતુ જો કોઈ શાસ્ત્રમાં માત્ર સ્થૂલ હિંસાના નિષેધરૂપ પ્રતિપાદન હોય અને રાગાદિનો નાશ કરવા માટે પૃથ્વી વગેરેનું ધ્યાન ધરવાની વાતો કરી હોય તો તે શાસ્ત્ર કષ પરીક્ષામાં નાપાસ થયું કહેવાય. દા. ત. (૧) એમ કહેવામાં આવ્યું હોય કે, "જીવને મારવાની ઇચ્છા સાથે તેને મારવાની ક્રિયા કરવા છતાં જો તે મરી જાય નહિ તો પેલો હિંસક કહેવાય નહિ. (૨) હાડકાં વગરના જે જીવો હોય તેવા લાખો જીવોની હિંસા કરવામાં આવે પણ જો તેનું એક ગાડું ભરાય તો એક જ જીવની હિંસાનો દોષ લાગે. (૩) ગુરુની પાસે પાપશુદ્ધિ વખતે જો તે માણસે બ્રહ્મહત્યા વગેરે ન કરેલ હોય તો પણ જો તે ગુરુને એમ કહે કે, "હું બ્રહ્મહત્યારો છું." તો તેને મૃષાવાદ સમજવો નહિ. (૪) "અ" વગેરે અક્ષરોનું જ ધ્યાન કરવું (શ્વાસોચ્છ્વાસ ઉપર જ નજર રાખવી.) ઉપરોક્ત દૃષ્ટાંતો કષ પરીક્ષામાં નાપાસ થયેલાં વિધાનોવાળા શાસ્ત્રના છે.

**શ્રુતની છેદ પરીક્ષા**

મોક્ષને પ્રાપ્ત કરી આપનારાં અપ્રમત્ત ભાવસહિત જે બાહ્ય ક્રિયાકાંડો તે બાહ્ય અનુષ્ઠાનો કહેવાય છે. જે શાસ્ત્રમાં અનુષ્ઠાનોનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય તે પ્રતિપાદન તે જ શાસ્ત્રમાં કહેલા વિધિ અને નિષેધનાં વિધાનોથી જો વિરુદ્ધ ન જાય તો તે શાસ્ત્રછેદ શુદ્ધ શાસ્ત્ર કહેવાય.

દા. ત. (૧) મુનિએ માત્રું પરઠવું વગેરે તમામ કાર્યો કરતી વખતે અષ્ટપ્રવચન માતાનું પાલન કરવું જ જોઈએ. (૨) નિર્દોષ ગોચરી વાપરવી જોઈએ. ટૂંકમાં કોઈ પણ અનુષ્ઠાન અપ્રમત્ત ભાવે કરવું જોઈએ. આવાં પ્રતિપાદન કરતું જિનશાસ્ત્ર એ છેદ શુદ્ધ કહેવાય કેમકે તેણે કહેલા આ બધાં અનુષ્ઠાનો તેના વિધિનિષેધથી વિરુદ્ધ જતાં નથી.

જો પ્રતિપાદિત વિધિ અને નિષેધથી અનુષ્ઠાનો વિરુદ્ધમાં જતાં હોય તો તે શાસ્ત્ર છેદ-અશુદ્ધ યાને છેદ પરીક્ષામાં નાપાસ થયું કહેવાય. દા. ત. (૧) દેવતાની આગળ ગીત-ગાન ચાલતાં હોય ત્યારે સાધુએ ત્યાં ઊભા રહેવું જોઈએ. (૨) સાધુથી હાસ્યાદિક કરી શકાય. (૩) અસભ્ય વચન બોલી શકાય. (૪) એક જ ઘેરથી બધું લઈને ભોજન કરી શકાય. (૫) તરવારની ધારથી શરીર પર ઘા મારી શકાય. આ બધાં અનુષ્ઠાનો વિધિનિષેધથી વિરુદ્ધ જનારા હોવાથી આને કહેનારું શાસ્ત્ર તે છેદ-અશુદ્ધ શાસ્ત્ર કહેવાય.

**શ્રુતની તાપ પરીક્ષા**

જે શાસ્ત્રમાં જીવાદિ પદાર્થોનું સ્વરૂપ એવું જણાવવામાં

આવ્યું હોય કે જેથી વિધિનિષેધ અને અનુષ્ઠાનોના પ્રતિપાદન સાથે વિસંવાદ પેદા થતો ન હોય તે શાસ્ત્ર તાપ-શુદ્ધ શાસ્ત્ર કહેવાય. આવું એકમાત્ર શાસ્ત્ર તે જ જિન-શાસ્ત્ર. કેમ કે તેમાં જીવનું સ્વરૂપ કથંચિત્ નિત્યાનિત્ય અને દેહથી કથંચિત્ ભિન્નાભિન્ન કહ્યું છે. એટલે કે જીવ એકાંતે નિત્ય પણ નથી અને એકાંતે અનિત્ય પણ નથી. પરંતુ જીવ તેના મૂળભૂત દ્રવ્યસ્વરૂપથી નિત્ય છે અને તેના પર્યાયસ્વરૂપથી અનિત્ય પણ છે. તેવી જ રીતે જીવ દેહથી એકાંતે ભિન્ન પણ નથી અને એકાંતે અભિન્ન પણ નથી પરંતુ નિશ્ચયથી જીવ ભિન્ન છે અને વ્યવહારથી અભિન્ન પણ છે.

જે શાસ્ત્રોમાં જીવનું નિત્ય, અનિત્ય, ભિન્ન, અભિન્ન તરીકેનું પ્રતિપાદન એકાંતે હોય તે શાસ્ત્રોમાં જે વિધિ-નિષેધ કે અનુષ્ઠાનો બતાડેલાં હોય તે બધાં પ્રતિપાદન નકામાં થઈ જશે. કેમ કે એક બાજુ આત્માને એકાંતે [સર્વથા અને સર્વદા] નિત્ય કે અનિત્ય કે દેહથી ભિન્ન અથવા અભિન્ન કહ્યો હોય અને બીજી બાજુ સત્ય બોલવું, અસત્ય નહિ બોલવું, સ્વર્ગે જવા માટે અગ્નિહોત્રયજ્ઞનું અનુષ્ઠાન કરવું એવી બધી વિધિનિષેધ અને અનુષ્ઠાનની વાતો એકાન્તવાદ સાથે વિસંવાદી બની જશે. આવું શાસ્ત્ર તાપની પરીક્ષામાં નાપાસ થયું કહેવાય.

જે શાસ્ત્ર કષશુદ્ધ હોય પણ છેદ-અશુદ્ધ હોય અથવા કષ અને છેદ બન્નેથી શુદ્ધ હોય પણ તાપથી અશુદ્ધ હોય તો તે શાસ્ત્રને ઉત્તમશ્રુત કહી શકાય નહિ.

આ ચર્ચાનો ઉપસંહાર કરતાં સંક્ષેપમાં એટલું જ કહેવું છે કે માત્ર જિન શાસ્ત્ર ઉત્તમશ્રુત કહેવાને લાયક છે.

**શું ઉત્તમ શ્રુતની પ્રાપ્તિથી સમ્યકત્વ મળે જ ?**

ઉત્તમ શ્રુતની જેને દ્રવ્યથી પ્રાપ્તિ થાય તેને પ્રાયઃ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. અહીં પ્રાયઃ એટલા માટે કહ્યું કે અભવ્યો અને દુર્ભવ્યોને ઉત્તમશ્રુત્તની દ્રવ્યથી અનંતીવાર પ્રાપ્તિ થવા છતાં સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી.

**સવાલ :-** જો ઉત્તમશ્રુતની પ્રાપ્તિ થયા છતાં પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નથી તો ભવિષ્યમાં પણ ઉત્તમશ્રુતની પ્રાપ્તિથી સમ્યક્ત્વ પ્રાપ્ત થશે ખરું ?

**જવાબ :-** હા, ઠંડી પડી ગયેલી ગાડી જેમ આઠ દશ વખત હેન્ડલ ફેરવવા છતાં ગરમ ન થઈ તોપણ તે જ્યારે ગરમ થવાની જ હશે ત્યારે હેન્ડલ ફેરવવાથી જ ગરમ થશે, તેમ જ્યારે પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ ભવિષ્યમાં થશે ત્યારે ઉત્તમશ્રુતથી જ થશે. અહીં એટલો ખ્યાલ રાખવો કે દંડથી ઘડો થાય છે તેવી જ રીતે રોટલીથી લોહી બને છે વગેરે.... (એવું કહેવામાં દંડથી ઉત્પન્ન થયેલી ચક્રની ભ્રમી દ્વારા ઘડો પેદા થાય છે એવું ગર્ભિત પડેલું છે તેમ અહીં પણ ઉત્તમશ્રુતથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તેવું કહેવામાં પણ ઉત્તમશ્રુતથી ઉત્પન્ન થયેલા વીર્યોલ્લાસ દ્વારા સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે એવું ગર્ભિત સમજવું. આવો વીર્યોલ્લાસ અભવ્ય વગેરેને નહિ પેદા થતો હોવાથી તેને ઉત્તમશ્રુત મળવા છતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. એટલે

જે આત્મામાં સમ્યક્ત્વ પામવા માટેનો તથાભવ્યત્વ નામનો **સ્વભાવ** તૈયાર થયો હોય, **કાળ** પાક્યો હોય, **નિયતિ** અનુકૂળ થઈ હોય. એક કોડાકોડી સાગરોપમની **કર્મસ્થિતિ** બની હોય અને અંતઃકોડાકોડી સાગરોપમની કર્મસ્થિતિ કરવા માટેનો **પુરુષાર્થ** જીવંત બની ગયો હોય તે જ આત્માઓ આ પાંચ કારણો ભેગાં થતાં સમ્યક્ત્વ પામી શકે છે.

કોઈ પણ કાર્ય પ્રત્યે ઉપર્યુક્ત પાંચ કારણોની હાજરી આવશ્યક છે. તેમાના એકાદનો પણ અભાવ કાર્યને પેદા થવા દેતો નથી. બેશક તે પાંચમાં કોઈની ગૌણતા અને કોઈની પ્રધાનતા જરૂર હોઈ શકે.

આ સમ્યક્ત્વના બે પ્રકાર છે. જિનવચન જ તત્ત્વ એવી જે તત્ત્વરુચિ તે **દ્રવ્ય-સમ્યક્ત્વ** છે; અને નવ તત્ત્વનું હોય વગેરે વિભાગપૂર્વકના જ્ઞાનમાંથી પેદા થતી શ્રદ્ધા તે **ભાવસમ્યક્ત્વ** છે. દ્રવ્ય-સમ્યક્ત્વ કરતાં ભાવ-સમ્યક્ત્વ અનંતગુણ શુદ્ધ છે. આવું ભાવ-સમ્યક્ત્વ જેને પ્રાપ્ત થાય છે તે આત્મામાં સમ-સંવેગ-નિર્વેગ, અનુકંપા અને આસ્તિકય નામના પાંચ લિંગો [કાર્યો] ઉત્પન્ન થતા રહે છે કે એનાથી ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થતાં નિર્મળ ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને અંતે મુક્તિ પણ મળે છે.

આ ઉપરથી સમજી શકાશે કે મુક્તિ સુધીના તમામ ભાવોની પ્રાપ્તિના મૂળમાં ઉત્તમશ્રુત પડેલું છે. માટે અનુયોગાચાર્યે શિષ્યોને સ્તવ-પરિજ્ઞા વગેરે ઉત્તમશ્રુતની વાચના આપવી જોઈએ.

**(૩) સ્તવ પરિજ્ઞા એ શું છે?**

અનુયોગાચાર્ય જે જે કાળે જે જે નંદીસૂત્ર વગેરે શાસ્ત્રો વિદ્યમાન હોય તેની વાચના તેના યોગ્ય શિષ્યોને આપે અથવા જો વધુ યોગ્ય હોય તો તેને દૃષ્ટિવાદ આદિ અંગેની અથવા તો તેમાંથી ઉદ્ધરેલાં સ્તવપરિજ્ઞા વગેરે શાસ્ત્રોની પણ વાચના આપે. આ સ્તવપરિજ્ઞા વગેરે શાસ્રોને અંગો-માંથી ઉદ્ધર્યાં હોવાથી તેને ઉદ્ધૃત શાસ્ત્રો કહેવાય છે.

સ્તવપરિજ્ઞા દોઢસોથી કાંઈક અધિક શ્લોકોનો ગ્રંથ છે. તેમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું વર્ણન કરવામાં આવ્યું છે. નિરતિચારપણે સંયમધર્મનું પાલન કરવું તે **ભાવસ્તવ** કહેવાય છે અને તેવા **ભાવસ્તવ**ના રાગથી વિધિ-પૂર્વક જિનભવન બનાવવું, જિનબિંબ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવવી, તે જિનબિંબોની વિધિપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરવી એ બધું શ્રાવકનું **દ્રવ્યસ્તવ** કહેવાય છે.

હવે જિનભવન-નિર્માણ, જિનબિંબ-પ્રતિષ્ઠા અને જિનપૂજા આ ત્રણ પ્રકારના દ્રવ્યસ્તવના વિષયમાં જે મહત્ત્વની વાતો છે તે આપણે જોઈએ.

**જિનભવન-નિર્માણ સંબંધમાં મહત્ત્વની વાતો**

જિનભવન માટે પથ્થર વગેરે જે કાંઈ લાવવું પડે અથવા જે જગ્યા વગેરે ખરીદવી પડે તેમાં એવી ઉદારતા, સજ્જનતા રાખવી કે જેથી બીજાઓને તે ધર્મીજનો પ્રત્યે અપ્રીતિ ન થાય. આ વાત સાધક અવસ્થામાં પ્રથમ ચોમાસાના પંદર જ દિવસમાં કુલપતિને ત્યાંથી વિહાર કરી

જવાના પ્રસંગથી પ્રભુ મહાવીરે આપણને સૂચિત કરી છે. જો કોઈ પણ કારણસર બીજાઓને અપ્રીતિ થાય તો કદાચ તેઓ મિથ્યાત્વ પણ પામી જાય. છતાં જો બીજાની અપ્રીતિનું નિવારણ શકય જ ન હોય [હાલીક ખેડૂતની જેમ] તો તે વખતે પોતાના કર્મનો દોષ વિચારવો પરંતુ તે વ્યક્તિનો દોષ જોવો નહિ. કેટલીક વાર તો એવું બને છે કે ધર્મી-જનોની ઉદારતાને કારણે નોકર-ચાકરો, કર્મચારીઓ વગેરે જિનધર્મની પ્રશંસા કરવા દ્વારા પોતાના આત્મામાં બોધી-બીજ વાવી દે છે. આજે કેટલાક લોકો જિનમંદિરોમાં ધન ખર્ચવાને બદલે ગરીબોની માનવતામાં જ ધન ખર્ચવાની જે વાતો કરે છે તે બરાબર નથી. જેની પાસે પુણ્ય નથી તે જ ગરીબ છે. આવા ગરીબની પાસે પુણ્યબળ પેદા કરાવ્યા વિના જો ધન આપવામાં આવે તો પણ તે ધન ચાલી ગયા વિના રહેવાનું નથી. એટલે અનુકંપાની દષ્ટિથી ધનાદિની મદદ કરવાની સાથોસાથ તેનું પુણ્યબળ વધારવાનું કાર્ય પણ કરવું જોઈએ. શાસ્ત્રકારો કહે છે કે સર્વોત્તમ કોટીનું પુણ્ય તો સર્વોત્તમ પુણ્યના સ્વામી એવા જિનેશ્વર-દેવોની હાર્દિક ભક્તિથી જ પેદા થાય છે. આવી ભક્તિ પેદા કરવા માટે જિનમંદિરો અત્યંત આવશ્યક છે. જેમાં જઈને ગરીબો પણ પરમાત્માની સુંદર ભક્તિ કરીને વિપુલ પુણ્યના સ્વામી બની શકે. જેથી તેમની દરિદ્રતા દૂર થઈ જાય.

**જિનબિંબ પ્રતિષ્ઠા અંગે મહત્ત્વની વાત**

પ્રતિષ્ઠાવિધિમાં શક્તિ મુજબ સંઘપૂજા કરવાની પણ વિધિ છે. જે આત્મામાં સમ્યગ્દર્શનાદિ ગુણ પ્રગટ થયા છે તે

આત્માઓને જ સંઘ કહેવાય છે. સંઘ એટલે પ્રવચન અથવા તીર્થ. તીર્થંકરદેવની ગેરહાજરીમાં ચતુર્વિધ સંઘ તે તીર્થંકરતુલ્ય છે. દરેક તીર્થંકરને તીર્થંકરપણાની પ્રાપ્તિ થવાના મૂળમાં શ્રીસંઘ જ કારણભૂત બન્યો હોવાથી તે સંઘરૂપી તીર્થને દેશનાની શરૂઆત કરતા પહેલાં "નમો તિત્થસ" કહીને સર્વ તીર્થંકરો નમસ્કાર કરે છે. જેને નમસ્કાર કરવારૂપે તીર્થંકારોએ પૂજનીય ગણ્યો તે શ્રીસંઘ આપણા સૌ માટે તો કેટલો પૂજનીય ગણાય! જેનાથી સમસ્ત શ્રીસંઘની પૂજા ન થઈ શકે તે સંઘના એકાદ અંગની કે એ અંગના પણ એક અંશની પૂજા કરીને સકળ શ્રીસંઘની પૂજાનો લાભ પામી શકે છે.

## જિનપૂજા અંગે મહત્ત્વની વાત

શાસ્ત્રોક્ત વિધિથી જિનપૂજા કરનાર શ્રાવક-શ્રાવિકા બહુ જલદીથી ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ કરી શકે છે; આથી તેને સર્વવિરતિ જલદીથી ઉદયમાં આવે છે. પરંતુ આ ત્યારે જ બની શકે જ્યારે તેની જિનપૂજાની પાછળ એક માત્ર મોક્ષનું લક્ષ હોય. પૂજાની અંદર વિધિનો આદર હોય છે તે જિનાજ્ઞા પ્રત્યેના બહુમાન ભાવને સૂચવતો હોય છે. આથી તે દ્રવ્યસ્તવ ભાવસ્તવનું [મુનિજીવનનું] કારણ બની જાય છે. જો જિનપૂજા કરનારમાં મોક્ષનું લક્ષ કે જિનાજ્ઞા પ્રત્યેનું બહુમાન ન હોય તો જિનપૂજા. દ્રવ્યસ્તવ પણ કહી શકાય નહિ. જો આજ્ઞા વિરુદ્ધ એવી પણ ક્રિયાઓને દ્રવ્યસ્તવ કહીશું તો ઘર બાંધવું, રસોઈ કરવી વગેરે ક્રિયાઓને પણ દ્રવ્યસ્તવ કહેવું પડશે. વીતરાગપ્રભુને ગાળો

દેવાની ક્રિયાને પણ દ્રવ્યસ્તવ કહેવું પડશે, જે બિલકુલ યોગ્ય નથી.

મોક્ષના લક્ષવાળી અને જિનાજ્ઞાના બહુમાનવાળી જિનપૂજા વગેરે શ્રાવકની ધર્મક્રિયાઓથી સર્વવિરતિરૂપી ભાવવસ્તવની જે પ્રાપ્તિ થાય છે તે ભાવસ્તવની પાસે તો શ્રાવકનું દ્રવ્યસ્તવ અત્યંત નાનું છે, ક્યાં મમતારહિત સાધુનું ભાવસ્તવ અને ક્યાં અનેક પ્રકારની મમત્વસહિત શ્રાવકનું દ્રવ્યસ્તવ. ક્યાં સૂર્ય અને ક્યાં આગિયો. કાંટાળા ઝાડ ઉપર બેસીને કાંઈ નદી થોડી પાર કરી શકાય ? હા, એટલું ચોક્કસ કે તેવા ઝાડ ઉપર બેઠેલો નદીમાં ડૂબી ન જાય. તેમ દ્રવ્યસ્તવ આવા કાંટાળા ઝાડ જેવું છે, જ્યારે ભાવસ્તવ તો આખી નદીને પાર ઉતારી દેતા બાહુના બળ જેવું છે.

અતિ કટુ ઔષધ લઈને પણ સામાન્ય રોગોનો નાશ કરી શકાય ખરો. પરંતુ કોઈ પણ ઔષધ લીધા વિના રોગ નાશ કરી શકાતો હોય તો કેટલું સુંદર ! દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં આટલો તફાવત છે.

દ્રવ્યસ્તવથી પુણ્યબંધ થાય તો તેનાથી સદ્‌ગતિ મળે તેમાં મુનિઓનો સત્સંગ મળે, જિનવાણીનું શ્રવણ મળે અને તેથી સર્વવિરતિ ધર્મરૂપી ભાવસ્તવની પ્રાપ્તિ થાય. આમ તે જ ભવમાં કે ભવાંતરમાં મુનિપણાના ભાવસ્તવની પ્રાપ્તિ દ્રવ્યસ્તવથી થાય છે. માટે દ્રવ્યસ્તવ પણ અત્યંત ઉપાદેય છે.

જો હાથીની ઉપમા આપીને કહીએ તો એમ કહી શકાય કે દ્રવ્યસ્તવ તે ચાંદી છે, અને ભાવસ્તવ તે સોનું છે. આથી ગૃહસ્થજીવનનો ધર્મ તે સોનાની આંખવાળા ચાંદીના હાથી જેવો છે, જ્યારે મુનિજીવનનો ધર્મ તે ચાંદીની આંખવાળા ['અરિહંત ચેઇયાણં''ના કાયોત્સર્ગ દ્વારા કરાતા દ્રવ્યસ્તવના અનુમોદન રૂપ] સોનાના હાથી જેવો છે.

**ભાવસ્તવની દુષ્કરતા**

મુનિજીવનરૂપ ભાવસ્તવની આરાધના દ્વારા જ મોક્ષ પ્રાપ્તિ થાય છે. પરંતુ તે મોક્ષ જીવને જલદી પ્રાપ્ત થતો નથી તેનું કારણ એ છે કે ભાવસ્તવનું આરાધન નિરતિચારપણે કરવું તે અતિ દુષ્કર છે. એક જગ્યાએ કહ્યું છે કે;

'સાધુ જીવન કઠિન હૈ, ચઢના પેડખજૂર
ચઢે તો ચાખે પ્રેમરસ પડે તો ચકનાચૂર.'

મુનિજીવનના પાલનની અતિ દુષ્કરતાનું કારણ એ છે કે તે અઢાર હજાર શીલાંગોની આરાધનારૂપ છે.

**અઢાર હજાર શીલાંગો**

| યોગ, | કરણ, | સંજ્ઞા, | ઇન્દ્રિયો, | પૃથ્વીકાય વગેરે | ક્ષમાદિધર્મો | |
|---|---|---|---|---|---|---|
| ૩ × | ૩ × | ૪ × | ૫ × | ૧૦ × | ૧૦ | =૧૮૦૦૦ |

શીલાંગરથના ધારક [પૃથ્વીકાય વગેરે દશામાં—પૃથ્વીકાયાદિ **પાંચ** + બેઇન્દ્રિ આદિ **ચાર** + **અજીવ** = દશ એ પ્રમાણે જાણવા.]

ઉપર્યુક્ત પૂરેપૂરા શીલાંગરથનું જે પાલન કરે તે જ

ભાવસ્તવરૂપ સંયમનો આરાધક મુનિ કહેવાય. જેમ આત્માના અસંખ્ય પ્રદેશમાંથી એક પણ પ્રદેશની બાદબાકી કરાય તો બાકીના સર્વ પ્રદેશોવાળો પદાર્થ તે આત્મા ન કહેવાય તેમ એકાદ પણ શીલાંગના અભાવમાં બાકીના સર્વ પ્રદેશવાળો સાધુ તે સાચો સાધુ કહેવાય નહિ.

આ હકીકત આંતર જીવનને આશ્રયીને સમજવી. બાહ્ય પ્રવૃત્તિમાં તો ગીતાર્થ કે ગીતાર્થ નિશ્રિતના જીવનમાં કોઈ શીલાંગની ઊણપ દેખાય તો પણ તે શાસ્ત્રનીતિના અપવાદ સેવન રૂપે જ હોવાથી મુનિપણાને બાધિત કરતી નથી. જે ગીતાર્થ હોય છે તે ઉન્માર્ગનું સેવન કદી કરતો નથી. અર્થાત્ નિષ્કારણ અપવાદને તે કદી સેવતો નથી. વળી તેને આશ્રિત એવા અગીતાર્થોને માર્ગ ઉપર જ રાખે છે અને ઉન્માર્ગથી સતત અટકાવતો રહે છે માટે તેઓની બાહ્ય જીવન પ્રવૃત્તિમાં કોઈ શીલાંગની ઊણપ દેખાય તો પણ તેઓ સર્વ શીલાંગોના પાલક ગણાય છે.

અડ્ઢાઈજ્જેસુ સૂત્રમાં અઢાર હજાર શીલાંગવાળા મુનિઓને જ વંદન કરવામાં આવ્યું છે. કહ્યું છે કે, 'હે સાધુ, તું પણ તૈલપાત્ર ધારણ કરનારા જેવો કે રાધાવેધને સાધનારા જેવો અપ્રમત્ત બનીને તમામ શીલાંગોનું પાલન કરનારો બનજે.

**સાચો સાધુ સુવર્ણતુલ્ય**

સુવર્ણના જે આઠ ગુણો છે તે આઠે ગુણો સાચા સાધુમાં હોય. એકાદ ગુણના પણ અભાવમાં સાચું સાધુપણું રહી શકે નહિ.

| સુવર્ણ | સાચો સાધુ |
| --- | --- |
| (૧) વિષનો નાશ કરે. | (૧) મોહરૂપી વિષનો નાશ કરે. |
| (૨) રસાયણ સ્વરૂપ બને. | (૨) બીજાઓને જિનવાણી સંભળાવીને તેમના માટે રસાયણ બને. |
| (૩) મંગલ કરવા માટે કામ આવે. | (૩) સાધુ ગુણયુક્ત હોવાથી તેનું દર્શન વગેરે મંગલ બને. |
| (૪) નમી [ઓગળી] જવાના સ્વભાવવાળું હોય. | (૪) વિનયને કારણે સદા નમ્ર હોય. |
| (૫) તે દક્ષિણાવર્ત્ત હોય. | (૫) યોગમાર્ગને અનુસરતા હોવાથી તેમનો માર્ગ ન હોય કિંતુ દક્ષિણાવર્ત્ત હોય. |
| (૬) તેમાં ભારેપણું હોય. | (૬) ગંભીરતા હોવાથી ભારેપણું હોય. |
| (૭) તે અગ્નિથી ન બળે. | (૭) તે ક્રોધાગ્નિથી ન બળે. |
| (૮) તેના અંગે કોઈ દોષનું કહેવાપણું ન હોય. | (૮) (શીલવાન હોવાથી) તેના અંગે કોઈ દોષનું કહેવાપણું ન હોય. |

આ સિવાય પણ જેવી રીતે સોનું કષ, છેદ અને તાપ, તાડના પરીક્ષાથી શુદ્ધ હોય છે તેવી જ રીતે સાચો સાધુ વિશિષ્ટ લેશ્યા (કષ) એકાગ્રપણું (છેદ) અપકારી ઉપર પણ અનુકંપા (તપ) અને આપત્તિમાં પણ ચિત્તનું નિશ્ચલપણું (તાડના) પરીક્ષાથી શુદ્ધ હોય છે.

જોકે કેટલીક વાર સાચા સોના કરતાં પણ પિત્તળ (બનાવટી સાધુ) વધુ ચમકતું હોય છે તોપણ વિશિષ્ટ લેશ્યા વગેરે (કષા વગેરે) પરીક્ષાઓમાં નાપાસ થતાં તેનું પિત્તળપણું તરત ખુલ્લું પડી જાય છે.

ગોચરી વહોરીને લાવવા માત્રથી સાચા સાધુ બની શકાતું નથી. જે નિષ્કારણ આધાકર્મી વાપરે છે, પૃથ્વી-આદિ છ જીવોની પ્રમત્તભાવે હિંસા કરે છે, [મહાનિશીથ સૂત્રમાં તો અપકાયના વિરાધકને પહેલા નંબરનો ઘાતકી સાધુ કહ્યો છે. કેમ કે શરીરની કારમી મૂર્છા ખૂબ સંભવિત હોવાને કારણે તેને સ્નાન વગેરે કરાવવાની ઇચ્છા જલદી જલદી થવાની શકયતા વધુ છે.] તે સાચો સાધુ કેમ કહેવાય?

જે સાધુઓ સાચા સોના જેવા આઠ ગુણો વગેરે ધરાવે છે તેઓને અશુભ કર્મોનો બંધ થઈ જાય તોપણ તે નિરનુબંધ થઈ જાય છે. અને શુભ કર્મોનો તેમનો બંધ તો અત્યંત જોરદાર પુણ્યાનુબંધી હોય છે. આથી જ એક વાર પણ જઘન્ય કોટિનુંય સાચુ સાધુપણું જે આત્મા પાળે છે તે વધુમાં વધુ આઠ ભવમાં મુક્તિ પામે છે.

**દ્રવ્યસ્તવ અને ભાવસ્તવની પરસ્પર સંબદ્ધતા**

જેમ ગૃહસ્થના દ્રવ્યસ્તવમાં ચૈત્યવંદનાદિ ભાવસ્તવ સંબદ્ધ છે તેમ મુનિઓના ભાવસ્તવમાં — ગૃહસ્થો દ્વારા કરાતા ત્રિલોકનાથના વંદન, પૂજન, સત્કાર, સન્માન સ્વરૂપ અષ્ટપ્રકારી પૂજન વગેરે સ્વરૂપ દ્રવ્યસ્તવોની, અરિહંત

ચેઈઆણું'ના કાયોત્સર્ગ દ્વારા અનુમોદનાસ્વરૂપ – દ્રવ્યસ્તવ પણ સંબદ્ધ છે.

જ્યારે સમવસરણમાં ત્રિલોકગુરુની સમક્ષ રાજાઓ વગેરેએ બલિનું વિધાન કર્યું છે ત્યારે ત્યાં બિરાજમાન ત્રિલોકપતિએ તેઓના તે દ્રવ્યસ્તવનો નિષેધ કર્યો નથી. તેથી ઉચિત સ્થાનોમાં પ્રભુની પણ દ્રવ્યસ્તવની આજ્ઞા છે તેમ નક્કી થાય છે.

જે મોક્ષને પ્રતિકૂળ હોય તેની ભગવાન આજ્ઞા કરે જ નહિ અને જે મોક્ષને અનુકૂળ હોય તે બધું સાધુઓને બહુમાન્ય જ હોય.

કેટલાક કહે છે કે, "સાધુઓને દ્રવ્યસ્તવની જે અનુમોદના હોય છે તે અનુમોદના તે દ્રવ્યસ્તવમાં રહેલા ભાવરૂપ અંશ પૂરતી જ હોય છે."

આ વાત બરાબર નથી કેમ કે દ્રવ્ય વગર ભાવ ગૃહસ્થને હોઈ શકતો નથી કેમ કે દ્રવ્ય એ ભાવનું કારણ છે. જે ભૂખ્યા માણસને તૃપ્તિની ઇચ્છા છે તેને તેના કારણરૂપ ભોજનની ઇચ્છા નક્કી છે. આ જ કારણે આદિનાથ ભગવંતે જિનભવન વગેરેનું નિર્માણ કરતાં ભરતચક્રીને તેનો નિષેધ ક્યારેય કર્યો નથી. આ દ્રવ્યસ્તવમાં થતી પુષ્પપૂજા, દીપકપૂજા વગેરેમાં હિંસા થાય છે તથા જિનભવનનિર્માણમાં ખાણના પથ્થરો ખોદવા વગેરેમાં જે હિંસા થાય છે તે અનુબંધમાં અહિંસા હોવાના કારણે સ્વરૂપહિંસા કહેવાય છે તેથી બિલકુલ હેય નથી.

**સવાલ** : તો પછી સાધુને શા કારણે આ દ્રવ્યસ્તવ કરવાનો સાક્ષાત નિષેધ છે.

**જવાબ** : (૧) જે કાદવમાં ખરડાયો હોય તેણે સ્નાન કરવું પડે એ ન્યાયથી જેઓ આરંભ–સમારંભરૂપી સાવદ્ય કાર્યોથી ખરડાયા નથી તેઓને દ્રવ્યસ્તવરૂપી સ્નાન કરવાની જરૂર નથી.

(૨) જિનપૂજા વગેરે વિધિમાં બાહ્ય શુદ્ધિ માટે બાહ્ય સ્નાનની ખૂબ જરૂર છે. જો સાધુ તે બાહ્ય સ્નાન કરે તો જીવનનો બધો જ સમય પૂર્ણ અહિંસક ભાવમાં વીતતો હોવાને કારણે આ બાહ્ય સ્નાન આદિ વખતે થતી જીવહિંસા સાધુના ચિત્તને તે વખતે એટલું બધું કકળાવી મૂકે કે તે પછી જિનપૂજા ચિત્તની ભારે પ્રસન્નતા સાથે તે કરી શકે નહિ. આથી પૂજનફળ તેને મળે નહિ.

(૩) કદાચ મનના કકળાટ વિના કોઈ સાધુ બાહ્ય સ્નાન વગેરે કરી શકતો હોય તોપણ તે સ્નાન શરીરની વિભૂષારૂપ હોવાના કારણે બ્રહ્મચર્યના ઘાત તરફ ખેંચી જવાની શકયતાના કારણે સાધુથી થઈ શકે નહિ. ચાર આના ખોઈ ને જો રૂપિયો કમાઈ શકાતો હોય તો હજી એ ધંધો પરવડે, પરંતુ જ્યાં ચાર આના ખોયા પછી ચારસો રૂપિયા ગુમાવવાની જ શકયતા હોય તે ધંધો શી રીતે થઈ શકે ?

(૪) ગૃહસ્થોને દ્રવ્યસ્તવની આદેયતા બતાવવા માટે શાસ્ત્રમાં કૂપનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. ખોદાતા કૂવામાં પ્રથમ તો કાદવ સાથેનું પાણી નીકળે જેનાથી ખોદનારા મજૂરનું શરીર ખરડાઈ જાય. પરંતુ તેથી કાંઈ શરીરશુદ્ધિ કરવા માટે મજૂરને કોઈ નળ નીચે ન્હાવા જવું ન પડે. ખરડાયેલા

મજૂરે કૂવો ખોદવાનું કામ ચાલુ જ રાખવું જોઈએ જેથી છેવટે તે જ કૂવામાંથી પાણીની એવી જોરદાર શેર છૂટે કે તેનાથી ત્યાં જ તેનું શરીર શુદ્ધ થઈ જાય. આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું છે કે જિનપૂજાની સાવદ્યક્રિયાથી ખરડાતો ગૃહસ્થ તે જ જિનપૂજાની ચૈત્યવંદનાદિ ભાવક્રિયાની પાણીની શેડથી ત્યાં ને ત્યાં જ એવો શુદ્ધ થઈ જાય છે કે અન્ય પણ અનંતા કર્મોના મળ ત્યાં ધોવાઈ જાય છે.

(૫) વળી ગૃહસ્થની જિનપૂજામાં પણ જે અંશમાં હિંસા છે તે પણ અત્યંત સુંદર જયણાના પાલનના કારણે અતિ અલ્પ હિંસા હોય છે. બીજું એ છે કે આ અતિ અલ્પ હિંસાની પાછળ આત્માને સર્વથા સર્વદા હિંસામુક્ત કરતી મુક્તિનું જોરદાર લક્ષ હોય છે. જો જયણામાં ખામી હોય કે અર્થ-કામનું થોડું પણ લક્ષ હોય તો સાવદ્ય-કર્મયુક્ત જિનપૂજાદિ શાસ્ત્રોક્ત બની શકતાં નથી. એવી જિનપૂજાથી લાભપ્રાપ્ત થતો નથી. એ તો છે સહી કર્યા વિનાનો એક લાખ રૂપિયાનો ચેક. માટે જ જયવીયરાયસૂત્ર દ્વારા ભાવસ્તવને આરાધતો શ્રાવક પરમાત્માની પાસે અર્થ અને કામનાં સુખોવાળા સંસાર તરફ તીવ્ર વૈરાગ્યની પ્રાપ્તિની માગણી (ભવનિવ્વેઓ) શબ્દથી કરે છે.

(૬) જે ચીજ સાધુ ન કરે તે શ્રાવકે શા માટે કરવી તે સવાલ બરોબર નથી. પતિ સાડલો ન પહેરે તો પત્નીએ શા માટે પહેરવો એવો સવાલ શું કરી શકાય ખરો? વળી નિરોગી દવા ન ખાય એટલે શું રોગીએ પણ ન ખાવી?

(૭) બેશક યજ્ઞયાગમાં પણ ત્રસાદિ જીવોની હિંસા છે

અને જિનપૂજાદિમાં પણ સ્થાવર જીવોની હિંસા છે છતાં તે એ સમાન બનીને ઉપાદેય બની શકતાં નથી. કેમ કે યજ્ઞાદિમાં સર્વથા હિંસાની નિવૃત્તિરૂપ મોક્ષનું લક્ષ નથી અને ત્રસ જીવોની ઘણી મોટી હિંસા છે, તથા જયણાનું કોઈ નામ નથી જ્યારે જિનપૂજામાં અલ્પતમ હિંસા છે. છતાં પણ તેના દ્વારા સર્વથા હિંસાનિવૃત્તિનું લક્ષ હોવાથી શક્ય તેટલી વધુ જયણા પાળવાનો આદેશ હોવાથી તે જ ઉપાદેય છે.

(૮) શાસ્ત્રમાં ગર્તાકર્ષણ ન્યાય આવે છે. જેમાં ખાડામાં ઊતરી ગયેલા બાળકની પાસે સાપને આવતો જોઈ ને ગભરાઈ ગયેલી મા તે બાળને બાવડેથી ઝાલીને તેને જોરથી ખેંચી લે છે. આ વખતે તે બાળકના શરીરે જે ઉઝરડા પડે છે તે નગમ્ય કહેવાય છે કેમ કે તેની પાછળ તે બાળકને બચાવી લેવાનો મોટો લાભ પડેલો છે. આ જ કારણે આદિનાથ ભગવંતે ગૃહસ્થ જીવનના કાળમાં આર્ય-મહાપ્રજાને કલ્પવૃક્ષો વગેરે કાળના પ્રભાવે મળતાં બંધ થાય અને તેથી તે મહાપ્રજા ભૂખમરા વગેરેને કારણે મોતના મુખ સુધી ધકેલાય જવાની શક્યતા જોઈ. આ વખતે પ્રજાને બચાવી લેવા માટે જરૂરી પાકશાસ્ત્રથી માંડીને લગ્નાદિ વ્યવસ્થા સુધીની તમામ સંસ્કૃતિ શીખવી. આ વાત વર્તમાન કાળમાં ખૂબજ વિચારણીય છે.

## તીર્થંકર દેવની પૂજાથી લાભ શી રીતે થાય?

અન્ય દેવદેવતાઓ તો સરાગી હોવાના કારણે તેઓની પૂજા કરવાથી તેઓ રીઝે અને ઈષ્ટ ફળ આપે પરંતુ તીર્થં-કર દેવ તો વીતરાગ છે. તેમની પૂજા કરવાથી તેઓ રીઝતા

નથી અને તેથી તેઓ કાંઈ ફળ આપતા પણ નથી. [જો કદાચ ફળ આપે તો તેઓ કૃતકૃત્ય કહેવાય નહિ.]

**સવાલ :**–તો પછી તેમની પૂજાથી શો લાભ ?

**જવાબ :**–આ સવાલનો જવાબ એ છે કે ચિંતામણિ રત્ન કે ચંદન વગેરેની સેવાથી જેમ તેઓ રીઝયા વિના તેમની સેવા કરનારને ફળ આપી દે છે તેમ જ તીર્થંકરોની સેવા કરનારને પણ આપમેળે ફળ મળી જાય છે. સૂર્ય ઇચ્છતો નથી કે હું લોકોને પ્રકાશ આપું; અગ્નિ ઇચ્છતો નથી કે હું લોકોની ટાઢ દૂર કરું, છતાં પણ તેમની અભિમુખ થનારાઓને પાત્રતા મુજબ પ્રકાશ અને ગરમીનું દાન થઈ જ જાય છે. તે રીતે સૂર્ય કે અગ્નિ જેવા તીર્થંકર દેવોની વિધિપૂર્વક સેવા કરનારા ભવ્ય જીવોને ઇષ્ટ ફળ મળી જ જાય છે.

જે અન્ય દેવતાઓ રીઝતા હોય છે તે નક્કી રિસાતા પણ હોય છે. આથી તેમની પૂજામાં તો ઘણું મોટું જોખમ રહેલું હોય છે. કેમકે જરાક ભૂલ થઈ જાય તો તેઓ ઉત્કાપાત મચાવી દે. જ્યારે કૃતકૃત્ય એવા વિતરાગની પૂજામાં રિસાવાનું કોઈ જોખમ નથી અને રીઝવાથી જે ફળ મળવાનું હોય તે ફળ વગર રીઝયે અવશ્ય મળી જાય છે. આથી એમ ચોક્કસ કહી શકાય કે પૂજાભક્તિ તો કૃતકૃત્ય વીતરાગ પ્રભુની જ કરવી જોઈએ.

અલબત્ત વીતરાગની ભક્તિ કરતાં જો આશાતના આદિ થઈ જાય તો તેનું કટુફળ ભક્તને ભોગવવું પડે ખરું. પરંતુ તેમાં તે આશાતનાએ કટુફળ આપ્યું એમ કહેવાય પરંતુ વીતરાગે આપ્યું એમ તો ન જ કહેવાય.

સૂર્ય પ્રકાશ જ આપે છે પરંતુ સૂર્યના પ્રકાશમાં જ કોઈ માણસને કાંટો લાગી જાય છે તો તે વખતે તેમાં સૂર્ય કારણ કહેવાતો નથી પરંતુ તેમાં તે માણસનો પ્રમાદ જ કારણરૂપ છે. "મને સૂર્યે કાંટો વગાડચો" તેવું કોઈ બોલતું નથી પરંતુ "મને સૂર્ય એ પ્રકાશ આપ્યો" એવું જરૂર બોલાય છે.

કહ્યું છે કે, "આ તીર્થંકર દેવોનું સ્વરૂપ એવું છે કે તેઓ વિતરાગ હોવા છતાં પણ તેમનું ધ્યાન કરનારા મુમુક્ષુઓને સ્વર્ગ કે મોક્ષ આપ્યા વિના રહેતા નથી."

**શ્રાવકોના દ્રવ્યસ્તવમાં મુખ્યતા મૂર્છાત્યાગની**

શ્રાવકોનું દ્રવ્યસ્તવ તે મુખ્યતાએ એમના ધનની મૂર્છા ઉતારવા માટે હોય છે જેઓ છતી શક્તિએ ધનની મૂર્છા ઉતારતા નથી અને પારકે પૈસે જિનપૂજા વગેરે દ્રવ્યસ્તવ કરે છે તેમના દ્રવ્યસ્તવથી બેશક પાપકર્મોનો બંધ થતો નથી પરંતુ પુણ્યકર્મનો અતિ અલ્પબંધ જ થાય છે. જ્યાં સો રૂપિયા કમાવાના હતા ત્યાં એક જ રૂપિયો કમાવાનો મળે તો તે કમાણી આનંદજનક તો ન જ હોઈ શકે. જેમણે ધનનો જ મૂળમાંથી ત્યાગ કર્યો છે તેવા અત્યંત પરાક્રમી શ્રમણોને ધનમૂર્છા ઘટાડવા માટે આયોજિત કરાયેલા દ્રવ્યસ્તવની જરૂર રહેતી નથી. આમ એવા ચોખ્ખા બે ભેદ પડી જાય છે કે અલ્પસત્ત્વવાળા શ્રાવકોને મુખ્યત્વે દ્રવ્યસ્તવ આરાધવાનું અને મહાસત્ત્વવાળા સાધુઓને મુખ્યત્વે ભાવસ્ત આરાધવાનું હોય છે.

જે શ્રાવકો ધનમૂર્છા ઉતારવાનું અલ્પસત્ત્વ પણ કેળવે નહિ, તેમણે મહાસત્વની અપેક્ષા રાખતું ભાવસ્તવ અપાય

નહિ. જેનાથી બે ફૂટનો ખાડો કૂદી શકાતો નથી તે માણસ બાર ફૂટનો ખાડો શી રીતે કૂદી શકશે.

આથી જ જેનામાં દાનધર્મ વિકસ્યો છે તેને જ શીલધર્મ આપી શકાય. તે બેનો વિકાસ થયા બાદ તપધર્મ આપી શકાય અને ત્યાર પછી જ ભાવધર્મનું દાન કરી શકાય. આ મર્યાદા હોવાના કારણે જ દાનાદિ ચાર ધર્મોનો અનુક્રમ ગોઠવવામાં આવ્યો છે. તે ચારમાં દાન તે દ્રવ્ય-સ્તવ છે અને શીલાદિ ત્રણે તે ભાવસ્તવ છે.

આ રીતે અહીં સ્તવ–પરિજ્ઞા નામના ગ્રંથનો વિષય પૂર્ણ થયો આવા સ્તવપરિજ્ઞા વગેરે ઉત્તમશ્રુતની વાચના અનુયોગાચાર્યે આપવી જોઈએ.

**ગણની અનુજ્ઞા**

અત્યાર સુધી આપણે અનુયોગની અનુજ્ઞા મેળવીને થયેલા આચાર્યની (અનુયોગાચાર્યની) વાતો કરી. હવે ગણની અનુજ્ઞા પામનારા ગણાચાર્ય(ગચ્છાધિપતિ)નું વર્ણન જોઈએ.

જે અનુયોગાચાર્ય બન્યા હોય તે જ સામાન્ય રીતે ગણાચાર્ય બની શકે. પણ જો કોઈ ગણાચાર્ય અચાનક કાળધર્મ પામી જાય અને તેણે કોઈને પણ અનુયોગાચાર્ય બનાવ્યા ન હોય તો યોગ્ય એવી કોઈ પણ વ્યક્તિને ગણાચાર્ય બનાવી શકાય.

**ગણાચાર્યનાં લક્ષણો**

ગણાચાર્ય બનનારામાં નીચેનાં લક્ષણો હોવાં અતિ આવશ્યક છે જેમ કે : (૧) સૂત્રાર્થમાં નિપુણતા. (૨) ધર્મમાં દૃઢતા આદિ પ્રીત. (૩) ગચ્છનું સંચાલન કરવામાં

કુશળતા. (૪) જાતિ અને કુળની ઉત્તમતા. (૫) ગંભીર આશય (રિલી). (૬) શિષ્યો માટે ઉપકરણ વગેરે પામવાની લબ્ધિ. (૭) ઉપદેશ દ્વારા શિષ્યો પામવાની લબ્ધિ. (૮) ક્રિયાભ્યાસ. (૯) શાસનનો તીવ્રરાગ (૧૦) સ્વભાવથી જ પરોપકારી.

**પ્રવર્તિની થવાની યોગ્યતા**

જે સાધ્વી (૧) ઉચિત આગમાભ્યાસી હોય, (૨) ક્રિયાચુસ્ત હોય, (૩) કુલીન હોય, (૪) ઉત્સર્ગ અપવાદ માર્ગની જાણકાર હોય. (૫) ગંભીર હોય (૬) દિર્ગપર્યાયવાળી હોય, (૭) વૃદ્ધઅવસ્થાવાળી હોય, તે જ સાધ્વી પ્રવર્તિની બનવાને યોગ્ય ગણાય.

ઉપરોક્ત ગુણ જેનામાં ન હોય છતાં જો તેને ગણાચાર્ય કે પ્રવર્તિની પદ આપવામાં આવે તો તે પદ આપનાર અને લેનારને મહા પાપી સમજવા. જેમ કે તેઓ દ્વારા ગણધરપદ ધરાવતા ગૌતમસ્વામીજીનું તથા પ્રવર્તિની પદ ધરાવતા ચંદનબાનાજીનું ભારોભાર અપમાન કરાય છે. છેવટે તો તે કાળની અપેક્ષાએ ઉપરના ગુણોમાં ઓછા ગુણ ધરાવનારને પણ ગીતાર્થ ગુરુ પદ આપી શકે. પરંતુ તેમાંય કમસેકમ આત્મા ધીર હોવો જોઈએ, પિંડૈષણા વગેરેનો જાણકાર હોવો જોઈએ તથા બૃહત્કલ્પ, વ્યવહાર અને નિશીથ એ ત્રણ છેદસૂત્રોની પીઠિકાને જાણનારો હોવો જ જોઈએ અને તેનામાં અનુવર્તક ગુણ હોવો જ જોઈએ. જો આટલું પણ ન હોય તેને તો નબળા કાળમાં પણ પદ આપી શકાય નહિ.

આટલા ગુણ જેની પાસે ન હોય તે તો ગીતાર્થ પણ ન કહેવાય.

## પાંચમી વસ્તુ : સંલેખના

સંલેખનાના બે પ્રકાર છેઃ અભ્યુદ્યત વિહાર અને અભ્યુદ્યત મરણ. તે દરેકના ત્રણ ત્રણ પ્રકાર છે.

**અભ્યુદ્યત વિહાર** :-(૧) જિન કલ્પ (૨) પરિહાર વિશુદ્ધિ (૩) યથાલંદ.

**અભ્યુદ્યત મરણ** :-(૧) ભક્તિ પરિજ્ઞા (૨) ઇંગિની (૩) પાદપોપગમન.

સંલેખના એટલે વોસિરાવવાની ક્રિયા. અભ્યુદ્યત વિહારરૂપી સંલેખનામાં ગચ્છની નિશ્રા વગેરે વોસિરાવવાની હોવાથી તે સંલેખના કહેવાય છે. જ્યારે અભ્યુદ્યત મરણરૂપી સંલેખનામાં આહાર-પાણી-શરીર વગેરે વોસિરાવવાનાં હોવાથી તે બીજા પ્રકારની સંલેખના કહેવાય છે.

જેને કોઈ પણ નિમિત્ત વગેરેથી તેવી જાણ થાય કે પોતાનું આયુષ્ય કાંઈક વધુ લાંબું છે તે જો કોઈ સંલેખના કરવા માંગે તો તેણે અભ્યુદ્યત વિહારની જ સંલેખના કરવાની હોય છે. પરંતુ જેનું આયુષ્ય ટૂંકું જણાતું હોય તે જ અભ્યુદ્યત મરણની સંલેખના કરી શકે છે.

આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગણાવચ્છેદક જ અભ્યુદ્યત વિહારના કોઈ પણ પ્રકારને સ્વીકારી

શકે. તેઓ પણ પોતાના સ્થાને સુયોગ્ય વ્યક્તિને મૂકે, તેની તે સ્થાન માટેની યોગ્યતાની પરીક્ષા કરે અને જો તેમાં તેમને સંતોષ થાય તો જ પોતે તેને ગચ્છ વગેરેનો ભાર સોંપીને પોતે અભ્યુદ્યત વિહાર સ્વીકારે. આવી વ્યવસ્થા ઉપરથી એમ સ્પષ્ટપણે સમજી શકાય છે કે સ્વકલ્યાણ-રૂપી અભ્યુદ્યત વિહાર કરતાં પણ પરકલ્યાણની પ્રધાનતાવાળું ગચ્છરક્ષા સંઘરક્ષા વગેરે કરતું આચાર્ય વગેરે પદ વધારે મહિમાવંતું છે. જે આચાર્ય વગેરેને જીવનના અંત સુધી પણ યોગ્ય વ્યક્તિ મળવાના અભાવમાં નિર્જન સ્થળોમાં જઈને સ્વકલ્યાણની સાધના કરવાની તક ન મળે તો તેમાં તેણે જરા પણ અફસોસ કરવાની જરૂર નથી. ઉપરથી તેવા આચાર્યાદિએ જીવનના છેલ્લા દિવસ અને છેલ્લા શ્વાસ સુધી વ્યાખ્યાનાદિ કરવા દ્વારા સંઘરક્ષા અને સર્વરક્ષા તથા શિષ્યોને હિતશિક્ષાદિ આપવા દ્વારા ગચ્છરક્ષાનું મહા નિર્જરાકારક કાર્ય ચાલુ જ રાખવું જોઈએ. આમાં જ તેમનું સ્વકલ્યાણ સમાઈ જાય છે.

જેણે અભ્યુદ્યત વિહાર સ્વીકારવો હોય તેણે પાંચ તુલના, ઇન્દ્રિયવિજય રૂપી પરિકર્મ વગેરે છ બાબતોને પહેલાં આરાધવી જોઈએ. આવા મહાત્મા શરૂઆતમાં તો ગચ્છમાં રહીને જ અતિ કઠોર જીવન જીવવાનો આરંભ કરી દેતા હોય છે. તેની સાથોસાથ પોતાના પદે નીમેલા મહાત્માને બધી રીતે તૈયાર પણ કરતા હોય છે.

છેલ્લે સૌ સાથે ક્ષમાપના કરીને તે મહાત્મા ગચ્છનો ત્યાગ કરીને જિનકલ્પ વગેરેનો સ્વીકાર કરવા માટે આગળ

વધે છે તે વખતે ગચ્છવર્તી સાધુઓ જ્યાં સુધી તેઓ દૃષ્ટિથી દેખાતા બંધ ન થાય ત્યાં સુધી ઊભા રહે છે અને પછી વસતિ તરફ પાછા કરે છે.

## (૧) જિનકલ્પ

જિનકલ્પની સામાચારી સંબંધિત જે સત્તાવીસ દ્વારો જણાવવામાં આવ્યા છે તે બીજેથી જાણી લેવા. અહીંમાત્ર એટલું જ સમજવું કે જિનના જેવું (કલ્પ) લગભગ જીવન જેમાં જિવાય તે જિનકલ્પ કહેવાય. આ જીવન અતિ કઠોર હોય છે. તેમાં અપવાદ માર્ગને કદી સ્થાન હોતું નથી. ક્યારેક તે મહાત્માને રાત્રે સ્થંડિલની શંકા થઈ જાય તોપણ સમાધિપૂર્વક પ્રાણનો તેઓ ત્યાગ કરશે પરંતુ સ્થંડિલ જશે નહિ. વિહારમાં સામેથી ભૂખ્યો સિંહ ધસી આવે ત્યારે બાજુના ઘાસ ઉપર દોડીને બચી શકાતું હોય તો પણ બચવાને બદલે તે મહાત્મા ભૂખ્યા સિંહનો શિકાર બનવાનું પસંદ કરશે. તેઓ કદી પણ આંખમાં બાઝેલા પીયા કે શરીરે ચોંટેલા મેલ દૂર કરતા હોતા નથી.

## (૨) પરિહાર વિશુદ્ધિ :

પાંચ પ્રકારનાં ચારિત્રમાંનું આ પણ એક ચારિત્ર છે. તે છઠ્ઠા અને સાતમાં ગુણસ્થાને હોય છે. હાલ તેનો વિચ્છેદ થયો છે. આ પરિહાર વિશુદ્ધિ જઘન્યથી આંબેલના તપથી જ સેવાય છે. તેમાં નવ સાધુઓનો ગણ હોય છે. તેઓ અઢાર મહિના સુધી ગચ્છની બહાર થઈને આ ચારિત્રનું

સેવન કરે છે. તે નવમાંથી ચાર સાધુઓ તપ કરે બીજા ચાર સાધુઓ તેમની સેવા કરે અને એક સાધુ તે આઠેયને વાચના આપે. આમ છ મહિના સુધી ચાલે છે. બીજા છ મહિના તપ કરનારા વૈયાવચ્ચ કરે અને વૈયાવચ્ચ કરનારા તપ કરે અને તે આઠેયને તે જ વાચનાચાર્ય વાચના આપે. ત્યાર પછી છેલ્લા છ મહિનામાં વાચનાચાર્ય તપ કરે અને બાકીના આઠ સાધુઓમાંથી એક વાચનાચાર્ય બને અને જઘન્યથી એકથી ઉત્કૃષ્ટ સાત સાધુઓ તેમની વૈયાવચ્ચ કરે. ઉનાળો–ચોમાસું તથા શિયાળામાં તે તપ એક-બે-ત્રણ, બે-ત્રણ-ચાર, અને ત્રણ-ચાર-પાંચ ઉપવાસથી થાય. તેમાં પારણે જઘન્યથી આયંબિલ હોય. આ અઢાર મહિનાનો તપ પૂર્ણ થાય પછી કાં તો તે મહાત્મા જિનકલ્પ સ્વીકારી શકે અથવા ફરી તે જ તપ કરે અથવા પુનઃ ગચ્છમાં પાછા આવે.

આમાં જેઓ જિનકલ્પ સ્વીકારે તેઓ યાવત્કથિક પરિહારવિશુદ્ધિ કહેવાય.

### (૩) યથાલંદ

લંદ એટલે કાળ. પાણીથી ભીનો કરેલો હાથ જેટલી વારમાં સુકાય જાય તે કાળને જઘન્ય લંદ કહેવાય છે. અને પાંચ અહોરાત્રના કાળને ઉત્કૃષ્ટ લંદ કહેવાય છે. જે આ યથાલંદ સ્વીકારે છે તેમની મર્યાદાઓ પ્રાયઃ જિનકલ્પીના જેવી સમજવી.

## ઉપસંહાર

કેટલાક કહે છે કે, "જિનકલ્પ વગેરે સ્થવિરકલ્પથી વધુ સારા છે કેમ કે તેમાં અત્યંત અપ્રમત ભાવ તથા વિશુદ્ધ સંયમનો યોગ પ્રાપ્ત થાય છે." જ્યારે બીજા કેટલાક કહે છે કે, "સ્થવિર કલ્પ જ મહાન છે કેમ કે તેમાં રહેલા મહાત્મા સ્વની સાથોસાથ જગતકલ્યાણનું કાર્ય પણ કરી શકે છે. બીજાઓને ધર્મ પમાડવો એ જ વસ્તુતઃ વિશુદ્ધ સંયમયોગ અને અપ્રમત્ત ભાવ કેમ ન કહેવાય. ?"

ઉપરોક્ત બન્ને એકાંતવાદી પક્ષો બરોબર નથી. ખરી વાત તો એ છે કે જો આયુષ્ય લાંબું હોય તો તે વખતે સ્થવિરકલ્પ જ ઉપાદેય છે અને જો ઉત્તરાધિકારી મળી ચૂક્યો હોય વગેરે કારણોસર કલ્પાદિ જ ઉપાદેય છે. જેણે દશપૂર્વનું અધ્યયન સંપૂર્ણ કર્યું હોય તેનાથી જિનકલ્પ વગેરે સ્વીકારી શકાતા નથી. કેમ કે તે મહાત્માએ પ્રાપ્ત કરેલા વિપુલ જ્ઞાનનો તો પરકલ્યાણમાં જ ઉપયોગ કરવાનું અત્યંત આવશ્યક બની જાય છે.

### અભ્યુદ્યત મરણ

અગાઉ બતાવ્યા મુજબ ત્રણ પ્રકારનાં અભ્યુદ્યત મરણો કહ્યાં છે તે કરતાં પહેલાં શરીરને અને વાસનાઓને ધીમે ધીમે કૃશ કરી નાખવા માટે નીચે પ્રમાણેની સંલેખના કરવાની હોય છે.

ચાર વર્ષ સુધી અટ્ઠમથી પણ વધુ તપસ્યાઓ.

ચાર વર્ષ સુધી વિગઈ રહિત પારણાવાળી અટ્ઠમ સુધીની તપશ્ચર્યા.

બે વર્ષ સુધી એકાંતરે આંયબિલનો તપ.

અડધા વર્ષ સુધી સામાન્ય તપ તથા પારણે આયંબિલ

અડધા વર્ષ સુધી ઉત્કૃષ્ટ તપ.

એક વર્ષ અખંડ આયંબિલનો તપ.

બાર વર્ષ

ઉપરોક્ત તપમાં સંઘયણ અને શક્તિ અલ્પ હોય તો અર્ધા સમયની પણ સંલેખના થઈ શકે.

આવી સંલેખના કર્યા પછી અભ્યુદ્યત મરણનો સ્વીકાર કરવામાં આર્તધ્યાન થવાની શક્યતા મટી જાય છે. આ સંલેખનાને આત્મહત્યાનો પ્રકાર કહી ન શકાય કેમ કે પ્રમાદના યોગથી કોઈ જીવને મારવો તેને જ જૈન ધર્મમાં હિંસા કહી છે. આ સંલેખનામાં તો સંપૂર્ણ અપ્રમત્ત યોગ છે માટે તેને આત્મહત્યા કહી શકાય નહિ.

**(૧) પાદપોપગમન**

જેની શક્તિ પહોંચતી હોય તે મહાત્મા પાદપોપગમન નામનું અનશન કરે. પાદપ એટલે વૃક્ષ. જેમાં વૃક્ષની જેમ યાવજ્જીવ નિશ્ચેષ્ઠ થઈને રહેવાનું છે તેવું અત્યંત કઠોર આ અનશન છે. માત્ર પ્રથમ સંઘયણી મહાત્મા આ અનશન કરી શકે છે.

**(૨) ઈંગિની મરણ**

આ અનશનને સ્વીકારનાર મહાત્મા નક્કી કરેલી જગ્યામાં જ યાવજ્જીવ રહે છે. તેઓ પોતાના શરીરનું

હલનચલન કરી શકે છે અને પ્રતિલેખન આદિ ક્રિયાઓ પણ પોતાની જાતે જ કરતા હોય છે.

(૩) ભક્ત પરિજ્ઞા

આ અનશનમાં તિવિહાર ઉપવાસ પણ થઈ શકે છે. આ મહાત્મા ગચ્છમાં રહીને પણ પોતાની તમામ આરાધનાઓ કરી શકે છે. તેમ જ તેમનાં પ્રતિલેખન વગેરે કાર્યોનો લાભ સામર્થ્ય ન હોય તો બીજા સાધુઓ પણ લઈ શકે છે.

આ ત્રણે અનશનીઓ અનશનમાં પ્રવેશ કરતા પહેલા સર્વ જીવો સાથે તથા વિશેષતઃ વડીલો તથા ગુરુભાઈઓ સાથે હાર્દિક ક્ષમાપના કરી સંપૂર્ણ પાપશુદ્ધિ કરતા હોય છે. આ સિવાયની બાકીની વિધિઓ પંચવસ્તુક વગેરે ગ્રંથમાંથી વાંચી લેવી.

*

પૂજનીય સાધુ-સાધ્વીઓના જીવનઘડતર માટે
અત્યન્ત ઉપયોગી પ્રકાશનો

લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી


પ્રાપ્તિ સ્થાનઃ **કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલીફ રોડ, અમદાવાદ. ફોન : ૩૩૫૭૨૩, ૩૮૦૧૪૩



* ૧ સાધનાની પગદંડીએ
* ૨ શરણાગતિ
* ૩ અધ્યાત્મસાર
* ૪ ગુરુમાતા
* ૫ વિરાટ જાગે છે ત્યારે
* ૬ મહાપંથનાં અજવાળાં
* ૭ વંદના
૮ આત્મા
૯ જૈનદર્શનમાં કર્મવાદ
*૧૦ મહામારિ
૧૧ અષ્ટાહ્નિકા પ્રવચનો
૧૨ કલ્પસુત્ર પ્રવચનો
૧૩ સ્વરક્ષાથી સર્વરક્ષા
૧૪ આતમ જાગે
*૧૫ વીર! મધુરી વાણી તારી
* ૧૬ અપૂર્વ સ્વાધ્યાય
* ૧૭ આગમવાણી
૧૮ ભવઆલોચના
૧૯ જિનશાસન રક્ષા
* ૨૦ જૈનધર્મના મર્મો
* ૨૧ વિરાગ વેલડી
૨૨ પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ-૧
૨૩ પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ-૨
૨૪ મુનિજીવનની બાળપોથી ભાગ-૧
૨૫ મુનિજીવનની બાળપોથી ભાગ-૨
૨૬ મુનિજીવનની બાળપોથી ભાગ-૩


મુનિજીવનની બાળપોથી ભાગ ૪, ૫, ૬

* આ નિશાનીવાળા પુસ્તકો હાલ અપ્રાપ્ય છે.

મૂલ્ય : રૂા. ૫-૦૦